# સમ્યક્ત્વ

પૂ.પં.શ્રી ભવ્યસુંદરવિજયજી મ.સા.

# સુકૃતનિધિ

## રત્નસ્તંભ

માતુશ્રી ઈલાબહેન કિશોરભાઈ દોશી - મુલુંડ
માતુશ્રી નિરંજનાબહેન નરેન્દ્રભાઈ દોશી - મલાડ
સ્વ. ગચ્છાધિપતિ સિદ્ધાંત દિવાકર પૂ.આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી
- ગુરુભક્ત પરિવાર
માતુશ્રી હંસાબહેન રમેશચંદ્ર શાહ - થરા - અમદાવાદ

## સુવર્ણસ્તંભ

માતુશ્રી નિર્મળાબહેન મનસુખલાલ પારેખ - સાંતાક્રુઝ
શ્રીમતી નીતાબહેન કિર્તીભાઈ શાહ - મુલુંડ
શ્રીમતી નયનાબહેન રમેશભાઈ દોશી - દેવકીનંદન અમદાવાદ
માતુશ્રી પુષ્પાબહેન ભાઈલાલભાઈ શાહ - મહેસાણા
એક સદ્‌ગૃહસ્થ

## રજતસ્તંભ

એક સદ્‌ગૃહસ્થ - ઘાટકોપર
એક સદ્‌ગૃહસ્થ - મુંબઈ
શ્રી વિનયચંદ બાવચંદ પારેખ - બોરલા - બોરીવલી
માતુશ્રી તારામતીબહેન શાંતિલાલ શાહ - મલાડ
શ્રી પ્રવીણચંદ્ર ભોગીલાલ શાહ - એકલારા - અમદાવાદ
એક સદ્‌ગૃહસ્થ - મુલુંડ
વિસનજીભાઈ રામજીભાઈ દોશી, વોંધ (કચ્છ વાગડ)

## સુકૃતસ્તંભ

શ્રી દીપચંદ માણેકચંદ શાહ - મીરારોડ
માતુશ્રી મંગળાબહેન પન્નાલાલ દોશી - સાંગાણાવાળા
કિશોરભાઈના કલ્યાણમિત્રો - મુલુંડ
કિશોરભાઈના કલ્યાણમિત્રો - મુલુંડ
એક સદ્‌ગૃહસ્થ - ડોંબીવલી
શ્રીમતી પ્રેમીલાબહેન સી. કાપડિયા હઃ ચંદ્રકાંતભાઈ કાપડિયા
એક સદ્‌ગૃહસ્થ - મુલુંડ
શ્રીમતી તારાબહેન અરવિંદભાઈ શાહ - વાસણા અમદાવાદ
એક સદ્‌ગૃહસ્થ - મુલુંડ
રમણલાલ ધરમચંદ શાહ (દહેગામવાળા) - હઃ નિરંજનભાઈ
નાનબાઈ જયંતિલાલ શાહ - દાદર

## સહભાગી

શ્રીમતી ચંદ્રિકાબહેન વિનોદકુમાર - દેવકીનંદન અમદાવાદ
શ્રીમતી સરોજબહેન અરવિંદભાઈ - દેવીનંદન અમદાવાદ
શ્રીમતી છાયાબહેન મનીષભાઈ કામદાર - દેવકીનંદન અમદાવાદ
શ્રી રમણિકભાઈ પ્રાગજીભાઈ શાહ - દેવકીનંદન અમદાવાદ
કુમારી ક્રિયા હાર્દિકભાઈ શાહ - વાસણા અમદાવાદ
કુમારી પર્ષદા ગૌરવભાઈ વોરા - મુલુંડ


**પુસ્તકોના મુદ્રણાદિનો લાભ લેવા માટે**

**સંપર્ક - ગૌરવ વોરા** 8097401266

**અથવા**

https://www.shramanopasak.in/donation

# સમ્યક્ત્વ

રાજપ્રતિબોધક પ. પૂ. આ. ભ.

**શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા. ના**

શિષ્યરત્ન

**પૂ. પં. શ્રી ભવ્યસુંદરવિજયજી મ. સા.**

| | | |
|---|---|---|
| નામ | : | સમ્યક્ત્વ |
| આશીર્વાદ પ્રદાતા | : | પ્રેમ ભુવનભાનુસૂરિ સમુદાયના<br>સુવિશાલ ગચ્છાધિપતિ પ્રશાંતમૂર્તિ<br>પ.પૂ.આ.ભ. શ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ. સા.<br>રાજપ્રતિબોધક<br>પ.પૂ.આ.ભ. શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા. |
| લેખક | : | પૂ. પં. શ્રી ભવ્યસુંદરવિજયજી મ. સા. |
| સંશોધક | : | વૈરાગ્યદેશનાદક્ષ<br>સ્વ. પૂ. આ. ભ. શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.<br>ના શિષ્ય<br>પૂ. પં. શ્રી. રત્નબોધિવિજયજી મ. સા. |
| ભાષા | : | ગુજરાતી |
| વિષય | : | સમ્યક્ત્વ |
| મૂલ્ય | : | પઠન – પાઠન |
| પ્રકાશક | : | શ્રમણોપાસક પરિવાર<br>shraman.books@gmail.con |
| **For PDF File & Online Purchase** | : | https://shramanopasak.in/books |
| પ્રકાશન વર્ષ | : | વિ.સં. ૨૦૭૭ |

પ્રભાવના વગેરે માટે વધુ નકલો મેળવવા સંપર્ક : જૈનમ્ પટવા–9574946471

(મૂલ્ય – ₹ ૪૦)

JSBN SPARI0022


© શ્રમણપ્રધાન શ્વે. મૂ. પૂ. (તપા.) જૈન સંઘ

# પ્રસ્તાવના

વિ. સં. ૨૦૭૭ના વડોદરા-માંજલપુરના ચાતુર્માસમાં યોગશાસ્ત્ર ગ્રંથના આધારે સમ્યગ્દર્શન-શ્રદ્ધાના વિષય પર પ્રવચનો થયા.

કલિકાળમાં જેટલી ખામી આચારની છે, તેટલી જ, કદાચ તેનાથી વધુ ખામી શ્રદ્ધાની છે. જેનામાં શ્રદ્ધા ન હોય, તે આચાર પાળવાનો નથી. પાળે તો પણ તેમાં પ્રાણ પૂરાવાનો નથી. એટલે શ્રદ્ધાને દૃઢ કરવી અનિવાર્ય છે.

શ્રદ્ધાનું સ્વરૂપ, શ્રદ્ધા ન આવવાના કારણો, શ્રદ્ધાને દૂષિત કરનારા પરિબળો... વગેરેની વિસ્તૃત વિચારણા પ્રવચનોમાં થઈ.

તેને અહીં પુસ્તકનું સ્વરૂપ અપાયું છે.

સમ્યગ્દર્શનનું માહાત્મ્ય તો પુસ્તકમાં જ બતાવ્યું છે, તેથી અહીં તેનું વિશ્લેષણ કરતો નથી.

આપણે સહુ સમ્યક્ શ્રદ્ધાના સ્વામી બનીએ, સમ્યગ્દર્શન પામીએ, તેને નિર્મળ કરીએ... અને તેનાથી વિશુદ્ધ જ્ઞાન-ચારિત્રને પામી પરમપદને પામીએ, એ જ શુભાભિલાષા.

જિનાજ્ઞા-વિરૂદ્ધ કંઈ લખાયું હોય, તો મિચ્છા મિ દુક્કડમ્.

દ.

ભવ્યસુંદરવિજય

વિ.સં. ૨૦૭૭, આસો સુદ ૧૫

તા. ક.

દૃષ્ટિરાગ વિષયક પ્રકરણ અને નિશ્ચય-વ્યવહાર વિષયક પ્રકરણ, વિ.સં. ૨૦૭૫ માં અમદાવાદ-વાસણા(નવકાર)ના ચાતુર્માસમાં થયેલા પ્રવચનોના પદાર્થો છે, જે અહો ! જિનશાસનમ્ ! પુસ્તકમાં મુદ્રિત થયેલા છે; અહીં ઉપયોગી હોવાથી પુનઃ લીધા છે.

# ઋણ સ્વીકાર

- જેમણે અનેક પ્રશ્નોના સમાધાનો આપીને, મૂંઝવણમાં માર્ગદર્શન આપીને મારી મતિને સ્યાદ્વાદ-પરિકર્મિત બનાવી;
  તેવા સિદ્ધાંત-દિવાકર સ્વ. ગચ્છાધિપતિશ્રી
  પૂ. આ. ભ. શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ.સા.
- જેમના વાત્સલ્યનો અપાર ધોધ વહેતો સદા અનુભવાય છે,
  તેવા પ્રશાંતમૂર્તિ સુવિશાલ ગચ્છાધિપતિ
  પૂ. આ. ભ. શ્રી વિજય **રાજેન્દ્રસૂરીશ્વરજી** મ.સા.
- સંયમ-પ્રદાન કરીને જેઓશ્રીએ મને માર્ગ-જ્ઞાન આપ્યું અને માર્ગસ્થ કર્યો
  તેવા ભવોદધિતારક ગુરુદેવ, રાજ-પ્રતિબોધક
  પૂ. આ. ભ. શ્રી વિજય **રત્નસુંદરસૂરીશ્વરજી** મ.સા.
- જેમણે અનેક કાર્યોની વ્યસ્તતા વચ્ચે પણ ખૂબ ઝડપથી સમગ્ર લખાણનું સંશોધન કરીને ઉપયોગી સુધારા-સૂચનો કર્યા, તેવા પૂ.પં.શ્રી **રત્નબોધિવિજયજી**. મ.સા.
- વ્યાખ્યાનોનું અવતરણ કરનાર મારા વિનયી શિષ્યો
- જિજ્ઞાસાભાવે પ્રશ્નો પૂછવા દ્વારા વ્યાખ્યાનને વધુ રોચક-રસસભર બનાવનાર અને અનુપ્રેક્ષાની નવી દિશા ખોલનાર શ્રોતાઓ
- ટાઈપ થયેલા લખાણના પ્રુફને સુધારનાર સુશ્રાવકો

આ બધાના આશીર્વાદ-પ્રેરણા-માર્ગદર્શન-સહાયતાના પ્રભાવે આ સર્જન થઈ શક્યું છે.
તે સહુનો કૃતજ્ઞભાવે ઋણસ્વીકાર કરું છું.

દ.
ભવ્યસુંદરવિ.

# અનુક્રમણિકા


શ્રદ્ધા – ૧ ........ 1
શ્રદ્ધા – ૨ ........ 8
શ્રદ્ધા – ૩ ........ 15
શ્રદ્ધા – ૪ ........ 23
દૃષ્ટિરાગ ........ 29
સમ્યગ્દર્શનનાં ફળ ........ 36
ગુરુવચન પરની શ્રદ્ધા ........ 43
કાંક્ષા – ૧ ........ 48
કાંક્ષા – ૨ ........ 54
કાંક્ષા – ૩ ........ 60
વિચિકિત્સા – ૧ ........ 65
વિચિકિત્સા – ૨ ........ 71
વિચિકિત્સા – ૩ – વિવેક ........ 79
વિચિકિત્સા – ૪ – ઉપયોગ ........ 85
વિચિકિત્સા – ૫ – બહુમાન ........ 91
ધર્મકાર્યમાં હિંસા – ૧ ........ 98
ધર્મકાર્યમાં હિંસા – ૨ ........ 106
ધર્મકાર્યમાં હિંસા – ૩ ........ 113
ધર્મકાર્યમાં હિંસા – ૪ ........ 121
ક્રિયા–ધર્મ – ૧ ........ 126
ક્રિયા–ધર્મ – ૨ ........ 134
ક્રિયા–ધર્મ – ૩ ........ 142
ક્રિયા–ધર્મ – ૪ ........ 148
ક્રિયા–ધર્મ – ૫ ........ 156
નિશ્ચય–વ્યવહાર ........ 164
આડંબર – ૧ ........ 171
આડંબર – ૨ ........ 181
સાધર્મિક–ભક્તિ ........ 190
માનવ–સેવા ........ 200
સુદેવ–સુગુરુ–સુધર્મ ........ 209
પરિશિષ્ટ ........ 216

# શ્રદ્ધા – ૧

- યોગશાસ્ત્ર ગ્રંથમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મ.સા.એ મોક્ષમાર્ગ રૂપી 'યોગ' નું વર્ણન કર્યું છે.

  જ્ઞાન–દર્શન અને ચારિત્ર, એ ત્રણે મળીને મોક્ષમાર્ગ બને છે. એમાં આપણે સૌ પ્રથમ સમ્યગ્દર્શન વિશે વિચારણા કરીશું.

- સમ્યગ્દર્શન એટલે શું ?

  *સભા : જિનવચન પરની શ્રદ્ધા.*

  સાચી વાત છે. **સુદેવ–સુગુરુ–સુધર્મ પરની શ્રદ્ધા, નવ તત્ત્વ પરની શ્રદ્ધા, 'ભગવાને જે કહ્યું છે, તે સાચું જ છે.' આવી શ્રદ્ધા... એને સમ્યગ્દર્શન કહેવાય છે.**

  આ બધી વ્યાખ્યાઓમાં શબ્દો જુદા છે, તાત્પર્ય એક જ છે. બધાના કેન્દ્રમાં શ્રદ્ધા જ છે.

- મહત્ત્વની વાત એ છે કે શ્રદ્ધા એટલે શું ?

  *સભા : વિશ્વાસ.*

  જુઓ, કોઈ પણ વસ્તુની વ્યાખ્યા કરવી હોય, તો માત્ર બીજું નામ બતાવવાથી ન ચાલે.

  હું પૂછું – પાણી કોને કહેવાય ? તો 'જળ' ને પાણી કહેવાય – એવો જવાબ ન અપાય.

  પાણીના અસાધારણ ગુણ બતાવવા પડે.

  શાસ્ત્રમાં જણાવ્યું છે – જે તરસ છીપાવે, ઠંડક આપે, મેલને સ્વચ્છ કરે – તે પાણી.

  *સભા : તરસ તો દૂધથી પણ છીપાય.*

  તેમાં પાણીનો અંશ છે, એટલે.

- આપણે શ્રદ્ધાની વ્યાખ્યા કરવી છે.

  **જ્યાં આંખ ઊંધું દેખાડે, બુદ્ધિ જુદું સમજાવે, છતાં આંખ કે બુદ્ધિનું ન માનતા, વ્યક્તિનું વચન સાચું માને; તેનું નામ વ્યક્તિ પરની શ્રદ્ધા છે.**

  *સભા : એને અંધશ્રદ્ધા ન કહેવાય ?*

  કોને શ્રદ્ધા કહેવાય ? કોને અંધશ્રદ્ધા કહેવાય ? તે વિસ્તારથી સમજાવીશ.

  પણ **જો આંખે દેખાય, તે જ માનવાનું હોય; તો તેમાં વ્યક્તિ પર શ્રદ્ધા તો છે જ નહીં, આંખ પર જ વિશ્વાસ છે.**

  *સભા : સાચી વાત સ્વીકારવી, તેને શ્રદ્ધા કહેવાય ને ?*

  'સાચી' એટલે શું ? પોતાને જે સાચી લાગે તે જ ને ? તે તો પોતાની બુદ્ધિમાં બેસે,

તે જ સ્વીકારવું તેવું જ થયું... તેને શ્રદ્ધા કઈ રીતે કહેવાય ?

- દૃષ્ટાંત દ્વારા આ વાત સમજાવું.

  આ ટાઈલ્સ પીળા રંગની દેખાય છે. હું એમ કહું કે 'ટાઈલ્સ લાલ છે.' એ તમે સ્વીકારો, તો મારા પરની શ્રદ્ધા છે.

  **તમે ના પાડો, અને એમ કહો કે 'ટાઈલ્સ તો પીળી જ છે.'** તો તમારી આંખ પર જ તમને વિશ્વાસ છે, એમ નક્કી થયું. મારા પર શ્રદ્ધા ક્યાં આવી ?

  *સભા : પણ પીળું દેખાતું હોય, તો લાલ કેમ માનીએ ?*

  પીળું દેખાતું હોય, હું પીળું કહું, અને તમે સ્વીકારી લો, તેમાં શું પરાક્રમ છે ? દુનિયાનો કોઈપણ માણસ તે માનવાનો છે. મૂરખ હોય તો પણ, નાસ્તિક હોય તો પણ. તેમાં શ્રદ્ધા આવતી જ નથી.

  *સભા : જેના પર શ્રદ્ધા હોય, તેની વાત માનીએ ને ?*

  કોના પર શ્રદ્ધા કરાય ? કોના પર નહીં ? તે વાત પછી કરીશું. અત્યારે શ્રદ્ધા એટલે શું ? તે વાત ચાલે છે.

- ઉપદેશમાળા ગ્રંથમાં શાસ્ત્રકારે કહ્યું છે.

  ગુરુ શિષ્યને એમ કહે કે 'કાગડો ધોળો છે.' તો શિષ્ય સ્વીકારી લે – 'જી, ગુરુદેવ, કાગડો ધોળો છે.' – એ ગુરુ પરની શ્રદ્ધા છે.

  કાળો દેખાતો હોય, અને કાળો કહે, તેને માનવામાં શ્રદ્ધાની જરૂર જ ક્યાં પડે છે ?

- *સભા : એટલે પ્રભુની આજ્ઞા માનવી, એને શ્રદ્ધા કહેવાય ?*

  જુઓ, કોની વાત માનવી ? કોની નહીં ? તે આપણે પછી વિચારીશું, એમ મેં પહેલાં જ કહ્યું.

  આપણે અત્યારે, શ્રદ્ધા કોને કહેવાય ? તે જ વિચારી રહ્યા છીએ.

- પ્રભુની આજ્ઞા જ નહીં**,** પ્રભુનું દરેક વચન માનવાનું છે.

  *સભા : બે માં તફાવત શું ?*

  **પ્રભુના વચનોના બે વિભાગ પડે.**

  ૧. **ચરણકરણાનુયોગ : એમાં 'શું કરાય ? શું ન કરાય ? કેવી રીતે કરાય ? કેવી રીતે ન કરાય ? શા માટે કરાય ? શા માટે ન કરાય ?' તેનું વર્ણન આવે.** જેમ કે રાત્રિભોજન ન કરાય, તપ–ત્યાગ કરાય... વગેરે. એને પ્રભુની આજ્ઞા પણ કહેવાય.

  ૨. **દ્રવ્યાનુયોગ : એમાં આ જગતના સ્વરૂપનું વર્ણન આવે.** જેમ કે નરક–પૃથ્વી ૭ છે, દેવલોક ૧૨ છે... વગેરે. એને આજ્ઞા ન કહેવાય. પણ તે પણ પ્રભુનું વચન તો છે જ.

શ્રદ્ધા બંને પર જોઈએ.

- વચન સ્વીકારવું અને તેનો અમલ કરવો, એ બંને જુદી વસ્તુ છે.

**શ્રદ્ધામાં વચનનો સ્વીકાર અવશ્ય હોય, અમલ ના પણ હોય.**

'સાધુએ એકાસણું કરવું જોઈએ.' એ ભગવાનનું વચન હું ૧૦૦% સ્વીકારું છું. પણ મારા જીવનમાં તેનો અમલ નથી.

*સભા : એને દંભ ન કહેવાય ?*

દંભ કોને કહેવાય ?

**મનમાં જુદું હોય, બહાર દેખાડે જુદું, બોલે જુદું – તેને દંભ કહેવાય.**

હું કોઈ દેખાડો નથી કરતો. સ્પષ્ટ કહું છું કે હું એકાસણું નથી કરતો, એ મારી નબળાઈ છે. તો તેમાં દંભ ક્યાં આવે ?

- વચનનો સ્વીકાર, તે શ્રદ્ધા છે, સમ્યગ્દર્શન છે.

વચનનો અમલ, તે ચારિત્ર છે.

સમ્યગ્દર્શન કરતાં ચારિત્ર જુદું છે.

**શ્રદ્ધા હોવા છતાં અમલ ન હોવાનાં કારણો ઘણાં હોઈ શકે.**

**પ્રતિકૂળ શારીરિક પરિસ્થિતિ, વિપરીત સંયોગો, સત્ત્વ–ધૈર્ય–ઉલ્લાસની નબળાઈ... વગેરે.**

- તમારો એક પ્રશ્ન હતો કે આંખેથી ઊંધુ દેખાય, તો શી રીતે મનાય ?

હું તમને એવા દૃષ્ટાંતો બતાવું કે જેમાં આંખેથી જુદું દેખાવા છતાં, તમે જુદું માનો છો. રેલ્વે સ્ટેશને ઊભા રહીને, દૂર સુધી પાટાને જુઓ, તો બંને પાટા ભેગા થતા હોય, તેવું દેખાય, બરાબર ?

તમે માની લો છો કે પાટા ભેગા થાય છે ? નહીં જ. દેખાવા છતાં, તમે તેવું નથી જ માનતા.

દૂર જોવાની આંખની મર્યાદાને કારણે ઊંધુ દેખાય છે, તેવું જ માનો છો.

- શાળામાં ભૌતિક શાસ્ત્રના વિષયમાં પ્રયોગ કરાવતા. સીધી લાકડીને અડધી પાણીમાં ડૂબાડીને રખાય, તો વાંકી દેખાય.

વાંકી દેખાતી હોવા છતાં, તમે લાકડીને સીધી જ માનો છો.

પાણીના કારણે વાંકી દેખાય છે, તેવું જ માનો છો.

- અંતર્ગોળ–બહિર્ગોળ કાચમાં તમારું પ્રતિબિંબ જુઓ, તો તમે છો તેના કરતાં ઘણાં લાંબા–ટૂંકા કે જાડા–પતલા દેખાવ છો. છતાં તમે તે વાત માનતા નથી.

કાચના ગુણધર્મના કારણે તેવું દેખાય છે, તેમ જ માનો છો.

- તાવ આવ્યો હોય, તો લીંબુનું શરબત પણ કડવું લાગે છે. છતાં તમે એવું માનતા

નથી કે શરબત કડવું છે. એવું જ માનો છો કે તાવ છે, એટલે કડવું લાગે છે.

- આ બધા પ્રસંગો જણાવે છે કે **આંખ દેખાડે, તે બધું સાચું નથી હોતું.**

**તો ગુરુ જે કહે છે, તે સાચું છે; આંખ દેખાડે છે, તે ખોટું છે – એવું માનવામાં વાંધો શું આવે ?**

*સભા : વિચાર આવે કે આવું શી રીતે કહેવાય ? પણ પછી માની લઈએ.*

**વિચાર આવે, તે સમ્યક્ત્વમાં અતિચાર છે. પણ છેવટે માની લો, તો સમ્યક્ત્વ નાશ ન પામે, ટકી રહે.**

**જેને તેવો વિચાર પણ ન આવે, સીધું સ્વીકારી લે, તેનું સમ્યક્ત્વ શુદ્ધ** ગણાય.

- **હું પ્રવચનમાં દાખલા–દલીલથી કોઈ વાત સાબિત કરી આપું, તમારા ગળે એ વાત ઊતરે, પછી જ તમે તેને સ્વીકારો, તો તેને શ્રદ્ધા ન કહેવાય.**

**અલબત્ત, ગમે તેટલું સમજાવવા છતાં ન જ સમજો, તેનાં કરતાં દાખલા–દલીલથી સાબિત કરી આપ્યા પછી પણ સ્વીકારો તે સારું છે જ. પણ તે શ્રદ્ધા નથી.**

**શ્રદ્ધા એ છે કે હું કહું, એટલે સ્વીકારી લો. પછી તમને ગળે ઊતરે કે ન ઊતરે.**

- આંખથી ઊંધું દેખાવા છતાં સ્વીકારવું હજુ સહેલું છે.

બુદ્ધિમાં ન બેસે, તે સ્વીકારવું ઘણું અઘરું છે.

કારણકે **અનાદિ કાળથી આપણને આપણી બુદ્ધિમાં બેસે, તે જ માનવું; તેવા કુસંસ્કાર પડ્યા છે.**

**એનું નામ જ દષ્ટિરાગ છે.**

વીતરાગ સ્તોત્રમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મ.એ કહ્યું છે –

**કામરાગ અને સ્નેહરાગને જીતવા સહેલા છે. દષ્ટિરાગને જીતવો અત્યંત દુષ્કર છે.**

*સભા : આ તો ઘણું અઘરું છે.*

છે જ. એટલેસ્તો અનંત કાળ જવા છતાં આપણને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નથી થઈ, મોક્ષ નથી થયો.

જો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય, તો અર્ધ પુદ્ગલ પરાવર્તથી ઓછા કાળમાં મોક્ષ થઈ જ જાય, તેવો નિયમ છે.

- જમાલિ શેમાં ફસાયા ?

કોઈ ઈન્દ્રિયના રાગમાં નથી ફસાયા. કોઈ વ્યક્તિના રાગમાં પણ નથી ફસાયા. 'કડેમાણે કડે' એવું ભગવાનનું વચન, બુદ્ધિમાં નથી બેસતું – એવા દષ્ટિરાગમાં જ ફસાયા. 'સંથારો હજુ પથરાઈ રહ્યો છે. તેને પથરાઈ ગયેલો ન જ કહેવાય, એટલે પ્રભુનું વચન ખોટું છે.' આવી બુદ્ધિ જ તેમને મિથ્યાત્વે લઈ ગઈ. નિહ્નવ થયા. સંઘની બહાર મૂકાયા.

પ્રભુના ભાણેજ, પ્રભુના જમાઈ અને પ્રભુના શિષ્ય હોવા છતાં પણ દષ્ટિરાગમાં ફસાયા.

- પ્રભુનાં વચનો કેટલાં છે ? લાખો-કરોડો. તેમાંથી **જમાલિએ કેટલાં વચન નથી સ્વીકાર્યાં ? એક જ. બાકીનાં બધાં વચન તો સ્વીકાર્યાં જ છે. છતાં નિહ્નવ થયા. કેમ ? કારણકે જે બુદ્ધિમાં ન બેઠું, તે ન માન્યું.**
- અમે ઘણીવાર વ્યાખ્યાનમાં કોઈ વાત દાખલા-દલીલથી સમજાવીએ, ત્યારે જવાબ ન આપી શકે, પણ બહાર નીકળીને કહે – 'સાહેબ તો બધું કહે. પણ આપણે જે કરીએ છીએ, તે બરાબર છે.' આને શ્રદ્ધા કહેવાય ?
- *સભા : જુદા જુદા પંથોની ઉત્પત્તિ થવાનું કારણ જુદી જુદી શ્રદ્ધા છે ?*

  પંથોની ઉત્પત્તિનું કારણ, મોટે ભાગે અહંકાર છે.

  હું તમને પરમાત્માનાં જ વચનો કહું, તો તમે જિનશાસનના ભક્ત થવાના.

  મારે તમને મારા ભગત બનાવવા હોય, તો કંઈક અલગ-નવું-જુદું કહેવું પડે.

  એ રીતે જ મારો સિક્કો જમાવી શકાય. એમાંથી જ નવા પંથો ઊભા થયા છે.
- દિગંબર પંથની ઉત્પત્તિ શી રીતે થઈ ?

  શિવભૂતિ, રાજાના યોદ્ધા હતા – દીક્ષા લીધી. રાજાએ રત્નકંબળ વહોરાવેલી. તેના પર આસક્તિ થઈ ગયેલી. રાખી મૂકે, વાપરે નહીં.

  **જે વાપરવાનું ન હોય તેવું ઉપકરણ સાધુ રાખે નહીં.**
- અહીં એક વાત કરું. ઘણીવાર કેટલાક લોકો વહોરાવવા આવે છે. મારે કંઈ ખપ ન હોવાથી ના પાડું. પછી તમે શું કરો ?

  *સભા : લાભ આપવાનો આગ્રહ કરીએ.*

  પણ મારે ખપ છે જ નહીં, તેવું હું સ્પષ્ટ કહું તો ?

  *સભા : ભવિષ્યમાં કામ લાગશે. એમ કહીને વિનંતી કરીએ.*

  એટલે સાધુએ પરિગ્રહ કરવાનો ? એમાં અમારી સાધુતા જ ક્યાં રહેવાની છે ? પછી પોટલા ભેગા થાય. જ્યારે તેને ફેરવવાનું તમને કહીએ, ત્યારે તમે જ નિંદા કરો – 'સાહેબ કેટલો પરિગ્રહ કરે છે.'

  *સભા : તો શું કરવાનું ?*

  જેનો ખપ સાધુને છે જ નહીં, તે વહોરવાનો આગ્રહ ન કરાય.

  *સભા : તો અમે લાભથી વંચિત રહી જઈએ ને ?*

  તમને લાભ આપવા માટે, સાધુ ખપ ઊભો ન કરે.

  એમ તો સંઘના ૪૦૦ ઘરમાંથી મહાત્માઓ ૪૦-૫૦ ઘરે જ રોજ વહોરવા જાય છે. બાકીના ૩૬૦ ઘરમાં જતા નથી, તેમને લાભ મળતો નથી. તો શું તમને લાભ

આપવા માટે બધા ઘરે જવાનું ? પછી લાવેલું ખપ ન હોય, તો ફેંકી દેવાનું ?
મારે પેનનો ખપ છે જ નહીં. તમે આગ્રહ કરો. તમારું મન સાચવવા હું લઈ લઉં.
પછી કરવાનું શું ? ખપ તો નથી. કબાટમાં સંઘરી રાખવાની ?
**ભક્તિમાં વિવેક સદા હોવો જોઈએ.**

- આપણી વાત હતી શિવભૂતિની. તેની આસક્તિ તોડવા માટે, ગુરુએ તેની રત્નકંબળના ટુકડા કરીને બધા સાધુઓને વાપરવા આપી દીધા.
  બહારથી આવેલા શિવભૂતિએ ગુરુ ભગવંતને કારણ પૂછ્યું. ત્યારે કહ્યું – 'તને આસક્તિ થતી હતી, એટલે ટુકડા કરી નાખ્યા.' શિવભૂતિનો અહંકાર ઊછળ્યો. 'આસક્તિ તો કપડા પર પણ થાય. તો કપડા પણ ન જોઈએ.' તેમાંથી દિગંબર પંથ ઉત્પન્ન થયો.
  *સભા : ગુરુએ રત્નકંબળ ન ફાડી હોત, તો આટલું મોટું નુકસાન ન થાત ને ?*
  સ્વ. પૂજ્ય ગચ્છાધિપતિશ્રીએ આનો સરસ જવાબ આપેલો – જો ગુરુ ભગવંતે રત્નકંબળ ન ફાડી હોત, તો શ્વેતાંબર સાધુઓ બધા રત્નકંબળનો પરિગ્રહ કરતાં થઈ ગયા હોત !
- આપણી મૂળ વાત, શ્રદ્ધાની ચાલે છે.
  દુનિયાના બધા વ્યવહારો, શ્રદ્ધાથી જ ચાલે છે.
  ડૉક્ટર દવા આપે, ત્યારે પૂછો છો ? દવા તો પેટમાં જશે, તેનાથી પગનો દુઃખાવો શી રીતે મટે ?
  હોટલમાં જમવા જાવ, ત્યારે પૂછો છો ? રસોઈમાં શું નાખ્યું છે ?
  રસોઈયો મસાલા કરે, ત્યારે પૂછો છો ? આમાં ગણિત શું ?
- કાળની બલિહારી છે.
  **દુનિયાના બધા ક્ષેત્રોમાં તમારે વિશ્વાસ મૂકવો છે.**
  **ધર્મના ક્ષેત્રમાં જ જ્ઞાનીઓ પર વિશ્વાસ મૂકવો નથી. બુદ્ધિ જેમ દોરે તેમ ચાલવું છે.**
  હકીકત એ છે કે ધર્મના ક્ષેત્રનો કક્કો પણ તમે જાણતા નથી. સંસ્કૃતનો પાયાનો પણ અભ્યાસ નથી. શાસ્ત્ર ભણવાનો તો સવાલ જ આવતો નથી.
- જેમ મેડિકલ સલાહ આપવાનો અધિકાર ડૉક્ટરને જ છે;
  તેમ **ધર્મના ક્ષેત્રમાં કોઈ પણ નિર્ણય કરવાનો, સલાહ આપવાનો, ઉપદેશ આપવાનો અધિકાર ગીતાર્થને જ છે.**
  તેમના નિર્ણય સામે તમે ડહાપણ ડહોળો, તે ડૉક્ટરને સલાહ આપવા જેવું છે.
- અલબત્ત, ગીતાર્થ સિવાય કોઈ સાધુને ઉપદેશ આપવાનો અધિકાર નથી. કોઈ ગીતાર્થ ન હોય અને તમને આજ્ઞા કરે, તો તમારે માનવી ફરજિયાત નથી; એવું પણ

શાસ્ત્રકારે સ્પષ્ટ કહ્યું જ છે.

*સભા : અમને શી રીતે ખબર પડે કે મહાત્મા ગીતાર્થ છે કે નહીં ?*

તમે મહાત્માના થોડા પરિચયમાં આવો, થોડા વ્યાખ્યાનો સાંભળો, થોડું માર્ગદર્શન લો, થોડા પ્રશ્નો કરો; તેના પરથી મહાત્મા ખરેખર જ્ઞાની છે કે નહીં ? તેટલી સમજણ તમને પડે, તેટલી બુદ્ધિ તમે ધરાવો છો જ.

ડૉક્ટર હોંશિયાર હોવાની ખબર શી રીતે પડે છે ? તેની વાતચીત પરથી, નિદાન પરથી, તેની દવાની અસર થવાથી.. તે રીતે મહાત્માના જ્ઞાનની ખબર પડે જ.

- અલબત્ત, **જે સાધુ જ્ઞાની–ગીતાર્થ નથી, તે પણ પૂજ્ય તો છે જ. તેને વંદન કરવાનું જ છે, તેની ભક્તિ કરવાની છે જ.** તેમની સલાહ માનવી ફરજિયાત નથી, એટલી જ વાત છે. વસ્તુતઃ તેમને સલાહ આપવાનો અધિકાર જ નથી, તેમનો અધિકાર ન હોવા છતાં આપે, તો તમે તેને માનવા બંધાયેલા નથી.

- આપણી વાત અત્યારે એ ચાલે છે કે બુદ્ધિમાં બેસે, તે જ માનવું – તે શ્રદ્ધા નથી. પૂ. ૐકારસૂરિ સમુદાયના પૂ. યશોવિજયસૂ. મ. એ એક વાર વાચનામાં અમને સરસ વાત કરેલી.

  તમને ગુરુ ભગવંત બોલાવીને કહે – ફલાણા ગામની ચાતુર્માસની વિનંતી છે. તમારે ચોમાસું કરવા જવાનું છે. સાથે ફલાણા મહાત્મા આવશે.

  તમે વિચારો – ગામ સારું છે. ઉપાશ્રય સરસ છે. લોકો ભાવિક છે. પ્રવચન–રુચિ સારી છે. સાથે આવનારા મહાત્માનો સ્વભાવ સારો છે. સહાયક છે.

  પછી ગુરુદેવને કહો – ‘જી ગુરુદેવ ! તહત્તિ. હું ચોમાસું કરવા જઈશ.’

  આ ‘તહત્તિ’ કોને કર્યું ? ગુરુદેવને કે તમારા મનને ? ગુરુદેવને ‘તહત્તિ’ કોને કહેવાય? ગામ–સંઘ–મહાત્મા અનુકૂળ છે કે નહીં ? તે વિચાર્યા વગર કરો, તો જ.

  **બધું અનુકૂળ હોવાથી તહત્તિ કરો, તે અનુકૂળતાને તહત્તિ છે, ગુરુને નહીં.**

- ઉપદેશમાળા ગ્રંથમાં સરસ વાત છે.

  માની લો કે પ્રભુની કુલ ૧ લાખ આજ્ઞા છે.

  તેમાંથી ૯૯,૯૯૯ માને, એક જ ન માને, તો મિથ્યાત્વી કેમ કહેવાય ?

  તમે કહો, એક આજ્ઞા કેમ ન માને ?

  *સભા : બુદ્ધિમાં ન બેસે, એટલે.*

  એનો અર્થ એ કે જે આજ્ઞા માની, તેનું કારણ એ કે એ બધી બુદ્ધિમાં બેઠી એટલે જ માની. તો પ્રભુની આજ્ઞા નથી માની, બુદ્ધિનું જ માન્યું. એટલે જ મિથ્યાત્વ છે.

- **અનંત કાળમાં પ્રભુવચન અનંત વાર મળ્યા છે. પણ જે બુદ્ધિમાં બેઠા, તે જ આપણે માન્યા છે. એટલે જ હજી આપણે સંસારમાં રખડીએ છીએ.**

- યોગશાસ્ત્ર ગ્રંથમાં ગ્રંથકાર કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મ.સા., 'યોગ' નું વર્ણન કરે છે.

  **જે આપણને મોક્ષ સાથે જોડી આપે, તેને યોગ કહેવાય છે. જ્ઞાન–દર્શન–ચારિત્ર રૂપી રત્નત્રયી, એ યોગ છે;** એમ શાસ્ત્રકાર કહે છે.
- તેમાં આપણે સમ્યગ્દર્શન પદનું વિવેચન કરી રહ્યા છીએ. સમ્યગ્દર્શનની વાત સૌ પ્રથમ લેવાનું કારણ એ છે કે તેનું મહત્ત્વ સવિશેષ છે.
- નવપદમાં છેલ્લા ૪ પદ, દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ છે.

  હકીકતમાં તે સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર, સમ્યક્ તપ છે. ટૂંકમાં દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ કહેવાય છે.
- આગળ સમ્યક્ વિશેષણ લગાડવાથી શું થાય ?

  જ્ઞાન અને સમ્યગ્ જ્ઞાન વચ્ચે તફાવત શું પડે ?

  તે સમજવા માટે, વિશેષણના અર્થ પહેલા સમજી લઈએ.
- વિશેષણ બે પ્રકારના હોય છે.

  ૧. સ્વરૂપ બતાવે ૨. કોઈની બાદબાકી કરે.

  જેમ કે 'કાળો કાગડો' એવું કહેવાય, ત્યારે કાગડો શબ્દ, બધા કાગડા કાળા હોય, તેવું જ જણાવે છે. ધોળા વગેરે કાગડાની બાદબાકી થતી નથી, કારણકે ધોળો કાગડો હોતો જ નથી.

  પણ 'કાળો કૂતરો' એવું કહેવાય, ત્યારે 'કાળો' શબ્દથી અન્ય વર્ણના કૂતરાની વાત નથી, તેવી બાદબાકી થાય છે.
- બીજું દૃષ્ટાંત આપું.

  'પંચ–મહાવ્રતધારી સાધુ' એમ કહેવાય, ત્યારે 'પંચ–મહાવ્રતધારી' એ સાધુનું સ્વરૂપ જણાવનાર વિશેષણ છે. બધા સાધુ પંચ–મહાવ્રતધારી જ હોય છે. જે પંચ–મહાવ્રતધારી ન હોય, તેને સાધુ ન કહેવાય.

  પણ 'વ્યાખ્યાનકાર સાધુ' એમ કહેવાય, ત્યારે જે વ્યાખ્યાન કરવાની શક્તિ નથી ધરાવતા, તેવા સાધુની બાદબાકી થાય છે.

  તમે ચાતુર્માસની વિનંતી કરો, ત્યારે કેવા સાધુ માગો ? 'પંચ મહાવ્રતધારી' કે 'વ્યાખ્યાનકાર' ?

  *સભા : સારા વ્યાખ્યાનકાર.*

  આ 'સારા' નવું વિશેષણ આવ્યું, તેનાથી, વ્યાખ્યાન કરતાં હોય, પણ તેવી પકડ

ન હોય, તેવા સાધુની પણ તમે બાદબાકી કરી.

- એ રીતે સમ્યક્ શબ્દ, બાદબાકી કરનાર છે.

  સમ્યગ્ જ્ઞાન કહેવાથી, મિથ્યા જ્ઞાનની બાદબાકી થાય છે.

  આપણને પ્રશ્ન થાય – કોને સમ્યગ્ જ્ઞાન કહેવાય ? કોને મિથ્યા જ્ઞાન કહેવાય ?

  શાસ્ત્રકાર જવાબ આપે છે – **સમ્યગ્દર્શન હોય, તો જ્ઞાનને સમ્યગ્ જ્ઞાન કહેવાય. સમ્યગ્દર્શન ન હોય, તો જ્ઞાનને મિથ્યા જ્ઞાન કહેવાય.**

  **સમ્યગ્દર્શન હોય, તો જ સમ્યક્ ચારિત્ર કહેવાય. સમ્યગ્દર્શન હોય, તો જ સમ્યક્ તપ કહેવાય.**

- એટલે નક્કી થયું કે **સમ્યગ્દર્શન વિના, જ્ઞાન–ચારિત્ર–તપ** સમ્યક્ **હોઈ શકે નહીં.**

  તેથી, સમ્યગ્દર્શનનું મહત્ત્વ સવિશેષ છે.

  શાસ્ત્રકારે જ કહ્યું છે – **સમ્યગ્દર્શન એ એકડો છે, બીજી બધી આરાધના, તેના ઉપરના મીંડાં છે.**

  એકડો ન હોય, તો બધા મીંડાં ભેગાં મળીને પણ મીંડું જ રહે. એકડો હોય, તો દરેક મીંડાંથી આગળના આંકડાની કિંમત પણ વધે.

  એ રીતે, **સમ્યગ્દર્શન વિનાની બધી આરાધના, મોક્ષ આપવા સમર્થ થતી નથી. સમ્યગ્દર્શન હોય, તો મોક્ષ નિશ્ચિત છે.**

- આપણે શ્રદ્ધાની વ્યાખ્યા કરી રહ્યા હતા.

  'દેવ–ગુરુ–ધર્મ પરની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે'–આવું સાંભળીને આપણે માની લઈએ છીએ કે આપણામાં સમ્યગ્દર્શન છે. પણ શ્રદ્ધાની વ્યાખ્યા કર્યા પછી ખબર પડે છે કે એ આપણો ભ્રમ હતો. શ્રદ્ધા આવવી સરળ નથી.

  **જો આપણે બુદ્ધિમાં બેસે તેટલું જ સ્વીકારતા હોઈએ, તો તે શ્રદ્ધા નથી, તે નિશ્ચિત છે.**

- જો દેખાય તે જ માનવાનું હોય, તર્કથી સાબિત થાય તે જ સ્વીકારવાનું હોય, તો દુનિયામાં શ્રદ્ધા જેવી ચીજ જ ન રહે.

  શ્રદ્ધાનો અર્થ જ એ છે કે ન દેખાય, તે પણ માનવું. ન સમજાય, તે પણ સ્વીકારવું.

- જ્યારે અમે આવી વાત કરીએ, ત્યારે એક પ્રશ્ન અવશ્ય આવતો હોય છે–એને અંધશ્રદ્ધા ન કહેવાય ?

  તેને અંધશ્રદ્ધા કહી દેશો, તો દુનિયામાં શ્રદ્ધા નામની ચીજ જ નહીં રહે.

- શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે તફાવત શું ? તે સમજી લઈએ.

  **વ્યક્તિ વિશ્વાસપાત્ર છે કે નહીં ? તેની પરીક્ષા કર્યા પછી તેના પર વિશ્વાસ મૂકાય, તે શ્રદ્ધા છે.**

**વ્યક્તિ વિશ્વાસપાત્ર છે કે નહીં ? તેવી પરીક્ષા કર્યા વગર, કે તેની વિશ્વાસપાત્રતામાં શંકા હોવા છતાં વિશ્વાસ મૂકાય, તે અંધશ્રદ્ધા છે.**

- મેં તમને કહ્યું જ હતું – ગીતાર્થ ગુરુ ભગવંતની આજ્ઞા જ માનવાની છે, બધાની નહીં.

  તેનો અર્થ શું થયો ? આજ્ઞા માનતાં પહેલાં નક્કી કરવાનું કે ગુરુ જ્ઞાની છે, ગીતાર્થ છે. અર્થાત્ ગુરુની પરીક્ષા કરીને પછી જ તેમના પર શ્રદ્ધા મૂકવાની છે. તો તેને અંધશ્રદ્ધા ન કહેવાય.

- *સભા : પણ અમને પરીક્ષા કરતાં આવડવું જોઈએ ને ?*

  મેં તમને જણાવ્યું જ હતું કે એટલી સમજ તો સહુને હોય જ છે.

  અહીં વર્ષોથી ચોમાસાં થાય છે. તમે વ્યાખ્યાન સાંભળ્યા પછી, કેટલાક મહાત્માઓ માટે 'જ્ઞાની છે' તેવું લેબલ લગાવતા જ હો છો.

  હા, બીજા મહાત્મા 'અજ્ઞાની' છે, તેવું તમે બોલતા નથી. તે સારું જ છે. તેવું બોલવું ઉચિત પણ નથી.

  પણ તમારા દ્વારા લગાવાતું લેબલ જ બતાવે છે કે તમને એટલી સમજ પડે જ છે.

- ફરી એ વાતની સ્પષ્ટતા કરું કે ગીતાર્થ–અગીતાર્થ એવો ભેદ, આજ્ઞા માનવા માટે જ છે.

  વંદન કરવામાં, ભક્તિ કરવામાં એવો ભેદ પાડવાનો નથી જ. ન તો તેવું શાસ્ત્રકારે કહ્યું છે, ન તો મેં કહ્યું છે.

- તમે બિમાર પડો, તો ક્યા ડૉક્ટર/વૈદ પાસે જાવ ?

  *સભા : જે નિષ્ણાત હોય.*

  અર્થાત્ કે પોતાના વિષયનું જેને સ્પષ્ટ જ્ઞાન હોય. તો **સંસાર રૂપી રોગની દવા પણ જ્ઞાની ગુરુ પાસે જ લેવાય, જેમને મોક્ષમાર્ગનું સ્પષ્ટ જ્ઞાન છે.**

- શાસ્ત્રકારે, આજ્ઞા માનવા માટે ગુરુ કેવા જોઈએ ? તેનું વર્ણન કરતાં બે વિશેષણ વાપર્યા છે – ગીતાર્થ અને સંવિગ્ન.

  ડૉક્ટર ગમે તેટલો નિષ્ણાત હોય,જેને દર્દીમાં 'ઘરાક'ના જ દર્શન થતાં હોય, તેવા ડૉક્ટર પાસે તમે નથી જ જતાં. કલિકાળમાં આવા ડોક્ટરો પણ છે.

  અર્થાત્ જે ડૉક્ટર દવા આપીને તમને વહેલામાં વહેલી તકે સાજા કરવા ઈચ્છે, તેની પાસે જ જાવ છો. તમારી બિમારી વધારીને પોતાની કમાણી વધારે, તેની પાસે નથી જતાં.

  તે રીતે, **જે ગુરુ ગીતાર્થ હોવા સાથે, તમને સંસારથી તારવાની ઈચ્છાવાળા હોય, તેની જ આજ્ઞા મનાય. તેમને સંવિગ્ન કહેવાય છે.**

કલિકાળનો પ્રભાવ છે કે કેટલાક કહેવાતા ગુરુઓ, પોતાનો સ્વાર્થ સાધવા તમારો ઉપયોગ કરે તેવા હોય છે. તેમની આજ્ઞા માનવાની નથી.

• સંવિગ્નતા અને ગીતાર્થતા એટલે શું ? તેનું આપણે અવસરે વિસ્તારથી વર્ણન કરશું. અત્યારે વાત એટલી જ છે કે ગુરુની વિશ્વાસપાત્રતાની પરીક્ષા કરીને પછી જ તેમના પર વિશ્વાસ મૂકાય છે, તે અંધશ્રદ્ધા નથી, શ્રદ્ધા છે.

• વિજ્ઞાન ધર્મ પરની શ્રદ્ધાને અંધશ્રદ્ધા કહે છે.
હું કહીશ કે **સાચા ધર્મ પરની શ્રદ્ધા, તે અંધશ્રદ્ધા નથી; કારણકે કહેનારા વિશ્વાસપાત્ર છે.**
**પણ વિજ્ઞાન પરની શ્રદ્ધા જ અંધશ્રદ્ધા છે, કારણકે તેને કહેનારા વિશ્વાસપાત્ર નથી.**

• વિજ્ઞાનને કહેનારા વિશ્વાસપાત્ર કેમ નથી ?
કારણકે **તેમની પાસે જ્ઞાન પણ નથી, અને મોટે ભાગે તેઓ સ્વાર્થી છે.**
આ વાત તેમના જ દૃષ્ટાંતોથી સાબિત કરી શકાય તેમ છે.

• મેડિકલ ક્ષેત્રની અંદર તમે જાણતા જ હશો કે છાસવારે નવી-નવી વાત આવે છે. જૂની દવાઓ નુકસાનકારક હોવાનું કહીને તેના પર પ્રતિબંધ મૂકાય છે.
તેનાથી, તે દવા ફાયદાકારક હોવાનું સંશોધન કરનારા વૈજ્ઞાનિકો અજ્ઞાની હતા, તે તો તેઓ જ સાબિત કરે છે.
જાણવા જેવી વાત એ પણ છે કે આમાં બહુ મોટા કૌભાંડો પણ હોય છે. ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં કામ કરનાર વ્યક્તિએ જ મને એક વાત કરેલી.
કોઈ પણ નવી દવા શોધાય, ત્યારે તેને શોધનારા તેની પેટન્ટ કઢાવે. એટલે બીજા કોઈએ તે દવા બનાવવી-વેચવી હોય, તો શોધ કરનારને રોયલ્ટી ચૂકવવી પડે. એટલે બીજા કોઈ, તેવી દવા બનાવી ન શકે.
આ પેટન્ટ ૨૦ વર્ષની જ હોય છે. તે પછી બધા જ તે દવા બનાવી શકે. પછી શોધ કરનાર મૂળ કંપનીનો ઈજારો નથી રહેતો.
એટલે શોધને ૧૫-૧૭ વર્ષ થાય, એટલે શોધ કરનાર કંપની જ નવું સંશોધન જાહેર કરે કે એ દવાની ખરાબ આડઅસરો છે ! જેથી બીજી કંપનીઓ તેને બનાવીને કમાઈ ન શકે. કદાચ તેઓ પહેલેથી એ જાણતા જ હોય છે ! અને પોતે નવી દવા બહાર પાડે ! આવા રીતસરના કૌભાંડ ચાલતા હોય છે !
તેમના પરનો વિશ્વાસ, તે અંધશ્રદ્ધા કહેવાય કે બીજું કાંઈ ?

• એલોપથીવાળા પાસે કોઈ વિશિષ્ટ જ્ઞાન નથી. અખતરા કરે... ૧૦૦ માંથી ૬૦ જણાને ફાયદો થાય, એટલે દવાને ફાયદાકારક જાહેર કરે. ૪૦ ને ફાયદો ન થયો, નુકસાન થયું, તે ભૂલી જવાનું. ૬૦ ને ફાયદો થયો, તે દવાથી જ થયો, તેની ખાતરી

પણ કોઈ હોતી નથી.

આયુર્વેદના પ્રણેતાઓએ કોઈ રિસર્ચ–અખતરા નથી કર્યા. તેમની પાસે અતીન્દ્રિય જ્ઞાન હતું. વળી તેઓની ભાવના શુદ્ધ હતી. તેથી તેઓ વિશ્વાસપાત્ર છે.

હા, આજે તેવા જાણકાર વૈદો ઓછા છે, શુદ્ધ ઔષધિઓ મળતી નથી – તે જુદી વાત છે.

- વૈજ્ઞાનિકોના છબરડા કેવા હોય છે ?

શાળામાં ભૌતિક વિજ્ઞાનમાં ન્યૂટનનો ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત આપણે બધા જ ભણ્યા હતા. હજુ ભણાવાય છે.

વિજ્ઞાનનો અભ્યાસ કરનારા જાણે છે કે સાપેક્ષવાદના સિદ્ધાંત દ્વારા આઈન્સ્ટાઈને, ન્યૂટનના સિદ્ધાંતને ખોટો સાબિત કર્યો છે.

આવા વિજ્ઞાનીઓ વિશ્વાસપાત્ર શી રીતે ગણાય ?

- છતાં, તેમના આક્રમક પ્રચારના કારણે દુનિયા, તેમના પરના વિશ્વાસને શ્રદ્ધા કહે છે; અનંત જ્ઞાની પ્રભુ પરના વિશ્વાસને અંધશ્રદ્ધા કહે છે !

તમે પણ એ બેંડ વગાડો છો.

કાળની બલિહારી છે ને ?

- હકીકતમાં તમારી **આખી દુનિયા અંધશ્રદ્ધા પર ચાલે છે.**

ટ્રેનમાં બેસતા પૂર્વે ડ્રાઈવરે દારૂ નથી પીધો ને ? તે ચેક કરો છો ?

પ્લેનમાં બેસતાં પહેલાં, પાઈલોટ આતંકવાદી નથી ને ? તે પરીક્ષા કરો છો ?

હોટલમાં જમતાં પૂર્વે રસોઈયો કઈ નાતનો છે ? પીરસનારા કઈ જાતના છે ? તે ચેક કરો છો ?

કશું જ કરતાં નથી.

છતાં, તમારા જીવનની બાજી તેમને સોંપો છો.

આને અંધશ્રદ્ધા ન કહેવાય તો બીજું શું કહેવાય ?

- ગુરુની પરીક્ષાની વાત આપણે કરી.

**પ્રભુ પણ સર્વજ્ઞ છે, તેની ખાતરી કરીને જ તેમના વચન પર આપણે વિશ્વાસ મૂક્યો છે. એટલે તે શ્રદ્ધા જ છે, અંધશ્રદ્ધા નથી.**

- પ્રભુની સર્વજ્ઞતાની ખાતરી કરી શકાય, તેવી અનેક પરીક્ષા છે.

તમે પંચાંગ જુઓ છો. આજે ૧૦૦ વર્ષના પંચાંગ બની શકે છે. ૧૦૦ વર્ષ પછી ક્યારે પૂનમ આવશે ? ક્યારે અમાસ ? ક્યારે ગ્રહણ થશે ? વગેરે આગાહી કરી શકાય છે, અને સાચી પડે છે.

એ પંચાંગ શેના આધારે બને છે ? વિજ્ઞાનીઓના સંશોધનના આધારે નહીં, પ્રાચીન

શાસ્ત્રીય ગણિતના આધારે,

એ શાસ્ત્રીય ગણિત કોણે બતાવ્યું ? જ્યોતિષશાસ્ત્રના આદ્ય પ્રણેતા વરાહમિહિર કહેવાય છે. જે ભદ્રબાહુ સ્વામીના મોટાભાઈ હતા. દીક્ષા લીધેલી. પણ ગુરુ ભગવંતે તેમને આચાર્ય પદ ન આપ્યું, નાના ભાઈને આપ્યું; એટલે દીક્ષા છોડીને જ્યોતિષ શાસ્ત્ર, જે આપણાં જ શાસ્ત્રોમાંથી ભણેલા, તેની રચના કરી.

હવે કહો, આ પંચાંગનું ગણિત બતાવનાર કોણ ? પ્રભુ જ છે. પ્રભુએ કોઈ ટેલિસ્કોપથી નિરીક્ષણ કરીને ગણિત શોધ્યું નથી. તેમના અતીન્દ્રિય જ્ઞાનમાં જોયું છે, જે ૧૦૦% સાચું પડે છે.

- આઈન્સ્ટાઈનની શોધ જાણીતી છે. $E = mc^2$ .

  E નો અર્થ એનર્જી = શક્તિ છે, m નો અર્થ માસ = દ્રવ્ય છે. c એ એક સંખ્યા છે, જે પ્રકાશની ઝડપ જેટલી – ૩૦૦૦૦૦૦૦૦ છે. આઈન્સ્ટાઈને પુરવાર કર્યું કે દ્રવ્યનું રૂપાંતર શક્તિમાં થઈ શકે. તે પૂર્વે વિજ્ઞાન એમ જ માનતું હતું કે દ્રવ્ય જુદી વસ્તુ છે, શક્તિ જુદી વસ્તુ છે. ધ્વનિ(અવાજ) અને પ્રકાશને શક્તિ જ માનતું હતું, દ્રવ્ય નહીં.

  આઈન્સ્ટાઈનની શોધ પછી વિજ્ઞાન માને છે કે હકીકતમાં દ્રવ્ય અને શક્તિ, એક જ વસ્તુના બે રૂપ છે.

  પ્રભુના શાસનમાં તો ધ્વનિ અને પ્રકાશ, પુદ્‌ગલ(દ્રવ્ય) છે, તેવું પહેલેથી જણાવ્યું છે. નવ તત્ત્વ ભણનારા જાણતા જ હશે.

  આખી દુનિયા જેને શક્તિ માનતી હતી, તેને પ્રભુએ દ્રવ્ય કયા જ્ઞાનથી કહ્યું હશે ?

- જગદીશચંદ્ર બસુએ સાબિત કર્યા પછી વિજ્ઞાને વનસ્પતિમાં જીવ હોવાનું સ્વીકાર્યું. પ્રભુનું શાસન તો પહેલેથી એ વાત કહે છે.

- આવી તો ઢગલાબંધ વાતો છે, જે પ્રભુએ કોઈ રિસર્ચ વિના, અતીન્દ્રિય જ્ઞાનથી કહી છે, જે આજે સત્ય સાબિત થઈ છે.

  **જે વિજ્ઞાન સ્વયં લૂલું-પાંગળું છે, તેના દ્વારા પ્રભુના વચનની સત્યતાની પરખ કરવી, તે ફૂટપટ્ટીથી દરિયો માપવાની ચેષ્ટા છે.**

  પણ, તમારા બધાની વિજ્ઞાન પરની અંધશ્રદ્ધા એટલી જોરદાર છે કે અમારે તેનો સહારો લેવો પડે છે.

- પ્રભુની સર્વજ્ઞતા તો અન્ય રીતે પણ સાબિત થાય.

  ‘કર્મ’ ને જાણો છો ને ?

  ૮ કર્મ છે. તેના પેટાભેદ ૧૫૮ છે.

  આપણે ત્યાં કમ્મપયડી ગ્રંથ છે. તેમાં એ ૧૫૮ ભેદના

→ પ્રકૃતિ–સ્થિતિ–રસ–પ્રદેશ એમ ૪
→ દરેકના બંધન–સંક્રમ–ઉપશમના વગેરે ૮ કરણ
→ તે દરેકના જઘન્ય–ઉત્કૃષ્ટના
સ્વામી બતાવ્યા છે.
ગણિત કરો – ૧૫૮ × ૪ × ૮ × ૨ – લગભગ ૧૦,૦૦૦ થાય !
એક સ્વામી કેવો હોય ? તેનું આવું વર્ણન હોય →
૨૦૦૦ સાગરોપમ ત્રસકાયમાં રહે, પછી મનુષ્ય થાય, પછી ઉપશમશ્રેણિ માંડે, પછી ક્ષપકશ્રેણિ માંડે, તેમાં ૧૦મા ગુણસ્થાનકના છેલ્લા સમયે !
જે કર્મ દેખાતું નથી, તેનું આટલું વિસ્તૃત વર્ણન, જ્ઞાન વિના શી રીતે થાય ?
કોઈ કલ્પનાથી કરવા જાય, તો ૧૦,૦૦૦ માં ક્યાંક ને ક્યાંક પરસ્પર વિરોધી વાત આવ્યા વિના ન રહે. પણ તેવી એક પણ વાત નથી.
આ જ પ્રભુની સર્વજ્ઞતાની સાબિતી નથી ?

- શાસ્ત્રમાં સાધુના આચારોનું વિસ્તૃત વર્ણન છે.
હું ખાલી વિહારની વાત કરું.
વિહાર ક્યારે કરવાનો ?
ક્યા રસ્તે જવાનું ? રસ્તો કોને પૂછવાનો ? છૂટા પડી જાય, તો શું કરવાનું ?
રસ્તામાં ગોચરી–પાણી ક્યાંથી વહોરવાના ?
રસ્તામાં ગોચરી–પાણી વાપરવા પડે, તો ક્યાં વાપરવાના ?
સામેના ગામે સવારે પહોંચો તો શું કરવાનું ? સાંજે પહોંચો તો શું કરવાનું ?
પહેલાં કોણે બહાર નીકળવાનું ? પહેલાં કોણે પ્રવેશ કરવાનો ?
બાકીનાએ શું કરવાનું ?
તમે થાકી જશો, એટલું વર્ણન છે.
આખું દળદાર પુસ્તક થઈ જાય.
સર્વજ્ઞ સિવાય આટલું કોણ કહી શકે ?

- *સભા : ટૂંકી જિંદગીમાં પ્રભુએ આટલું કહ્યું શી રીતે ?*
પ્રભુએ તો ૩ પદ જ આપ્યા.
ગણધરોએ અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરી. જેમાંના માત્ર બારમા અંગને લખવા માટે ૧૬,૩૮૩ હાથીના વજન જેટલી શાહી જોઈએ !
ચૌદ પૂર્વધરો, એક અંતર્મુહૂર્તમાં ૧૪ પૂર્વનું પરાવર્તન કરે, તેવા લબ્ધિધારી પણ હોય છે.
આપણી બુદ્ધિમાં એ બેસવાનું નથી.
પણ શાસ્ત્રોમાં લખાયેલું છે, તો નક્કી છે કે એ બધું કહેવાયેલું છે.

# શ્રદ્ધા – ૩

* શ્રદ્ધા વિશે બે વાત કરી.
* આંખે ઊંધું દેખાય, બુદ્ધિમાં ન સમજાય, છતાં માનવું, તેનું નામ જ શ્રદ્ધા છે.
  આંખે દેખાય કે બુદ્ધિમાં બેસે, તેટલું જ માનવું, તેનું નામ શ્રદ્ધા નથી.
* પરમાત્મા અને ગુરુ ભગવંત, વિશ્વાસપાત્ર છે, તેવો નિર્ણય કરીને જ આપણે વિશ્વાસ મૂકીએ છીએ; એટલે તે અંધશ્રદ્ધા નથી, શ્રદ્ધા છે.
  વૈજ્ઞાનિકો તો અજ્ઞાની છે, પોતાની વાત બદલનારા છે, સ્વાર્થી છે, ષડ્યંત્ર અને કૌભાંડો કરનારા છે; તેથી વિશ્વાસપાત્ર નથી. તેથી તેમના વચન પરનો વિશ્વાસ એ જ અંધશ્રદ્ધા છે.
* ગુરુની વિશ્વાસપાત્રતાની ખાતરી કરવા માટે શાસ્ત્રકારે બે વિશેષણ બતાવ્યા – સંવિગ્ન અને ગીતાર્થ.
  તેમ, પરમાત્માની વિશ્વાસપાત્રતાની ખાતરી પણ બે વિશેષણથી થાય છે – સર્વજ્ઞ અને વીતરાગ.
* ગીતાર્થતાની પરાકાષ્ઠા સર્વજ્ઞતા છે.
  સંવિગ્નતાની પરાકાષ્ઠા વીતરાગતા છે.
* પરમાત્માની વિશ્વાસપાત્રતાની ખાતરી કરવાની વાત હું કરું, તો તમને આંચકો લાગે – પ્રભુ તો વિશ્વાસપાત્ર જ હોય ને ?
  વાત સાચી, પણ પ્રભુ કોને કહેવાય ?
  કોઈ પણ વ્યક્તિ, કોઈને પણ, ભગવાન–પરમાત્મા–પ્રભુ કહી દે, તેનાથી થોડું કોઈ પરમાત્મા બની જાય ?
  કોઈને કોઈએ પરમાત્મા કહ્યા, તો આપણે ખાતરી તો કરવી જ પડે કે હકીકતમાં તે પરમાત્મા છે કે નહીં ?
  અને તે ખાતરી આ રીતે જ થાય – તેઓ સર્વજ્ઞ અને વીતરાગ છે કે નહીં ?
  **જે સર્વજ્ઞ–વીતરાગ હોય, તેને જ હકીકતમાં પરમાત્મા કહેવાય.**
  **એટલે નક્કી થાય કે પરમાત્માની પણ પરીક્ષા કરીને પછી જ તેમના વચન પર વિશ્વાસ મૂકવાનો છે. તેથી તે શ્રદ્ધા જ છે, અંધશ્રદ્ધા નથી.**
* આપણું સદ્ભાગ્ય છે કે જન્મથી જેની પરમાત્મા તરીકે ઓળખાણ મળી, તે સર્વજ્ઞ–વીતરાગ છે જ. બધાનું એ સદ્ભાગ્ય નથી હોતું !
* પરમાત્માની સર્વજ્ઞતાની કેટલીક સાબિતીઓ ગયા પ્રવચનમાં જણાવેલી.
  આજે પરમાત્માની વીતરાગતાની કેટલીક સાબિતીઓ જોઈએ.

- પ્રભુ વીરના નિર્વાણ સમયે ઇન્દ્રે પ્રભુને વિનંતી કરી હતી – 'આપનું આયુષ્ય એક ક્ષણ વધારી દો. તો આપના નિર્વાણ પછી તરત જ, આપના જન્મનક્ષત્રમાં સંક્રાંત થતા ભસ્મગ્રહનો પ્રભાવ ઘટી જશે. અને શાસનને નુકસાન ઓછું થશે.'
  પ્રભુએ શું જવાબ આપ્યો ? 'અરિહંત પણ પોતાનું આયુષ્ય વધારી શકતાં નથી.'
  અહીં પ્રભુના શાસનની અન્ય સર્વ ધર્મો કરતાં અદ્‌ભુત વિશેષતા જણાય છે.
  **પ્રભુનું શાસન, એવું માનતું નથી કે ભગવાન બધું જ કરી શકે.**
  કર્મસત્તાના અધિકાર પર પ્રભુ પણ કંઇ કરી શકતા નથી. અને એ વાત ખુદ પરમાત્મા સ્વીકારે છે.
  પરમાત્માની કેવી પરાકાષ્ઠાની વીતરાગતા !
- દીવાળીના દિવસોમાં અમે દીવાળી કલ્પ પર પ્રવચનો કરીએ છીએ, જેમાં રાજાને આવેલા આઠ સ્વપ્નોના ફળનું વર્ણન પરમાત્માએ કર્યું છે.
  તેમાં ૨૧૦૦૦ વર્ષમાં શ્રાવકો કેવા થશે ? સાધુઓ કેવા થશે ? તેનું જ વર્ણન છે.
  એમ કહી શકાય કે શાસનના જે બેહાલ થવાના છે, તેનું જ વર્ણન પ્રભુએ કર્યું છે.
  પોતે કઠોર સાધના કર્યા બાદ જે શાસનની સ્થાપના કરી, તેના થનારા બેહાલનું આટલું સ્વસ્થતાપૂર્વક વર્ણન, વીતરાગ સિવાય કોણ કરી શકે ?
  બે–ચાર કલાકની મહેનતે બનાવેલા ચિત્ર પર કોઇ પાણી ઢોળી દે, તો પણ આપણે ખળભળી જઇએ છીએ.
- સર્વજ્ઞ–વીતરાગના વચન પર જ કેમ વિશ્વાસ મૂકવાનો ?
  શાસ્ત્રકાર કહે છે – **જૂઠું બોલવાના ત્રણ કારણ છે, રાગ–દ્વેષ અને અજ્ઞાન.**
  **વીતરાગને રાગ–દ્વેષ નથી. સર્વજ્ઞને અજ્ઞાન નથી. એટલે એમનું વચન શ્રદ્ધેય જ હોય.**
- રાગથી જૂઠું બોલાઇ શકે.
  પૈસા કમાવાનો લોભ હોવાથી તમે ધંધામાં જૂઠું બોલો છો. ૩૫ રૂપિયામાં માલ પડ્યો હોય... ઘરાકને તમે ૪૫ નો ભાવ કહો... ઘરાક ૪૦ માં માંગે, તો શું કહો ?
  *સભા : એટલામાં તો ઘરમાં પડે છે... પોસાતું નથી...*
  એ બધો મૃષાવાદ જ છે ને ? પડ્યું તો ૩૫માં જ છે... ૪૦ માં પણ ૫ રૂપિયા નફો છે જ... તો પોસાતું નથી, એમ કેમ કહેવાય ? કહો ને – મને ૩૫ માં પડ્યું છે, પણ ૪૫ થી ઓછામાં નથી વેચવાનું. ૧૦ મારી મહેનતના છે .
  *સભા : તો ઘરાક ચાલ્યો જાય.*
  એટલે તમને પુણ્ય પર ભરોસો નથી, એ તો નક્કી ને ? બજાર કરતાં સારો માલ, બજાર કરતાં ઓછા ભાવે આપતા હો, તો ઘરાક કેમ ન લે ?

ચાલો, એમ ન ફાવે, તો એટલું કહો – જ્પથી ઓછામાં નથી આપવાનું. જૂઠું શા માટે બોલવું કે પોસાતું નથી ?

*સભા : એવી સિસ્ટમ થઈ ગઈ છે.*

તો પછી તેનાથી સંસારનું પરિભ્રમણ વધવાનું છે.

દશવૈકાલિકની ચૂલિકા, જે સીમંધર સ્વામી ભગવાનની રચેલી છે, તેમાં ભગવાને કહ્યું છે – **'જે સંસારની સિસ્ટમ પ્રમાણે ચાલે, તે સંસારમાં રખડવાનો છે. જેણે સંસાર તરવો હોય, તેણે સિસ્ટમથી ઊંધું ચાલવું પડશે, સામા પૂરે તરવું પડશે.'**

આવું જૂઠું રોજે રોજ – દિવસમાં અનેકવાર બોલવાનાં ફળ શું છે ? તે કદી વિચાર્યું છે? યોગશાસ્ત્ર ગ્રંથમાં જ શાસ્ત્રકારે કહ્યું છે – ભવાંતરમાં જીભ ન મળે. કાં મૂંગો થાય, કાં એકેન્દ્રિયમાં ચાલ્યો જાય, જ્યાં જીભ જ નથી.

- તમે સિસ્ટમની વાત કરી તો જણાવી દઉં, દુનિયામાં એવા પણ માણસો છે, જે ધંધામાં કશું જૂઠું બોલતા નથી, જેવું હોય, તેવું કહે છે.

  વડીલો પાસે સાંભળેલું – ખાંડનો ધંધો કરતા હોય, તે ૨ રૂપિયે કિલો ખરીદીને ૨ રૂપિયે કિલો જ વેચતા. બારદાન વધે, તે નફો હતો.

  *સભા : હવે ભોગ-સામગ્રી વધી ગઈ છે.*

  માત્ર સામગ્રી નથી વધી, તૃષ્ણા વધી છે.

  **આ ભવમાં જૂઠ બોલીને થોડી ઘણી સામગ્રી વધારે મેળવશો, તો પણ આવતા ભવમાં દેવાળું નીકળી જશે.**

- જેમ રાગથી ખોટું બોલાય, તેમ દ્વેષથી પણ ખોટું બોલાય. કોઈ વ્યક્તિ પર દ્વેષ હોય, તો તમે તેના અવગુણ ન હોય, તે પણ કહો, વધારીને કહો.
- મારી પાસે કોઈ માર્ગદર્શન લેવા આવે, ત્યારે, 'મારી પાસે-મારા ગુરુદેવ પાસે-મારા સમુદાયમાં જ દીક્ષા લેવાય, બીજે નહીં... ત્યાં આત્મકલ્યાણ ન થાય' – આવું હું બોલું, તો તે રાગથી છે. બીજે પણ સંવિગ્ન-ગીતાર્થ ગુરુ ભગવંતો છે જ, કે જેમની પાસે દીક્ષા લઈને આત્મકલ્યાણ સાધી શકાય.

  બીજાની પાસે દીક્ષા લેનાર દીક્ષાર્થી આગળ, તેના ગુરુ પ્રત્યેના દ્વેષના કારણે, તેઓ યોગ્ય હોવા છતાં, 'તેમની પાસે દીક્ષા ન લેવાય.' – તેવું કહું, તો તે દ્વેષથી ખોટું બોલાય છે.

- પ્રભુ પાસે ગૌતમ સ્વામી આવ્યા, તો પ્રભુએ શું કહ્યું ? 'તમારા વેદો, તેમની રચના કરનારાઓ ખોટા છે.' તેવું નથી કહ્યું. 'તમે જે અર્થઘટન કરો છો, તે ખોટું છે.' એમ જ કહ્યું. અન્ય ધર્મ, તેના ગ્રંથો કે તેના વાચકો પ્રત્યે પણ સહેજ પણ દ્વેષ નથી. પોતાના પર તેજોલેશ્યા ફેંકનાર ગોશાળા પર પણ સ્હેજ પણ દ્વેષ નથી.

પ્રભુના આખા જીવનમાં કોઈના પર દ્વેષ દેખાશે નહીં.
એટલે પ્રભુ, દ્વેષના કારણે ખોટું બોલવાના નથી.

- આપણાથી અજ્ઞાનથી ખોટું બોલાઇ શકે.
  શાસ્ત્રકારે અમને કેટલી સાવચેતી રાખવાની કહી છે ?
  મારા કેટલાક શિષ્યો અત્યારે ઉપર પહેલા માળે હોલમાં હશે.
  તમે કોઈનું નામ દઈને મને પૂછો – 'xyz મ.સા. અત્યારે ક્યાં છે ?' અને હું એમ જવાબ આપું – 'પહેલા માળે.' તો શાસ્ત્રકાર કહે છે – મને મૃષાવાદનો દોષ લાગે. કારણકે અત્યારે પહેલા માળે છે, એની ખાતરી શી રીતે કરી ? કોઇ કામથી બીજા માળે ગયા હોઈ શકે. મારે એવો જવાબ આપવો જોઈએ – 'હું વ્યાખ્યાનમાં આવ્યો, ત્યારે પહેલા માળે હતા. અત્યારે ત્યાં હોવા જોઈએ, પાકી ખબર નથી.'
- ભગવાનમાં અજ્ઞાન પણ નથી, એટલે ભગવાનને ખોટું બોલવાનું કોઈ કારણ નથી.
- ગુરુમાં જો કે રાગ–દ્વેષ–અજ્ઞાન હોય છે.
  પણ **સંવિગ્ન ગુરુના રાગ–દ્વેષ એટલા મંદ હોય કે તમને ખોટું માર્ગદર્શન ન આપે. અને ગીતાર્થ ગુરુને, ધર્મશાસ્ત્રોના અભ્યાસથી, પર્યાપ્ત જ્ઞાન હોય છે**. કદાચ કોઈ ચીજનું અજ્ઞાન હોય, તો તે વિષયનું અજ્ઞાન કબૂલ કરે, ગપગોળા ન ગબડાવે.
  એટલે તેઓને પણ ખોટું બોલવાનું કારણ નથી.
- જ્યારે જ્યારે શ્રદ્ધાની વ્યાખ્યા કરાય, ત્યારે પ્રાયઃ એક પ્રશ્ન આવે છે – 'તો શું દેવ-ગુરુ કહે, તેમાં કોઈ પ્રશ્ન જ ન કરાય ?'
- આ પ્રશ્નનો જવાબ આપતાં પહેલાં, એક પદાર્થ સમજવાનો છે. પ્રભુના વચનો, **પ્રભુના શાસનના પદાર્થોના બે વિભાગ પડે છે.**
  **૧. હેતુગ્રાહ્ય – જે પદાર્થને તર્કથી સાબિત કરી શકાય.**
  **૨. આજ્ઞાગ્રાહ્ય – જે પદાર્થને તર્કથી સાબિત ન કરી શકાય, જે શ્રદ્ધાથી સ્વીકારવાના હોય.**
- શરીરની અંદર જીવ છે, આત્મા છે, તે એક ભવમાંથી બીજા ભવમાં જાય છે, કર્મ બાંધે છે, ભોગવે છે... આ પદાર્થ તર્કથી સાબિત થઈ શકે.
  પર્યુષણમાં ગણધરવાદના પ્રવચનમાં તમે આ વાત સાંભળો છો. ગૌતમ સ્વામીને આ જ શંકા હતી – 'જીવ છે કે નહીં ?' અને શાસ્ત્રકારોએ તર્કબદ્ધ રીતે તેને સાબિત કરી બતાવ્યું છે.
- 'બટેટામાં અનંતા જીવ છે.' એ પદાર્થ, તર્કથી સાબિત થઈ શકે નહીં.
  અહીં બરાબર સમજશો – 'બટેટામાં જીવ છે' એ સાબિત થઈ શકે, 'અનંતા જીવ છે' એ સાબિત ન થઈ શકે. એ શ્રદ્ધાથી સ્વીકારવાનું છે.

- શાસ્ત્રકારે કહ્યું છે – જે પદાર્થ આજ્ઞાગ્રાહ્ય જ છે, તેમાં તર્ક ન લગાડાય. તેને તર્કથી સાબિત કરવા જાય, તે ભોંઠો જ પડે, શાસનની હીલના થાય. એટલે **આજ્ઞાગ્રાહ્ય પદાર્થોમાં તો પ્રશ્નને અવકાશ જ નથી રહેતો.**
- કોઇ એવો વટ રાખી શકે નહીં, કે 'હું તો જે સાબિત થાય, તે જ માનું.'
  દરેક વ્યક્તિ, દુનિયાના અનેક કાર્યો શ્રદ્ધા (કે અંધશ્રદ્ધા) થી જ કરે છે. તર્કની શક્યતા જ તેમાં હોતી નથી.
  નાના હતા, સમજ વગરના હતા, ત્યારે માતા પરની શ્રદ્ધાથી, તેમણે કહ્યું તે કર્યું; તો જ આજે જીવતાં છીએ.
  *સભા : એ તો સમજ નહોતી.*
  **આજે પણ આપણી સમજ પૂરી નથી જ. અનેક ક્ષેત્રોમાં શ્રદ્ધાથી જ કામ કરીએ છીએ, તે મેં જણાવ્યું છે જ.**
  અને, **અનંત જ્ઞાનીઓની સમજ સામે આપણી સમજ કાંઇ જ નથી.**
- **જે પદાર્થ તર્કથી સાબિત થઇ શકે તેવા છે, તેમાં પ્રશ્ન કરી શકાય. પણ તે પ્રશ્ન, જિજ્ઞાસાથી થઇ શકે; શંકા ન કરાય.**
- પ્રશ્ન બે રીતે થાય – જિજ્ઞાસાથી અને શંકાથી.
  તમે ૨૫ વર્ષથી જે ડૉક્ટરની દવા કરતા હો, તમને પૂરો વિશ્વાસ હોય, તેની પાસે તમે દવા લેવા ગયા હો... તમે કદાચ તેમને દવા વિશે કંઇ પૂછો પણ ખરા...
  અને બહારગામ ગયા હો, અચાનક બિમાર પડો... સાવ અજાણ્યા ડૉક્ટર પાસે દવા લેવા જાવ, તેને પણ દવા વિશે પૂછો... બેમાં કશો ફરક પડે ?
  *સભા : ઘણો ફરક પડે.*
  શું ફરક પડે ?
  પહેલા ડૉક્ટરને તમે પૂછો છો, ત્યારે એટલું નક્કી છે કે દવા લેવાની તો છે જ... તમારે જાણકારી જોઇએ છે, પણ દવાથી સારું થશે, એવો વિશ્વાસ છે, શંકા નથી.
  બીજા ડૉક્ટરને પૂછો, ત્યારે વિશ્વાસ નથી હોતો, શંકા હોય છે – ખરેખર આ દવાથી સારું થશે ?
  પહેલા પ્રકારનો પ્રશ્ન જિજ્ઞાસાથી થાય છે. બીજા પ્રકારનો પ્રશ્ન શંકાથી થાય છે.
- ગુરુ કહે કે કાગડો ધોળો છે... બે શિષ્ય હોય...
  એક શિષ્ય પ્રશ્ન કરે – 'કાગડો તો કાળો છે. આપે તેને ધોળો કેમ કહ્યો ?'
  બીજો શિષ્ય પ્રશ્ન કરે – 'આપે કહ્યું એટલે નક્કી છે કે કાગડો ધોળો છે. તો મને કાળો કેમ દેખાય છે ?'
  આમાં બીજા શિષ્યએ, ગુરુના વચન પર શ્રદ્ધા કરી, પોતાની આંખ પર શંકા કરી.

એટલે કે તેણે જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો.

પહેલા શિષ્યએ પોતાની આંખનું માન્યું, ગુરુના વચન પર શંકા કરી એટલે કે તેણે શંકાથી પ્રશ્ન કર્યો.

અલબત્ત, તેવો પ્રશ્ન કરતી વખતે પણ એટલું નક્કી હોય કે ગુરુ કહે, તે સ્વીકારવાનું તો છે જ; તો જિજ્ઞાસા જ કહેવાય, શંકા નહીં.

- જિજ્ઞાસાથી પૂછવું, તે તો પૃચ્છા નામનો સ્વાધ્યાય છે. ગૌતમ સ્વામીએ સેંકડો પ્રશ્નો પૂછ્યા હતા.

  શાસ્ત્રકાર તો કહે છે – પૂછવું જ જોઈએ, તો જ પદાર્થ સ્પષ્ટ થાય, નહીં તો ભ્રમ રહી જાય, ખોટી સમજણ ઊભી થાય.

- *સભા : કાગડો કાળો–ધોળો એ બાબતમાં સ્યાદ્વાદ ન આવે ?*

  તમારે એ સ્યાદ્વાદ સમજવા પૂર્વે ઘણું ભણવું પડશે. છતાં ટૂંકમાં જણાવું.

- સ્યાદ્વાદના બે વિભાગ પડે છે.

  **ચરણકરણાનુયોગનો સ્યાદ્વાદ, ઉત્સર્ગ–અપવાદ રૂપ છે.** તે વિશે વિસ્તારથી ક્યારેક સમજાવશું. તે **સ્યાદ્વાદ આપણે જીવનમાં અમલમાં મૂકવાનો છે, વ્યવહારમાં ઉતારવાનો છે.**

  તમે જે પ્રશ્ન કર્યો, તે **સ્યાદ્વાદ દ્રવ્યાનુયોગનો છે. તે મોટે ભાગે વ્યવહારમાં ઉપયોગમાં આવતો નથી, સમજવાનો હોય છે.**

  તે સ્યાદ્વાદની દૃષ્ટિએ જોવામાં આવે, તો કાગડો કાળો કે ધોળો જ નહીં, લાલ–પીળો–લીલો પણ છે, અને તેવું કહી શકાય, કહેવું જ પડે.

  હવે જો દરેક વખતે એમ જ કહેવાય કે કાગડો કાળો પણ છે, ધોળો પણ છે, લાલ પણ છે, લીલો પણ છે... તો વ્યવહાર શી રીતે ચાલે ?

- સ્યાદ્વાદની દૃષ્ટિએ તો એમ કહેવું પડે – ભવ્યસુંદરવિજય સાધુ છે પણ ખરા, અને નથી પણ ખરા.

  હવે આવું કહ્યા પછી તમને પ્રશ્ન થશે – તો અમારે વંદન કરવાના કે નહીં ? તેનો નિર્ણય જ નહીં થાય.

  એટલે, એ સ્યાદ્વાદ સમજવાનો છે, સર્વત્ર વ્યવહારમાં ઉતારવાનો નથી. વ્યવહાર તો આ રીતે જ ચાલે – 'ભવ્યસુંદરવિ. સાધુ છે.'

- *સભા : આઈનસ્ટાઈનનો સાપેક્ષવાદ, એ સ્યાદ્વાદ છે ?*

  એ સ્યાદ્વાદનો અંશ છે, સ્યાદ્વાદ રૂપ નથી.

  બિંદુને સાગરનો અંશ કહેવાય, સાગર નહીં.

  સ્યાદ્વાદ તો મહાસાગર છે. આઈનસ્ટાઈનનો સાપેક્ષવાદ, તેનું એક બિંદુમાત્ર છે.

- મૂળ વાત પર આવું.

આપણે આરાધના તો ઘણી કરી.
યાદ રાખજો, શ્રદ્ધા વિનાની આરાધનાઓ, એકડા વિનાના મીંડાં છે.
જેવી શ્રદ્ધાનું વર્ણન કર્યું, તેવી શ્રદ્ધા આપણને છે ખરી ?
*સભા : છે.*
જો ખરેખર હોય, તો ધન્યવાદ. મારે આક્ષેપ નથી કરવો, પણ ચેતવણી આપવી છે – ભ્રમમાં ના રહેતા.
હું મારા માટે તમને કહું – દીક્ષા લીધી ત્યારે મને લાગતું હતું કે મારામાં શ્રદ્ધા છે.
આજે ભણ્યા પછી એટલું નિશ્ચિત સમજાય છે કે ત્યારે જે હતી, તેને શ્રદ્ધા ન કહેવાય.
અને આજે પણ મારામાં શ્રદ્ધા છે જ, તેવું હું છાતી ઠોકીને કહી શકું તેમ નથી.
*સભા : કેમ ?*
કારણકે બુદ્ધિમાં ન બેસતી વાત, દરેક વખતે સ્વીકારાઈ જ જાય, તેવું બનશે જ, તેવી ખાતરી નથી.

• *સભા : શ્રદ્ધા છે, એટલે જ આરાધના કરીએ છીએ ને ?*
તેવા ભ્રમમાં ન રહેતા.
અનંતી વાર સમવસરણમાં જઈને દેશના સાંભળી હશે. અનંતી વાર ચારિત્ર પણ લીધા હશે. પણ શ્રદ્ધા નહોતી. તેથી જ સંસાર ટૂંકો નથી થયો.
જો બુદ્ધિમાં ન બેસતી વાત પર શંકા થતી હોય, તો શ્રદ્ધા નથી.

• પરીક્ષા માટે એક–બે પદાર્થ બતાવું.
પરમાત્માએ જગતનું સ્વરૂપ બતાવ્યું છે. ચૌદ રાજલોકનું ચિત્ર જોયું હશે. તિર્ચ્છા લોકમાં આપણે રહીએ છીએ, તે પૃથ્વી થાળી જેવી ગોળ બતાવી છે.
વૈજ્ઞાનિકો પૃથ્વીને દડા જેવી ગોળ બતાવે છે. તે પ્રમાણે અનેક વ્યવહારો ચાલે છે.
એ બધું જોયા–સાંભળ્યા પછી પણ પ્રભુના વચન પર શંકા ન થાય ને ? 'આપણને ભલે સમજાય નહીં... છે તો પ્રભુએ કહ્યું, તેમ જ...' એવી શ્રદ્ધા અખંડ રહે ને ?
*સભા : વિચાર તો આવે કે આમ શી રીતે હોય ?*
**વિચાર આવે, તો અતિચાર લાગી શકે. પણ છેવટે એ જ વિચારે કે 'મને સમજાતું ભલે ન હોય, સાચું તો પ્રભુનું વચન જ છે.' તો સમ્યક્ત્વ અખંડ રહે.**
પણ તે શંકા ઊભી જ રાખે, તો સમ્યક્ત્વ ચાલ્યું જાય કે હોય જ નહીં, તેવું બની શકે.
મને કહેવા દો કે ઘણાંખરાને શંકા હોય છે.

• ચરણકરણાનુયોગની વાત કરું.
શાસ્ત્રકાર કહે છે – કમાણી નીતિથી જ થાય. આ વાત પર શ્રદ્ધા ખરી ને ?
કોઈ નીતિનો ઉપદેશ કરે, તો 'હાલના કાળે નીતિથી કમાનારો ભૂખે મરે... અનીતિ

કરવી જ પડે.' વગેરે ન બોલો ને ? તેવું માનો નહીં ને ?

*સભા : વાસ્તવિકતા સ્વીકારવી પડે ને ?*

**જે પ્રભુના વચનને વાસ્તવિકતા માને, તે જ સમકિતી છે. પ્રભુના વચનથી વિરૂદ્ધ દેખાય, તેને વાસ્તવિકતા માને; તે સમકિતી છે જ નહીં.**

અને આ વાત તો તર્કથી સાબિત થઈ શકે તેમ છે, અવસરે કરશું.

- હાલ વાત એટલી જ છે કે દેવ–ગુરુ પર આવી અવિહડ શ્રદ્ધા વિના, આપણો ઉદ્ધાર થવાનો નથી.

- જ્ઞાન–દર્શન–ચારિત્ર એ યોગ છે, મોક્ષમાર્ગ છે.
  તેમાં સમ્યગ્દર્શન, શ્રદ્ધારૂપ છે.
- માન્યતાના બે સ્તર હોય છે – બુદ્ધિના સ્તરની અને હૃદયના સ્તરની.
  આ વાત દૃષ્ટાંતથી સમજાશે.
  'કીડીમાં જીવ છે' એવું તો તમે માનો જ છો.
  'પાણીમાં જીવ છે' એવું માનો છો ?
  *સભા : હા.*
  બરાબર. રોજ 'સાત લાખ અપ્કાય' તમે બોલો છો.
  હવે જવાબ આપો – કીડી પર તમે જાણી જોઇને પગ મૂકતા નથી. મૂકાઇ જાય, પછી ખબર પડે, તો પણ અરેરાટી થઇ જાય છે.
  પાણી માટે એવું ખરું ? નહીં. પાણી પર પગ મૂકતાં તમને કોઇ વિચાર આવતો નથી. મૂક્યા પછી પણ ડંખ હોતો નથી.
  એનું કારણ એ છે કે **'કીડીમાં જીવ છે.' એ માન્યતા, હૃદયના સ્તરની છે. 'પાણીમાં જીવ છે' એ માન્યતા, બુદ્ધિના સ્તરે છે, પણ, જીવંત નથી બની, હૃદયના સ્તરે નથી.**
  *સભા : કીડીમાં જીવ દેખાય છે. પાણીમાં દેખાતા નથી.*
  આ તો જે દેખાય, તે જ માનવું; એવી વાત થઇ. તેમાં શ્રદ્ધા ટકે જ નહીં, એ તો હું કહી જ ગયો છું.
  ભલે તમને પાણીમાં જીવ દેખાતા નથી, છતાં તમે માનો તો છો જ. કોઇ પૂછે, તો હા જ પાડો છો. એટલી પ્રભુવચનની જાણકારી અને શ્રદ્ધા છે જ. પણ, એનો અનુભવ થયો ન હોવાથી, તે શ્રદ્ધા જીવંત બની નથી. રોમે રોમે આત્મસાત્ થઇ નથી.
  *સભા : પણ પાણી વિના જીવન શી રીતે ચાલે ?*
  મેં પાણીનો ત્યાગ કરવાનું ક્યાં કહ્યું ?
  તેના માટે સાધુ જ બનવું પડે. સ્થાવરકાયની હિંસાથી શ્રાવક બચી શકતો નથી.
  પણ **પાણીમાં જીવ છે, એવી શ્રદ્ધા જીવંત બને, તો બે વસ્તુ અવશ્ય થાય.**
  ૧. **જયણા આવે**. પાણીનો ઉપયોગ જરૂર પૂરતો, મર્યાદિત થાય, ઘટે. બેફામ ઉપયોગ ન હોય.
  ૨. **પશ્ચાત્તાપ આવે**. જેટલી હિંસા કરવી પડે, તેનો પશ્ચાત્તાપ હોય.
- **સમ્યગ્દર્શન, જે શ્રદ્ધાથી આવે છે, તે હૃદયના સ્તરની, જીવંત શ્રદ્ધા જોઇએ. માત્ર બુદ્ધિના સ્તરની શ્રદ્ધાથી સમ્યગ્દર્શન આવવું મુશ્કેલ છે.**

આટલા પરથી સમજાશે કે અત્યાર સુધી જો આપણે માનતા હોઈએ કે 'મારામાં શ્રદ્ધા છે, એટલે સમ્યગ્દર્શન છે.' તો તે ભ્રમ હોઈ શકે છે, જો શ્રદ્ધા જીવંત ન હોય, માત્ર બુદ્ધિના સ્તરની હોય.

- જીવંત શ્રદ્ધા ત્યારે જ કહેવાય કે તેની અસર, આચરણમાં ઓછાવત્તા અંશે આવ્યા વિના ન રહે.
  **'પાપ છે' એવી શ્રદ્ધા જીવંત ત્યારે જ કહેવાય, જ્યારે કાં તો પાપ છૂટી જાય, ન છૂટે, તો પશ્ચાત્તાપ તો આવે જ.**
- *સભા : આ વાત પંખાથી થતી વાયુકાયની હિંસા માટે પણ સમજવાની ને ?*
  ચોક્કસ. સર્વ જીવોની હિંસા માટે સમજવાની. અને માત્ર હિંસા નહીં, દરેક પાપ માટે સમજવાની છે.
- *સભા : બુદ્ધિના સ્તરે રહેલી માન્યતાને, હૃદયના સ્તરે લાવવા – જીવંત બનાવવા શું કરવાનું ?*
  શાસ્ત્રકારે કહ્યું જ છે – **સમ્યગ્દર્શનને ટકાવવા, વિરતિ અનિવાર્ય છે. સમ્યગ્દર્શન રૂપી રત્ન, વિરતિ રૂપી પેટી વિના સાચવી શકાતું નથી.**
- બ્રિટનના સાહિત્યકાર બર્નાર્ડ શૉ માટે કેટલીક વાતો સાંભળેલી છે. ઈસાઈ ધર્મ, પુનર્જન્મમાં માનતો નથી. પણ જૈન દર્શનના અભ્યાસથી આ બર્નાર્ડ શૉ એટલા પ્રભાવિત થયેલા, કે તેમણે કહેલું, – 'જો પુનર્જન્મ જેવી ચીજ ખરેખર હોય જ, તો હું આવતા ભવમાં જૈન થવાનું પસંદ કરીશ. કારણકે જૈન દર્શનમાં જે રીતે ચૌદ ગુણસ્થાનકના ક્રમે આત્માનો વિકાસ બતાવ્યો છે, તેવો ક્યાંય બતાવ્યો નથી.'
  આ બર્નાર્ડ શૉ, શાકાહારી હતા. માંસ માટે તેઓ કહેતા – 'મારૂં પેટ કંઈ પશુઓના મડદાં દાટવાનું કબ્રસ્તાન નથી.'
  જ્યારે જગદીશચંદ્ર બોઝે, પ્રયોગો દ્વારા 'વનસ્પતિમાં જીવ છે' એ સાબિત કરી બતાવ્યાના સમાચાર તેમને મળ્યા, ત્યારે તેમણે કહેલું – 'આવા સમાચાર મળશે, તો હું વનસ્પતિ પણ ખાઈ નહીં શકું.'
  અર્થાત્ 'વનસ્પતિમાં જીવ છે.' એ શ્રદ્ધા જીવંત રાખવી હોય, તો તેને ખાવાનું છોડવું પડે.
- આપણને નાનપણમાં સમજણ મળી કે પાણીમાં જીવ છે. કદાચ એ સમજણ પહેલીવાર મળી હશે, ત્યારે પાણીનો ઉપયોગ કરતાં ખચકાટ થયો હશે. પણ વારંવાર પાણીનો ઉપયોગ કરતાં જ રહ્યા, એટલે પછી સંવેદના બુટ્ઠી થઈ ગઈ. માત્ર બુદ્ધિના સ્તરે માન્યતા રહી.
- માણસ પહેલી વાર સ્મશાને જાય, ત્યારે વૈરાગ્ય આવે. પોતાનું મૃત્યુ થવાનું છે, એવું

યાદ આવે.

પણ વારંવાર જવાનું થાય, પછી હૃદય સંવેદનહીન બની જાય. સ્મશાનમાંથી સીધો ઑફિસે જઇ શકે. સ્મશાનમાં બેઠો બેઠો મોબાઇલ પર 'ચેટ' કરી શકે.

- પરમાર્થ એ જ છે કે સંવેદના જીવંત રાખવા, વિરતિ જોઇએ.

સાધુ કાચા પાણીનો ઉપયોગ વર્ષો સુધી કરતો નથી, એટલે તેની સંવેદના જીવંત બને. પાણી પર પગ ન મૂકે. પાણીનું ટીપું પણ શરીર પર પડે, તો અરેરાટી થાય.

વરસાદ વરસતો હોય, ત્યારે ગોચરી જેવું આવશ્યક કાર્ય પણ ન કરે. ગુજરાતમાં વરસાદ ઓછો છે. મુંબઇમાં ચોમાસું હોય, તો ચાર મહિનામાં પાંચ-છ વાર ઉપવાસ થઇ જાય, કે સાંજે ૪-૫ વાગે એકાસણું થાય.

તમે વરસતા વરસાદમાં ફરવા પણ નીકળો. કારણકે પાણીનાં જીવ પ્રત્યે સંવેદના જ નથી.

- વારંવારની વિપરીત પ્રવૃત્તિ કોઇ પણ સંવેદનાને બુટ્ઠી કરે છે.

પહેલી વાર લાંચ લેતાં માણસ ગભરાતો હોય, તેવું બને. છૂપી રીતે લે.

૧૦૦૦ વાર લીધા પછી, માંગતા શરમાય નહીં. 'હું લાંચ વગર કામ નથી કરતો.' એવું કદાચ વટથી કહે !

શ્રાવકોમાં સિગરેટનું વ્યસન નહીંવત્ છે. પણ યુવાનોમાં માવાનું વ્યસન દેખાય છે. સૌરાષ્ટ્ર બાજુ બહુ જ છે. પહેલી વાર તો માવો છુપાઇને ખાતા હશે. પણ પછી એવા ધીટ્ઠા થઇ જાય, કે મહાત્મા પાસે પણ ગલોફામાં માવો દબાવીને જવામાં શરમ ન આવે !

- સાર એટલો જ છે કે **બુદ્ધિના સ્તરે રહેલી માન્યતાને જીવંત બનાવવી હોય, તો પાપ-પ્રવૃત્તિ ઘટાડવી પડે.**

*સભા : શ્રાવક આખો દિવસ પાપ કરે છે. તો તેને તો આ અશક્ય જ થાય ને ?*

અઘરું ચોક્કસ છે, અશક્ય નથી.

જે પાપ કરવું પડે, તેમાં ઓછામાં ઓછું કરવાનો પ્રયાસ કરે, જયણા પાળે, પ્રાયશ્ચિત્ત કરે; તો સંવેદના ટકી શકે.

શ્રાવકને કેટલા પાણીથી નહાવાની છૂટ આપી છે ? ચાર લોટાથી દેહશુદ્ધિ કરી લે.

*સભા : એનાથી સાબુ શી રીતે નીકળે ?*

સાબુ આપણે ત્યાં હતો જ ક્યાં ? એ તો પશ્ચિમી પેદાશ છે. જાહેરખબરો દ્વારા તમારું બ્રેઇનવૉશ કરાય છે. આપણે ત્યાં શેનાથી દેહશુદ્ધિ હતી ? ચણાનો લોટ હતો.

એક સાબુના ભાવમાં અડધો કિલો લોટ આવી જાય.

અને તમને ખાતરી સાથે કહું – સાબુથી જેટલું શરીર સ્વચ્છ નહીં થાય, એટલું ચણાના લોટથી થાય; તે પણ અત્યંત ઓછા પાણીથી.

આ વાત ખાતરી સાથે એટલા માટે કહું છું કે એ અનુભવેલી ચીજ છે.

- **ટી.વી.ની જાહેરખબરોએ તમારું બ્રેઈન વોશ કરીને હકીકતમાં સારી–સસ્તી વસ્તુઓના સ્થાને મોંઘી–નકામી/નુકસાનકારક વસ્તુઓ ઘૂસાડી છે.**

  પાંચ રૂપિયાના બે ગ્લાસ કુદરતી લીંબુ શરબતનું સ્થાન, ૨૦ રૂપિયાની 'લિમ્કા' એ લીધું છે, જેમાં માત્ર એસેન્સ અને સેકરીન છે, જે આરોગ્યને નુકસાનકારક છે, જેની મૂળ કિંમત ૨૦ પૈસા પણ હશે કે કેમ ? તે પ્રશ્ન છે.

  દાંત સાફ કરવા માટે બ્રશ જ જરૂરી હોય છે. ટૂથપેસ્ટ તો કમાણી કરવા ઊભું કરાયેલું તૂત છે; આવું ડેન્ટિસ્ટો જ કહેતા હોય છે. ડેન્ટિસ્ટો કહે છે – બ્રશ વારંવાર બદલવું જોઈએ. ત્યારે કહેવાનું મન થાય – 'અમારી સંસ્કૃતિમાં તો રોજ નવું બ્રશ આવતું હતું – જેનું નામ હતું દાતણ !' પણ હવે દાતણ કરનારા જૂનવાણી ગણાય છે.

- વાત એ હતી કે શ્રદ્ધાને જીવંત બનાવવી હોય, જીવંત રાખવી હોય તો પાપ–પ્રવૃત્તિ છોડવી પડે, ઘટાડવી પડે... કરવી જ પડે, તો તેમાં જયણા જોઈએ, પાછળથી પશ્ચાત્તાપ જોઈએ.

- શ્રદ્ધાની વ્યાખ્યા આપણે એ કરી કે આંખે ઊંધું દેખાય, છતાં માનવું. બુદ્ધિમાં ન બેસે, તે પણ માનવું.

  હું કહીશ કે હજી **કદાચ, આંખે ન દેખાતું માનવા આપણે તૈયાર થઈ જતાં હોઈશું. પણ બુદ્ધિમાં ન બેસે, તે સ્વીકારવું અત્યંત કઠિન છે.**

  તેનું કારણ એ છે કે આપણી બુદ્ધિમાં બેસે, તે જ સાચું; એવો આગ્રહ અનંત કાળથી બેઠેલો છે, જેનું નામ જ દૃષ્ટિરાગ છે.

- સમ્યગ્દર્શન–શ્રદ્ધા લાવવા માટે, એ દૃષ્ટિરાગને જીતવો પડશે. એ શી રીતે જીતાય? 'મારી બુદ્ધિમાં બેસે, તે જ સાચું.' એવો આગ્રહ ઢીલો શી રીતે પડે ?

  તેના માટે એક વાત કરું.

  તમને એવો અનુભવ થયો હશે કે વર્ષોથી તમારી કોઈ માન્યતા/સમજણ હોય, પછી ક્યારેક કશુંક જાણવા મળે કે કોઈ તર્ક સાથે સમજાવે, તો તમારી માન્યતા બદલાય... વર્ષોથી જે માનતા હતા, તે ભ્રમ હતો, તેવી પ્રતીતિ થાય. આવો અનુભવ થયો છે ?

  *સભા : હા.*

  અને તે પણ એક–બે વાર નહીં, અનેક વાર. બરાબર ?

  **જેના માટે પાછળથી ખબર પડી કે 'ભ્રમ હતો' તે માન્યતા માટે વર્ષો સુધી તમે એમ જ માનતા હતા, કે તે સાચી જ છે, છતાં તે ખોટી હતી.**

  **તો આજે પણ તમે જેના માટે એમ માનતા હો કે 'આ સાચું જ છે'; તે કેમ ખોટું ન હોઈ શકે ? હોઈ જ શકે છે.**

જ્યારે પણ પરમાત્માનું કે જ્ઞાની ગુરુ ભગવંતનું કોઈ વચન ન સમજાય, બુદ્ધિ ન સ્વીકારે, ત્યારે આ જ વિચારવાનું – 'હું અપૂર્ણ છું, અધૂરો છું, અજ્ઞાની છું... અનેક વાર મારી માન્યતા ખોટી પડી છે, એની મને પણ પ્રતીતિ થઈ છે... તો આ બાબતમાં પણ ગુરુ ભગવંત સાચા હોઈ શકે, મારી સમજ ખોટી હોઈ શકે...

ગુરુ ભગવંત જે કહે છે, તે અઢી હજાર વર્ષથી ચાલ્યા આવતા પ્રભુના વચનો છે... તે સાચા જ હોય...'

તો દૃષ્ટિરાગ ઘસાય, શ્રદ્ધા આવે, ટકે, જીવંત બને...

• આવી ભાવનાથી વારંવાર ભાવિત થશો, તો ધીરે ધીરે શ્રદ્ધા દૃઢ થતી જશે.

**કોઈપણ ભાવનાનું પરિણામ તાત્કાલિક મળતું નથી. મળે તો દેખાતું નથી, કારણકે વિપરીત સંસ્કારો અનંત કાળના છે.** તેનો નાશ કરવા લાંબા કાળ સુધી, સતત અને સખત પુરુષાર્થ અનિવાર્ય છે.

*સભા : સંસ્કાર એટલા ગાઢ છે કે પુરુષાર્થ કાચો પડે છે.*

એવું ન માનો કે પુરુષાર્થ નિષ્ફળ જાય છે.

મને ગુસ્સો બહુ આવતો હોય... હું જાતને ભાવિત કરું કે 'ગુસ્સો કરવા જેવો નથી...' તેનાથી ગુસ્સો આવતો સર્વથા બંધ ન થાય.

પણ,

૧. પહેલાં ૧૦ નિમિત્ત મળે, તો દસેમાં ગુસ્સો આવતો હોય, તો હવે ૧૦માંથી ૮-૯ માં આવે. એક-બે વાર યાદ આવે – 'ગુસ્સો કરવા જેવો નથી.' અને મન શાંત થઈ જાય.

૨. ગુસ્સાની તીવ્રતા ઘટે.

૩. ગુસ્સો આવ્યા પછી ટકવાનો સમયગાળો ઘટે.

આટલા લાભ થાય.

• અનંત કાળના વિપરીત સંસ્કારોનો નાશ કરવા, વર્ષો જ નહીં, કદાચ ભવો જોઈશે. પણ પુરુષાર્થ કરશું, ચાલુ રાખશું, તો પરિણામ મળશે.

માસતુસ મુનિને કેટલા વખતે પરિણામ મળ્યું ? ૧૨ વર્ષે. ત્યાં સુધી સ્હેજ પણ પરિણામ મળ્યું નથી. છતાં પુરુષાર્થ ચાલુ રાખ્યો, તો ઉત્કૃષ્ટ-અંતિમ પરિણામ મળી ગયું.

હકીકતમાં તો માનવું પડે કે બહાર પરિણામ ભલે દેખાયું ન હોય, અંદર તો ફેરફાર ચાલુ જ હતો. એવું નથી કે ૧૧ વર્ષ ૩૫૯ દિવસ સુધી કશું ન થયું, અને એક જ દિવસમાં બધું થઈ ગયું. છેલ્લા દિવસે બહાર દેખાયું, અંદર તો ફેરફાર ચાલુ જ હતો.

• કુકરમાં ભાત રાંધવા મૂક્યા હોય, ત્રીજી સીટી વાગે પછી રંધાયેલા દેખાય. પણ અંદર રાંધવાની પ્રક્રિયા તો સતત ચાલુ જ હોય છે.

ગોકળગાય જોઈ છે ? શહેરમાં જોવા ન મળે. અમને ગામડાના વિહારમાં ક્યારેક જોવા મળે. ૧૫ મિનિટ ઊભા રહીને જુઓ, તો એમ જ લાગે કે સ્થિર છે – ચાલતી નથી. ૨–૩ કલાક પછી જોવા જાવ, તો ખબર પડે કે સ્થળાંતર થયું છે. એટલે નક્કી છે કે ચાલતી હતી, ભલે તેવું દેખાતું નહોતું.

એ રીતે ભાવનાના પુરુષાર્થથી પરિણામ કદાચ દેખાય નહીં, તો પણ અંદર ફેરફાર ચાલુ હોય છે.

દરિયામાંથી ૧ બાલદી પાણી કાઢો, તો દરિયાની સપાટી ઘટી, તેવું ન દેખાય. પણ પાણી ઓછું તો થયું જ છે.

મારી દીક્ષાના ૧ વર્ષ પછી હું મારા ગુરુદેવને કહેવા ગયો હતો – 'મારા રાગ–દ્વેષ ઘટ્યા હોય, તેવું મને લાગતું નથી.'

મને ગુરુદેવે સરસ વાત કરેલી – 'તમને ૨૭ વર્ષ સુધી એ પણ ખબર નહોતી કે રાગ–દ્વેષ ઘટાડવા જેવા છે, ઘટતા નથી. આજે તમને એટલી ખબર પડી છે, એ પણ સંયમજીવનનું પરિણામ છે, સફળતા છે.'

- મારે તમને એ પૂછવું છે – **આરાધનાના ક્ષેત્રે તો પુરુષાર્થ ઘણો કર્યો હશે. શ્રદ્ધાના ક્ષેત્રે પુરુષાર્થ કર્યો છે ? મનને આ રીતે ભાવિત કર્યું છે ?**

  **કદાચ તમે તમારી જાતને 'પાપી' સ્વીકારવા તૈયાર થઈ જશો. 'અજ્ઞાની' સ્વીકારવા તૈયાર થાવ ખરા ?**

  જે વિષયમાં કશું નથી જાણતા, તેમાં હજુ તમારું અજ્ઞાન સ્વીકારી લો.

  જેમાં અધકચરું જાણો છો, તેમાં જાતને અજ્ઞાની માનીને ગુરુ ભગવંતનું વચન સ્વીકારી લો ?

  *સભા : જ્ઞાની ગુરુ કહે, તો સ્વીકારી લઈએ.*

  તો બહુ સારું. બાકી અમારો અનુભવ એવો છે કે તમને કોઈ વાત ગળે ઉતારતાં, અમને નવ નેજે પાણી ઊતરી જતાં હોય છે.

- શ્રદ્ધા માટે પુરુષાર્થ શું કરવાનો ?

  ૧. 'હું અજ્ઞાની છું. મારી અનેક માન્યતા અનેક વાર ખોટી પડી છે. તો આજની મારી માન્યતા ખોટી હોઈ શકે. જ્ઞાની ભગવંતોના વચનો સાચા જ હોય.' એ રીતે મનને ભાવિત કરવાનું.

  ૨. પાપની પ્રવૃત્તિ છોડવાની, ઘટાડવાની.

  ૩. જે પાપ કરવું જ પડે, તેની ગુરુ પાસે આલોચના કરીને પ્રાયશ્ચિત્ત લેવાનું.

એનાથી શ્રદ્ધા આવશે, સ્થિર–દૃઢ થશે, જીવંત થશે.

- દૃષ્ટિરાગ પણ સંસારમાં રખડાવનાર છે, તેની વાત મેં કરી હતી.
- જેમ આત્માના વિકાસના ૧૪ તબક્કા ગુણસ્થાનક રૂપે શાસ્ત્રોમાં બતાવ્યા છે; તેમ હરિભદ્ર સૂ. મ. એ યોગદૃષ્ટિ સમુચ્ચય નામના ગ્રંથમાં આઠ તબક્કા, આઠ દૃષ્ટિ રૂપે બતાવ્યા છે. તેમાં ચોથી દૃષ્ટિનું વર્ણન કરતાં શાસ્ત્રકાર લખે છે – 'વૈરાગ્ય એટલો પ્રબળ હોય કે ધર્મની રક્ષા માટે પ્રાણ તજી દે; પણ પ્રાણ બચાવવા ધર્મ ન છોડે !' છતાં ચોથી દૃષ્ટિમાં સમ્યક્ત્વ નથી હોતું, મિથ્યાત્વ હોય છે.
  કારણ ? કદાગ્રહ છે – દૃષ્ટિરાગ છે. પોતાને સાચું લાગે તે જ સ્વીકારવાની મનોવૃત્તિ છે. સ્યાદ્વાદની પરિણતિ નથી. એટલે પ્રબળ વૈરાગીને પણ દૃષ્ટિરાગના કારણે મિથ્યાત્વ હોઈ શકે છે.
- જમાલિનો વૈરાગ્ય કેવો હતો ? રાજકુમાર હોવા છતાં દીક્ષા લીધી છે. સંયમ સારું પાળ્યું છે. શિથિલાચાર સેવ્યાની વાત ક્યાંય આવતી નથી. તપ પણ કરતા હતા... છતાં દૃષ્ટિરાગના કારણે સમ્યક્ત્વ ગુમાવ્યું. મિથ્યાત્વે ગયા. નિહ્નવ થયા. તેમણે ગોશાલાની જેમ પ્રભુની આશાતના નથી કરી. પણ પોતાની બુદ્ધિમાં જે ન બેઠું, તેવું ભગવાનનું વચન ન માન્યું, તો સમ્યક્ત્વ ગુમાવ્યું.
- *સભા : એ ભવિતવ્યતા ન કહેવાય ?*

  **જિનશાસન કોઈપણ કાર્યના પાંચ કારણ માને છે. કાળ, સ્વભાવ, ભવિતવ્યતા (નિયતિ), કર્મ અને પુરુષાર્થ.**

  પાંચે ભેગા થાય તો જ કાર્ય થાય. પાંચમાં એક પ્રધાન હોય, બીજા ગૌણ હોય. પણ માત્ર એકથી કાર્ય થતું નથી. જે જ્યાં પ્રધાન હોય, તેને જ પ્રધાનપણે બતાવાય. અને જે કારણ માનવાથી આત્માનું હિત થતું હોય, તેને વિચારાય.

  હું વ્યાખ્યાનનો પુરુષાર્થ કરું; પછી પણ તમે ધર્મ ન પામો; તો 'જેવી ભવિતવ્યતા' એમ સમાધાન કરું, જેથી હતાશા ન આવે, અફસોસ ન થાય, દુર્ભાવ ન થાય – તે બરાબર છે. પણ પહેલેથી જ એમ વિચારું કે – 'જેની ભવિતવ્યતા છે, તે પામવાના છે, ઉપદેશની શું જરૂર છે ?' અને ઉપદેશ જ ન આપું – તો ભવિતવ્યતા ખોટી રીતે વિચારી ગણાય.

  એ રીતે વિચારીએ તો એકાંત નિયતિવાદ આવે. બાકીના ૪ કારણોનું મહત્ત્વ જ ન રહે... તે તો મિથ્યાત્વ થઈ જાય. એ રીતે વિચારતાં તો 'મારી ભવિતવ્યતા હશે, તો હું દીક્ષા લેવાનો જ છું... મોક્ષમાં જવાનો જ છું...' એવું વિચારીને પુરુષાર્થ કરવાનો જ ન રહે. આ બધા કુતર્ક કહેવાય.

- સમ્યક્ પુરુષાર્થ કર્યા પછી પરિણામ ન મળે, ત્યારે ભવિતવ્યતા સમજવાની છે. અવળા પુરુષાર્થને ઢાંકવા માટે ભવિતવ્યતા આગળ ધરવાની નથી.
- જમાલિએ વિચારવું જોઈતું હતું – 'પ્રભુ સર્વજ્ઞ છે. એમની સામે મારી બુદ્ધિ ટૂંકી છે. એમનું વચન મને ન સમજાય, તે મારી બુદ્ધિનો વાંક છે. ફૂટપટ્ટીથી દરિયો ન જ માપી શકાય.' તેના બદલે તેમણે 'ભગવાનનું વચન ખોટું છે' – તેવું વિચાર્યું. તે તેમનો અવળો પુરુષાર્થ હતો. તેને ભવિતવ્યતામાં ન ખપાવાય.
- *સભા : મિથ્યાત્વનો ઉદય ન કહેવાય ?*

  **જો મોહનીયના ઉદયથી જ વિપરીત બુદ્ધિ માનવાની હોય, તો કોઈને સમ્યગ્ બુદ્ધિ ક્યારેય જાગે જ નહીં. મોહનીયના ઉદયને આપણે પુરુષાર્થ દ્વારા નિષ્ફળ કરવાનો હોય છે.** બાકી તો ગુસ્સો પણ ક્રોધ મોહનીયના ઉદયથી આવે છે, એમ બચાવ થઈ શકે. બધા જ દોષ, મોહનીયના ઉદયથી જ થાય છે.
- શાસ્ત્રકારોએ આઠ નિહ્નવ જણાવ્યા છે; તેમાંથી (ગોષ્ઠામાહિલ અને દિગંબરને છોડીને) છ તો પ્રભુની વિદ્યમાનતા કે નજીકના કાળમાં જ થયા છે. અને તે બધા, પ્રભુનું વચન પોતાની બુદ્ધિમાં ન બેઠું, તેથી ન સ્વીકારવાથી જ નિહ્નવ થયા છે. એના પરથી જણાય છે કે દૃષ્ટિરાગ કેવો ખતરનાક છે !
- એક નિહ્નવની વાત કરીએ.

  પ્રભુનું શાસન કહે છે – ૧ જીવને ૧ સમયમાં ૧ ઉપયોગ જ હોય. એક સાથે બે ઉપયોગ કદી ન હોય. આપણને એવું લાગતું હોય કે ઘણાં ઉપયોગ સાથે છે, તો પણ હકીકતમાં તે વારાફરતી જ આવતા હોય છે. અત્યંત ઝડપથી આવતા હોવાથી એક સાથે છે, તેવું લાગે છે. જેમ કે જલેબી ખાવ ત્યારે હાથમાં પકડી હોવાથી સ્પર્શ જણાય, સ્વાદ જણાય, સુગંધ આવે, દેખાય, ચાવવાનો અવાજ પણ આવે... બધું એક સાથે થતું લાગે; પણ હકીકતમાં વારાફરતી થતું હોય છે.

  એક સાધુ કોઈ કારણે નદી ઉતરી રહ્યા હતા. ઉપર તડકો હોવાથી ગરમી લાગતી હતી. નીચે પાણી ઠંડું હતું. તેમને લાગ્યું કે તેમને તો ગરમી–ઠંડી બંનેનો સાથે અનુભવ થયો. ૧ સમયમાં ૧ ઉપયોગનું ભગવાનનું વચન તેમને ન સમજાયું, ન સ્વીકાર્યું, તો નિહ્નવ થઈ ગયા !
- બધા નિહ્નવોની કથા આવી જ છે. જૈન શાસન પામ્યા, સમ્યક્ત્વ પામ્યા, ચારિત્ર લીધું, પાળ્યું, ભણ્યા.. પછી દૃષ્ટિરાગના કારણે સમ્યક્ત્વ ખોઈ બેઠાં – નિહ્નવ થયા.
- અહીં ધ્યાન રાખવું કે, 'મને જે બાપદાદાથી–કુળપરંપરાથી ધર્મ મળ્યો, તે જ સાચો' – આવું માનવું; તે શ્રદ્ધા નથી, અંધશ્રદ્ધા છે. પણ મને જે ધર્મ મળ્યો છે, તેના

ભગવાન સર્વજ્ઞ–વીતરાગ છે, તેવી ખાતરી કરીને પછી તે ધર્મ માનવો; તે શ્રદ્ધા છે.

- અંધશ્રદ્ધાની બાદબાકી કરવા માટે જ શાસ્ત્રકારે જણાવ્યું છે કે ગુરુ અસંવિગ્ન હોય કે સંવિગ્નતા ગુમાવે, તો તેને છોડીને સંવિગ્ન ગુરુ પાસે જવું.
- **પ્રબળ વૈરાગ્ય હોવા છતાં દૃષ્ટિરાગ હોય તો સમ્યક્ત્વ આવતું નથી, મુક્તિ થતી નથી. વૈરાગ્ય પણ ચાલ્યો જાય છે.**
- મિથ્યાત્વના પણ શાસ્ત્રકારે બે પ્રકાર પાડ્યા છે – ગાઢ મિથ્યાત્વ અને મંદ મિથ્યાત્વ.

  મંદ મિથ્યાત્વ જ ખરું ગુણસ્થાન છે. ગાઢ મિથ્યાત્વ તો દોષનું સ્થાન છે.

  મંદ મિથ્યાત્વનો અર્થ એ જ છે કે સાચી સમજ આવી નથી, પણ દૃષ્ટિરાગ નબળો પડ્યો છે. સાચી સમજ આપનાર મળશે તો સ્વીકારશે અને સમ્યક્ત્વ પામશે, તેવી ભૂમિકા ઊભી થઈ ગઈ છે.
- આ સાંભળ્યા–સમજ્યા પછી આત્મનિરીક્ષણ કરવાનું છે. હળુકર્મી જીવને જ આ વાત સમજાવાની છે. ભારેકર્મી હોય તેને 'ન સમજાય તો પણ સ્વીકારવું' એ વાત સમજાતી જ નથી. આ વાત નહીં સમજાય, તો સંસાર અખંડ રહેવાનો છે. સમજાશે, તો સંસારના મૂળ ઉખડી જશે.
- શાસ્ત્રકારે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં પ્રતિબંધક 'ગ્રંથિ' – 'ઘન રાગ–દ્વેષનો પરિણામ' કહ્યો છે. દૃષ્ટિરાગ પણ આવી જ એક ગ્રંથિ છે.
- ક્યારેક એવું લાગે કે ઓછી બુદ્ધિવાળા – ઓછું ભણેલા સમર્પિત થઈ જાય... શ્રદ્ધાથી સ્વીકારી લે... ભણેલા–બુદ્ધિવાળા માટે શ્રદ્ધા–સમર્પણ કઠિન હોય છે.
- **પરિણત જીવને જ્ઞાન આવે, તેમ શ્રદ્ધા વધે. અપરિણતને તો જ્ઞાન અહંકાર કરાવે, શ્રદ્ધા તોડાવે.**

  એક ચિંતકે સરસ કહ્યું છે – 'મારું અજ્ઞાન કેટલું વિશાળ છે ?' તેની ખબર પડે, તે જ સાચું જ્ઞાનનું ફળ છે.

  અને એ હકીકત છે કે ભણીએ તો જ આપણા અજ્ઞાનની ખબર પડતી હોય છે.
- શાસ્ત્રકારે જ્ઞાનને દર્શન–ચારિત્રની વચ્ચે મૂક્યું છે, કારણકે જ્ઞાન જ બંનેને નિર્મળ કરે છે. જ્ઞાનથી શ્રદ્ધા વધે તો તારક છે. કુતર્કો વધે તો મારક છે.
- **પ્રજ્ઞાપનીયતા એ આત્માના વિકાસમાં અતિ મહત્ત્વનો ગુણ છે. પ્રજ્ઞાપનીયતાનો અર્થ એ જ છે કે જ્ઞાની–ગુણવાન્‌ની વાત સ્વીકારવી.**
- દૃષ્ટિરાગની આ વ્યાખ્યા સમજાશે, અને તેને તોડશું, તો મોક્ષની મુસાફરી શરૂ થશે. જો તેને પકડી રાખ્યો તો સંસાર ઘટવાનો નથી.

- પ્રભુનું શાસન કેવી વિશાળ દૃષ્ટિ ધરાવે છે ?

  જૈન ધર્મમાં પણ અન્ય ખોટા પંથને સ્થાપનારાને (દૃષ્ટિરાગ હોવાથી) મિથ્યાત્વી માન્યા છે. પણ તેને અનુસારનારા જો ભદ્રક પરિણામી હોય, પ્રજ્ઞાપનીય હોય; તો સમ્યક્ત્વી હોઈ શકે. તેમને આજે ભલે સાચી વાત સમજાઈ નથી; પણ સમજાવનાર મળશે ત્યારે તે સમજાશે, કારણકે દૃષ્ટિરાગ નથી... અને તેથી સમ્યક્ત્વ પામશે.

  *સભા : પણ તેઓ પોતાના ગુરુનું જ માને ને ?*

  તેમને સાચી સમજ મળે ત્યારે ખબર પડે કે પોતાના પંથના સ્થાપકો સંવિગ્ન નહોતા – દૃષ્ટિરાગી હતા. એટલે પછી તેમના પ્રત્યે સમર્પણ ન રહે. અને સંવિગ્નને સમર્પિત થાય. અને તેમનો ભદ્રક પરિણામ જ તેમને આ નહીં તો આવતા ભવમાં સાચા સંવિગ્ન ગુરુનો ભેટો કરાવે.

- એક વાત જણાવી દઉં.

  સંવિગ્ન ગીતાર્થના વચનને તહત્તિ કરવાની વાત, અગીતાર્થ માટે છે. જે પોતે પણ ગીતાર્થ છે, તેને બીજા ગીતાર્થની વાતમાં ભૂલ લાગે તો ખાનગીમાં તેની સાથે વિચારણા કરવાનો અધિકાર છે, ફરજ પણ છે. હા, પોતાના ગુરુ કે તેમના જેવા બીજા વડીલ ગીતાર્થની વાતને છેવટે સ્વીકારી તો લેવી જ જોઈએ, સમજાય કે નહીં.

- દૃષ્ટિરાગ, એ આત્માનો શત્રુ છે; એવું માત્ર જિનશાસન કહે છે. દુનિયામાં બીજો કોઈ ધર્મ આ શત્રુને ઓળખી શક્યું નથી.

  આપણું સદ્ભાગ્ય છે કે આપણને જિનશાસન મળ્યું, તો એને શત્રુ તરીકે ઓળખવાની તક મળી. એને સફળ કરીએ અને જીતવાનો પ્રયાસ કરીએ, તો મળેલું શાસન સાર્થક થાય.

- **દૃષ્ટિરાગને જીતવા માટે બે વાત આત્મસાત્ કરવાની છે.**

  **૧) મારી સમજણ અધૂરી છે.**

  **૨) મારી પણ ભૂલ થઈ શકે છે.**

- જ્યાં સુધી આપણી બુદ્ધિ આપણને પૂર્ણ લાગે, ત્યાં સુધી દૃષ્ટિરાગ અકબંધ રહેશે. આપણી અપૂર્ણતા આપણને સમજાશે, તો જ દૃષ્ટિરાગ નબળો પડશે. અને ભૂતકાળમાં આપણી કેટલી બધી ગેરસમજો થયેલી હતી, તે વિચારીએ તો આપણી અપૂર્ણતા સાક્ષાત્ દેખાય.

  **દુનિયાના બધા ક્ષેત્રોમાં તમને તમારી અપૂર્ણતા સમજાય છે. ડૉક્ટર, વકીલ, આર્કિટેક્ટ... આ બધાની સામે તમને તમારી જાત અપૂર્ણ લાગે છે.**

  **માત્ર ધર્મના ક્ષેત્રે જ તમે તમારી જાતને પૂર્ણ માનો છો !**

  **અને હકીકત એ છે કે બીજા બધા ક્ષેત્રમાં તમને થોડું ઘણું જ્ઞાન હશે; ધર્મક્ષેત્રમાં તો**

**સિંધુમાં બિંદુ જેટલું પણ જ્ઞાન નથી !**

- શાસ્ત્રોમાં એક કથા છે.

  એક આચાર્ય ભગવંતના શિષ્ય સમર્થ થવાથી ગુરુએ જુદા વિચરવાની આજ્ઞા કરી. શાસનના હિત માટે ગુરુ સમર્થ શિષ્યને જુદો વિહાર કરાવે. પાછળથી તે ગુરુની બીજા શિષ્યો સરખી સેવા કરતા ન હોવાથી ગુરુ એકલા વિહાર કરીને તે સમર્થ શિષ્ય પાસે પહોંચ્યા. ત્યારે વાચના ચાલુ હતી. ઘણાં વર્ષો પછી આવેલા ગુરુને શિષ્ય ઓળખી ન શક્યા. વાચના પૂરી થયા પછી થોડા અહંકારથી તેમને પૂછ્યું – 'હું કેવી વાચના આપું છું ?' ત્યારે ગુરુએ તેને પ્રતિબોધ કરવા કહ્યું – 'તું ખોબામાં પાણી લે. તારા પહેલા શિષ્યને આપ, તે બીજાને આપે, તે ત્રીજાને આપે...... તેમ ફરતાં-ફરતાં પાછું તારી પાસે આવે, ત્યારે કેટલું રહે ?' શિષ્યએ કહ્યું – 'કાંઈ નહિ.' ત્યારે ગુરુએ કહ્યું – 'જંબૂસ્વામી તો કેવલી હતા. તેમણે પ્રભવસ્વામીને આપ્યું... તેમણે શય્યંભવસૂરિને... તેમણે યશોભદ્રસૂરિને... એમ કરતાં કરતાં આપણા સુધી પહોંચ્યું; તેમાં ઘણું ચાલ્યું ગયું છે, થોડું રહ્યું છે...'

  આ વાત પણ સેંકડો વર્ષ પૂર્વેની છે. તેમાંથી ય ઘણું ચાલ્યું ગયું. જે છે તેને સિંધુ માનીએ તો ય અમે બિંદુ જેટલું જ ભણ્યા છીએ... તમારું જ્ઞાન તો કેટલું ? તો પછી આપણે એ સ્વીકારવું જ પડે કે આપણી સમજણ અધૂરી છે.

- અમારો અનુભવ એવો છે કે વ્યાખ્યાનમાં અમે તર્કસભર રજૂઆત કરીને તમારા ગળે ઉતારી શકીએ તો સારું, બાકી જો અમે તર્કમાં ઊણા ઉતરીએ, તો તમે લગભગ સ્વીકારતા નથી. એમાં શ્રદ્ધા ક્યાં રહી ?

  *સભા : શાસ્ત્રમાં જ તર્કગ્રાહ્ય પદાર્થોને તર્કથી સમજવાનું કહ્યું છે ને ?*

  તમે ભૂલો છો. એ વાત પ્રરૂપણા માટે છે. કહેનારે તર્કથી કહેવાનું છે. સાંભળનાર માટે તો સંવિગ્ન-ગીતાર્થના વચનને અવિકલ્પે તથાકાર કહ્યો છે. તર્કથી સમજવાનો પુરુષાર્થ કરવાની ના નથી... પણ ન સમજાય તો ન સ્વીકારવું – એવી વાત તો દૃષ્ટિરાગ બની જાય છે.

- તમે નોંધ્યું હશે કે ગમે તેવા પ્રચંડ વિદ્વાન હોય, વ્યાખ્યાન પૂરું કર્યા પછી 'જિનાજ્ઞા વિરુદ્ધ બોલાયું હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્' કહે જ છે. પુસ્તક વગેરેના લેખનમાં પણ તેવી ક્ષમાપના માંગે જ છે.

  તેનો અર્થ એ જ છે કે '**હું ગમે તેટલો ભણેલો હોઉં; મારી સમજણમાં ભૂલ હોઈ શકે, વિસ્મૃતિ થઇ શકે, ક્યારેક બોલવા-લખવામાં સ્ખલના થઇ શકે (Sleep of Tongue)**.' એવું બધા વિદ્વાનો માને છે – સ્વીકારે છે. એટલે જ મિચ્છા મિ દુક્કડમ્ માંગે છે.

- સેંકડો વર્ષ પૂર્વે થઈ ગયેલા ગ્રંથકારો પણ પોતાના ગ્રંથમાં અંતે 'છદ્મસ્થતાદિ કારણે મારી જે સ્ખલના થઈ હોય, તેને બહુશ્રુત વિદ્વાનો સુધારે.' તેવી પ્રાર્થના કરતા જોવા મળે છે. તેઓ પણ સ્વીકારે છે કે તેમની ભૂલ થઈ શકે.
- તો આપણે શી વિસાતમાં છીએ ? આપણી બુદ્ધિને શી રીતે પૂર્ણ માની લેવાય ?
- આ વાત અત્યારે તો કદાચ તમે સ્વીકારી લેશો. પણ જયારે હકીકતમાં તેનો અમલ કરવાનો હોય ત્યારે યાદ ન કરો, અને તમારી વાત પકડી રાખો; તો તેનો અર્થ શું? એ તો પોપટ-પાઠ કહેવાય.
- કલ્યાણમંદિરમાં શાસ્ત્રકારે લખ્યું છે – 'ભગવાનના ગુણોનું વર્ણન કરવું, તે હાથ પહોળા કરીને સમુદ્રનું વર્ણન કરતા બાળક જેવી ચેષ્ટા છે.'

  તેમ, આપણી ટૂંકી બુદ્ધિથી શાસ્ત્રકારોના કે જ્ઞાનીના વચનોને માપવા – તે તેવી બાળચેષ્ટા જ છે.
- વૈરાગ્યના-પાપત્યાગના પ્રવચનો સાંભળો તેને સ્વીકારવામાં તો કદાચ બુદ્ધિ ન નડે. પણ શાસ્ત્રીય પદાર્થોના રહસ્યોને પ્રગટ કરતાં પ્રવચનો સાંભળો ત્યારે દૃષ્ટિરાગની પરીક્ષા થાય.
- આટલું ભણ્યા પછી અમને પણ અનુભવ થાય છે – અમારી પાસે ભણેલા-ભણનારા પ્રશ્ન કરે, ત્યારે લાગે છે કે વર્ષોની અમારી સમજણ ખોટી હતી. અને અમે સ્વીકારીએ છીએ – સુધારીએ છીએ.

  તો તમારે તો 'મારી સમજણ સાચી જ છે' – એવો આગ્રહ શી રીતે રખાય ?
- ઘણીવાર કોઈની તર્કસભર રજૂઆત સાંભળીને સાચી લાગે, પોતાની વાત, ખોટી છે – તેવું સમજાય; તો પણ 'જે હું ૨૫-૫૦ વર્ષથી માનતો આવ્યો-કરતો આવ્યો – તે ખોટું શી રીતે હોઈ શકે ?' એવા અભિનિવેશના કારણે પોતાની માન્યતા છોડતા નથી. આ પણ દૃષ્ટિરાગ બની જાય છે.
- કોઈ પણ ચીજ ઘણાં વખતથી કરતા આવ્યા હો, એટલે સાચી બની જતી નથી. ગૌતમસ્વામીને વિચારો... ૫૦-૫૦ વર્ષથી જે માનતા આવેલા; તે માન્યતા પણ સાચી સમજ મળતા ફેંકી દીધી છે. તેમાં પોતે ચૌદ વિદ્યાના પારગામી છે... ૫૦૦ શિષ્યોના ગુરુ છે... વગેરે રૂપ અહંકાર નડ્યો નથી. તેથી જ તેઓ પામી ગયા.

  સંસારમાં પણ વધારે જ્ઞાનીની સામે તમે તમારી વાત છોડી જ દો છો.

  ગમે તેટલો હોંશિયાર ડૉક્ટર હોય, પોતાનાથી મોટી ડિગ્રી ધરાવતા ડૉક્ટરની સામે નમતું જોખે જ.
- *સભા : વર્ષોથી જે બુદ્ધિથી સફળ થયા છીએ, તેને અધૂરી માનવી સહેલી નથી.*

  **અઘરી વાત પણ અભ્યાસથી સિદ્ધ થઈ શકે – કરવી પડે. 'અઘરી છે' કહીને દૂર**

**થવાથી કલ્યાણ નથી થવાનું.**

અશક્ય લાગતાં જિમ્નેસ્ટીક્સના ખેલ અભ્યાસના બળે સાધ્ય થતા હોય છે.

શાસ્ત્રોમાં વાત છે – અભ્યાસથી રાજાની રાણીએ આખી ભેંસ ઉપાડીને સીડી ચડી બતાવેલી.

સુથારને લાકડું છોલતા જોયો છે ? એકવાર રંધો હાથમાં લઈને પ્રયત્ન કરી જોજો. મેં કર્યો છે, એટલે કહું છું. આડો જ જશે. આખું લાકડું છોલાઈ જશે, પણ સપાટ–લીસું નહિ થાય. ત્યાં સુથાર એક જ વાર ફેરવે, લાકડું લીસું–સપાટ થઈ જાય છે, તે અભ્યાસનું જ પરિણામ છે.

- દોષના સંસ્કારો અનાદિના છે – મજબૂત છે.

ગુણના સંસ્કાર છે જ નહિ અથવા નબળા છે, હમણાંના છે. તેને ભાવનાથી–ચિંતનથી મજબૂત બનાવવાના હોય છે.

સોળ ભાવના એના માટે જ છે.

અનિત્ય વગેરે ભાવનાઓના ચિંતનથી જડ પદાર્થો પરના રાગ–મમત્વ વગેરેના સંસ્કાર નબળા પડે.

મૈત્રી વગેરે ચાર ભાવનાથી જીવો પ્રત્યેના દ્વેષના સંસ્કાર નબળા પડે.

એ રીતે, 'મારી બુદ્ધિ અપૂર્ણ છે... મારી ભૂલ થઈ શકે છે...' આવું વારંવાર ચિંતન કરશો, તો દષ્ટિરાગના સંસ્કાર નબળા પડશે.

- *સભા : જો એવું માનીએ, તો કોઈ માન્યતા દઢ જ નહિ રહે.*

દઢતા અને જડતાનો ભેદ પહેલા સમજી લો.

**જ્ઞાની કહે ત્યારે પણ પકડી રાખવું, તે દઢતા નથી, જડતા છે.**

પાંચમના ઉપવાસનો નિયમ હોય, સવારે માથું દુઃખતું હોય, ઊલટી થતી હોય... તો પણ ઉપવાસ કરે તે દઢતા છે. ઢીલો પડી જાય, ઉપવાસ છોડી દે; તે દઢતાનો અભાવ છે. પણ ગુરુ કહે – 'બીજાની સેવામાં જવાનું છે – આજે ઉપવાસ રહેવા દો..' ત્યારે પણ પકડી રાખે, તે જડતા છે, દઢતા નહિ.

અંબડ પરિવ્રાજકે ગમે તેટલા ચમત્કાર દેખાડવા છતાં સુલસા ન ડગી, તે દઢતા છે. જમાલિ ભગવાન સામે ન ઝૂક્યા, તે જડતા છે.

- કામરાગ કદાચ ઓળખાય છે. દષ્ટિરાગ તો છૂપો શત્રુ છે. એટલે વધારે ભયંકર બની જાય છે.

# સમ્યગ્દર્શનનાં ફળ

- સમ્યગ્દર્શન કેટલું મહત્ત્વનું છે ? તે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવાથી જે લાભ થાય છે, તે જાણવાથી જાણી શકાશે.
- **એક વાર પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય, એટલે અર્ધ પુદ્ગલ પરાવર્તથી ઓછા કાળમાં મોક્ષ થઈ જ જાય, એ નિશ્ચિત છે.**

  અલબત્ત, એ પણ અનંત કાળ છે. તેમાં અનંતી ચોવીસીઓ થાય. પણ જેટલો અનંત કાળ આપણે સંસારમાં રખડ્યા છીએ, તેની અપેક્ષાએ તે કાળ ઘણો નાનો છે.

  અને આ વાત, સમ્યક્ત્વ પામ્યા પછી, સમ્યક્ત્વથી પતન થાય તેના માટે છે. જો સમ્યક્ત્વ ટકાવી રાખે, તો તો વધુમાં વધુ ૬૬ સાગરોપમ કાળમાં મોક્ષ થઈ જાય, જે કાળ ઘણો નાનો છે.
- સમ્યગ્દર્શનની હાજરીમાં, દુર્ગતિનો બંધ કદી ન થાય.

  મનુષ્ય કે તિર્યંચ સમકિતી હોય, તો દેવગતિ જ બાંધે. દેવો કે નારકો, દેવગતિ બાંધતા નથી. પણ સમકિતી હોય, તો મનુષ્યગતિ જ બાંધે.

  *સભા : કૃષ્ણ મહારાજા નરકે ગયા ને ?*

  હા, શ્રેણિક પણ ગયા. પણ તે બધાએ નરકનું આયુષ્ય બાંધ્યું ત્યારે સમકિતી નહોતા, એટલે નરકનું આયુષ્ય બંધાયું.
- **આચરણમાં કશું હોવાનો નિયમ નથી, પણ શ્રદ્ધા જો જીવંત હોય, માન્યતા સાચી હોય, તો પણ જીવ દુર્ગતિમાં ન જાય;** આ કેટલી મોટી વાત છે ?
- **સમ્યક્ત્વની હાજરીમાં, આત્મા પર રહેલી કર્મની સ્થિતિ વધે નહીં.**

  વધુમાં વધુ ૭ ચોવીસી – ૭૦ કોડાકોડી સાગરોપમ કાળ ચાલે, તેટલી જ સ્થિતિ એક આત્મા પર રહેલા કર્મની હોઈ શકે.

  માની લો કે મારા આત્મા પર ચોંટેલા કર્મોની સ્થિતિ ૫૦૦૦ સાગરોપમની છે. જો હું સમ્યક્ત્વ પામું, તો તે સ્થિતિ વધે તો નહીં જ, દરેક સમયે ઘટતી જાય.
- **સમ્યક્ત્વની હાજરીમાં પાપકર્મનો બંધ થઈ શકે, અનુબંધ કદી પાપના ન પડે.**
- બંધ અને અનુબંધ પદાર્થ બરાબર સમજી લઈએ.

  બંધ બે પ્રકારનો છે – પાપ અને પુણ્ય.

  **પાપકર્મનો બંધ થયો હોય, તો તેનો ઉદય થાય, ત્યારે સામગ્રી પ્રતિકૂળ મળે, અનુકૂળ સામગ્રી ન મળે, દુઃખ આવે.**

  **પુણ્યકર્મનો બંધ થયો હોય, તો તેનો ઉદય થાય, ત્યારે અનુકૂળ સામગ્રી મળે, જે**

શાતા–સુખ આપે.

- તે રીતે અનુબંધના પણ બે પ્રકાર છે – પુણ્ય અને પાપ.

**પુણ્યનો અનુબંધ હોય, તેવા કર્મનો ઉદય થાય, ત્યારે સદ્‌બુદ્ધિ મળે, સામગ્રીનો સદુપયોગ કરવાની કે ત્યાગ કરવાની ઈચ્છા થાય.**

**પાપનો અનુબંધ હોય, તેવા કર્મનો ઉદય થાય, ત્યારે દુર્બુદ્ધિ મળે. સામગ્રીનો દુરુપયોગ કરવાની ઈચ્છા થાય, તીવ્ર આસક્તિ કરે.**

- બંને પ્રકારના બંધમાં, બંને પ્રકારનો અનુબંધ હોઈ શકે.

પુણ્યના અનુબંધવાળો પુણ્યનો બંધ હોય, તો તેના ઉદયથી

  - મળેલી બુદ્ધિનો ઉપયોગ શાસનની સેવામાં કરે.
  - મળેલા ધનને દાન વગેરે દ્વારા ધર્મમાર્ગે વાપરે.
  - મળેલા કંઠથી પ્રભુભક્તિ કરે, કરાવે.
  - મળેલા તંદુરસ્ત શરીરથી તપ કરે.

પાપના અનુબંધવાળો પુણ્યનો બંધ હોય, તો તેના ઉદયથી

  - મળેલી બુદ્ધિથી લોકોને છેતરે.
  - મળેલા ધનથી મોજ–વિલાસ કરે.
  - મળેલા કંઠથી લોકોનું મનોરંજન કરે.

- પુણ્યના અનુબંધવાળો પાપનો બંધ હોય, તો તેના ઉદયથી વિપરીત સામગ્રી, પ્રતિકૂળતા, રોગ, અશાતા, આપત્તિ વગેરે આવે; પણ તેમાં સમાધિ ટકાવે, પોતાના કર્મનો ઉદય વિચારે, યથાશક્તિ આરાધના કરે.

પાપના અનુબંધવાળો પાપનો બંધ હોય, તો તેના ઉદયથી આવેલ પ્રતિકૂળતામાં હાયવોય કરે, આર્તધ્યાન કરે, બીજાને ગુનેગાર માને, તેના પર રોષ કરે...

- હવે કહો, મહત્ત્વનું શું ? બંધ કે અનુબંધ ?

*સભા : અનુબંધ.*

સાચી વાત છે. પાપના અનુબંધવાળું પુણ્ય, થોડો કાળ સુખ આપીને પણ છેવટે તો દુર્ગતિમાં લઈ જનાર જ થાય છે.

- ૧૦૦ દેવ મરે, તેમાંથી કેટલા સદ્‌ગતિમાં જાય ?

*સભા : ૧–૨.*

એક પણ નહીં. **અસંખ્ય દેવો મરે, ત્યારે તેમાંથી ૧ જીવ મનુષ્યગતિમાં આવે છે. બાકીના બધા તિર્યંચ ગતિમાં જ જાય છે.**

*સભા : એવું કેમ ?*

કારણકે તીવ્ર આસક્તિ પૂર્વક સામગ્રી ભોગવે છે.

પોતાના જ રત્નોમાં રાગ કરવાથી પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય.
પોતાની વાવડીના પાણીમાં રાગ કરવાથી અપ્કાયમાં ઉત્પન્ન થાય.
પોતાના બગીચાના ફૂલોમાં રાગ કરવાથી વનસ્પતિમાં ઉત્પન્ન થાય.
બીજા દેવલોકથી ઉપરના દેવો જો કે એકેન્દ્રિયમાં જતા નથી.
પણ આઠમા દેવલોક સુધીના દેવોમાં મોટા ભાગના દેવો મરીને તિર્યંચ જ થાય છે.
આ બધો પાપાનુબંધી પુણ્યનો ઉદય છે.

- તમારું પુણ્ય કેવું છે ? કોઈ વર્ષે અણધાર્યા ૧ કરોડનો નફો થઈ જાય, તો શેના વિચાર આવે ?
  ઘણાં વખતથી છ'રી પાળતો સંઘ કાઢવો હતો... ઉપધાન કે નવાણું કરાવવાની ઈચ્છા હતી... તે કરવાના ?
  કે મકાન નવું લઈએ, ફર્નિચર બનાવીએ, નવી ગાડી લઈએ, વિદેશમાં ફરવા જઈએ... તેવા ?
  *સભા : અત્યાર સુધી તો એવા બધા જ વિચાર આવતા હતા. પણ વ્યાખ્યાન સાંભળ્યા પછી હવે બદલાશે.*
  ઓ હો ! તો મારું ચોમાસું સફળ થઈ ગયું !
- મોટા ભાગના જીવોનો પુણ્યનો ઉદય પાપાનુબંધી હોય છે.
  જેને ધર્મ મળ્યો જ નથી, જે ધર્મને સમજ્યા જ નથી; એની તો વાત જ જવા દઈએ.
  પણ જેણે ધર્મ સાંભળ્યો છે, જે ધર્મને સમજ્યા છે, તેવા લોકોને પણ પુણ્યના ઉદયથી મળેલ સામગ્રીનો સદુપયોગ કરવાની ઈચ્છા બહુ ઓછી થતી હોય છે.
- હું માનું છું કે દરેક સંઘમાં એકાદ-બે શાલિભદ્ર એવા હોય, કે જે કદાચ સંઘનો આખા વર્ષનો સાધારણનો ખર્ચ પોતે ઊઠાવી લે, તો પણ તેને બહુ મોટો ફરક પડે એવું ન હોય..
  પણ કોણ એવું નીકળે છે ? કે જે સંઘના અગ્રણીઓને કહી દે – કોઈ ફંડફાળા નહીં કરવાના, બધો લાભ મને આપી દો.
  *સભા : સહુને લાભ મળવો જોઈએ ને ?*
  જેને લાભ લેવો હોય, તે પેઢીમાં આવીને પૈસા ભરી જાય, તો લઈ લેવાના. પણ ફંડફાળો નહીં કરવાનો.
  સુખી સંઘોમાં તો કદાચ આવા અનેક લોકો હોય છે.
  કરોડ-બે કરોડના ખર્ચે ઉપધાન વગેરે કરાવવા વાળા હોય છે. સંઘના સાધારણનો લાભ લેનારા કેટલા ?
  *સભા : એવો ઉપદેશ નથી અપાતો.*

જેને બાપની સેવા કરવાનો ઉપદેશ આપવો પડે, તે સુપુત્ર કહેવાય કે કપાતર ?
સંઘ તો મા-બાપ છે. સંઘની માટે તિજોરી ખુલ્લી મૂકવાની હોય, ગણી-ગણીને આપવાનું ન હોય.
દુકાને ભિખારી માંગવા આવે તો ૨-૫ રૂપિયા અપાય. પિતાશ્રી પૈસા માંગે, તો તિજોરીની ચાવી અપાય, રૂપિયા નહીં.
આ ટ્રસ્ટીઓની પદ્ધતિ અંગ્રેજો આવ્યા પછીની છે. પૂર્વના કાળે મહાજન હતું. નગરશેઠ બધો વહીવટ સંભાળતા. મોટે ભાગે જે રકમ ઓછી પડે, તે સ્વયં આપી દેતા.

- સામગ્રી મળવી મુશ્કેલ નથી.
  ઓસામા બિન લાદેનને પણ મળેલી, દાઉદ ઈબ્રાહીમને પણ મળી છે.
  **દુર્લભ તો સદ્બુદ્ધિ મળવી તે છે.**
- સમ્યક્ત્વની હાજરીમાં બંધ ગમે તેનો થાય, અનુબંધ પુણ્યનો જ હોય. એટલે ભવાંતરમાં સામગ્રી સુખની મળે કે દુઃખની, સદ્બુદ્ધિ અવશ્ય મળે.
  આ લાભ કેટલો મહાન્ છે ?
- **સમકિતીને પાપના અનુબંધ કેમ ન બંધાય ?**
  **તેનું કારણ એ છે કે પાપ કરે તો પણ 'આ કરવા જેવું નથી... છોડવા જેવું છે... આત્માને અહિતકર છે...' તેવા સંસ્કાર અંતરના સ્તર પર અખંડ હોય..**
  જો આવા સંસ્કાર ન ટકે, પાપને ત્યાજ્ય માને જ નહીં, તો સમ્યક્ત્વ ટકી જ ન શકે.
  *સભા : પણ તો પછી પાપ કરે શા માટે ?*
  પ્રલોભન આવે ત્યારે અનાદિકાળથી વળગેલી સંજ્ઞાને વશ થઈ જાય... સત્ત્વ તેવું ન હોય કે ત્યાગી શકે... કુટેવ પડી હોય, તે છૂટે નહીં... એવા ઘણાં કારણો હોય.
  દુનિયામાં પણ તેવું થાય છે... માવો ખાવાની ટેવ પડી ગઈ હોય, પછી સમજણ આવે કે આનાથી કેન્સર થાય છે... તો પણ છોડી ન શકે... છોડવા પ્રયત્ન કરે તો પણ નિમિત્ત મળે તેને વશ થઈ જાય...
  ૫-૧૦ વર્ષથી પડેલા વ્યસનથી મુક્ત થવું પણ જો અઘરું હોય, તેના માટે પણ જો વિશિષ્ટ સત્ત્વની જરૂર પડતી હોય...તો અનંત કાળથી સેવેલ પાપ છોડવા સહેલા ક્યાંથી હોય ?
  તમને પણ આવો અનુભવ થતો હોય છે – 'ગુસ્સો કરવા જેવો નથી.' – એવું તમે માનતા હો છો... છતાં નિમિત્ત મળે, ત્યારે રહી શકતા નથી... ગુસ્સો થઈ જ જાય છે... એવું ઘણાં કહેતા જ હોય છે.
  એવું નથી કે તમે દંભ કરો છો... હકીકતમાં ગુસ્સો છોડવા જેવો તમને લાગતો જ

હોય છે... આગળ-પાછળ તમે તેવું બોલો છો, તેનાથી સમજાય છે કે એ સંસ્કાર તમારા અખંડ છે. છતાં નિમિત્ત મળે, ત્યારે તેને વશ થઈ જાવ છો.

એ જ રીતે, સમકિતીના અંતરમાં 'પાપ છોડવા જેવું છે.' એ બુદ્ધિ સ્થિર હોય, છતાં પાપ કરે, તેવું બને. તો પણ, તેમને અશુભ અનુબંધ તો ન જ બંધાય.

- આ વાત સાથે ગઈકાલની વાતનું અનુસંધાન જોડવાનું છે. ગઈકાલે કહ્યું હતું – શ્રદ્ધાને જીવંત બનાવવી હોય, તો પાપ છોડવા પડે, ઘટાડવા પડે... જે થાય, તેનું પ્રાયશ્ચિત્ત કરવું પડે.

  તે, પાપ છોડવા જેવું છે – એવી બુદ્ધિને જીવંત રાખવા માટે જ જરૂરી છે. અને તેવી બુદ્ધિના કારણે જ અશુભ અનુબંધ પડતા નથી.

  વારંવાર, નિષ્ઠુરતાથી પાપ કરાય, તો પાપની સૂગ નાશ પામે. પછી સમ્યક્ત્વ ટકે નહીં.

- તમારા જીવનમાં પાપ તો છે જ.

  પાપ પ્રત્યેની સૂગ ખરી ? 'આ છોડવા જેવું છે' એવી બુદ્ધિ ખરી ?

  કમાવા માટે ધંધામાં અનેક પ્રકારના પાપ તમે કરતા હશો. તે બધામાં 'આ કરવા જેવું નથી' એવી બુદ્ધિ ખરી ? કે પછી 'આ કાળમાં આવું બધું કરવું જ પડે' એવો બચાવ ?

- કોઈ એમ માનતું હોય કે આ કાળમાં મોટા પાપો કર્યા વિના ન જ કમાઈ શકાય, તો તે ભ્રમ છે.

  વિ.સં. ૨૦૫૩ની સાલમાં સાંતાક્રુઝમાં મારા ગુરુદેવની આચાર્ય પદવી થઈ. તેના મહોત્સવમાં એક અનુષ્ઠાનનો લાભ, એક ભાગ્યશાળીએ લીધેલો. પ્રભુભક્તિનું અનુષ્ઠાન હતું. તેમાં આવેલા ફૂલો માટે ફૂલવાળાને રકમ ચૂકવવાની હતી, ત્યારે તે ભાગ્યશાળીએ પૂછ્યું – 'ક્યા નામનો ચેક આપું ?' તે કાળે જનધન બેંક એકાઉન્ટ નહોતા. વ્યવસ્થાપકે તેમને કહ્યું – 'ફૂલવાળા પાસે બેંકમાં ખાતું નથી.' તેમણે કહ્યું – 'મારી પાસે રોકડા રૂપિયા જ નથી. જે છે, તે બેંકમાં જ છે.' તેમણે રોકડા કઢાવીને આપ્યા.

  તે ભાગ્યશાળી કોણ ? કરજણ પાસે સુમેરુ તીર્થના નિર્માણના પૂર્ણ લાભાર્થી – કિશોરભાઈ ભીમજીભાઈ સંઘવી. ૨૫ વર્ષ પૂર્વે, જ્યારે ઈન્કમ ટેક્ષ ઘણો હતો, ત્યારે પણ બે નંબરના રૂપિયા ન રાખનારા લોકો હતા, કરોડોપતિ હતા.

  જે સરકાર સાથે ટેક્ષની છેતરપિંડી પણ ન કરતા હોય, તે ધંધામાં ભેળસેળ-અનીતિ-ખોટું બોલવું વગેરે પાપ કરતા હોય, તેવી શક્યતા બહુ ઓછી છે. એટલે, મોટા પાપ કર્યા વિના ન જ કમાઈ શકાય, તે વાત સાચી નથી.

- મૂળ વાત એ છે કે **સમ્યક્ત્વની હાજરીમાં પાપ હોઈ શકે, તેનો લૂલો બચાવ ન હોય**... કબૂલાત હોય કે 'મને લોભ સતાવે છે... સત્ત્વ ઓછું પડે છે... છોડી નથી શકતો. પણ કરવા જેવું તો નથી જ.'

  પાપ ગમે તેવું હોય... કૃષ્ણે યુદ્ધો કર્યા છે. શ્રેણિક વૃદ્ધ થયા પછી પરણ્યા છે. ચંડરૂદ્રાચાર્યનો ક્રોધ કેવો હતો ? આવા પાપ પણ હોય. પણ તેનો બચાવ ન જ હોય, કબૂલાત જ હોય, તે સમ્યક્ત્વની ભૂમિકા છે.
- હું એકાસણું ન કરતો હોઉં, તો કબૂલાત હોય. 'સાધુએ કરવું તો એકાસણું જ જોઈએ, હું નથી કરતો તે મારી નબળાઈ છે.' (અલબત્ત, અત્યંત પ્રતિકૂળ શારીરિક સંયોગો હોય, તો અપવાદ છે, પાપ નથી.)

  હું મુહપત્તિનો ઉપયોગ ન રાખતો હોઉં, તો કબૂલાત હોય 'મારે રાખવો જ જોઈએ. નથી રહેતો, તે મારો પ્રમાદ છે, બેદરકારી છે, કુટેવ છે.'

  તો સમ્યક્ત્વ ટકી શકે.
- સમ્યક્ત્વ એટલે દેવ-ગુરુ-ધર્મ પરની શ્રદ્ધા, એમ કહેવાય છે. તેમાં ધર્મ પરની શ્રદ્ધા એટલે શું ?

  **પ્રભુએ જેને કરવા જેવું કહ્યું, તેને કરવા જેવું માનવું.**

  **પ્રભુએ જેને છોડવા જેવું કહ્યું, તેને છોડવા જેવું માનવું.**

  **તે જ ધર્મ પરની શ્રદ્ધા છે.**
- સમ્યક્ત્વનું સુંદર દૃષ્ટાંત મરીચિ છે.

  પોતે સાધુપણું છોડ્યું, ત્રિદંડી બન્યા. છત્ર રાખે, ચંપલ પહેરે, સ્નાન કરે..

  પણ, પોતાના ઉપદેશથી કોઈ પ્રતિબોધ પામે, તો એક જ વાત કરે – 'ધર્મ તો પ્રભુ પાસે જ છે. દીક્ષા ત્યાં જ લો.'

  આ સહેલું નથી.

  ચારિત્રથી ભ્રષ્ટ થયા, પણ સમ્યક્ત્વ ટકાવ્યું.

  અને જ્યારે બોલ્યા કે 'ધર્મ અહીંયા પણ છે.' ત્યારે સમ્યક્ત્વ પણ ગુમાવ્યું. સંસાર-પરિભ્રમણ વધાર્યું.
- અમારા ગુરુદેવના ગુરુદેવ તેમના સંસારી પિતાશ્રી હતા. તેમને દીક્ષાની ભાવના થઈ. પોતાના ઉપકારી પૂ.પં. ચરણવિ. મ. પાસે ઈચ્છા વ્યક્ત કરી.

  તેમણે કહ્યું – 'દીકરા સાથે દીક્ષા લેવી હોય, તો પં. ભાનુવિ. મ. (પછીથી પૂ.આ.ભુવનભાનુસૂરિ મ.) પાસે લો. તેઓ તમારા દીકરાને તૈયાર કરી શકશે. મારી તેવી તાકાત નથી.'

  આ સહેલું છે ?

*સભા : એક સમુદાયના હોય તો કહે.*

એક સમુદાયના નહોતા. પં. ચરણવિ. મ., બાપજી મ.ના સમુદાયના હતા. અને એક સમુદાય નહીં, એક ગુરુના શિષ્ય હોય, તો પણ આ સહેલું નથી.

- પાપ તમે છોડી શકવાના નથી, સંસારમાં પડ્યા છો.

પણ આટલું કરશો ? પાપનો બચાવ નહીં. કબૂલાત કરવાની...

*સભા : હવે કરશું.*

જાગ્યા ત્યારથી સવાર.

- **સમકિતીને કદાચ કોઈ કારણે ખોટી સમજણ હોય, તો પણ જ્ઞાની ગુરુ કહે, તે વાત સ્વીકારી લે, પોતાનું પકડી ન રાખે.**

જેમ, ગૌતમ સ્વામીની ભૂલ થઈ હતી, પણ પ્રભુએ કહ્યું, એટલે તરત સ્વીકારી લીધું.

ઘણાં સાંભળવા આવે છે. પણ હૃદયમાં તો તેના જ ઊતરે, જે હળુકર્મી હોય. ભારેકર્મી હોય, તે પોતાની વાત પકડી જ રાખે.

- ગૃહસ્થપણામાં ટ્રેનમાં જતાં મિત્ર સાથે અંગ્રેજીમાં ધર્મની વાત ચાલતી હતી. અંગ્રેજીમાં આત્માને Soul (સોલ) કહેવાય. બે–ત્રણ વાર આવો શબ્દ આવ્યો, એટલે બાજુમાં બેઠેલ અજાણ્યા ત્રીજા યુવાને કહ્યું – 'સોલ તો બૂટમાં હોય, બીજે ક્યાંય સોલ હોતો નથી.' આનું નામ ભારેકર્મિતા !
- અમે કોઈ પણ ધર્મની કાળજીઓ બતાવીએ, તો મોટે ભાગે એવો જ પ્રતિભાવ મળે છે – આટલું બધું તો કેવી રીતે થાય ?

ન કરી શકવું, તે જુદી વાત છે. મોટે ભાગે સ્વીકાર જ હોતો નથી કે 'કરવું તો આમ જ જોઈએ'.

# ગુરુવચન પરની શ્રદ્ધા

- 'પ્રભુએ જે કહ્યું છે, તે સાચું જ છે; તે જ સાચું છે.' એવી શ્રદ્ધા એ સમ્યક્ત્વ છે; એ વાત તો જાણીતી છે, તમને ખબર છે, તમે માનો છો.
  પણ આવશ્યક નિર્યુક્તિ ગ્રંથમાં શ્રુતકેવલિ ભદ્રબાહુ સ્વામીએ કહ્યું છે – **સંવિગ્ન-ગીતાર્થ ગુરુ ભગવંતના વચનને નિર્વિકલ્પે તહત્તિ ન કરે, તો પણ મિથ્યાત્વ લાગે.**
  એટલે નક્કી થયું કે સમ્યક્ત્વ માટે, સંવિગ્ન-ગીતાર્થ ગુરુ ભગવંતના વચન પર શ્રદ્ધા હોવી જરૂરી છે.
- પ્રભુના વચન પરની શ્રદ્ધા એ સમ્યક્ત્વ છે, પણ પ્રભુનું સૌ પ્રથમ વચન કયું છે? ૪૫ આગમમાં પહેલું આગમ, બાર અંગમાં પહેલું અંગ – આચારાંગ સૂત્ર છે, જે સુધર્મા સ્વામી ભગવંતનું રચેલું છે. તેનું પ્રથમ વાક્ય છે – सुअं मे आउसं तेण भगवया एवमक्खायं ।
  એનો અર્થ છે – ભગવાન પાસે રહેતાં રહેતાં મેં આવું સાંભળ્યું છે.
  આ રીતે સુધર્મા સ્વામી ભગવંતે દ્વાદશાંગીની શરૂઆત કરી છે. તેના વિવેચનકાર શીલાંકાચાર્યજી જણાવે છે – આવું કહેવા દ્વારા સુધર્મા-સ્વામી ભગવંતે, **પરમાત્માની સૌ પ્રથમ અને સર્વોત્કૃષ્ટ આજ્ઞા બતાવી છે – ગુરુની નિશ્રામાં રહેવું, ગુરુની આજ્ઞાનું પાલન કરવું.** જો પંચમ ગણધર, ચૌદ પૂર્વધર સુધર્મા સ્વામી પણ ભગવાનની નિશ્રામાં રહેતા હોય, તો આપણે શું કરવાનું ?
- એટલે **જે ગુરુની આજ્ઞા નથી માનતો, તે પ્રભુની આજ્ઞા પણ નથી જ માનતો.** તો તેનામાં સમ્યગ્દર્શનની સંભાવના જ રહેતી નથી.
  અલબત્ત, અહીં 'ગુરુ' શબ્દથી સંવિગ્ન-ગીતાર્થ ગુરુ જ લેવાના છે, તે વાત હું પૂર્વે વિસ્તારથી જણાવી ગયો છું.
- 'પ્રભુનું વચન સાચું જ છે.' એવી શ્રદ્ધા એ જ સમ્યક્ત્વ છે – એવી વાત જોરશોરથી કરાય છે. તે વાત તો સાચી જ છે. પણ પછી ગુરુની આજ્ઞાનો સ્વીકાર પણ સમ્યક્ત્વ માટે જરૂરી છે, એ વાત ભૂલી જવાય છે, તે ગંભીર ભૂલ છે.
- તમે કદાચ એક શાસ્ત્રવચન સાંભળ્યું હશે – तित्थयरसमो सूरि – આચાર્ય ભગવંત તીર્થંકર સમાન છે. આચાર્ય ભગવંતમાં તીર્થંકરની સમાનતા શી રીતે હોય ?
  શું તીર્થંકરની જેમ આચાર્યને અષ્ટ મહાપ્રાતિહાર્ય હોય ? સમવસરણની રચના થાય? બાર પર્ષદા હોય ? ૩૪ અતિશય હોય ? દેવદુંદુભિ વાગે ? પુષ્પવૃષ્ટિ થાય ? લોકોના રોગો નાશ પામે ?
  આમાનું કશું આચાર્ય ભગવંતમાં હોતું નથી. તો સમાનતા શી રીતે ?

- કોઈપણ વસ્તુમાં, બીજી કોઈ વસ્તુની સમાનતા બતાવાય, તે એક-બે ગુણધર્મને લઈને હોય, બધા ગુણધર્મને લઈને નહીં.

  'કપડું દૂધ જેવું છે.' એમ કહેવાય તો તેનો અર્થ એટલો જ થાય કે દૂધ જેવું ધોળું, ઊજળું, સ્વચ્છ છે. એવો અર્થ ન થાય કે દૂધની જેમ પૌષ્ટિક ખોરાક છે.

  તો, આચાર્યમાં તીર્થંકરની સમાનતા ક્યા ગુણધર્મથી ?

  *સભા : આચાર્યનો ઉપદેશ, તીર્થંકર જેવો હોય.*

  એ પણ સંભવિત નથી. તીર્થંકરનું જ્ઞાન અનંત છે. છદ્મસ્થ આચાર્યનું જ્ઞાન તેના અનંતમા ભાગનું છે. તો પરમાત્મા જેવો ઉપદેશ શી રીતે આપી શકે ?

- આ વાક્યનો અર્થ એટલો જ છે કે **જેમ તીર્થંકરનું વચન સાચું જ હોય, એમ માનીને સ્વીકારી લેવાનું છે; તેમ આચાર્ય ભગવંતનું વચન પણ સાચું જ હોય, તેમ માનીને સ્વીકારી લેવાનું છે.**

- આ વાત સંવિગ્ન-ગીતાર્થ આચાર્ય ભગવંત માટે જ છે. એ સમજી જ લેવાનું છે.

  *સભા : આચાર્ય ભગવંત તો સંવિગ્ન-ગીતાર્થ હોય જ ને ?*

  ગીતાર્થતા વિના આચાર્ય પદ ન અપાય, એ શાસ્ત્રીય વ્યવસ્થા છે. પણ વર્તમાન કાળમાં તેવો વ્યવહાર રહ્યો નથી.

  સંવિગ્નતા વિના તો સાધુપણું જ રહેતું નથી. પણ વાસ્તવિક સંવિગ્નતા ન હોવા છતાં, બાહ્ય ચારિત્રના કારણે સંવિગ્ન લાગે, અને આચાર્ય પદ અપાય, તેવું બની શકે છે.

  અંગારમર્દકના નામે જાણીતા આચાર્ય, અભવ્ય હતા. અભવ્યમાં સંવિગ્નતા હોવી સંભવિત જ નથી. છતાં તેમના ગુરુ ભગવંતે બાહ્ય વ્યવહારથી છેતરાઈને આચાર્ય પદવી આપી હતી.

  એટલે, ક્યારેક આચાર્ય હોવા છતાં સંવિગ્ન-ગીતાર્થ ન હોય, તેવું બની શકે છે.

  અને બધા સંવિગ્ન-ગીતાર્થો આચાર્ય હોય જ, તેવું પણ જરૂરી નથી. આચાર્ય પદ, વિશિષ્ટ પુણ્ય વગેરે હોય, તેને જ અપાતું હોય છે.

- આપણે ત્યાં સમ્યક્ત્વની પ્રતિજ્ઞા જાણીતી છે. બાર વ્રત ઉચ્ચરાવાય, દીક્ષા અપાય, ઉપધાનમાં પ્રવેશ કરાવાય, સંઘની માળ પહેરાવાય.. ત્યારે આ પ્રતિજ્ઞા ઉચ્ચરાવાય છે. પૌષધમાં બોલાતી સંથારા પોરિસીમાં પણ એ ગાથા આવે છે.

  अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ।

  जिणपन्नत्तं तत्तं, इअ सम्मत्तं मए गहिअं ।।

  અર્થ આ છે –

  ૧. અરિહંત એ જ ભગવાન છે.

  ૨. સુસાધુ એ જ ગુરુ છે.

૩. કેવલિએ કહ્યું હોય, તે જ સાચું તત્ત્વ છે.
આવું સમ્યક્ત્વ મેં લીધું છે.

- મારે તમને પૂછવું છે – આ પ્રતિજ્ઞામાં ૧ અને ૩ નંબરની વાત તો બરાબર છે જ. સુસાધુને ગુરુ માનવાની વાત સમ્યક્ત્વમાં શા માટે જણાવી ?
એ જણાવ્યું છે, તેનો અર્થ એ જ થાય કે **જે પ્રભુને અને પ્રભુના વચનને માનવા તૈયાર થાય, પણ ગુરુને માનવા તૈયાર ન થાય, તો સમ્યક્ત્વ ન હોઈ શકે.**
- 'ગુરુ' માનવા એટલે શું ? તેમને વંદન કરવા, ભક્તિ કરવી તે ?
પ્રણામ રૂપ વંદન કે ભક્તિ તો માતા-પિતા, લૌકિક ગુરુને પણ કરાય છે.
મેં દીક્ષા લીધી, ત્યારે **મારા ગુરુદેવને ગુરુપદે સ્થાપ્યા. તેનો અર્થ શું ? એ જ કે સાધનાના માર્ગે, તેમના માર્ગદર્શન અનુસાર ચાલવું, તેમની આજ્ઞા સ્વીકારવી.**
એટલે ગુરુની આજ્ઞાનો સ્વીકાર, તે પણ સમ્યગ્દર્શન માટે જરૂરી બને છે.
- *સભા : તેમનામાં પણ અજ્ઞાન છે જ, તો ભૂલ થાય તેવું ન બને ?*
તેમના કરતાં આપણું અજ્ઞાન મોટું છે. તેમના વચનને બુદ્ધિથી તોલવા બેસીએ તો શ્રદ્ધા નામની ચીજ જ ન રહે. અને શાસ્ત્રકારે કહ્યું જ છે કે સંવિગ્ન-ગીતાર્થના અનાભોગાદિથી બોલાયેલા અસત્ય વચનને સ્વીકારનાર શિષ્યને કોઈ દોષ લાગતો નથી. તેમના વચનને વિચાર્યા વિના જ તહત્તિ કરવાનું છે.
- આવશ્યક નિર્યુક્તિ ગ્રંથમાં જ એક વાત આવે છે.
સંવિગ્ન-ગીતાર્થ ગુરુ ભગવંત પણ છદ્મસ્થ છે. અજ્ઞાન વગેરે કારણે તેમનાથી શાસ્ત્રવિરૂદ્ધ પ્રરૂપણા થઈ જાય તે અસંભવિત નથી. ગૌતમ સ્વામીની પણ તેવી ભૂલ થઈ છે, તે જાણીતી વાત છે. તો બીજાની તો થઈ જ શકે છે.
તો શાસ્ત્રવિરૂદ્ધ એવા ગુરુના વચનને સ્વીકારી લે, તો શિષ્યને મિથ્યાત્વ ન લાગે? કારણકે પ્રભુવચનથી વિરૂદ્ધ વાત માની.
પછી શાસ્ત્રકારે જવાબ આપ્યો છે – શિષ્ય એવું વિચારે છે કે 'હું તો અજ્ઞાની છું. ગુરુ ભગવંત જ્ઞાની છે. તેઓ જે કહે, તે સાચું જ હોય..' તો એ રીતે **ગુરુ ભગવંતના વચનને સ્વીકારનાર શિષ્યને મિથ્યાત્વ લાગતું નથી.**
હા, ગુરુની સંવિગ્નતા-ગીતાર્થતાનો નિર્ણય કરેલો હોવો જોઈએ.
- કેટલી મહત્ત્વની વાત છે ?
**સંવિગ્ન-ગીતાર્થ ગુરુના પ્રભુના વચનથી વિરૂદ્ધ એવા વચનને સ્વીકારવામાં પણ મિથ્યાત્વ લાગતું નથી.**
ગુરુના વચનનું મહત્ત્વ કેટલું ? તે આના પરથી સમજવાનું છે.
- ગુરુની સાથે મોટા સમુદાયમાં રહેવામાં કેટલાક દોષો અનિવાર્ય બનતા હોય છે.

અમે ૧૨ સાધુ છીએ. ગોચરી જઈ શકાય, તેવા પ્રાયઃ ૧૫૦ ઘર અમને અહીં મળ્યા છે. રોજ ૩ મહાત્મા ગોચરી જાય છે. એક મહાત્માને ૧૦ થી ૧૫ ઘરે તો જવાનું થાય જ. એટલે એક દિવસમાં ૪૦-૫૦ ઘરે જવાનું થાય. ૩ કે ૪ દિવસે ફરી વાર ત્યાં જ જવાનું થાય.

દર ૩-૪ દિવસે મહાત્મા વહોરવા આવતા હોય, તો તમે અમારા નિમિત્તે થોડીઘણી વધુ રસોઈ બનાવો, રસોઈ મોડી બનતી હોય તો વહેલી કરો.. એવું સંભવિત છે જ. એ બધું અમારા માટે દોષરૂપ બને. પણ મોટા સમુદાયમાં તેનું નિવારણ શક્ય નથી. ૨ કે ૩ મહાત્મા હોય, તો ૧૦ ઘરમાં ગોચરી થઈ જાય. ૧૫ દિવસે ફરીવાર વારો આવે. અને તો લગભગ કોઈ દોષ ન લાગે.

હવે જો **આવા દોષોથી બચવા કોઈ સાધુ, ગુરુની નિશ્રા છોડીને સ્વતંત્ર વિચરે, તો શાસ્ત્રકારે તેને ભારેકર્મી કહ્યો છે.** નિર્દોષ ગોચરીની પ્રભુની આજ્ઞાનું પાલન કરવા માટે, ગુરુની નિશ્રામાં રહેવાની પ્રભુની સર્વોત્કૃષ્ટ આજ્ઞાનો જ તે ભંગ કરે છે !

- અહીં સર્વત્ર આજ્ઞાનો સ્વીકાર સમજવાનો છે. **પાલન ન હોય, તે સંભવિત છે, પણ સ્વીકાર અવશ્ય જોઈએ. તમે રાત્રિભોજન ન છોડો, તો સમ્યક્ત્વ ટકી શકે; પણ 'રાત્રિભોજન છોડવા જેવું છે.' એવો સ્વીકાર હોય તો જ.**
- મારા ગુરુદેવ કે જે પણ વડીલની નિશ્રામાં રહ્યો હોઉં, તે મને કોઈ આજ્ઞા કરે, તો શક્ય હોય ત્યાં સુધી તો અમલ જ કરવાનો હોય. કદાચ કોઈ કારણે અમલ ન કરી શકું, તો જવાબ તો એ જ હોય કે, - 'આપે કહ્યું એટલે મારે કરવું જ જોઈએ. પણ હું નથી કરી શકતો, એ મારી નબળાઈ છે.'

  મારા ગુરુદેવની ઈચ્છા હોય કે હું માસક્ષમણ કરું. મારો ઉત્સાહ ન જાગે, તો ન કરું, તે સંભવિત છે; પણ જવાબ તો એ જ હોય કે - 'આપે કહ્યું, એટલે કરવું જ જોઈએ. પણ મારો પાપોદય છે, મને ઉત્સાહ નથી જાગતો.'
- પ્રભુના નિર્વાણને ૨૫૦૦ વર્ષ થયા. શરૂઆતમાં આગમો મોઢે જ ચાલતાં હતાં. ગુરુ શિષ્યને ભણાવે, એ જ રીતે પરંપરા ચાલતી હતી.

  દુકાળોમાં સાધુઓના કાળધર્મ થયા, ઘણું ભૂલાઈ ગયું.

  એમાં ઘણા શ્રુતજ્ઞાનનો લોપ થયો. તેને વ્યવસ્થિત કરાયું ત્યારે જુદા જુદા સાધુઓ પાસે જુદા જુદા પાઠો મળ્યા, તેવું બન્યું.

  લખવાનું શરૂ થયા પછી લખાયેલા ગ્રંથોનો પણ લોપ થયો છે.

  આ બધાના કારણે, કેટલીક બાબતોમાં પ્રભુના શાસનમાં મતાંતર છે, બે મત છે.
- આવી એક વાત છે, કેવળજ્ઞાન-કેવળદર્શનના ઉપયોગની.

  એક મત એવો છે કે કેવળજ્ઞાન થયા પછી કેવળજ્ઞાન-કેવળદર્શન બંનેનો ઉપયોગ

વારાફરતી હોય. આ મત જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો છે. એક મત એવો છે કે બંને ઉપયોગ સાથે જ હોય. આ મત સિદ્ધસેન દિવાકર સૂરિનો છે.

- ધર્મપરીક્ષા ગ્રંથમાં, મહો. યશોવિ. મ. એ એક પ્રશ્ન કર્યો છે.
  એ વાત નક્કી છે કે એ બે માંથી એક મત ખોટો છે.
  તો જેનો મત ખોટો છે, તેને મિથ્યાત્વ લાગે કે નહીં ?
  અને તેનો જવાબ આપ્યો છે – ના.
  કેમ ? તો જણાવ્યું છે કે બંને મતના પ્રણેતાઓને પોતાની ગુણવાન્ ગુરુ પરંપરાથી જે પદાર્થ મળ્યો છે, તે કહ્યો છે; તેથી તેમાં મિથ્યાત્વ લાગતું નથી !
  અર્થાત્ **ગુણવાન્ ગુરુ પાસેથી મળેલ પદાર્થને માને, તેને મિથ્યાત્વ લાગતું નથી, ભલે તે પદાર્થ શાસ્ત્રવિરૂદ્ધ હોય.**
- *સભા : પણ જે ગુરુએ તેની શરૂઆત કરી હોય, તેને લાગે ?*
  **તે શરૂઆત, અજ્ઞાનતાના કારણે થઈ હોય, તો ન લાગે.**
  આગમો મોઢે ચાલતા હતા, ત્યારે તેના પાઠોમાં ફેરફાર થઈ જાય, તે અસંભવ નથી.
  આ સભામાં બેઠેલી ૧ વ્યક્તિને ૧ વાક્ય હું કહું... તે બીજાને કહે... તેમ કરતાં ૧૫૦ જણાં સુધી પહોંચે, ત્યાં સુધીમાં ઘણો ફેરફાર થઈ જાય.
  આવા કારણો હોઈ શકે છે, જેનાથી જુદી જુદી માન્યતા ઊભી થાય.
- ડૉક્ટર, મેડિકલ સાયન્સના પુસ્તકોમાંથી ભણીને જ દવા આપે છે.
  મહત્ત્વ કોનું વધારે ? પુસ્તકોનું કે ડૉક્ટરનું ?
  આપણા માટે ડૉક્ટરનું જ હોય છે. તે જે દવા લેવાનું કહે, તે જ આપણે લઈએ છીએ.
  તે રીતે **શાસ્ત્રોમાંથી ગુરુ ભગવંત આપણને જે કહે, તેને જ અનુસરવાનું હોય છે.**
- અમારા ગુરુદેવે એક વાર સરસ રીતે સમજાવેલું.
  તમે ગાડી ચલાવતા હો... રસ્તા પર સિગ્નલ લાલ હોય... ત્યાં ઊભેલો ટ્રાફિક પોલીસ તમને જવાનો ઈશારો કરે, તો શું કરો ? જાવ.
  અને સિગ્નલ ગ્રીન હોય... ટ્રાફિક પોલીસ તમને ઊભા રહેવાનો ઈશારો કરે, તો શું કરો ? ઊભા રહેવું જ પડે. ન ઊભા રહો, તો દંડ થાય.
  એ રીતે, શાસ્ત્રવચન એ સિગ્નલ છે. ગુરુ એ ટ્રાફિક પોલીસ છે. **પરિસ્થિતિ અનુસારે, ગુરુની આજ્ઞા પ્રધાન બને છે.**
- સારભૂત વાત એ છે કે ગુરુની આજ્ઞાના સ્વીકાર વિના સમ્યગ્દર્શન સંભવતું નથી.

# કાંક્ષા – ૧

- યોગશાસ્ત્ર ગ્રંથમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મ. એ સમ્યક્ત્વના પાંચ દૂષણ બતાવ્યા છે.
  પહેલું દૂષણ શંકા છે, જેની વાત વિસ્તારથી આપણે કરી ગયા.
- બીજું દૂષણ છે કાંક્ષા. તેનો અર્થ છે અન્ય ધર્મની ઈચ્છા કરવી. તેના કહેવાતા ભગવાન, ગુરુ કે તેમના સ્થાન પ્રત્યે આકર્ષાવું.
  **સમકિતીને સુદેવ, સુગુરુ, સુધર્મ પર એવી દૃઢ શ્રદ્ધા હોય, કે બીજે ક્યાંય જવાની ઈચ્છા જ ન થાય.** બીજાનું આકર્ષણ થાય, તો તે સમ્યક્ત્વને દૂષિત કરનાર અતિચાર બને, જેનું નામ કાંક્ષા છે.
- મારે તમને પૂછવું છે – બીજે જવાની ઈચ્છા શા માટે થાય ?
  *સભા : અહીંયા શ્રદ્ધા ન હોવાથી.*
  એવું નથી. મોક્ષ મેળવવા બીજે જાય છે ? પ્રાયઃ તેવું નથી હોતું. મોક્ષ તો જૈન ધર્મની આરાધનાથી જ મળી શકે, એવી શ્રદ્ધા અખંડ હોય છે. તે પણ ન હોય, તો સમ્યક્ત્વનો સર્વથા અભાવ જ માનવો પડે, અતિચાર નહીં. અતિચાર એને કહેવાય, જ્યાં ગુણનો સર્વથા નાશ ન હોય, પણ આંશિક હ્રાસ હોય.
  અન્ય ધર્મના સ્થાનોમાં જવાના અનેક કારણો હોય છે, તેમાં એક મહત્ત્વનું કારણ છે – સુખ–સામગ્રીની ઈચ્છા.
  એવું માને છે કે જૈન ધર્મની આરાધનાથી મોક્ષ મળે, પણ સુખ–સામગ્રી ન મળે (અથવા ન મંગાય), અને એટલે તે મેળવવા બીજે જાય છે.
  સાંઈબાબા, સિદ્ધિવિનાયક વગેરે પાસે મનોકામનાની પૂર્તિ માટે ઘણાં જાય છે.
- એ લોકોને મારે કહેવું છે – **પ્રભુની ભક્તિથી મોક્ષ તો મળે જ છે; જ્યાં સુધી મોક્ષ ન મળે, ત્યાં સુધી સુખની બધી સામગ્રી પણ પ્રભુભક્તિથી મળે છે.**
  **સામગ્રી પુણ્યથી જ મળે છે, અને પુણ્ય ધર્મ કરવાથી જ બંધાય છે.**
- પ્રભુભક્તિ, ગુરુભક્તિ કે ધર્મથી આલોકની સુખ–સામગ્રી મળી હોય, તેવા દૃષ્ટાંતો તમે જાણતા નથી ?
  પુષ્પપૂજાના પ્રભાવે કુમારપાળ, અઢાર દેશના રાજા બન્યા, એ તમે જાણો જ છો.
  અભયકુમારની બુદ્ધિનું કારણ શું હતું ? પૂર્વભવમાં કરેલી પુષ્પપૂજા જ.
  શાલિભદ્રને ગુરુભક્તિ–સુપાત્રદાનના પ્રભાવે રોજની ૯૯ દેવતાઈ પેટી ઊતરતી હતી, તે પણ તમે જાણો જ છો.
- બેસતાં વર્ષે ચોપડાપૂજનમાં લખો છો → ધન્ના–શાલિભદ્રની રિદ્ધિ હોજો.

ઋદ્ધિ કોની પસે વધુ હતી ? ધન્નાજી કે મમ્મણ ? મમ્મણ પાસે કદાચ વધુ હતી. તો તેની ઋદ્ધિ કેમ નથી માગવાની ?

ઋદ્ધિ તો મળે, સાથે તેનો ત્યાગ કરવાની સદ્‌બુદ્ધિ પણ મળે; એટલા માટે ધન્ના-શાલિભદ્રની રિદ્ધિ જ મંગાય છે.

- શાસ્ત્રોમાં દૃષ્ટાંત છે. શેઠે મહાત્માને ૯ મોદક વહોરાવ્યા તો પછીના ભવમાં ૯ કરોડ સોનામહોરના માલિક બન્યા.

  બેસતાં વર્ષે ચોપડાપૂજનમાં લખો છો – કયવન્ના શેઠનું સૌભાગ્ય હોજો.

  આ કયવન્ના શેઠની કથા ખબર છે ? પૂર્વભવમાં મહાત્માને ઘી વહોરાવ્યું, તેના પ્રભાવે અપાર સમૃદ્ધિના માલિક બન્યા.

- આ બધા દૃષ્ટાંતો બતાવે છે કે પ્રભુભક્તિ-ગુરુભક્તિથી બધી જ સુખ-સામગ્રી મળે છે. તો પછી તેના માટે બીજે શા માટે જવાનું ?

- *સભા : આ બધા દૃષ્ટાંતમાં દેખાય છે કે પ્રભુભક્તિથી પુણ્ય બંધાય, તેનાથી આવતા ભવે સુખ-સામગ્રી મળે. અમારે તો આ ભવમાં, હમણાં જ જોઈએ છે.*

  તો જેને આ ભવમાં જ ફળ મળ્યું હોય, તેવા દૃષ્ટાંત બતાવું. ભીમા કુંડલીયાની કથા સાંભળી છે ? શત્રુંજયના જીર્ણોદ્ધારની ટીપમાં પોતાની સર્વ સંપત્તિ-સાત કોડી આપી દીધી. ઘરે આવ્યો તો ગાયને બાંધવાનો ખીલો નીકળી ગયો અને સોનામહોરોથી ભરેલો ચરૂ નીકળ્યો.

  આ ભવમાં જ નહીં, તે જ દિવસે પુણ્ય ઉદયમાં આવ્યું.

- શ્રીપાળની વાર્તા સાંભળી નથી ? નવપદની આરાધના કરી અને ૯ દિવસમાં તો કોઢ સંપૂર્ણપણે નાશ પામી ગયો. કાયા કંચનવર્ણી થઈ ગઈ. તે જ ભવમાં અપાર ઋદ્ધિ-સમૃદ્ધિ પામ્યા.

- હું તમને પૂછું છું – **તમે બજારમાં ગયા, લાખ-બે લાખની કમાણી થઈ, તે આજે સવારે કરેલી પ્રભુપૂજાનું ફળ નથી જ, એવું ખાતરીપૂર્વક કહી શકો છો ?**

  *સભા : પૂજા રોજ કરીએ છીએ. કમાણી ક્યારેક જ થાય છે, તો તેને પૂજાનું ફળ કેમ કહેવાય ?*

  પૂજાથી બંધાયેલું પુણ્ય, નિમિત્ત મળે ત્યારે ઉદયમાં આવે. નિમિત્ત રોજ ન પણ મળે. રોજના પૂજાના ભાવ જુદા-જુદા હોવાથી ઓછુંવત્તુ પુણ્ય બંધાય. આવા અનેક કારણો હોઈ શકે.

  અને હું બીજી વાત કરું. સવારે કમાવા માટે ગયેલા અનેક માણસો સાંજે જીવતા પાછા નથી આવતા. તમે રોજ સાંજે જીવતા પાછા આવો છો, એ રોજ કરાતી પ્રભુપૂજાનું ફળ ન હોઈ શકે ?

કઈ આરાધનાનું શું ફળ મળ્યું ? તે કહેવા કોઈ દેવ આવવાનો નથી. જે પણ **સુખ-સામગ્રી મળે છે, તે કોઈક આરાધનાના પ્રભાવે જ મળે છે, એ નિશ્ચિત છે.** એવી જેને શ્રદ્ધા હોય, તેને આ વિચાર આવે.

- કોરોનામાં ઘણાં ગયા. આપણે જીવીએ છીએ, બચી ગયા છીએ, એ પણ આવી જ કોઈક આરાધનાનો પ્રભાવ છે. જેને સવારે તંદુરસ્ત જોયા હોય, તેની સ્મશાનયાત્રાના સમાચાર સાંજે મળ્યા હોય, તેવો અનુભવ તમને પણ થયો જ હશે.
- સં. ૨૦૬૪ની સાલમાં મહેસાણા ચાતુર્માસ હતું. સિદ્ધિતપ હતા. પર્યુષણના ત્રીજા દિવસે વ્યાખ્યાનમાં કલ્પસૂત્ર ઘરે લઈ જવાનો ચડાવો બોલાતો હતો.

  સંઘના ટ્રસ્ટી અરણિકભાઈ, જેમની ઉંમર ૪૫ વર્ષની હતી, તેમની ભાવના હતી – બધા તપસ્વીઓના તેમના ઘરે પગલા થાય. તેથી ઉલ્લાસથી ચડાવો બોલ્યા. ૪૫૦૦૦ રૂપિયામાં આદેશ મળ્યો. નાના સંઘમાં, આજથી ૧૨ વર્ષ પૂર્વે, ૪૫૦૦૦ રૂપિયા નાની રકમ નહોતી.

  આદેશ અપાયા પછી, વાસક્ષેપ નખાવવા આવ્યા. મારો પગ પકડ્યો અને ત્યાં જ ઢળી પડ્યા ! સિવિયર હાર્ટ એટેક... ૧૦૮ બોલાવી, લઈ ગયા... પણ ચાલુ વ્યાખ્યાને જ સમાચાર આવી ગયા. અરણિકભાઈ ગયા !
- શાસ્ત્રમાં કથા આવે છે.

  ચોર, કોઈના ઘરમાં ચોરી કરવા ઘૂસ્યો. ત્યાં ખબર પડી કે ગર્ભવતી સ્ત્રી ભૂખી હતી અને ઘરમાં ખાવાનું નહોતું. બાજુના ઘરેથી મીઠાઈનો થાળ ચોરીને તેના ઘરમાં મૂકી દીધો.

  ચોર પકડાઈ ગયો. તેને ફાંસી આપવા લઈ જતા હતા, ત્યારે એક ઘટના બની. તેના માથે વાદળ હોવાથી છાંયડો હતો, કોટવાળના માથે તડકો. કોટવાળે ચોરને ફેરવ્યો, પોતે તેની જગ્યાએ આવ્યો. તો વાદળ પણ ફરી ગયું. છાંયડો ચોરના માથે જ રહ્યો. આવું ૨-૩ વાર થયું. રાજાને સમાચાર આપ્યા. તપાસ કરતાં ખબર પડી – રાતના જે દયા કરેલી, તેનો આ પ્રભાવ હતો. રાજાએ તેને છોડી મૂક્યો.

  નાનકડા ધર્મનો પ્રભાવ પણ તાત્કાલિક જોવા મળી શકે છે !
- જે મળવાનું છે, તે પ્રભુભક્તિથી જ મળશે – તેવી શ્રદ્ધા હોવી જોઈએ.

  ક્ષુલ્લક ચીજોને માટે પ્રભુને છોડીને બીજા પાસે જતાં લોકોને જોઈને સ્તવનની પંક્તિ યાદ આવે – કિહાં કાંકરો ને કિહાં મેરુશૃંગ ?

  પ્રભુ પર શ્રદ્ધા હોય, તે કદી બીજે જાય નહીં.

  સ્તવનમાં કહ્યું છે – જે માલતી ફૂલે મોહિઆ, તે બાવળ જઈ નવિ બેસે રે..
- સમ્યક્ત્વના ૬૭ બોલની સજ્ઝાયમાં મહો. યશોવિ. મ. કહે છે – **જિનભક્તે જે**

**નવિ થયું, તે બીજાથી નવિ થાય...**

આ દઢ શ્રદ્ધા સમકિતીને હોય.

એટલે કે જે કાર્ય પ્રભુભક્તિથી ન થાય, તે દુનિયામાં કોઈથી ન થાય. તો બીજા પાસે જવું શા માટે ?

- *સભા : કુળદેવીના સ્થાને જવાય ?*

સત્ત્વશાળી હોય, દઢ સમકિતી હોય, તે તો ત્યાં પણ ન જાય.

કુમારપાળ મહારાજાએ જૈન ધર્મ સ્વીકાર્યો, પછી કુળદેવીને બલિ આપવાનો બંધ કર્યો. કુળદેવીએ ઉપસર્ગ કર્યો. આખા શરીરે કોઢ ઉત્પન્ન કર્યો. તો કુમારપાળ ચિતામાં બળીને મરવા તૈયાર થયા, પણ બલિ ન આપ્યો.

તેવું સત્ત્વ ન હોય, તો 'કુળના આદ્ય પુરુષ (કે સ્ત્રી) છે, જે કુળની રક્ષા કરનારા છે' તેમ માનીને ઔચિત્ય સાચવી લે, જેથી ઉપદ્રવ ન થાય, ધર્મમાં વિઘ્ન ન આવે, મહામૂલો માનવભવ એળે ન જાય, આર્તધ્યાનાદિ ન થાય. પણ તેને ભગવાન ન માને, સર્વશક્તિમાન ન માને; તો સમ્યક્ત્વમાં વાંધો ન આવે.

તમારી સોસાયટીમાં કોઈ બળવાન્ માણસ રહેતો હોય, તેના થકી તમારા બધાની સુરક્ષા થતી હોય, તો તેને પણ તમે સલામ કરો છો, તેનું ઔચિત્ય સાચવી લો છો. તેના જેવી આ વાત સમજવી.

- **સમકિતી આ બધાનું ઔચિત્ય સાચવે, તો પણ એ શ્રદ્ધા અવિહડ હોય કે જે કંઈ થાય છે, તે કર્મનું ફળ છે. આ બધા તો બાહ્ય નિમિત્ત માત્ર છે.**

બિમાર પડ્યા હોય તો દવા લેવા અન્ય ધર્મના વૈદ પાસે જાય, પણ તેના ધર્મને સાચો ન માને. દવાથી સારું થાય, તો પણ એ શ્રદ્ધા અખંડ હોય કે દવા તો નિમિત્ત છે, મૂળ કારણ તો કર્મ જ છે.

- *સભા : સમકિતી દેવ-દેવી પાસે જાય ?*

સમકિતી દેવ કોને કહેવાય ? જે પ્રભુના ભક્તો પર પ્રસન્ન થાય, તે સાચા સમકિતી છે.

મારા ગુરુદેવ હાજર હોય... તમે મારી ભક્તિ કરો, મારા ગુરુદેવની સામે પણ ન જુઓ... ત્યારે જો હું તમારા પર પ્રસન્ન થાઉં, તો મારા ગુરુદેવનો શિષ્ય કહેવડાવવાને હું લાયક જ નથી.

તેમ, **જે પ્રભુની ઘોર ઉપેક્ષા કરીને પોતાની ભક્તિ કરનારા હોય, તેના પર પ્રસન્ન થાય, તેવા દેવ સમકિતી હોઈ શકે ખરા ? તમે જ નક્કી કરો.**

પ્રભુની ભક્તિ કર્યા પછી, સહાય કરનારા હોવાથી, સાધર્મિક હોવાથી, પ્રભુના ભક્ત હોવાથી, શાસનના રક્ષક હોવાથી ઉચિત રૂપે સમકિતી દેવનું સ્મરણ કે શ્રાવકો

તેમની ભક્તિ કરે, તેમાં વાંધો નથી.

પણ, **સમકિતી દેવો, પ્રભુની ભક્તિ કરનારા પર જ પ્રસન્ન થતા હોય છે.**

વર્તમાનકાળના સર્વોત્કૃષ્ટ પ્રભાવકોમાં જેમનું નામ અવશ્ય લેવું પડે, તેવા પૂ. કલાપૂર્ણસૂ. મ. ના ચરિત્રમાં લખ્યું છે – તેમણે જિંદગીમાં અરિહંત સિવાય કોઈની ઉપાસના કરી નથી કે કોઈને બતાવી નથી. છતાં તેમની પ્રભાવકતા અજોડ કહી શકાય તેવી હતી.

તેઓ પ્રકૃષ્ટ જ્ઞાની હતા, પણ પ્રખર વક્તા નહોતા, અવાજ પણ તેવો મોટો નહીં. છતાં, તેમનું નામ પડે અને હજારો માણસો દર્શન કરવા લાઈનો લગાડે... પોલીસ બોલાવવી પડે... એવી તેમની પ્રભાવકતા હતી.

- *સભા : સરસ્વતી દેવી તો માન્ય છે ને ?*

એવા ઘણાં દેવ–દેવી છે. પણ તે બધાનું સ્થાન, પ્રભુના સેવક રૂપે જ છે. તેમના ઉચિત સ્મરણનો કોઈ વાંધો જ નથી.

ગણધર ભગવંતો સરસ્વતીની સાધના કરતા નથી, છતાં પ્રભુની કૃપાથી ચૌદ પૂર્વની રચનાનું સામર્થ્ય તેમને મળે છે.

- *સભા : તિરુપતિમાં જે મૂર્તિ છે, તે તો આપણી જ છે. તો ત્યાં જવામાં શો વાંધો ?*

મૂળભૂત મૂર્તિ આપણી હોય, તો પણ હાલનું સ્વરૂપ આપણું નથી. એટલે તેને પરમાત્માની મૂર્તિ ન કહેવાય.

અને **શાસ્ત્રકારોએ, અન્ય ધર્મીના મંદિરમાં/કબજામાં રહેલી પરમાત્માની મૂર્તિને પણ નમસ્કાર કરવાની મનાઈ કરી છે.** તો પછી તિરુપતિ જવાનો પ્રશ્ન જ નથી રહેતો.

સમ્યક્ત્વ ઉચ્ચરાવાય, ત્યારે જે પ્રતિજ્ઞા અપાય છે, તેમાં સ્પષ્ટ શબ્દો છે – આજ પછી અરિહંત સિવાય કોઈની પ્રતિમાને હું નમસ્કાર નહીં કરું; અને અન્ય ધર્મીના કબજામાં રહેલી અરિહંતની પ્રતિમાને પણ હું નમસ્કાર નહીં કરું.

*સભા : તેનું શું કારણ ?*

ઘણાં કારણો છે. એક તો એ કે તમે અન્યના મંદિરમાં જાવ, પછી તેમના સાહિત્યથી, તેમના સંતોથી આકર્ષાવ. તમે બધું ભણેલા હોતા નથી. તેમની વાત સાચી લાગે, તેમનો ધર્મ સાચો લાગે. આમ મિથ્યાત્વનો ઉદય થાય.

માની લઈએ કે તમે દઢ સમકિતી હોવાથી વિચલિત ન થાવ. પણ તમને ત્યાં જતા જોઈને બીજા પણ જાય. તમારા સંતાનો–પરિવાર જાય. એમની શ્રદ્ધા તેવી દઢ ન હોય, તો તેઓ વિચલિત થઈ જાય.

આવા બીજા પણ કારણો છે.

- *સભા : કેસરિયાજી જવાય ?*

કેસરિયાજીનું જિનમંદિર, અન્ય ધર્મીના કબજામાં નથી.

સરકારે તેનો વહીવટ હસ્તગત કર્યો છે. માલિકી માટે કોર્ટમાં આપણો દાવો ઊભો છે. એટલે, તેની વાત જુદી છે. ત્યાં જવાથી ઉપર જણાવેલા નુકસાનો નથી જણાતા. ઊલ્ટું પુષ્કળ જૈનો ત્યાં જાય, તો આપણો દાવો વધુ મજબૂત થાય. તેથી ત્યાં જવાનો નિષેધ ગીતાર્થો નથી કરતા.

- *સભા : દિગંબરોના મંદિરમાં તો આપણા જ પરમાત્માની મૂર્તિ હોય છે. ત્યાં જવાય?*

  પૂ.હીરસૂરિ મ. એ દિગંબર સિવાયના જૈન પંથોના મંદિરોમાં જવાય, એવું વિધાન કર્યું છે. તેનો સૂચિતાર્થ સ્પષ્ટ છે. દિગંબરોને આપણાં શાસ્ત્રોમાં નિહ્નવ કહ્યા છે. નિહ્નવો સંઘની બહાર ગણાય છે.

  વધુ વાત અવસરે કરીશું.

- *સભા : ત્રિમંદિરમાં આપણા ભગવાનની મૂર્તિ હોય, ત્યાં જવાય ?*

  જુઓ, એક એકના નામ લઈને પૂછશો, તો ચોમાસું પૂરું થશે. પદાર્થ બહુ સ્પષ્ટ શાસ્ત્રકારોએ જણાવ્યો છે. ત્રિમંદિર જેઓ બનાવે છે, તે જૈન ધર્મનો પંથ નથી. જૈન સિદ્ધાંતો તેમને માન્ય નથી, તો તેનો નિષેધ સ્પષ્ટ થઈ જ જાય છે.

- વિચારવા જેવી વાત એ છે કે અન્ય ધર્મીઓ, પોતાના મંદિરમાં આપણા પરમાત્માની મૂર્તિ રાખે શા માટે ? તમને ત્યાં આવતા કરવા. તમને ત્યાં લાવીને તમારું બ્રેઈન વોશ કરવું હોય, અથવા બીજો કોઈ તમારી પાસેથી લાભ મેળવવો હોય, તેવો કોઈ આશય હોય...

  ત્યાં જવાથી, તેમની એ ચાલબાજી સફળ થાય કે બીજું કાંઈ ?

- સંભવનાથ ભ. ના સ્તવનમાં મહો.યશોવિ.મ. એ ગાયું છે – **દેશો તો તુમ હી ભલા, બીજા તો નવિ યાચું રે...**

  પ્રભુ સિવાય ક્યાંય જવાની જરૂર જ શા માટે ?

# કાંક્ષા – ૨

- જૈન શાસનને પામ્યા પછી, સુદેવ–સુગુરુ–સુધર્મ છોડીને અન્યત્ર આકર્ષાવું, તે સમ્યક્ત્વનો કાંક્ષા નામનો અતિચાર છે.
- અન્ય સ્થાનોમાં જવાનું મન કેમ થાય છે ?

  પ્રભુભક્તિથી, ધર્મની આરાધનાથી ઈહલૌકિક સુખો ન મળે, તેવી માન્યતા છે, જે ભ્રમ છે.

  આપણે જોયું હતું કે **પ્રભુભક્તિથી બધું જ મળી શકે છે, તત્કાળ પણ મળે છે, આપણને પણ મળ્યું હોઈ શકે છે.** એ જુદી વાત છે કે આપણને તેની ખબર ન હોય...
- અન્યત્ર જવાનું મન થવાનું એક કારણ એ પણ છે કે પ્રભુ પાસે ઈહલૌકિક સામગ્રીના સુખ ન મંગાય, એવી માન્યતા છે. અને સામગ્રીના સુખ જોઈએ તો છે જ. એટલે પછી તેના માટે બીજે જાય છે.
- મારે એક પ્રશ્ન કરવો છે.

  'સામગ્રીના સુખ માંગવા જેવી ચીજ જ નથી.' એ સમજાવવાનું હોય ? કે 'પરમાત્મા પાસે સામગ્રીના સુખ ન મંગાય.' એ સમજાવવાનું હોય ?

  *સભા : માંગવા જેવી ચીજ જ નથી, એ.*

  બન્યું છે એવું કે એ સમજાવાતું નથી, હજી સાંભળનારને સમજાયું હોતું નથી. અને એવું સમજાવાય છે કે 'પરમાત્મા પાસે કે ધર્મના ફળ તરીકે સામગ્રીના સુખ ન મંગાય.' એટલે સાંભળનાર એવું માની લે છે કે 'બીજા પાસે મંગાય.' અને પછી બીજે જતાં થઈ જાય છે, જે સમ્યક્ત્વનો અતિચાર બને છે.

  વાત એ છે કે **'સામગ્રીમાં સુખ જ નથી. એ મેળવવા જેવી ચીજ જ નથી.' એ સમજાવવાને બદલે, 'ધર્મના ફળ રૂપે માંગવા જેવી ચીજ નથી.' એવું જે સમજાવાય છે; તેમાંથી ગોટાળો સર્જાય છે.**

  *સભા : નિયાણા વગર ધર્મ કરવાનો કહ્યો છે ને ?*

  તેનો પરમાર્થ એ જ સમજવાનો છે કે સામગ્રીના સુખ મેળવવા જેવા જ નથી.

  એ વાત, ધર્મ કેવો કરવો જોઈએ ? તેના વર્ણનમાં છે. **સામગ્રીના સુખ જોઈતા જ હોય, તો શું કરવું જોઈએ ? એ પ્રશ્નના જવાબમાં તો સર્વત્ર શાસ્ત્રકારોએ એ જ કહ્યું છે કે ધર્મ જ કરવો જોઈએ.** ત્યાં એવું નથી કહ્યું કે એના માટે ધર્મ ન કરાય.

  હું આગળ જણાવીશ તે દૃષ્ટાંતોથી એ વાત સમજાશે.
- અમે બહુ ભારપૂર્વક એ વાત સમજાવીએ છીએ કે સામગ્રીમાં સુખ છે જ નહીં.

  પણ એ વાત બધાને સમજાઈ જતી નથી. સમજાય તો પણ અનંત કાળની

સંજ્ઞાઓના વળગણના કારણે, તેનું આકર્ષણ સર્વથા નષ્ટ થતું નથી. એટલે, એ સુખ બધાને જોઈએ તો છે જ.

હવે એ સુખ જોઈતા જ હોય, તો તેના માટે શું કરવાનું ? તો અમે એ જ કહીએ છીએ કે તે સુખની સામગ્રી પુણ્યથી જ મળે છે, પુણ્ય ધર્મથી જ બંધાય છે. એટલે તેના માટે કરવાનો તો ધર્મ જ છે.

એ સુખ–સામગ્રી માંગવી જ હોય, તો કોની પાસે માંગવાની ? તો અમે કહીએ છીએ કે પ્રભુ પાસે જ માંગવાની.

- ક્યારેક એવી વાત સાંભળવા મળે છે કે સમકિતીને ઇહલૌકિક સામગ્રીના સુખની ઇચ્છા હોય જ નહીં, મોક્ષના સુખની ઇચ્છા જ હોય.

  આ પદાર્થ બરાબર નથી. સમકિતીને મોક્ષના સુખની ઇચ્છા હોય જ, તેના વિના તો સમકિત હોઈ શકે જ નહીં.

  વળી, સામગ્રીના સુખો, વાસ્તવિક સુખ નથી, મેળવવા જેવી ચીજ નથી, એવી સમજણ પણ સમકિતીને હોય જ.

  છતાં **સમકિતીને અપ્રત્યાખ્યાન કષાયનો ઉદય હોય છે જ. વિરતિધરને પણ સંજ્વલન કષાયનો ઉદય હોય જ. વેદનો ઉદય પણ હોય જ. ક્ષપકશ્રેણિ સુધી આ બધાનો ઉદય હોય જ. તે બધાના ઉદયથી તેને સામગ્રીના સુખની ઇચ્છા પણ હોય જ.**

- **મોક્ષસુખની ગમે તેવી તીવ્ર ઇચ્છા હોય, જ્યાં સુધી મોક્ષ ન મળે, સંસારમાં રહેવું જ પડે, ત્યાં સુધી સંસારમાં પણ દુર્ગતિ ન થાય, દુઃખો ન આવે, સદ્‌ગતિ મળે, અનુકૂળ સામગ્રી મળે... એવી ઇચ્છા સમકિતીને પણ હોય જ.**

- શ્રેણિક કોનો જીવ છે ? તીર્થંકરનો. તીર્થંકરનું સમ્યગ્દર્શન સર્વોચ્ચ કોટિનું હોય છે, જેને 'વરબોધિ' કહેવાય છે. વળી શ્રેણિક તો ક્ષાયિક સમકિતના માલિક હતા, જે પૂર્ણ વિશુદ્ધ છે, જેમાં સ્હેજ પણ મલિનતા–અતિચાર સંભવતા નથી.

  આવા શ્રેણિક પણ નરકથી બચવા માંગતા હતા. નરકના દુઃખ તેમને પણ નહોતા જોઈતા. અને ભગવાન પાસે તેનાથી બચવાનો રસ્તો પૂછવા ગયા હતા.

  જો શ્રેણિક જેવા સર્વોત્કૃષ્ટ ક્ષાયિક સમકિતી પણ દુર્ગતિના દુઃખ નથી ઇચ્છતાં, અનુકૂળ સામગ્રી મળે તેવું ઇચ્છે છે; તો બીજા સમકિતીને તેવી ઇચ્છા હોય જ, તે સ્વાભાવિક છે.

- યાદ રાખવા જેવું છે કે **શ્રેણિક પ્રભુને મોક્ષનો ઉપાય પૂછવા નથી ગયા, નરકથી–દુઃખોથી બચવાનો ઉપાય પૂછવા જ ગયા છે. અને પ્રભુએ તેનો ઉપાય બતાવ્યો પણ છે જ. એમ નથી કહ્યું કે મારી પાસે મોક્ષ સિવાય કોઈ ઉપાય પૂછવા ન**

**અવાય... કે હું મોક્ષ સિવાય કોઇ માર્ગ ન બતાવું.**

- હું કદાચ સમકિતી હોઉં, દઢ સમકિતી હોઉં, મોક્ષની તીવ્ર ઇચ્છા ધરાવતો હોઉં... તો પણ, મને માથાનો-દાઢનો-પથરીનો તીવ્ર દુઃખાવો થાય, તો 'તે દુઃખાવો દૂર થાય તો સારું' એવી ઇચ્છા ન થાય ? થાય જ. તેનાથી કંઇ મારું સમકિત ચાલ્યું ન જાય.

  અને, **દુઃખાવો દૂર કરવા માટે દવા લઉં તે સારું ? કે મને શ્રદ્ધા હોય કે નવકાર ગણવાથી દુઃખાવો દૂર થઇ જશે, અને નવકાર ગણું તો સારું ?**

  અથવા એક વ્યક્તિ દુઃખાવો દૂર કરવા દવા લે.

  બીજી વ્યક્તિ દુઃખાવો દૂર કરવા પ્રભુભક્તિ કરે.

  બે માંથી સારું શું ?

  *સભા : નવકાર ગણવા, પ્રભુભક્તિ કરવી... તે જ.*

  તો પછી, ઇહલૌકિક સામગ્રીના સુખો માટે ધર્મ ન કરાય... તેવી વાત શી રીતે કરી શકાય ?

- *સભા : દવા મળે, તે પણ ધર્મનું જ ફળ છે ને ?*

  જુઓ, દુઃખાવો અશાતા વેદનીય કર્મનું ફળ છે. ધર્મથી સીધું જ તે કર્મ ખપી જાય અને દુઃખાવો દૂર થાય, તેવું પણ બની શકે.

  અનાથી મુનિના જીવનમાં શું બન્યું ?

  વર્ષોથી ચાલતો ભયંકર માથાનો દુઃખાવો, ધર્મના સંકલ્પ માત્રથી ચાલ્યો ગયો. દવાની જરૂર નથી પડી.

  ક્યારેક દવા રૂપી નિમિત્ત દ્વારા પાપનો ઉદય દૂર થાય, તેવું પણ બને.

- *સભા : 'સામગ્રીનું સુખ, એ વાસ્તવિક સુખ જ નથી.' એવું સમકિતી માને જ છે, તો તે સુખની ઇચ્છા કેમ થાય ?*

  તમે એલોપથી દવાની ભયંકર સાઇડ ઇફેક્ટ જાણતા હો છો. છતાં રોગની વેદના તીવ્ર બને, ત્યારે તત્કાળ તેને દૂર કરવા, તે દવાના આશરે જાવ જ છો ને ?

  તેની જેમ, **સમકિતીને સંજ્ઞાનો-કષાયનો ઉદય હોવાથી સામગ્રીના સુખની ઇચ્છા થાય.**

  વ્યસનના દારૂણ વિપાકો જાણવા છતાં, વ્યસન છોડી નથી શકાતું, તે તમે જોયું જ હશે.

- કેટલાક એવું કહે છે, શ્રેણિકે દુઃખથી બચવાનો ઉપાય પૂછ્યો છે, સુખનો નહીં. એ દલીલ તો જાત સાથેની છેતરપિંડી જ છે.

  દુઃખથી બચવું અને સુખ મેળવવું – એ બે તો એક સિક્કાની બે બાજુ જ છે. શ્રેણિક

૮૦ વર્ષની ઉંમરે પરણ્યા છે. તો તેમને સુખની ઇચ્છા હતી, એ નિશ્ચિત છે.

- સાક્ષાત્ સુખ માગ્યું હોય, તેવા દૃષ્ટાંત પણ શાસ્ત્રોમાં ઓછા નથી. શાશ્વત તીર્થ વિમલાચલ કે સિદ્ધાચલનું નામ શત્રુંજય શી રીતે પડ્યું ? તે જાણો છો ?

  શુક રાજાની કથા છે. તેમણે રાજ્ય ગુમાવ્યું. કોઇ કેવલિ ભગવંતને રાજ્ય પાછું મેળવવાનો ઉપાય પૂછ્યો.

  કેવલિ ભગવંતે એમ નથી કહ્યું કે અમે મોક્ષ સિવાય કોઇ માર્ગ ન બતાવીએ. રાજ્ય પાછું મેળવવા માટે વિમલગિરિની આરાધના બતાવી.

  શુક રાજાએ યાત્રા–આરાધના કરી. તેના પ્રભાવે રાજ્ય પાછું મળ્યું. તે જ ભવમાં ચારિત્ર લઇ મોક્ષે ગયા.

  કેવલિ ભગવંત જો રાજ્ય મેળવવાના ઉપાયરૂપે ધર્મ બતાવતા હોય, તો ઇહલૌકિક સુખ માટે ધર્મ ન કરાય, તેવું શી રીતે કહેવાય ?

  *સભા : કેવલિ ભગવંતને જ્ઞાનમાં દેખાયું હશે કે પરંપરાએ આરાધક થવાના છે, તેથી રાજ્યનો ઉપાય બતાવ્યો.*

  તો અમે પણ શ્રુતજ્ઞાન દ્વારા સામાની પાત્રતા જાણીને ઉપદેશ કેમ ન કરી શકીએ? એવો નિયમ કરશો કે કેવલજ્ઞાનથી નિશ્ચિત જાણીને જ ઉપદેશ કરાય, તો શાસન ચાલી જ નથી શકવાનું.

  હા, અમે છદ્મસ્થ છીએ. ક્યારેક કોઇની પાત્રતાનો નિર્ણય કરવામાં થાપ ખાઇ જઇએ, તેવું બને. તેટલા માત્રથી સર્વથા ઉપદેશ બંધ ન કરાય.

  નહીં તો, ક્યારેક અપાત્રને દીક્ષા અપાઇ જતી હોવાથી, ચારિત્ર આપવું બંધ કરવું પડશે. શાસન શી રીતે ચાલશે ?

  શાસ્ત્રકારોએ જીવોની કક્ષા જાણવાના ચિહ્નો બતાવ્યા છે. તેના અનુસારે કેવી દેશના આપવી ? તે પણ જણાવ્યું છે જ. તે રીતે દેશના છદ્મસ્થ એવા અમે આપી જ શકીએ.

- **દ્વારિકાનગરીના લોકોને દ્વૈપાયનના ઉપસર્ગથી બચવા ખુદ નેમિનાથ ભગવાને આયંબિલનો ઉપાય બતાવ્યો છે, એ જાણીતી વાત છે.**

  તો ઇહલૌકિક સુખ માટે ધર્મ ન કરાય, એ વાત શી રીતે કરાય ?

- શાસ્ત્રોમાં વાત આવે છે. ધર્મી શેઠનો દીકરો સાવ નાસ્તિક હતો. જે ગુરુ ભગવંત પાસે લઇ જાય, તેની મશ્કરી કરે.

  એક ગીતાર્થ ગુરુ ભગવંત નગરમાં પધાર્યા. શેઠે તેમને વાત કરી. તેમણે કહ્યું – મારી પાસે લઇ આવો. શેઠ લઇને ગયા.

  ગુરુ ભગવંતે ઉપદેશ શરૂ કર્યો – ‘પૈસા શી રીતે મળે ? ખબર છે ?’

પેલાને થયું, આવી વાત તો કોઈ ગુરુ ભગવંતે કરી જ નથી. પલાંઠી વાળીને બેસી ગયો. એકાગ્ર ચિત્તે સાંભળવા લાગ્યો.

ગુરુ ભગવંત કુશળ હતા. વાત અધૂરી મૂકીને કહ્યું – 'હવે આવતી કાલે.' રોજ આવવા લાગ્યો. ધીમે ધીમે ગુરુ ભગવંતે ધર્મ પર ચડાવી દીધો.

- અમારી વાત તમને ગળે ઊતરે, તે માટે જરૂરી છે કે તમને અમારા પર શ્રદ્ધા–આદર હોય, ઋણાનુબંધ હોય.

**અમારે તમને જે કહેવું છે, તે કહેવા પૂર્વે એ શ્રદ્ધા ઊભી કરવી પડે, ઋણાનુબંધ ઊભો કરવો પડે.**

**તેના માટે આક્ષેપિણી–વિક્ષેપિણી કથા કરવાનું વિધાન અમને શાસ્ત્રકારોએ કર્યું છે. તેનાથી શ્રોતા આવર્જિત થાય, પછી જ સંવેજની–નિર્વેદની (વૈરાગ્ય ઉત્પન્ન કરનારી) કથા કહેવાની હોય છે.**

- મહો. યશોવિ. મ. એ ગાયું છે – દેશો તો તુમહી ભલા...

અજિત–શાંતિ સ્તવનની છેલ્લી ગાથામાં શાસ્ત્રકારે કહ્યું છે – જો સુવિસ્તૃત કીર્તિ જોઈતી હોય, તો પણ ધર્મ જ કરો.

આવા ઢગલાબંધ શાસ્ત્રવચનો છે.

*સભા : ઈહ–પરલોકના સુખની આશંસાને અતિચાર કહ્યો છે ને ?*

હા. એટલે જ, તેવો ધર્મ પૂર્ણ શુદ્ધ નથી.

**પૂર્ણ શુદ્ધ ધર્મ તો મોક્ષની ઈચ્છાથી થાય, તે જ છે. તે કરવો શ્રેષ્ઠ છે.**

**પણ એનો અર્થ એ નથી કે ઈહલૌકિક સુખની ઈચ્છાથી થાય તે ધર્મ જ નથી – અધર્મ છે. તે પણ છે તો ધર્મ જ.** પૂર્ણ શુદ્ધ ધર્મ શીઘ્ર મોક્ષ આપે, તેટલો શીઘ્ર મોક્ષ આ ધર્મથી ન થાય, તો પણ પરંપરાએ તે મોક્ષપ્રાપક બને છે.

પૂર્ણ શુદ્ધ ધર્મને અમૃત અનુષ્ઠાન કહ્યું છે. તે શીઘ્ર મોક્ષ આપે. ઈહલૌકિક સુખની ઈચ્છાથી યુક્ત ધર્મ, તદ્‌હેતુ અનુષ્ઠાન બની શકે છે, જે પરંપરાએ મોક્ષપ્રાપક બને છે.

મોક્ષમાં કેટલોક વિલંબ થતો હોવા છતાં, હકીકતમાં તે મોક્ષપ્રાપક જ કહેવાય છે, સંસારવર્ધક નહીં.

- અવંતિસુકુમાલે ચારિત્ર શેના માટે લીધું ?

*સભા : દેવલોકમાં જવા માટે.*

બરાબર. જો તેમણે માત્ર મોક્ષની ઈચ્છાથી ચારિત્ર લઈને પાળ્યું હોત, તો કદાચ સીધા મોક્ષે પણ ગયા હોત. દેવલોકની ઈચ્છાથી લીધું અને પાળ્યું, તેથી ૩ ભવે મોક્ષે જશે. આમ ૩ ભવનો વિલંબ થયો. પણ તેથી તેમનું ચારિત્ર સંસારવર્ધક નથી

કહેવાતું. ચારિત્ર તો મોક્ષપ્રાપક જ છે. તેમની દેવલેકની ઇચ્છાના કારણે ૩ ભવનો વિલંબ થયો.

- અવિધિ બે પ્રકારની હોઈ શકે.

  ૧. અજ્ઞાનતાથી, કંઈક પ્રમાદથી થતી અવિધિ.

  ૨. બેદરકારીથી, વિધિની ઉપેક્ષાથી થતી અવિધિ.

  કઈ અવિધિ સંસાર વધારે ?

  **બેદરકારી–ઉપેક્ષાથી થતી અવિધિ જ સંસાર વધારી શકે.**

  **અજ્ઞાનાદિથી થતી અવિધિ જો સંસાર વધારતી હોય, તો તો ધર્મ થઈ જ નહીં શકે, કારણકે પ્રારંભિક અભ્યાસ દશામાં અવિધિ હોય જ.**

- ફરી જણાવું કે અમે સામગ્રીમાં સુખ માનતા જ નથી. તેને મેળવવા જેવું કહેતા જ નથી.

  પણ જાણીએ છીએ કે તેની ઇચ્છા તમને છે જ. તો કહીએ છીએ કે તે મેળવવાનો ઉપાય તો ધર્મ જ છે.

  જો તેવી કોઈ ઇચ્છા વિના, **માત્ર મોક્ષની ઇચ્છાથી ધર્મ કરશો, તો પૂર્ણ શુદ્ધ બનશે, શીઘ્ર મોક્ષ આપશે.**

  **જો ઇહલૌકિક સામગ્રીની ઇચ્છા હશે, તો મોક્ષમાં વિલંબ થશે, પણ તેના માટે કરવાનો તો ધર્મ જ છે.**

  **જો અંતરમાં એ સમજણ સ્થિર હશે કે આ સુખો વાસ્તવિક નથી, તો એ ધર્મ પણ અંતે હિતકર જ થશે, સંસારવર્ધક નહીં બને.**

# કાંક્ષા – ૩

- સુદેવ–સુગુરુ–સુધર્મને છોડીને અન્યો પ્રત્યે આકર્ષાવું, તે કાંક્ષા નામનો સમ્યક્ત્વનો અતિચાર છે.
- અન્ય ધર્મના સ્થાનોમાં જવાની ઇચ્છા થવાનું એક કારણ કુતૂહલ છે.
  તેની સુંદરતાની પ્રસિદ્ધિથી આકર્ષાઇને જોવા જવાનું મન ઘણાંને થતું હોય છે.
- આરાધક શ્રાવક, તીર્થયાત્રાએ જાય, શોખથી ફરવા ન જાય.
  ફરવા માટે ફરવાના સ્થળોએ જવું, તે પાપ તો છે જ. પણ તેમાં શ્રદ્ધા વિચલિત થવાની, સમ્યક્ત્વ દૂષિત થવાની સંભાવના અલ્પ છે.
  **અન્ય ધર્મના સ્થાનોમાં જવાથી તો તેમના સાહિત્ય વગેરેથી શ્રદ્ધાનો નાશ થવાની શક્યતા ઘણી મોટી છે. તે સમ્યક્ત્વને દૂષિત કરે, સમ્યક્ત્વથી પતિત કરે, તેવી શક્યતા ઘણી છે. એટલે જ તેવા સ્થાનોમાં જવાની શાસ્ત્રકારો મનાઈ કરે છે.**
- જો અન્ય સ્થાનમાં રહેલી અરિહંતની પ્રતિમાને નમસ્કાર કરવા પણ ત્યાં જવાનું ન હોય, તો કુતૂહલથી જોવા જવાનો તો પ્રશ્ન જ ક્યાં રહે ?
- સુંદરતા વગેરે જ જોવા હોય, તો આપણાં જિનાલયોમાં પણ ક્યાં નથી ? રાણકપુર–દેલવાડા તો વિશ્વ–પ્રસિદ્ધ છે જ. એવા સેંકડો જિનાલયો છે.
  પણ પારકાના કાંડે બાંધેલી ઘડિયાળ જ સારી લાગે, એવી તમારી માનસિકતા છે.
- અન્યત્ર જવાની ઇચ્છા થવાનું એક કારણ ચમત્કારો સંભળાય છે, તે છે.
  શિરડીના ચમત્કારો ખૂબ કહેવાય છે.
  વર્ષો પૂર્વે વાત ઊડેલી – ગણપતિ દૂધ પીએ છે..
  આવું સાંભળીને જોવા જવાનું મન થાય છે, આકર્ષણ થાય છે.
- ચમત્કારો શેનાથી થાય ? મોટે ભાગે દૈવી પ્રભાવ–સહાય હોય, તેવી સંભાવના વધુ છે.
  પણ એ વાત સમજવાની જરૂર છે કે **દૈવી સહાય હોવાથી, તે વ્યક્તિ કે તેની માન્યતા–પ્રરૂપણા, સાચી હોવાનો નિર્ણય ન થઇ જાય.**
- એક વાત યાદ રાખો કે દરેક સમકિતી દેવની સામે અસંખ્ય મિથ્યાત્વી દેવો હોય છે. તેઓ પોતાનો માન–કષાય પોષવા, પ્રસિદ્ધિ વધારવા પોતાના સ્થાનોમાં ચમત્કારો બતાવે, તેમાં કોઇ આશ્ચર્ય નથી.
  આ તો હુંડા અવસર્પિણી કાળ છે, પાંચમો આરો છે. તેમાં સમકિતી દેવો કરતાં મિથ્યાત્વી દેવોનું જોર વધુ હોય છે, તે કાળનો પ્રભાવ છે. એટલે તેમના ચમત્કારો–પ્રભાવ વધુ દેખાય, તેમાં કોઇ આશ્ચર્ય નથી.

પણ ચમત્કારોથી કોઈ પણ ચીજ સાચી કે સારી હોવાનો નિર્ણય ન થાય.

- કુમારપાળનો કુળપરંપરાથી આવેલ ધર્મ, શૈવ ધર્મ હતો. કલિકાલ-સર્વજ્ઞથી પ્રતિબોધ પામ્યા પછી તેઓ જૈન ધર્મી બન્યા, શ્રાવક બન્યા, પરમાર્હત્ બન્યા.
  બ્રાહ્મણોને આ ન ગમે, તે સ્વાભાવિક છે. દેવબોધિ નામના બ્રાહ્મણે, કુમારપાળને પાછો શૈવધર્મી બનાવવા, ચમત્કારો દેખાડ્યા. દેવલોકમાંથી ઊતરેલા તેમના માતા-પિતાએ તેમને કહ્યું – શૈવ ધર્મ છોડતો નહીં – આવું બતાવ્યું.
  કલિકાલસર્વજ્ઞને મંત્રીશ્વર દ્વારા આ વાતની જાણ થઈ. તેમણે એક ઉપર એક, એમ ૭ પાટ મૂકીને દેશના શરૂ કરી. નીચેથી ૧ પછી ૧, એમ સાતે પાટ ખસેડી લીધી, હવામાં અદ્ધર રહીને દેશના આપી.
  પછી કુમારપાળની ૭ પેઢી સ્વર્ગમાંથી ઊતરી, જેમણે કહ્યું કે જૈન ધર્મ જ સાચો છે.
  છેલ્લે આચાર્ય ભગવંતે કહ્યું કે આ બધી માયાજાળ છે, આવું તો કોઈ પણ કરી શકે. તેનાથી ધર્મની સત્યતાની પરીક્ષા ન થાય.
- **ધર્મની સત્યતા માટે શાસ્ત્રોમાં કષ-છેદ-તાપ પરીક્ષા બતાવી છે. તે ૩ પરીક્ષાથી જે શુદ્ધ હોય, તે જ સાચો ધર્મ છે.**
  **માત્ર બાહ્ય પ્રભાવથી-ચમત્કારોથી કશું અંજાવા જેવું નથી.**
- એમ તો, આ લોકમાં ભ્રષ્ટાચારી-દુરાચારી રાજકારણીઓ-અધિકારીઓ દ્વારા પણ ઘણાં કાર્યો થઈ જતા હોય છે. પણ તેટલા માત્રથી, તેઓ સારા કે સાચા હોવાનું ન કહેવાય.
  તેમ, કદાચ કોઈની માનતા-આરાધના ફળતી હોય, તેટલા માત્રથી તે ધર્મ સાચો, એવું કહી ન શકાય.
- સમ્યક્ત્વના આઠ આચારમાં, ચોથો આચાર છે – અમૂઢ દૃષ્ટિ.
  મૂઢ દૃષ્ટિ એટલે શું ? **વાસ્તવમાં ગુણ-ગુણવાન્ જ પૂજ્ય છે, બહુમાનને યોગ્ય છે. છતાં ગુણ છે કે નહીં ? તેની પરીક્ષા કર્યા વિના, માત્ર પુણ્યથી અંજાઈ જવું, તે મૂઢ દૃષ્ટિ છે.**
- એ વાત ધ્યાનમાં રાખો કે ગુણ અને પુણ્યને સંબંધ હોય જ, તેવો નિયમ નથી.
  **અત્યંત ગુણવાન્ – ત્યાગી, તપસ્વી, સંયમી, સમર્પિત, નિઃસ્પૃહ, જ્ઞાની એવા મહાત્મા પણ પુણ્યશાળી ન હોય, તેવું બની શકે છે.**
- અમે ૧૨ મહાત્મા છીએ. તમે તેમાંથી કેટલાને ઓળખો છો ? મને... પં. મૃદુસુંદરવિ. ને... બે જણાં વ્યાખ્યાન કરીએ છીએ, તેમને... બીજાને લગભગ કોઈ નહીં ઓળખતું હોય.
  હકીકતમાં તો એવું બની શકે કે બીજા બધા મહાત્માઓ અમારા કરતાં વધુ ગુણવાન્

હોય.

- પ્રવચન કરતા થયા, એટલે શારીરિક શ્રમના કારણે અમારા જીવનમાં તપ ઘટ્યો.
  જો કે અખંડ એકાસણાં જાળવીને વ્યાખ્યાન કરનારા મહાપુરૂષો હોય છે.
  પૂ. ભુવનભાનુસૂ. મ., લાંબી ઓળીઓ કરવા સાથે વ્યાખ્યાન કરતા હતા.
  અમારા પૂ. આ. શ્રી અભયશેખરસૂ. મ. ને શ્રમણીગણનાયકનું પદ અપાયું, ત્યારે બધા મહાત્માઓએ ભેગા થઈને સ્વ. ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂ. મ. ને કહ્યું હતું – તેમને બેસણું કરવાની આજ્ઞા કરો. અર્થાત્ ત્યાં સુધી તેઓ પ્રાયઃ એકાસણાં કરતા હતા.
  એટલે તપ જાળવીને પણ પ્રવચન આપનારા મહાપુરૂષો હોય છે. પણ મારું તો તેવું નથી. પ્રવચનનો શ્રમ હોય, તો એકાસણું પણ દુઃશક્ય બને છે.
  એક કાળ એવો હતો કે વર્ષના ૩૫૨ દિવસ એકાસણાં હોય. અને પર્યુષણની આરાધના કરાવવા જવાનું થયું હોય, ત્યાં પ્રવચન કરવાના હોવાથી ૮ દિવસ નવકારશી હોય.
  મારી વાત એ હતી કે મારા જીવનમાં તપ નથી. મારા શિષ્યોના જીવનમાં નિરંતર એકાસણાં વગેરે તપ હોઈ શકે છે, અને છે પણ.
  અમે વડીલ થયા. સંઘની જવાબદારીઓ, કાર્યોની વ્યસ્તતાના કારણે સ્વાધ્યાય પણ ઘટી જાય છે. મારા શિષ્યો આખો દિવસ સતત સ્વાધ્યાય કરતા હોય છે.
  એટલે લગભગ બધા શિષ્યો, તપ–સ્વાધ્યાય વગેરે ગુણોમાં મારા કરતાં આગળ છે. છતાં તમે મને ઓળખો છો, તેમને નહીં. કેમ ? કારણકે મારી પાસે પુણ્ય છે. બોલવાની આવડત છે.
  અલબત્ત, હું પણ સાધુ છું, સર્વથા ગુણશૂન્ય કદાચ નથી. પણ વાત એ છે કે ગુણ હોવા છતાં, પુણ્ય ન હોય, તેવું બને છે.
- મારા એક ગુરુભાઈ છે. અમારા ગુરુદેવે અનેક વાર વાચનામાં અમને કહ્યું છે – આપણા બધામાં સૌથી પહેલા મોક્ષે જવાના છે, તેવા ગુણવાન્ છે. સંયમી, સમર્પિત, સ્વાધ્યાયી, તપસ્વી... બધા જ ગુણો છે.
  પણ તેમને બહુ ઓછા લોકો ઓળખતા હશે. કારણકે સ્વતંત્ર ચાતુર્માસ નથી કરતા. ક્વચિત્ જ વ્યાખ્યાન કરતા હશે. મને લોકો ઓળખે છે, કારણકે ઘણાં વર્ષથી સ્વતંત્ર ચાતુર્માસ કરું છું.
- મોટે ભાગે અમને વંદન કરવા આવનારા, અમારા શિષ્યોને વંદન નથી કરતા.
  *સભા : આપનો ડર લાગે છે.*
  મેં કોઈ દિવસ કોઈ ભાઈઓને, મહાત્માને વંદન કરવાની ના પાડી નથી. હા,

ફોગટની વાતચીત–વિકથા કરતો હોય, તેને ના પાડું. તો ડરવાનું શું કારણ છે? અને ડર લાગતો હોય, તો પૂછીને કરવાનું.

ચાલો, મારો ડર લાગતો હશે.

મારા ગુરુદેવ સાથે ૭ વર્ષ રહ્યો, ત્યારે જોયું છે, ગુરુદેવને વંદન કરવા આવનારા મોટા ભાગના લોકો, ગુરુદેવને વંદન કરીને ચાલ્યા જાય. દસે એક શ્રાવક, બીજા સાધુને વંદન કરે. મારા ગુરુદેવનો સ્વભાવ તો એવો નથી કે તેમનાથી ડર લાગે. તો શા માટે બીજાને વંદન ન કરે ?

- હકીકત એ છે કે તમે પુણ્યથી ખેંચાવ છો, ગુણ જોતા નથી. **માત્ર પુણ્યશાળીને જ વંદન કરવા, તે તમારો વિશિષ્ટ ગુણ નથી, કારણકે એ તો તેમનું પુણ્ય જ તમને ખેંચી રહ્યું હોય છે. તમારો ગુણ ત્યારે કહેવાય, જ્યારે તમે પુણ્યહીન એવા ગુણવાન્‌ને વંદન કરો.**

  *સભા : અમને ગુણની ખબર શી રીતે પડે ?*

  એક સાધુને વંદન કરીને વિનંતી કરવાની – આપના ગુરુભાઈઓના ગુણો અમને જણાવો. તો જાણવા મળશે.

- આપણી વાત એ હતી કે ગુણવાન્ હોવા છતાં પુણ્ય ન હોય, તે સંભવે છે.

  તેવી જ રીતે, ગુણ ન હોવા છતાં પુણ્ય પ્રચંડ હોય, તેવું પણ બની શકે છે. અંગારમર્દક અભવ્ય હતા, ગુણ હતા જ નહીં. છતાં પુણ્ય કેવું ? ૫૦૦ શિષ્યો હતા. હાલ કોઈ એવા પુણ્યશાળી નથી કે જેના ૨૦૦ શિષ્યો પણ હોય.

- **ગુણહીનના પુણ્યથી ખેંચાવું, તે જ મૂઢદષ્ટિતા છે.**

  વિવેક ગુણની પરીક્ષા કરવામાં છે.

- **જિનશાસન, ગુણના વિકાસ માટે છે, પુણ્યનું ઉપાર્જન કરવા માટે નહીં.**

  **ગુણવાન્‌નું જ બહુમાન કરવાનું હોય છે. તેનાથી જ આપણા ગુણના અંતરાય તૂટે છે, ક્ષયોપશમ થાય છે, ગુણ વિકસે છે.**

- અમદાવાદ પંકજ સોસાયટીના ભુવનભાનુસૂરિ સ્મૃતિ મંદિરમાં, અમે અમારા ગુરુદેવ સાથે, પૂ. ભદ્રંકરસૂરિ મ. (બાપજી મ.ના સમુદાયના) ની સાથે હતા. ત્યારે બદરીનાથમાં જેની પ્રતિષ્ઠા થઈ, તે આદિનાથ ભ. ની પ્રતિમા, સર્વત્ર દર્શન માટે ફેરવવામાં આવેલી. ત્યાં પણ આવેલી. અમે સહુ સાંજે દર્શન કરવા ગયેલા. આવીને સૂર્યાસ્ત પછી પૂ. ભદ્રંકરસૂ. મ. પાસે, તેમને વંદન કરવા ભેગા થયાં. મારા ગુરુદેવે તેઓશ્રીને કહ્યું – 'પ્રતિમા સુંદર હતી.' પૂ. ભદ્રંકરસૂ. મ. કહે – 'પ્રતિમા ગમી, પણ વીતરાગતા ગમી ?'

  હકીકતમાં પરમાત્માની વીતરાગતા ગમાડવાની છે.

**પ્રતિમાના માધ્યમે પણ પરમાત્માની વીતરાગતા ગમે, તો જ આત્માને લાભ થાય.**
માત્ર પ્રતિમાની સુંદરતા તો ચક્ષુનો વિષય છે. તેનાથી આત્માને લાભ ન થાય. તેવી કે તેનાથી વધુ સુંદરતા બીજાની પણ હોઈ શકે. જો સુંદરતા જ ગમાડશું, તો બીજે પણ જતાં થઈશું, એ જ મૂઢદષ્ટિતા છે.

- દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ગ્રંથમાં શાસ્ત્રકાર મહો. યશોવિ. મ. કહે છે – **પ્રભુની મહાનતા, સમવસરણ વગેરે ઋદ્ધિના કારણે નથી.** તે તો ઈન્દ્રજાળીયો પણ કરી શકે. અંબડ પરિવ્રાજકે કરી જ હતી.
  **પ્રભુની મહાનતા ગુણોના કારણે છે.**
  **એટલે પ્રભુનું આકર્ષણ પણ માત્ર પુણ્યના કારણે નથી કરવાનું, ગુણોના કારણે જ કરવાનું છે.**
- જો પ્રભુમાં પણ ગુણો જ જોવાના હોય, તો ગુરુમાં તો જોવાના હોય જ.
  ગુણની પરીક્ષા વિના, માત્ર પુણ્યથી આકર્ષાઈને કોઈને ગુરુ બનાવી બેઠાં, તો થાપ ખાઈ જશું. એ જ મૂઢદષ્ટિતા છે.
- *સભા : પુણ્ય સાચાનું જ હોય ને ?*
  એવો કોઈ નિયમ નથી, એ જ તો હું કહેવા માંગું છું.
  ગોશાળો સાચો હતો ? નહીં જ. છતાં તેના ૧૧ લાખ અનુયાયી હતા. કેવું પુણ્ય હશે?
  અત્યારે દાદા ભગવાનના નામનો પંથ ચાલે છે. તેમનું સાહિત્ય વાંચો, તો હસવું આવે તેવી માન્યતાઓ છે. છતાં તેમના કેટલા અનુયાયીઓ છે ? એ બધા પુણ્યના ખેલ છે.
  પુણ્ય તો હિટલરનું પણ હતું, સદ્દામ હુસેનનું પણ હતું, દાઉદ ઈબ્રાહિમનું પણ છે. એ બધા સાચા નથી જ.
- સાર એ છે કે ગુણની પરીક્ષા કરીને જ આકર્ષાવું, તે અમૂઢદષ્ટિતા છે.
  અને તે પરીક્ષામાં પ્રભુના માર્ગ સિવાય કોઈ પંથ ઉત્તીર્ણ થતો નથી. તે પંથીઓના પુણ્યથી ખેંચાવું, તે કાંક્ષા નામનો અતિચાર છે.

# વિચિકિત્સા – ૧

- સમ્યક્ત્વનું ત્રીજું દૂષણ છે – વિચિકિત્સા.
  વિચિકિત્સા બે પ્રકારની છે. એક પ્રકાર છે, ધર્મના ફળમાં શંકા કરવી.
- પહેલું દૂષણ શંકા હતું, તે શંકા 'પ્રભુનું વચન સાચું છે કે નહીં ?' તેવા પ્રકારની સમજવાની છે.
  વિચિકિત્સામાં, 'જે ધર્મ કરું છું, તેનું ફળ મળશે કે નહીં ?' તેવી શંકા હોય છે.
- તમને ધર્મનું ફળ મળે જ, તેવી શ્રદ્ધા ખરી ?
  *સભા : તો જ ધર્મ કરીએ ને ?*
  એવું જરૂરી નથી. ધર્મ કરવાના કારણો ઘણાં હોઈ શકે. ટેવ પડી હોવાથી પણ ધર્મ થાય. સ્નાન કરો, એટલે પૂજા કરવાની – એવી ટેવ પણ હોય છે. પછી તેઓ જ ફરિયાદ કરતા હોય છે – વર્ષોથી પૂજા કરવા છતાં કંઇ ફળ મળતું નથી.
- ધર્મના ફળ પર તમારી શ્રદ્ધા કેવી છે ? તે વાત, એક દૃષ્ટાંતથી સમજાશે.
  ગોરેગાંવ–મુંબઇમાં મારા ગુરુદેવને મળવા એક ભાઈ આવેલા. તેમણે એક પ્રસંગ જણાવ્યો. પૌત્રને લઇને દેરાસર દર્શન કરવા ગયા. દર્શન કરાવીને પૌત્રના હાથમાં પૈસા આપીને કહ્યું – 'બેટા, ભંડારમાં નાખ.' પૌત્રએ પૂછ્યું – 'દાદા, ભંડારમાં પૈસા શું કામ નાખવાના ?'
  તમે પણ તમારા નાના દીકરા કે પૌત્રને આવું શીખવાડતા હશો. તે આવો પ્રશ્ન પૂછે, તો શું જવાબ આપો ?
  *સભા : ધનની મૂર્છા ઉતારવા માટે.*
  નાની ઉંમરના બાળકને આવા ભારેખમ શબ્દોમાં શું સમજાય ? તેની ભાષામાં જવાબ આપવો પડે.
  *સભા : પુણ્ય બાંધવા માટે.*
  તો તે પૂછશે – પુણ્ય એટલે શું ? એ શું કામ બાંધવાનું ?
  પેલા ભાઈએ તેની ભાષામાં જવાબ આપ્યો – 'બેટા, આમાં જેટલા પૈસા મૂકીએ, તેના અનેક ગણાં થઈને પાછા મળે.' આવો જવાબ દીકરાને સમજાય.
  પણ પછી દીકરાએ સરસ પ્રશ્ન કર્યો – 'દાદા, જો અનેક ગણાં થઈને પાછા મળતા હોય, તો આટલા જ પૈસા કેમ ભંડારમાં મૂકવાના ? પાકીટમાં છે, એટલા બધા કેમ નહીં ?'
  છે તમારી પાસે આ સવાલનો કોઇ જવાબ ?
- હકીકત એ છે કે **તમને ધર્મમાં સર્વથા અશ્રદ્ધા તો નથી, એટલે ધર્મ કરો તો છો જ.**

**પણ તેવી તીવ્ર શ્રદ્ધા પણ નથી, એટલે વિચારી-વિચારીને કરો છો, જોઈએ તેવું જોર ધર્મમાં આવતું નથી. પુરુષાર્થ નબળો કરો છો.**

- ધર્મના ફળનો મુખ્ય આધાર તો અધ્યવસાય જ છે. પ્રવૃત્તિ, અધ્યવસાયને શુદ્ધ કરવા દ્વારા જ ફળ આપે છે.

  તમને **શ્રદ્ધા તીવ્ર ન હોવાથી પ્રવૃત્તિ તો નબળી થાય જ છે, સાથે મંદ શ્રદ્ધાના કારણે અધ્યવસાય પણ ઊંચકાતા નથી. એટલે ફળ પણ અલ્પ મળે છે.**

- તમે અહીંથી ગાડી લઈને મુંબઈ જઈ રહ્યા હો... ફૂલ સ્પીડમાં ગાડી દોડતી હોય... અચાનક શંકા પડે – 'આ રસ્તો મુંબઈનો છે કે નહીં ?' એટલે સૌથી પહેલું શું કરો?

  *સભા : બ્રેક મારીએ.*

  ના. ફૂલ સ્પીડે ચાલતી ગાડીમાં બ્રેક મારો, તો ઊથલી પડે. પહેલું કામ એ કરો કે ગાડીને જેનાથી સ્પીડ મળે છે, તે એક્સલરેટર પરથી પગ ઊંચકી લો, એટલે ઝડપ ધીમી પડી જાય...

  એવું જ ધર્મમાં થાય છે. **ફળમાં શ્રદ્ધા મંદ હોય, શંકા પડે, એટલે ઝડપ ધીમી પડી જાય છે.**

- પાલિતાણા યાત્રા કરવા ગયા હો... ઘરેથી વિચાર્યું હોય કે ૫૦,૦૦૦ રૂપિયામાં મળે, તો પ્રક્ષાલનો લાભ ચડાવો લઈને લેવો છે. ત્યાં ૫ રૂપિયાનો ભાવ ચાલે છે. તો સીધા ૧૦,૦૦૦ મણ બોલી દો ને ? કે ૧૦૦૦-૨૦૦૦ મણથી શરૂઆત કરો ?

  *સભા : ૧૦૦૦-૨૦૦૦ મણથી શરૂ કરીએ. પછી ૫૦૦-૧૦૦૦ મણ વધતા જઈએ.*

  શા માટે ? ૫૦,૦૦૦ સુધીની ભાવના પણ છે, અને શક્તિ પણ છે. તો તેવું શા માટે કરો ?

  *સભા : ઓછામાં મળે, તો બીજો લાભ લઈ શકાય.*

  તમે એવું નક્કી કર્યું હોય કે ૫૦,૦૦૦ વાપરી જ નાખવાના છે... એક ચડાવો ઓછામાં મળશે, તો બીજો લઈશું... કે બાકીની રકમ સાધારણ ખાતે લખાવી દઈશું... તો હજી વાંધો નહીં. પણ એવું હોય છે ખરું ? કે પછી જેટલા પૈસા બચે, એટલા પૈસા બચાવવાની ભૂમિકા છે ?

  *સભા : લગભગ તો એવું જ હોય છે.*

  **દાન કરવા બેઠા પછી, જેટલા પૈસા બચે, તેટલા બચાવવાની ભૂમિકા હોય, તો મૂર્છા શી રીતે ઘટે ? ફળ કેવું મળે ?**

  અટકી અટકીને બોલનારનો ઉલ્લાસ કેવો હોય ? અને સીધી છલાંગ લગાવનારનો ઉલ્લાસ કેવો હોય ? કોને ફળ વધુ મળે ? તે તમે જ નક્કી કરો.

૫૦,૦૦૦ સુધી થાય, તો બોલવાના છો જ. પૈસા આપવાના છે જ. તો પછી લાભ શા માટે ઘટાડવો ? સીધું બોલવામાં કેટલો વધુ લાભ મળે ? કદાચ અનેક ગણો મળે... મૂર્ચ્છાને પ્રચંડ ફટકો પડે.

અને કદાચ ઓછા રૂપિયામાં મળી જાય, તો શું થાય ?

*સભા : આનંદ થાય.*

એ આનંદ શેનો ? લાભ મળ્યાનો કે પૈસા બચ્યાનો ?

લાભ મળ્યાનો આનંદ તો ૫૦,૦૦૦ માં પણ હોઈ શકે. ઓછામાં મળે તો જે આનંદ થાય, તે પૈસા બચ્યાનો જ હોય ને ? **મૂર્ચ્છા તોડવા માટે કરાતા ધર્મમાં, પૈસા બચ્યાનો આનંદ લેવો, તે મૂર્ચ્છા ઘટાડવાનું કામ કે વધારવાનું ?**

- અટકી અટકીને બોલવામાં પુણ્ય પણ ઓછું બંધાય.

કયવન્ના શેઠની કથામાં આવે છે – પૂર્વભવમાં અટકી અટકીને ઘી વહોરાવ્યું હતું. ત્રણ વાર અટક્યા, તો કયવન્નાના ભવમાં ૩ વાર બધી જ સંપત્તિ ચાલી ગઇ, સાવ અકિંચન હાલતમાં આવી ગયા.

અમારા ગુરુદેવને એક યુવાને પૂછેલું – સાહેબ, પૈસા તો કમાઇએ છીએ, પણ તેના માટે મહેનત ખૂબ કરવી પડે છે, ઉઘરાણી કરવી પડે, ખોટું બોલવું પડે,... એનું કારણ શું ?

મારા ગુરુદેવે જવાબ આપેલો – **પૂર્વભવમાં પુણ્ય બાંધ્યું, ત્યારે વિચારી–વિચારીને ધર્મ કર્યો છે. એટલે પુણ્ય પણ અટકી અટકીને, મહામહેનતે ઉદયમાં આવે છે.**

- *સભા : અટકી અટકીને બોલવામાં રસાકસી થાય, બીજાને બોલવાનો લાભ મળે...*

તેના માટે થઇને તમારે મૂર્ચ્છા પોષવાની ?

અને તમે એક ધડાકે મોટો આંકડો બોલો, તો સકળ સંઘને તમારા ઉલ્લાસની, ઉદારતાની જે અનુમોદના થાય, તે વિચાર્યું છે ? કદાચ તેનો લાભ ઘણો વધુ હોઇ શકે.

વર્ષો પૂર્વે મુંબઇના એક પરાના સમાચાર મળેલા. પર્યુષણનો જન્મવાંચનનો દિવસ. એક પાર્ટીએ નક્કી કર્યું – પારણું ઘરે લઇ જવાનો ચડાવો, ૩૬ લાખ રૂપિયા સુધી લેવો છે.

ચડાવો શરૂ થયો, અને પાર્ટીએ આંકડો કહ્યો – ૧૪ લાખ, ૪૦ હજાર મણ ! અઢી રૂપિયા લેખે ૩૬ લાખ રૂપિયા થાય.

સમગ્ર સભાને કેવી અનુમોદના થઇ હશે ? આજે વર્ષો પછી સાંભળતાં તમને પણ અનુમોદના થાય છે. યાદ કરતાં મને પણ થાય છે.

- ૭–૮ વર્ષ પૂર્વે અમારા સમુદાયના પૂ. પં. શ્રી હંસરત્નવિ. મ. એ ૧૮૦ ઉપવાસ

પહેલી વાર કર્યા. આજે તો તેઓ આચાર્ય છે, અને ૪ વાર ૧૮૦ ઉપવાસ કરી ચૂક્યા છે.

પ્રથમ વારના ૧૮૦ ઉપવાસના પારણાંનો પ્રસંગ, મરીન ડ્રાઇવ સંઘમાં હતો. પારણાંની બોલી કેટલી થઇ હતી – કોઇને ખ્યાલ છે ? ૨૧ કરોડ રૂપિયા !

હું એ પ્રસંગમાં હાજર હતો. ૬–૭ કરોડ રૂપિયા સુધી તો ૩–૪ પાર્ટી હશે. પછી બે પાર્ટી સામસામે હતી. જેમણે ૨૧ કરોડમાં આદેશ લીધો, તેની સામે જે ભાઇ બોલી રહ્યા હતા, તેમની વાત સાંભળવા જેવી છે. માનો કે તેઓ ૧૧ કરોડ બોલ્યા. સામેની પાર્ટીમાં ૩ ભાઇઓ હતા. તેઓ પરસ્પર વિચારણા કરીને ૧૧ કરોડ ૧૧ લાખ બોલે. હજી માઇક ઉપર ચડાવો બોલનાર ભાગ્યશાળી એ આંકડો બોલે, તે પહેલાં તો તે વ્યક્તિ આગળ ૧૨ કરોડ બોલી દે ! આવું ૨૦ કરોડ સુધી ચાલ્યું ! ૨૦ કરોડની મર્યાદા નક્કી કરી હશે, એટલે પછી છોડી દીધું. પણ ત્યાં સુધી બોલવામાં વિચારવાનું નહીં.

• હું તમને પૂછું, **તમારે ટીપમાં પૈસા લખાવવાનું નક્કી જ હોય, તો ટીપ થાય ત્યાં સુધી રાહ જુઓ ? કે આગલે દિવસે પેઢીમાં જઇને પૈસા ભરી આવો ?**

કેટલાક તો બોલનારા પોતાની સામે જુએ, ત્યાં સુધી રાહ જુએ !

શાસ્ત્રમાં દાનના પાંચ દૂષણ બતાવ્યા છે, તેમાં એક દૂષણ છે, દાનમાં વિલંબ કરવો તે. તેનાથી દાનનું ફળ ઘટી જાય.

ટીપમાં ૧૦,૦૦૦ લખાવો, તો ભરવાના તો ૧૦,૦૦૦ જ છે.

આગલે દિવસે પેઢીમાં જઇને ભરી દો, તો વિપુલ પુણ્ય બંધાય. ટીપ થાય, ત્યાં સુધી રાહ જુઓ, તો પુણ્ય ઘટે.

**સરખા જ પૈસા ભરવા, છતાં પુણ્ય ઓછું બંધાય, તે ખોટનો ધંધો નથી ? ડહાપણ છે કે મૂર્ખાઈ ?**

• મેં પૂર્વે ૧ વાર કહ્યું હતું કે દરેક સંઘમાં શાલિભદ્રો હોય છે. પણ કોઇને સંઘના સાધારણ ખાતાની જવાબદારી લેવાનું મન થતું નથી. ક્યારેક જો કે સુખદ અનુભવ પણ થાય છે.

મુંબઇના એક પરામાં ચાતુર્માસ હતું. બાળકોની શિબિરમાં પ્રભાવના કરવા માટે ૫–૫ હજારના એક એવા ૧૦ નામ લેવાની જાહેરાત કરાઇ.

મેં કહ્યું – જે મુંબઇમાં ૪–૫ લાખના સ્વામિ–વાત્સલ્યનો લાભ લેવા ૨–૩ વર્ષની લાઇનો લાગે, ૪–૫ લાખની ઓળી કરાવવા ૫–૭ ઓળીના બુકીંગ હોય, તે સંઘમાં બાળકોના સંસ્કરણ જેવા નક્કર કાર્યના ૫૦,૦૦૦ આપનાર એક મરદ ન નીકળે ! ૫–૫ હજારના નામ લેવા પડે ?

પ્રવચન પૂરું થયું અને ટ્રસ્ટી પર ૧ યુવાનનો ફોન આવી ગયો—મારા ૫૦,૦૦૦ લખી લો, બીજા કોઈનું નામ નહીં લેતા.

- આ પ્રભુનું શાસન છે, પ્રભુનો સંઘ છે. તે પુણ્યથી ચાલવાનો છે. **સંઘને જરૂર છે, એટલે આપવાની વાત ભૂલી જજો. તમારે પુણ્ય બાંધવું હોય, ભવાંતરમાં અનુકૂળ સામગ્રી—સંઘ જોઈતો હોય, તો આપવાનું છે.**
  **કોઈ એમ માનતું હોય કે મારા થકી સંઘ ચાલે છે, તો તે બહુ મોટા ભ્રમમાં છે, એ નક્કી છે. તે નહીં હોય, તો પણ સંઘ ચાલવાનો જ છે.**
- એક સંઘમાં, બે પક્ષ પડી ગયેલા. પર્યુષણ પહેલા, એક પક્ષના ૭૦ અગ્રણીઓએ ભેગા થઈને નક્કી કર્યું – આપણે સાધારણમાં એક પણ રૂપિયો ન લખાવવો. સામેવાળા સંઘ કેમ ચલાવે છે ? તે જોઈ લઈએ.
  તે પક્ષે બધા શ્રીમંતો હતા.
  ટ્રસ્ટીઓએ મને વાત કરી. મેં કહ્યું – તે શ્રીમંતોને એવું લાગતું હોય કે તેઓ થકી સંઘ ચાલે છે, તો તેઓ ભ્રમમાં છે. સંઘ કોનાથી ચાલે છે, તે તેઓને સમજાઈ જશે. સકળ સંઘમાં વ્યવસ્થિત યોજના મૂકીને સાધારણની ટીપ શરૂ કરી. તમે માનશો? શ્રીમંતોના સહકાર સાથે જે સંઘમાં પાછલા વર્ષે ૨૫ લાખ રૂપિયા થયા હતા, તે જ સંઘમાં શ્રીમંતો વિના, જન્મવાંચન સુધીમાં ૫૦ લાખ ઉપર થઈ ગયા ! પછી તો પોતાનું નાક જશે – એવું જણાતાં શ્રીમંતોએ પણ પૈસા લખાવ્યા. કુલ ૮૧ લાખ રૂપિયાનું ફંડ થયું !
- જુઓ, મારે કોઈ ફંડ કરવાનું નથી. સંઘના પણ કોઈ ફંડનું આયોજન હમણાં નથી. હું તો જનરલ વાત કરી રહ્યો છું. શ્રદ્ધા હોય, તો દાન શી રીતે થાય ? તેની.
  જેને શ્રદ્ધા હોય, તે સંઘ માટે તિજોરી ખુલ્લી મૂકે, ગણી–ગણીને ન આપે.
- શ્રદ્ધા કોને કહેવાય ? તે સમજાવવા એક જાણીતી વાત છે. કોઈ ક્ષેત્રમાં દુકાળ હતો. લોકોએ, વરસાદ માટે ભેગા થઈને મંદિરમાં જઈને પ્રભુને પ્રાર્થના કરવાનું નક્કી કર્યું. નક્કી કરેલા સમયે બધા ગયા. એક છોકરો છત્રી લઈને આવ્યો. બધાએ પૂછ્યું – 'આટલો ધોમધખતો તડકો છે, દુકાળ છે, તો છત્રી કેમ લાવ્યો ?' છોકરાએ કહ્યું – 'આપણે ભગવાનને પ્રાર્થના કરશું, તો વરસાદ પડશે જ ને !' આનું નામ શ્રદ્ધા!
- સં. ૨૦૪૨–૪૩–૪૪ ના દુકાળ વખતે શત્રુંજયના અભિષેકનું આયોજન થયેલું. મોટા પાયે થયેલા અભિષેકની વાત નથી, તેના આગલા વર્ષે થયેલા અભિષેકની વાત છે. તેનો લાભ પણ રજનીભાઈ દેવડીએ જ લીધેલો.
  તે અભિષેકના પ્રધાન પ્રેરક પૂ. પ્રદ્યુમ્નસૂ. મ. લખે છે – પર્વત ચડ્યા ત્યારે બધા કુંડોના તળિયામાં તિરાડો પડેલી ધરતી દેખાતી હતી. સાતમા અભિષેક વખતે

વાદળો ચડી આવ્યા. ધોધમાર વરસાદ પડ્યો. ઊતર્યા ત્યારે કુંડો છલકાઇ ગયેલા, એટલું પાણી આવી ગયેલું.

ધર્મના ફળ પર શ્રદ્ધા કરવા માટે આ દૃષ્ટાંત ઓછું નથી. શુદ્ધ દ્રવ્યો, શુદ્ધ વિધિ, શુદ્ધ ભાવથી શ્રદ્ધાપૂર્વક અભિષેક થયો, તો સમગ્ર ગુજરાતનો દુકાળ દૂર થયો !

- અમારા ગુરુદેવ પાસે એક યુવાન આવેલો. ફરિયાદ કરી – 'વર્ષોથી પૂજા કરું છું, કાંઇ ફળ મળ્યું નથી.'

  ગુરુદેવે કહ્યું – 'હમણાં જ મળી શકે. જોઇએ છે ?'

  પેલો યુવાન તો આશ્ચર્યચકિત થઇ ગયો. હમણાં જ મળે ? તેણે હા પાડી.

  ગુરુદેવે કહ્યું – 'હમણાં જ જઇને પ્રભુને પ્રાર્થના કર – મેં આ ભવમાં કરેલા બધા ધર્મનું ફળ અત્યારે ને અત્યારે મળો, અને આ ભવમાં કરેલા બધા પાપનું ફળ પણ અત્યારે ને અત્યારે મળો.'

  પેલો યુવાન કહે – 'મારે પાપનું ફળ નથી જોઇતું.'

  ગુરુદેવે કહ્યું – **અત્યાર સુધી એવા પાપો કર્યા છે કે કેન્સર થઇ જાય, લકવો થઇ જાય... તે પાપોનું ફળ નથી મળતું; એ પણ તારા ધર્મનું જ ફળ હોઇ શકે છે !**

- તમે જે પણ ધર્મ કરો છો, તેનું ફળ તમને મળતું હોય, છતાં તેની તમને ખબર ન પડતી હોય, તેવું બની જ શકે છે. આ વાત મેં પૂર્વે કરી છે જ.

- જૈનો મોટે ભાગે સુખી છે.

  બીજા સમાજમાં ૨૫% લોકો સુખી હશે, ૭૫% લોકો કદાચ વિટંબણામાં છે.

  જૈનોમાં કદાચ ૭૫% લોકો સુખી છે.

  અન્યોનો અભિપ્રાય એવો છે કે તેનું કારણ જૈનો દ્વારા પળાતી જીવદયા, થતી ધર્મની આરાધના છે.

- આ બધા ધર્મના ફળ પ્રત્યક્ષ જ છે.

  એટલે ધર્મના ફળમાં શંકા કરવાનું કોઇ કારણ નથી.

# વિચિકિત્સા – ૨

- સમ્યક્ત્વનું ત્રીજું દૂષણ છે, વિચિકિત્સા.
  તેનો એક પ્રકાર છે – ધર્મના ફળમાં શંકા કરવી.
- વર્ષો સુધી ધર્મ કરવા છતાં, ફળ નથી મળતું, તેવું લાગે; તો શંકા ઊભી થાય કે ખરેખર ધર્મનું ફળ હશે ?
  હકીકતમાં તો ધર્મનું ફળ મળતું જ હોય, આપણને તેવું જ્ઞાન ન થતું હોય કે 'આ ધર્મનું આ ફળ મળ્યું.' તે સંભવિત છે જ.
  **આપણને ખબર છે કે શાલિભદ્રને ૯૯ પેટી ઊતરતી હતી, તે સુપાત્રદાનનું ફળ હતું. શાલિભદ્રને ખબર હતી ? તેમને કોઈ અવધિજ્ઞાન નહોતું થયું કે ખબર પડે.**
  આપણને જે અનુકૂળતાઓ મળી છે, તે બધું ધર્મનું ફળ જ છે.
- છતાં, એક બીજી વાત પણ કરવી છે.
  **ધર્મનું વિશિષ્ટ ફળ મેળવવા માટે, ધર્મ પણ વિશિષ્ટ હોવો જરૂરી છે.** ધર્મને વિશિષ્ટ બનાવવા માટે જે ચીજો જરૂરી છે, તે ન હોય, તો વિશિષ્ટ ફળ ન મળે. એટલે આપણને એવું લાગે કે ધર્મનું ફળ ન મળ્યું.
  એવી ચીજો કઈ છે કે જે ધર્મને વિશિષ્ટ બનાવે ? તેવી કેટલીક વાતો કરશું.
- પહેલી ચીજ છે, વિધિનું પાલન.
  **પ્રભુની આજ્ઞાની જાણકારી, સમજણ અને પાલનનો પુરુષાર્થ હોય તો જ ધર્મનું વિશિષ્ટ ફળ મળે.**
  આજ્ઞાપાલનનો ભાવ ન હોય, તો ધર્મનું ફળ અત્યલ્પ મળે.
- સંબોધ સિત્તરિ ગ્રંથમાં **આજ્ઞા વિનાના ધર્મને, ધાન્ય વિનાનાં ફોતરાં જેવો અસાર કહ્યો છે,** જેની ખાસ કિંમત રહેતી નથી.
- એક નવકારશીનું ફળ કેટલું ? ૧૦૦ વર્ષ સુધી નરકની વેદના સહન કરવાથી જેટલા કર્મો ખપે, તેટલા કર્મો એક નવકારશીના પચ્ચક્ખાણથી ખપે.
  ૧૦૦ વર્ષ સુધી નરકમાં કેટલા–કેવા દુઃખો સહન કરવાના ?
  *સભા : પરમાધામીના.*
  તમે પરમાધામી દ્વારા અપાતાં દુઃખોનું વર્ણન સાંભળ્યું હશે. અને એ મહાભયંકર લાગતા હશે. પણ શાસ્ત્રકારો કહે છે – પરમાધામી તો ૩ નરક સુધી જ હોય છે. ૪ થી ૭ નરકમાં પરમાધામી હોતા નથી. છતાં ત્યાં દુઃખ ઘણું વધારે હોય છે. ગરમી–ઠંડી વગેરે ક્ષેત્રકૃત વેદના, નરકના જીવો દ્વારા અપાતી પરસ્પર વેદના, શરીરના રોગોની વેદના પરમાધામી કરતાં પણ ભયંકર હોય છે.

- એ બધી વેદનાનું વર્ણન સાંભળ્યું છે ?

  છટ્ઠી–સાતમી નરકમાં, દરેક જીવને દરેક સમયે ૫ કરોડ, ૬૮ લાખ, ૯૯ હજાર, ૫૮૪ રોગો હોય ! કેવી વેદના હશે ?

  ઠંડી કેવી હોય ? તો શાસ્ત્રકાર લખે છે – નરકની ઠંડીથી રિબાતા જીવને પોષ મહિને મધરાતે હિમાલયમાં રાખો, તો હૂંફાળા (હીટરવાળા) રૂમમાં આવ્યો હોય, તેવો અનુભવ થાય – ઘસઘસાટ સૂઈ જાય !

  ગરમી કેવી હોય ? નરકની ગરમીથી રિબાતા જીવને જેઠ મહિને ભરબપોરે રાજસ્થાનના રણમાં મૂકો, તો ઠંડાગાર (એ.સી.વાળા) રૂમમાં આવ્યો હોય, તેવો અનુભવ થાય – ઘસઘસાટ સૂઈ જાય !

  *સભા : કોઈક નરકમાં ગરમી, કોઈક નરકમાં ઠંડી, એવું નક્કી હોય ?*

  હા. કઈ નરકના કયા પ્રતરમાં શીતવેદના છે ? કઈ નરકના કયા પ્રતરમાં ઉષ્ણવેદના છે ? તે શાસ્ત્રોમાં જણાવેલું છે. પહેલી ત્રણ નરકમાં ઉષ્ણ વેદના હોય, ચોથી નરકના ઉપરના ઘણા પ્રતરોમાં ઉષ્ણ વેદના હોય, નીચેના થોડા પ્રતરોમાં શીત વેદના હોય, પાંચમી નરકમાં ઘણા પ્રતરોમાં શીત વેદના હોય, થોડા પ્રતરોમાં ઉષ્ણ વેદના હોય. છટ્ઠી–સાતમી નરકમાં માત્ર શીત વેદના જ હોય.

- નરકના જીવને ભૂખ કેવી લાગી હોય ? તો ચૌદ રાજલોકના બધા પુદ્ગલો ખાઈ જાય, તો પણ શમે નહીં.

  તરસ કેવી હોય ? જગતના બધા સમુદ્ર–નદી–તળાવ–કૂવા... બધું જ પાણી પી જાય, તો પણ શમે નહીં !

  *સભા : તો જીવે શી રીતે ?*

  તેમનું આયુષ્ય નિરૂપક્રમ હોય, તે પૂરું થયા વિના મરે નહીં.

- આવી વેદનાઓ ૧૦૦ વર્ષ સહન કરવામાં કેટલા કર્મો ખપે ?

  અને નવકારશીના પચ્ચક્ખાણમાં સહન શું કરવાનું ?

  કેટલાક તો નવકારશી પચ્ચક્ખાણ આવ્યા પછી જ ઊઠતા હશે. તેમને તો કશું સહન કરવાનું છે જ નહીં !

  કદાચ પાંચ વાગે ઊઠી જતા હો, તો પણ ૩ કલાકથી વધુ સહન કરવાનું હોતું નથી. તેમાં કદાચ તેવા ભૂખ–તરસ લાગતા પણ નહીં હોય કે સહન કરવું પડે.

  તો પછી તેનાથી, **એટલા બધા કર્મ શી રીતે ખપે ?**

  **તેનું કારણ જિનાજ્ઞા–પાલનનો ભાવ છે. પ્રભુની આજ્ઞા પાળવાના ભાવથી પચ્ચક્ખાણ કરાય છે, તે છે.**

- યોગશતકની ટીકામાં કહ્યુ છે – કર્મનિર્જરાના કારણ બે છે.

૧. તીર્થંકર પરનું બહુમાન
૨. આજ્ઞાનુસારી પ્રવૃત્તિ.

- તમે આરાધના કરો છો.
  જે આરાધના કરો છો, તે પ્રભુની આજ્ઞાનુસારે કરવાનો ભાવ અને પુરુષાર્થ ખરો ?
  *સભા : હા.*
  જુઓ, એમ વિચાર્યા વગર જવાબ ન આપો. હું તમને દૃષ્ટાંતો આપું.
- નવકારશીની જ વાત લઈએ. નવકારશી કરવાનો વિધિ ખબર છે ?
  સૌ પહેલી વાત તો એ છે કે પચ્ચક્ખાણ ૩ વાર લેવાનું છે. ઊઠીને જાતે, દેરાસરમાં પરમાત્મા સમક્ષ, ગુરુ ભગવંતને વંદન કરીને.
  આ રીતે ૩ વાર પચ્ચક્ખાણ લો છો ?
  *સભા : દેરાસરમાં ગુરુ ભગવંત પાસે લઈએ, પછી તો ગુરુ ભગવંત પાસે જવાની જરૂર નહીં ને ?*
  ના, એમ ન ચાલે. ગુરુ ભગવંતને વંદન કરીને પચ્ચક્ખાણ લેવાનું હોય છે. દેરાસરમાં તમે ગુરુવંદન કરતા નથી. એટલે ગુરુ ભગવંત પાસે જવું જરૂરી છે.
  *સભા : આટલા બધા લોકો પચ્ચક્ખાણ લેવા આવે, તો આપને સમય કેટલો જાય?*
  તમને પચ્ચક્ખાણ આપવામાં મને નિર્જરા જ થવાની છે. તમે એની ચિંતાથી પચ્ચક્ખાણ લેવા નથી આવતા ?
  વર્ષોથી હું આ વાત કરું છું, છતાં કોઈ ખાસ ફરક પડતો નથી.
  *સભા : વ્યાખ્યાનમાં લઈ લઈએ તો ?*
  પચ્ચક્ખાણ પારતાં પૂર્વે વ્યાખ્યાન સાંભળતા હો, અને વંદન કરીને લો, તો ચાલે. અત્યારે વ્યાખ્યાન વહેલી સવારે છે, એટલે બરાબર. રવિવારે ૯ વાગે હશે, ત્યારે શું કરશો ? ત્યારે સવારમાં ખાસ પચ્ચક્ખાણ લેવા આવો, તો જ તમારો આજ્ઞાપાલનનો શુદ્ધ ભાવ અને પુરુષાર્થ ગણાય.
  *સભા : અત્યાર સુધી કોઈ મહાત્માએ કહ્યું જ નથી કે પચ્ચક્ખાણ ૩ વાર લેવાનું છે.*
  એમ અમારો વાંક ન કાઢો. તમે કયા દિવસે મહાત્માને પૂછ્યું કે નવકારશી કરવાનો શાસ્ત્રીય વિધિ શું છે ? તમે પૂછ્યું હોત, તો જણાવત. આ વાત કંઈ નવી નથી. પચ્ચક્ખાણ ભાષ્ય ભણ્યા હોય, તેને ખબર પણ હશે.
  વ્યાખ્યાનમાં સેંકડો નહીં, હજારો ચીજો કહેવા જેવી છે. બધી કહી શકાતી નથી. જેવો અવસર, જેવી શ્રોતાની કક્ષા, જેવી અમારી શૈલી-સ્મૃતિ... તે પ્રમાણે કહેવાય. એમ તો મેં પણ આટલા દિવસ તમને આ વાત નહોતી જ કરી. આજે અવસર આવ્યો, તો

કરી. અવસર ન આવત, તો આખા ચોમાસામાં ન થાત, એવું શક્ય છે જ. અને નવકારશીનો વિધિ પણ હજી શરૂ કર્યો છે, આખો નથી બતાવ્યો. બીજી બધી આરાધનાના વિધિની વાત તો હજુ મેં પણ નથી કરી.

*સભા : ગુરુ ભગવંત ન હોય તો ?*

જ્યારે ગુરુ ભગવંત હોય, ત્યારે તેઓ પાસે પચ્ચક્ખાણ લેતા હો, તો જ્યારે ગુરુ ભગવંત ન હોય, ત્યારે દેરાસરમાં પરમાત્મા પાસે પચ્ચક્ખાણ લો, તેટલું પર્યાપ્ત બને.

*સભા : ઘર–દેરાસરમાં પરમાત્મા પાસે લઈ લે તો ચાલે ?*

હા. ઘરે પ્રાણપ્રતિષ્ઠા કરેલા પરમાત્માનું જિનાલય હોય, તો જ. માત્ર દર્શનીય મૂર્તિ પાસે નહીં.

પણ એક વાત યાદ રાખવી કે ઘર–દેરાસરે પૂજા કર્યા પછી, સંઘના દેરાસરે પૂજા કરવી ફરજિયાત છે, એમ અમારા સ્વ. ગચ્છાધિપતિશ્રી કહેતા હતા. નહીં તો, સંઘ સાથેનો સંપર્ક તૂટી જશે. મહાત્મા સંઘમાં પધાર્યા છે, તેની ખબર પણ નહીં પડે.

- આ વાત તો ૩ વાર લેવાના વિધિની થઈ.

ગુરુ પાસે પચ્ચક્ખાણ લો, ત્યારે ગુરુ ભગવંત જે શબ્દો બોલે, તેની સાથે તમારે પણ મનમાં તે શબ્દો બોલવાના છે. તે શબ્દોના અર્થ પણ મનમાં વિચારવાના છે. ગુરુ પચ્ચક્ખાઇ–વોસિરઇ બોલે, ત્યારે તમારે પચ્ચક્ખામિ–વોસિરામિ બોલવાનું છે.

- પચ્ચક્ખાણના શબ્દોના અર્થ જાણો છો ? ૨૫–૫૦ વર્ષથી નવકારશી પચ્ચક્ખાણ કરતા હશો. અન્નત્થ–ણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં એટલે શું ? તે ખબર છે ?

*સભા : કોઇએ સમજાવ્યું જ નથી.*

પાછો અમારો જ વાંક કાઢ્યો. એના અર્થ સમજાવતાં પુસ્તકો ઉપલબ્ધ છે જ. પચ્ચક્ખાણ ભાષ્ય પર અનેક પુસ્તકો ઉપલબ્ધ છે. મારું પણ પચ્ચક્ખાણ નામનું પુસ્તક છે. તમને વાંચવાનો રસ–ફુરસદ હોય તો ને ?

અને જિજ્ઞાસા જ ક્યાં છે ? કોઇ ગુરુ ભગવંત પાસે જઇને આ શબ્દોના અર્થ આજ સુધી પૂછ્યા છે ?

હાલ એ સમજાવવાનો અવસર નથી. અવસર આવશે, તો સમજાવીશ.

- આટલો વિધિ પચ્ચક્ખાણ લેવાનો છે.

પાળવાનો વિધિ પણ બતાવ્યો છે. ફાસિયં, પાલિઅં... વગેરે ૬ પ્રકારની શુદ્ધિ બતાવી છે.

ગુરુ ભગવંતને વિનંતી કરી, સુપાત્રદાનનો લાભ લઇને પછી પચ્ચક્ખાણ પારવું; તે 'શોભિત' નામની શુદ્ધિ છે. કટોકટ ટાઇમે ન પારવું, ૫–૧૦ મિનિટ ઉપર થવા દેવી, તે 'તીરિત' નામની શુદ્ધિ છે.

આ બધું જાણવા–પાળવાનો પુરુષાર્થ લગભગ નથી દેખાતો. પછી ધર્મનું વિશિષ્ટ ફળ ન મળે, તેમાં વાંક કોનો ? ધર્મનો ? કે તમારો ?

- અલબત્ત, **આ બધો વિધિ ન હોય, તો સર્વથા લાભ ન મળે, તેવું નથી. પૂરો લાભ ન જ મળે. અલ્પ લાભ મળે. તે અલ્પ લાભ, ૧૦% પણ હોઈ શકે, ૧% પણ હોઈ શકે, ૦.૦૧% પણ હોઈ શકે.**
- શાલિભદ્રને સુપાત્રદાનથી ૯૯ પેટી મળી. તમને એકે કેમ નહીં ? કદી વિચાર્યું છે ?

  *સભા : શાલિભદ્રએ સુપાત્રદાન કર્યું, ત્યારે આજ્ઞાપાલન ક્યાં હતું ?*

  જુઓ, એ જીવ જન્મથી જૈન નથી. તેને સુપાત્રદાનનો વિધિ ખબર ન હોય, તે સ્વાભાવિક છે. પોતાની સમજણ પ્રમાણે, પ્રચંડ ઉલ્લાસ–આદરથી લાભ લીધો.

  વિધિ પણ જીવોની કક્ષા મુજબ બદલાય છે.

  તમે જન્મથી જૈન ધર્મ પામ્યા છો, ત્યારે તમારી કક્ષા જુદી છે. વિધિ જાણવો અને પાળવો, તે તમારી ફરજ છે. ધર્મ નહીં પામેલા જીવ પાસે તેવી અપેક્ષા ન રખાય.
- વસ્તુસ્થિતિ એ છે કે **આરાધના કરવાનો ભાવ તમારો હોય છે, પણ તેમાં આજ્ઞાનુસારે કરવાનો ભાવ નથી હોતો.**

  ***સભા : જ્ઞાન જ નથી.***

  **અજ્ઞાન ત્યારે ક્ષમ્ય બને, જ્યારે જાણવાની ઇચ્છા–પુરુષાર્થ હોવા છતાં, સંયોગો વિપરીત હોવાથી કે ક્ષયોપશમની મંદતાના કારણે જ્ઞાન ન હોય.**

  **જેને વિધિ જાણવાની ઇચ્છા જ નથી, તેનો પુરુષાર્થ જ નથી, તેનું અજ્ઞાન ક્ષમ્ય ન બને.**
- રોજ જિનપૂજા કરો છો. તેનો વિધિ બતાવતાં તો ડઝનબંધ પુસ્તકો હશે. અમારા હેમરત્નસૂ. મ. નું 'ચાલો જિનાલયે જઇએ' તો ખૂબ જાણીતું છે.

  જેટલો વિધિ તેનો જાણો છો, તેટલો પાળવાનો પુરુષાર્થ છે ?

  **લગભગ બધાને ખબર હશે કે પૂજા સ્વદ્રવ્યથી કરવાની છે, તેવો વિધિ છે.**

  **કેટલા તેનું પાલન કરે છે ? નથી કરતા, તેનું કારણ શું છે ? અજ્ઞાન કે આળસ ?**

  પૂજા માટે બધું કરવામાં તમને 'કડાકૂટ' લાગે, રેડીમેડ જોઇએ. ઘરે ભેળ બનાવવા માટે સેવ તળો, પુરી તળો, મમરા વઘારો, લાલ ચટણી કરો, લીલી ચટણી કરો... તેમાં 'કડાકૂટ' ન લાગે !
- તમારામાંથી મોટા ભાગનાને ક્યારેક ને ક્યારેક પૂજા કે પૂજન ભણાવવાનો પ્રસંગ

આવ્યો હશે. તેના માટેની મીઠાઈ કોણે ઘરે બનાવી ?
૧-૨ જણાંની આંગળી ઊંચી થઈ. તેમને ધન્યવાદ. અનુમોદના.
હવે તો વિધિકારના પેકેજમાં બધું આવી જાય. બધું તૈયાર આવે. ૯૦% મીઠાઈ કદાચ અભક્ષ્ય હોય, દેરાસરમાં મૂકી ન શકાય તેવી.
વિધિકાર ફળ લેવા જાય, ત્યારે સારામાં સારા લેવાનો ભાવ હોય ? કે સસ્તામાં સસ્તા લઈને 'પ્રોફિટ' વધારવાનો ભાવ હોય ? તમે વાણિયા છો. બધું જાણો છો. પણ કોઈને મહેનત કરવી નથી. વિધિની ઉપેક્ષા કરવી છે. તેવા ધર્મનું વિશિષ્ટ ફળ શી રીતે મળે ?

- અધ્યાત્મ કલ્પદ્રુમમાં શાસ્ત્રકારે કહ્યું છે – સેંકડો વર્ષોનો અંધકાર પણ દીવાની ૧ જ્યોતથી દૂર થઈ જાય છે.
**તેમ, શુદ્ધ ધર્મથી અનંતા ભવોના કર્મોનો નાશ થઈ જાય છે. શુદ્ધ ધર્મ એ જ છે, જે પ્રભુની આજ્ઞાને અનુસરીને થાય.**
- **વ્યાખ્યાન સાંભળવાનો પણ વિધિ છે.**
**પહેલી વાત તો એ છે કે વ્યાખ્યાન શરૂ થતાં પૂર્વે આવી જવું જોઈએ. ૫૦% તો એમાં જ નાપાસ થઈ જાય.**
હાથ જોડીને, વિસ્મિત મુખે સાંભળવાનું છે.
આ બધો વિધિ પાળવાનો પુરુષાર્થ છે ?
- સાધર્મિક-ભક્તિ કરો, તો વિધિ શું ?
૧૫-૨૦ દ્રવ્ય બનાવવા તે ? કે ભલે ૫-૬ દ્રવ્ય હોય... જાતે ઊભા રહીને સહુને બહુમાનથી આવકારવા... સ્વયં પરિવાર સહિત પીરસવું... આગ્રહથી જમાડવા, તે?
આજે દ્રવ્યોની સંખ્યાની હરિફાઈ ચાલે છે. દેખાડવું છે કે આટલું બનાવ્યું. બાકી, હલકી જાતિના માણસો પાસે પીરસાવે... ક્યારેક તો આવનારાને તુચ્છ દૃષ્ટિથી જોવાતા હોય, તેમનું અપમાન પણ થતું હોય... એને વિધિ કહેવાય ?
- આજથી ૩૦-૪૦ વર્ષ પૂર્વે, સ્વામિવાત્સલ્યમાં ૩ જ દ્રવ્ય થતા હતા. મને ૫૦ વર્ષ થયા. ૧૦-૧૨ વર્ષના હતા, મુંબઈ રહેતા હતા, ત્યારે સ્વામિવાત્સલ્યમાં ૩ જ વસ્તુ થતી હતી – સેવ, બુંદી અને મગ; એ આજે પણ યાદ છે. ક્યાંક સેવના સ્થાને ફૂલવડી હશે, બુંદીના સ્થાને મોહનથાળ હશે... પણ આટલું જ થતું હતું. સ્વયંસેવકો પીરસતા હતા. બેસાડીને જમાડાતા હતા.
આજે એ બધું ગયું, ખાલી આઈટમો વધારી છે.
પૂર્વના વર્ણનો સાંભળ્યા છે ? ઘરઆંગણે આવેલા સંઘના દરેક સભ્યના પગ ધોવા

મહામંત્રીશ્વર વસ્તુપાળ સ્વયં ઊભા રહ્યા હતા. આજે કોણ આવી ભક્તિ કરે છે ?

- મોટે ભાગે સાધર્મિક-ભક્તિના રસોડા, કેટરરને સોંપી દેવાય છે. તેમાં ન ભક્ષ્યાભક્ષ્યનો વિવેક સચવાય છે, ન જયણા...
  અમે વહોરવા જઈએ ત્યારે કહી દે – તમને ખપે એવું નથી ! તો એ શ્રાવકોને ખપે? અને તેવી વસ્તુ ઉપાશ્રયમાં પીરસી શકાય ?
  આની વાત કરીશ તો એક નવું પ્રવચન થઈ જશે !
- **વિધિપૂર્વકનો ધર્મ શુદ્ધ બને, વિશિષ્ટ ફળ આપે.**
  **વિધિનું પાલન ન હોય, તો અલ્પ ફળ આપે.**
  **વિધિ પ્રત્યે બેદરકારી હોય, ઉપેક્ષા હોય, અનાદર હોય, તો વિપરીત ફળ પણ આપે.**
  યોગવિંશિકામાં જણાવ્યું છે – કાઉસ્સગ્ગ કરતાં પૂર્વે 'ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ' બોલાય છે. સ્થાન-મૌન-ધ્યાનથી કાયાને વોસિરાવાય છે. શરીર-વચન-મનને કાઉસ્સગ્ગ સિવાય ક્યાંય લઈ જવાના નથી. તે પછી, શરીરને હલાવે, તો પ્રતિજ્ઞાનો ભંગ છે, મહામૃષાવાદનો દોષ લાગે !
  વિધિ પ્રત્યે અનાદર હોય તો તે નાનો દોષ નથી.
- *સભા : અમારી થોડી અજ્ઞાનતા છે, થોડી ઉપેક્ષા છે.*
  અજ્ઞાનનો ઉપાય અમે કરી શકીએ, ઉપેક્ષા તો તમારે જ દૂર કરવી પડે.
- પરિસ્થિતિ એવી થઈ ગઈ છે કે અમને લાગે છે કે કહેવાનો કોઈ અર્થ જ રહ્યો નથી. હું એક શહેરમાં ચૈત્રી ઓળીમાં હતો. બાજુમાં ૮-૧૦ કિ.મી.માં રહેલા તીર્થના ટ્રસ્ટીઓ, વૈશાખ મહિનામાં આવતી સાલગિરિમાં નિશ્રા આપવા વિનંતી કરવા આવ્યા. મેં સ્વીકારી. સાથે કહ્યું – વૈશાખ મહિનો છે. સ્વામિવાત્સલ્યમાં કેરીનો રસ કરવાના હો, તો બહારથી નહીં લવાય, કેરી લાવીને કાઢી શકાશે.
  તમે માનશો ? નિશ્રા બદલાઈ ગઈ, રસ યથાવત્ રહ્યો !
  આવું થાય, ત્યારે થાય કે કહેવાનું નિરર્થક છે. ઉપેક્ષા જ કરવી.
  *સભા : તમે ઉપેક્ષા કરો, તો પાપ ન લાગે ?*
  **જે સુધરે એમ ન હોય, તેની ઉપેક્ષા કરવામાં કોઈ પાપ નથી.** ભગવાને પણ જમાલિની ઉપેક્ષા જ કરી હતી ને ?
- *સભા : કાળ પ્રમાણે વ્યવસ્થા બદલાય નહીં ?*
  વ્યવસ્થા બદલાય, પ્રભુની આજ્ઞા નહીં.
  તમે બેસાડીને જમાડી શકો તેવી સગવડ જ ન હોય, તો બુફેનો એકાંતે વિરોધ અમે નથી કરતા. પણ બીજી જયણા કેમ ન સચવાય ?

એવા સંઘો ખ્યાલ છે કે જેમાં વર્ષના ૪૫ હજાર આયંબિલ થતા હોવા છતાં અનાજ શ્રાવિકાઓની દેખરેખ નીચે વીણાય છે, પછી જ દળવા જાય છે.

એવી ઘટનાઓ જોઈ છે કે ૪૦૦૦ માણસનું સ્વામિવાત્સલ્ય આગલે દિવસે નક્કી થયું હોય, તાત્કાલિક અનાજ લાવ્યા હોય, બપોરે વીણાયું હોય, દળાયું હોય.

કેટરર તો લોટ તૈયાર લાવે જ છે, સંઘવાળા પણ બધા તૈયાર લોટ લાવે છે.

તૈયાર માવો, તૈયાર પનીર... આ બધું તો સામાન્ય બની ગયું છે.

મેં કહ્યું જ કે આખું પ્રવચન થઇ જશે.

આવી વિધિ વિનાની સાધર્મિક-ભક્તિ કેવું ફળ આપે ?

તમે જ નક્કી કરો.

- ધર્મ કરીએ, વિધિ ન જાણીએ – ન પાળીએ, પછી તેનું ફળ ન મળે, તે આપણો વાંક છે.

# વિચિકિત્સા – ૩ – વિવેક

- ધર્મના ફળમાં શંકા કરવી, એ વિચિકિત્સા નામનું સમ્યક્ત્વનું દૂષણ છે.
- ધર્મ કરવા છતાં, ફળ નથી મળતું તેવું લાગે ત્યારે શંકા થાય છે. હકીકતે તો ધર્મનું ફળ મળતું હોય, આપણને તેની ખબર ન પડતી હોય, તેવું પણ બની શકે છે.
  કુમારપાળ મહારાજાને ૧૮ દેશનું રાજ્ય મળ્યું, તે પુષ્પપૂજાનું ફળ હતું, એવું આપણે જાણીએ છીએ. કુમારપાળ મહારાજાને તેની ખબર ન હોય, તેવું બની શકે છે !
- ધર્મ કરવા છતાં વિશિષ્ટ ફળ ન મળવાનું એક કારણ અવિધિ છે, આજ્ઞાપાલનની ભાવના અને પુરુષાર્થ ન હોવો તે છે.
  બીજું કારણ અવિવેક છે.
  જો કે વિવેકપૂર્વક આરાધના કરવી, એ પ્રભુની આજ્ઞા જ હોવાથી, અપેક્ષાએ તેનો સમાવેશ વિધિમાં થઇ જ જાય છે.
- **દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ, પરિસ્થિતિ, આસપાસનું વાતાવરણ વગેરેને ઉચિત રીતે આરાધના કરવી, તે વિવેક છે.**
  **તે બધાનો વિચાર જ ન કરવો, કે જાણવા છતાં અનુચિત રીતે આરાધના કરવી, તે અવિવેક છે.**
- શત્રુંજય વગેરે તીર્થોમાં ઘણી લાઇન હોય, ત્યારે સહુને લાભ મળે, કોઇ વંચિત ન રહે, તે ભાવનાથી વ્યવસ્થાપકો પ્રભુને પ્રક્ષાલ માત્ર જમણા અંગૂઠે કરવા દેતા હોય છે. એવું કર્યા પછી પણ ક્યારેક ૨–૩ કલાક અભિષેક ચાલતો હોય છે.
  તેવા અવસરે, વ્યવસ્થાપકોની સૂચનાનો અમલ કરવો, તે વિવેક છે.
  ત્યારે કોઇ એવો આગ્રહ રાખે કે વિધિ તો મસ્તકેથી અભિષેક કરવાનો જ છે. હું તો મસ્તકેથી જ અભિષેક કરીશ – તો તે અવિવેક છે.
- *સભા : પણ અવિધિ થાય તે ચાલે ?*
  **વિવેક એ સૌથી મોટો વિધિ છે. વિવેક ચૂકીને જે થાય, તે બધો અવિધિ જ છે.**
  **વિવેક જાળવવા જે અવિધિ કરવો પડે, તે વાસ્તવમાં અવિધિ નથી.**
  યુગલિકોએ પ્રભુને જમણા અંગૂઠે જ અભિષેક કર્યો હતો ને ? તેમના વિવેકથી ખુશ થઇને ઇન્દ્રે તેમના માટે વિનીતા નગરી બનાવી.
- વિધિ એટલે પ્રભુની આજ્ઞા.
  **પ્રભુની આજ્ઞા તો સેંકડો–હજારો–લાખો છે.**
  **ક્યારે કઇ આજ્ઞા અમલમાં મૂકવી ? તેનું નામ વિવેક છે.**
  **વિવેક જાળવવો, તે પ્રભુની સર્વોચ્ચ આજ્ઞા છે.**

**એટલે જ પ્રભુના શાસનમાં ઉત્સર્ગ–અપવાદ રૂપ સ્યાદ્વાદ છે.**

- **પરિસ્થિતિ અનુસારે વિધિ બદલાય, તે જ સ્યાદ્વાદ છે. તે જ વિવેક છે. તે વિવેકપૂર્વક ધર્મ કરનાર જ ધર્મનું વિશિષ્ટ ફળ મેળવે.**
- જિનવાણી શ્રવણ એ શ્રાવકનું કર્તવ્ય છે.
  પણ ઘરમાં કોઈ પથારીવશ હોય, તેની સમાધિ માટે ઘરે રહેવું જરૂરી હોય, ત્યારે તેની ઉપેક્ષા કરીને જિનવાણી શ્રવણ કરવા આવે, તે અવિવેક કહેવાય. ત્યારે ગ્લાનની સમાધિમાં સહાયક બનવું, તે જ વિવેકયુક્ત આરાધના છે.
- સાધુને દિવસમાં પાંચ પ્રહર સ્વાધ્યાય કરવાનો વિધિ બતાવ્યો છે. પણ મકાનમાં કોઈ સાધુ ગ્લાન હોય, તેની સેવા–સમાધિ માટે જરૂર હોવા છતાં, તેની ઉપેક્ષા કરીને કોઈ સાધુ સ્વાધ્યાય કરવા બેસે, તો તે અવિવેકના કારણે અવિધિ જ ગણાય. અમારા સ્વ. ગચ્છાધિપતિશ્રી અમને કહેતા હતા, સ્વાધ્યાય કરવાથી ભલે જ્ઞાનાવરણીય કર્મ ખપતાં હોય, **વૈયાવચ્ચના અવસરે સ્વાધ્યાય કરે, તે જ્ઞાનાવરણીય કર્મ ખપાવવાના બદલે બાંધે.**
- **પ્રભુજીની રથયાત્રા હોય, ગુરુ ભગવંતનું સામૈયું હોય ત્યારે ત્યાં જવાના બદલે ઉપાશ્રયમાં બેસીને નવકારવાળી ગણે, તે અવિવેક છે.**
  વિવેક એ છે કે શાસનની પ્રભાવના માટે રથયાત્રા–સામૈયામાં જવું.
- **વ્યાખ્યાન ચાલતું હોય, ત્યારે જિનવાણી–શ્રવણ કરવાના બદલે પૂજા કરવી, તે અવિવેક છે.**
  શાસ્ત્રમાં વાત આવે છે. એક નગરમાં પરમાત્મા પધાર્યા. સમવસરણ મંડાયું. દેશના ચાલુ હતી. એ જ વખતે એક શેઠ પૂજાની સામગ્રી લઈને પ્રભુની પૂજા કરવા જતા હતા. ત્યારે ઈન્દ્રએ ટુચકાથી તેમને પ્રતિબોધ કર્યા. જીવતા પરમાત્મા પધાર્યા છે, ત્યારે દેશના સાંભળવી પ્રધાન છે. પૂજા આગળ–પાછળ કરાય.
- *સભા : વિવેક એટલે ઔચિત્ય ?*
  હા. ઔચિત્યનું પાલન કરવું, તે જ વિવેક છે.
- વિવેક ચૂકીને આરાધના કરે, તેને ધર્મનું વિશિષ્ટ ફળ ન મળે. તેનું કારણ પણ છે. વિવેક ચૂકાય શા માટે ? પ્રાયઃ પોતાનો અસદ્ આગ્રહ જ વિવેક ચૂકાવે. પ્રભુની આજ્ઞાના પાલનનો ભાવ હોય, તો વિવેક ન ચૂકાય.
  વૈયાવચ્ચનો અવસર હોવા છતાં સ્વાધ્યાય કરવા બેસવાનું કારણ શું હોઈ શકે? ભણી–ગણીને વિદ્વાન્ થવાની ઈચ્છા હોય, તેવું જ કોઈ કારણ હોય.
  જેને પ્રભુની આજ્ઞાનું પાલન કરવું છે, આત્માનું હિત કરવું છે, કર્મની નિર્જરા કરવી છે... તેને તો વૈયાવચ્ચમાં પણ તે બધું દેખાય છે જ. તે શા માટે સ્વાધ્યાયનો

આગ્રહી બને ?

- **ઔચિત્યનું પાલન કેવલિ પણ કરે.**

  પ્રભુની દેશના હોય, તો કેવલિ પણ જાય. હજુ કદાચ એવું બને કે ગ્લાનાદિનું કામ હોવાથી છદ્મસ્થ સાધુ પ્રભુની દેશના સાંભળવા જઇ ન શકે. પણ કેવલિને પ્રાયઃ તેવું કોઇ કામ ન હોય, એટલે અવશ્ય જાય.

  કેવલિને દેશનાથી શું લાભ થવાનો છે ? કશો નહીં. તેઓ બધું જાણે જ છે. કશું જાણવાનું તેમને બાકી નથી. કશી સાધના પણ તેમને કરવાની બાકી નથી. છતાં, ઔચિત્યના પાલન ખાતર જાય છે.

  અને, કેવલિ હકીકતમાં દેશના સાંભળતા નથી. તેમને કેવલજ્ઞાનથી જ જણાય કે પ્રભુ શું બોલ્યા ? કેવલિને ઇન્દ્રિયથી કોઇ જ્ઞાન ક્યારેય થતું જ નથી. એટલે તેઓ કાનથી તો સાંભળતા જ નથી.

- ધર્મબિંદુ ગ્રંથમાં શાસ્ત્રકારે કહ્યું છે – **કર્મનિર્જરાનું પ્રધાન કારણ વિવેક છે.**

  યોગશતક ગ્રંથમાં શાસ્ત્રકારે મોક્ષમાર્ગ શું ? તેનો જવાબ આપ્યો છે – **પોતાની ભૂમિકાને ઉચિત આરાધના કરવી, તે જ મોક્ષમાર્ગ છે.**

- મારા માટે પ્રધાન કર્તવ્ય શું ? તપ કે વ્યાખ્યાન ?

  બંને કરી શકું, તો ઉત્તમ છે. પણ તપ કરવા જતાં વ્યાખ્યાન ન થઇ શકે તો ? પર્યુષણમાં અટ્ઠાઇ કરું અને તેના કારણે પ્રવચન ન આપી શકું, તો તે મારો અવિવેક ગણાય. પ્રવચન કરવા માટે જરૂરી હોય, તો નવકારશી કરીને પણ પ્રવચન આપવું, તે વિવેક છે.

- હું પ્રવચન કરવાનું ગૌણ કરીને બીજી આરાધના કરું, તે અવિવેક બને. તમે પ્રવચન સાંભળવાનું ગૌણ કરો, તો શું કહેવાય ?

- પરમાત્માના સમવસરણમાં ઇન્દ્ર, ચક્રવર્તી, રાજા વગેરે પ્રધાન પુરૂષોના સ્થાનો નિયત હોય છે. કોઇ મોડું પડે, તો પાછળથી આવીને પણ તેના સ્થાને બેસે. બીજા બધા, તે સ્થાન ખાલી રાખે, તેમને આવવા દે, બેસવા દે... તે વિવેક છે.

  તે રીતે સંઘમાં પણ જે પ્રધાન પુરૂષો હોય, તેમણે સમયસર આવવું જોઇએ. પણ ક્યારેક તેઓ મોડા પડ્યા હોય, તો બીજા બધાએ તેમને આગળ આવવા દેવા, તે ઔચિત્ય છે. તેમણે કોઇને ખલેલ ન પડે, તે રીતે આવીને પોતાના સ્થાને બેસી જવું જોઇએ.

  *સભા : પાછળથી આગળ આવે, તો ખલેલ પડે જ ને ?*

  ના. તેવું જરૂરી નથી. તેમને આવવાનો રસ્તો, બેસવાનું સ્થાન ખાલી રાખ્યું હોય,

તો કશી ખલેલ ન પડે. ચાલુ પ્રવચને કોઈ મહાત્મા આવે, તો ખલેલ પડે છે ? નહીં જ. કારણ તેમનું સ્થાન ખાલી છે, આવવાનો રસ્તો ખાલી છે.

- અહીં એક વાત કરી દઉં.

  કેટલાક લોકો આવી વ્યવસ્થાને વખોડે છે. ધર્મના સ્થાનમાં પૈસાવાળાને મહત્ત્વ ન અપાય, તેવી દલીલ કરે છે.

  મારો પ્રશ્ન એ છે કે પૈસાવાળાને આગળ સ્થાન અપાય છે, કે પૈસાનું દાન કરતા હોય, તેને ? જેની પાસે ઘણા પૈસા હોવા છતાં, દાન ન કરતા હોય, તેને કોઈ આગળ બેસાડે છે ? નહીં જ.

  તો મહત્ત્વ પૈસાનું છે કે દાનનું ? દાનનું જ. અને **દાન એ ધર્મ છે. તો ધર્મના સ્થાનમાં તેનું મહત્ત્વ શા માટે ન હોય ?**

  અને એવું નથી કે દાનનું જ મહત્ત્વ છે. **ચારિત્રનું મહત્ત્વ સૌથી વધુ છે. સાધુના સ્થાન સૌથી ઊંચા હોય છે. સામાયિક કરનારા, દાનવીરો કરતાં પણ આગળ બેસે છે. તપસ્વીઓને પણ વિશિષ્ટ સ્થાન અપાય છે.** દરેક ધર્મના બહુમાન થાય છે.

  સુધારાવાદીઓથી દાનવીરોની પ્રશંસા સહન થતી નથી, પોતાનાથી પૈસા છૂટતા નથી, એટલે નિરર્થક દલીલો ગોતી કાઢે છે.

- પૂજાની લાઈનમાં ઊભા હો, અને કોઈ માસક્ષમણના તપસ્વી આવે, તો શું કરો ? તેમને સીધા આગળ જવા દેવા, તે વિવેક છે.

  સમજવાનું છે કે તમને ૫ મિનિટ વધુ લાગે, તો ફરક નહીં પડે. પણ તપસ્વીને ૧૫ મિનિટ ઊભા ન રખાય.

- દેરાસરમાં ચૈત્યવંદન કરતા હોય, તો સ્તવન એટલા મોટેથી ન બોલવું કે બીજાની આરાધનામાં વિક્ષેપ પડે, તે વિવેક છે.

  ઉપાશ્રયમાં આવો, તો મોબાઈલને સાઈલેન્ટ કરી દેવો, તે વિવેક છે. તમારા મોબાઈલની રિંગ સાધુઓના સ્વાધ્યાયમાં ખલેલ કરે. કેટલાક તો ઉપાશ્રયમાંથી જ ધંધાની કે સંસારની વાતો કરવા માંડે. કેટલો મોટો અવિવેક ?

- આ વાત કરું છું, ત્યારે મને મારો એક અનુભવ યાદ આવે છે.

  ખભાના દુઃખાવા માટે, મારે મુંબઈના એક અગ્રગણ્ય ઓર્થોપેડિક સર્જનને બતાવવા જવાનું હતું. તેઓ એટલા મોટા ડૉક્ટર હતા કે આખો દિવસ ઓપરેશનોમાં જ વ્યસ્ત હોય. તેમને બતાવવું હોય તો રાતની જ એપોઈન્ટમેન્ટ મળે... રાતના ૧૨ વાગે નંબર લાગે !

  પણ મહાત્માનું નામ પડ્યું, એટલે કહ્યું – સવારે ૯ વાગે આવી જાવ. તેમની પોતાની જ હોસ્પિટલ હતી. અમે સમયસર પહોંચી ગયેલા. તેમની કેબિનમાં જ

બેસાડ્યા. થોડી વારમાં આવ્યા. અમારી વાતચીત ચાલતી હતી, ત્યાં તેમના મોબાઈલની રિંગ વાગી. તેમણે ફોન આસિસ્ટંટને આપી દીધો. થોડી વારે આસિસ્ટંટ કહેવા આવ્યો – ફોન કલકત્તાથી હતો. તેમણે મને કહ્યું – 'મારે જરા બે મિનિટ વાત કરવી પડશે, કરી લઉં ?' પછી જ વાત કરી.

અહીં જુઓ – ડૉક્ટર જૈન નહોતા. ઉપાશ્રય નહીં, તેમની કેબિન હતી. તેમને મારું કામ નહોતું, મારે તેમનું કામ હતું. ઉંમરમાં મારાથી મોટા હતા. છતાં તેમનામાં વિવેક હતો કે સંત આપણી સામે બેઠા હોય, તો મોબાઈલ પર વાત ન કરાય...

અને તમે ? ઉપાશ્રયે આવ્યા હો... મારી સાથે વાત ચાલુ હોય... રિંગ વાગે તો ઉપાડીને વાત ચાલુ કરી દો. મારે 'બાઘા'ની જેમ તમારી રાહ જોઈને બેસી રહેવાનું! બહુ ઓછા શ્રાવકો એ વિવેક ધરાવે છે કે મહાત્માની સામે આવું ન કરાય.

હકીકતમાં તો જેમ દેરાસરમાં પ્રવેશતા નિસીહિ છે, તેમ **ઉપાશ્રયમાં પ્રવેશતા પણ નિસીહિ છે. નિસીહિ કહીને પ્રવેશ કરો, એટલે સંસારની બધી પ્રવૃત્તિઓનો ત્યાગ થઈ જાય.** પછી ધંધા વગેરેની વાતચીત થઈ જ શી રીતે શકે ?

- જૈન સંઘના ઘણાં ગુણો છે. પણ વર્તમાનકાલીન શ્રાવકોની એક ખામી છે, વિવેકની અને શિસ્તની...
- તીર્થયાત્રા કરવા ગયા હો... ધર્મશાળામાં રૂમ લો... તેમાં જો બધું અવ્યવસ્થિત હોય, તો ફરિયાદ કરો... પણ એ અવ્યવસ્થિત કરનારા હોય છે કોણ ? તમે જ... તમે લીધેલી રૂમ, પાછી આપો ત્યારે વ્યવસ્થિત કરીને આપો ?

  *સભા : તેના માટે માણસ હોય ને ?*

  એટલે તમે 'માણસ' નથી ? માણસને ફુરસદ મળે, ત્યારે કરે. વચ્ચે જ બીજા યાત્રિકો આવે તો ?
- ઉપાશ્રયે વ્યાખ્યાન કે પ્રતિક્રમણમાં બેસવા માટે ખુરશી લો... પછી તેને ઠેકાણે કોણ મૂકે ? વ્યાખ્યાન પૂરું થયા પછી જાજમ કોણ સંકેલે ?

  ઉપાશ્રય મોટો હોય, મહાત્મા ૨-૩ જ હોય, તો બધી બારી ખુલ્લી ન રાખે. પ્રતિક્રમણ કરવા આવેલા શ્રાવકો ખોલે. પ્રતિક્રમણ પતે એટલે ચાલ્યા જાય... પછી બંધ કોણે કરવાની ? મહારાજ સાહેબે !
- અક્ષરધામની મુલાકાતે જઈને આવે, તે ત્યાંની શિસ્તના ભરપેટ વખાણ કરે. આપણાં સ્થાનોની અશિસ્ત માટે ભરપૂર ફરિયાદ કરે. પણ એ અશિસ્ત કરનારા કોણ છે ?

  શિસ્ત-અશિસ્ત બંને ચેપી છે. તમે જાવ, ત્યારે જો બધું શિસ્તબદ્ધ ચાલતું હોય, તો તમે પણ શિસ્તબદ્ધ ચાલશો. લાઈન હશે, તો લાઈનમાં ઊભા રહેશો. જો ટોળું

હશે, તો તમે ય ટોળું કરશો.

**શિસ્ત લાવવી હોય, તો શરૂઆત જાતથી કરવી પડે.**

- **સર્વત્ર બીજાનો વિચાર કરવો, તે જ ઔચિત્ય છે, વિવેક છે.** વિવેકાનંદની માતાએ કરેલી પરીક્ષાની વાત જાણીતી છે. ચપ્પુ આપવાનું જણાવ્યું. વિવેકાનંદે ધારવાળો ભાગ પોતાના તરફ રાખી, હેન્ડલ માતાને ધર્યું. માતાએ કહ્યું – આપતાં પહેલાં તેં મારો વિચાર કરીને હેન્ડલ ધર્યું, એટલે પરીક્ષામાં પાસ થયો.
- **પ્રભુનું શાસન લોકોત્તર છે. અહીં સર્વત્ર બીજાનો વિચાર છે. 'એવી રીતે આરાધના કરું કે બીજા કોઈને તકલીફ ન પડે, કોઈને આરાધનામાં અંતરાય ન થાય...' એવો વિચાર કરીને આરાધના કરવી, તે વિવેક છે.**

  **તેના વિના, આરાધનાનું વિશિષ્ટ ફળ ન મળે.**
- અમારા સ્વ. ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરિજી મ., ઔચિત્યની જ્વલંત મૂર્તિ હતા. સર્વત્ર બીજાનો વિચાર કરે. નાનામાં નાનો સાધુ મળવા આવ્યો હોય, તો પણ બધા કામ પડતાં મૂકીને તેને સમય આપે.
- આમ જુઓ તો સમ્યગ્દર્શન જ વિવેક પર ઊભું છે.

  **'શું કરવા જેવું છે ? શું છોડવા જેવું છે ?' એનો વિવેક એ જ સમ્યગ્દર્શન છે.**
- આરાધકોમાં મોટે ભાગે એવી જ માનસિકતા જોવા મળે છે – મારે મારું કરી લેવાનું. બીજાનો વિચાર નહીં કરવાનો.

  આયંબિલ કરવા ગયા હો... ધારવા કરતાં સંખ્યા વધી જવાથી ઢોકળા ખૂટી ગયા હોય... તો એવું વિચારો ને ? કે 'હું તો વર્ષોથી આયંબિલ કરું છું. મને રોટલી-દાળથી પણ ચાલશે. નવા આવતા હોય, તેને ઢોકળાં આપો.' કે પછી પહેલા તમારા લઈ લો ?

  કદાચ એક પંગત બેઠી હોય, તો એવું વિચારો ને ? કે 'જેને ઉતાવળ છે, તેને વાપરી લેવા દો... હું નિવૃત્ત છું, મારે ઉતાવળ નથી, મોડું થાય, તો વાંધો નથી.'

  પણ આવું ઓછું બનતું હોય છે.

  મોટે ભાગે પોતાનો સ્વાર્થ સાધી લેવાની વૃત્તિ જોવા મળે છે.
- દેરાસરમાં ધૂપિયું કાળું હોય, તો ફરિયાદ કરનારા મળશે.

  કોઈ એવું મળે ? કે બપોરે ૧ વાગે દેરાસર બંધ થતું હોય, ત્યારે આવીને લઈ જાય, ચકચકિત કરીને સાંજ પહેલા પાછું મૂકી જાય ?
- **વિવેક વિના ધર્મનું વિશિષ્ટ ફળ મળતું નથી.**

  **વિવેક વિના ધર્મ કદી પુણ્યના અનુબંધવાળો થતો નથી.**

  **એટલે કદાચ સ્વર્ગાદિ સદ્ગતિ આપે, પણ મોક્ષ કદી આપી શકે નહીં.**

# વિચિકિત્સા - ૪ - ઉપયોગ

- ધર્મના ફળમાં શંકા થવી, એ વિચિકિત્સા નામનું સમ્યક્ત્વનું દૂષણ છે.
  શંકા થવાનું કારણ એ બને છે કે ધર્મ કરવા છતાં ફળ નથી મળતું, તેવું લાગે છે.
- ફળ કદાચ ન મળતું હોય, તો તેનું કારણ એ નથી કે ધર્મનું ફળ છે જ નહીં, પણ તેનું કારણ એ છે કે જે રીતે ધર્મ કરવો જોઇએ, તે રીતે આપણે કરતા નથી..
- આયુર્વેદિક દવાઓ માટે તમે જાણતા હશો કે અનુપાન હોય છે. કોઇક દૂધ સાથે, કોઇક છાસ સાથે, કોઇક ગોળ સાથે લેવાની હોય છે.
  જો યોગ્ય અનુપાન વગર લેવાય, તો દવા અસર ન કરે તેવું પણ બને. ક્યારેક વિપરીત અસર કરે તેવું પણ બને. તેમાં વાંક દવાનો નથી હોતો, લેનારનો હોય છે કે તેણે યોગ્ય અનુપાન સાથે ન લીધી.
- તે રીતે, **ધર્મનું ફળ ન મળે, તો તે વાંક ધર્મનો નથી હોતો, પણ આપણો હોય છે કે જે રીતે ધર્મ કરવો જોઇએ, તે રીતે આપણે કર્યો નહીં.**
- શી રીતે ધર્મ કરવાથી વિશિષ્ટ ફળ મળે ? તે માટેના ૨ પરિબળ આપણે જોયા.
  ૧. વિધિ-આજ્ઞાપાલન
  ૨. વિવેક
  ત્રીજું મહત્ત્વનું પરિબળ છે, ઉપયોગ.
- ઉપયોગનો અર્થ છે, મન ધર્મક્રિયામાં ભળવું જોઇએ. જો શરીર ધર્મક્રિયા કરતું હોય, પણ મન અન્યત્ર ભટકતું હોય, તો ધર્મનું ફળ અલ્પ મળે. ફળનો મુખ્ય આધાર ભાવ-પરિણામ-અધ્યવસાય છે.
  **જો શરીરથી ક્રિયા કરવા છતાં મન અન્યત્ર રખડતું હોય, તો 'ધર્મ કરવો છે.' એવો ભાવ હોવાથી, તેનું ફળ મળે. પણ, બીજો કોઇ ભાવ ન હોવાથી વિશિષ્ટ ફળ ન મળે.**
- *સભા : મનને ધર્મમાં રાખવા, ઉપયોગ રાખવા શું કરવાનું ?*
  તમારો પ્રશ્ન સારો છે. ડોક્ટરે નિદાન કરીને દવા પણ આપવી પડે, તો જ રોગ મટે. માત્ર નિદાન કરે, દવા ન આપે, રોગ ન મટાડે, તેવો ડૉક્ટર શા કામનો ?
  એટલે ઉપાય પણ મારે બતાવવાના છે જ. પણ પહેલાં જે નિદાન કરું, તે તમારા ગળે ઊતરવું જોઇએ, તો જ તમે બરાબર દવા કરશો.
  ક્યારેક તો નિદાન સમજાઇ જાય, તો દવા આપોઆપ જડી આવે.
- તમે કે હું, જે ધર્મ કરીએ છીએ, તેમાં ઉપયોગ કેટલો રહે છે ? રાખીએ છીએ ? તે વિચારવા જેવું છે.

સાંજના પ્રતિક્રમણ કરો તો સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્કાય... બોલી જાવ. આખા દિવસમાં પાણીના જીવોની વિરાધના ક્યારે ? કેટલીવાર ? કેટલી કરી? – તે યાદ કરીને તેનું હાર્દિક મિચ્છા મિ દુક્કડમ્ ક્યારેય કર્યું છે ?

*સભા : ના.*

તો એનો અર્થ એમ થયો કે માત્ર શબ્દો બોલાઈ જાય છે. તેને અનુરૂપ અધ્યવસાય પ્રાયઃ હોતા નથી. તેવી ધર્મક્રિયાનું ફળ કેટલું મળે ? તે વિચારવા જેવું છે.

અહીં એક સ્પષ્ટતા કરી દઉં... કદાચ કોઈ વિશિષ્ટ અધ્યવસાય ન જાગતા હોય, તો પણ પ્રતિક્રમણ કરવાથી, શુભ યોગનો અભ્યાસ થાય છે, અશુભ યોગોથી નિવૃત્તિ થાય છે, ધર્મક્રિયાના સુસંસ્કાર પડે છે, અન્ય આરાધકોનો સંગ થાય છે... આ બધા લાભો પ્રાયઃ અવશ્ય થતા હોવાથી, ધર્મક્રિયા છોડવાની તો છે જ નહીં. પણ જો તેમાં મન ભળે જ નહીં, તો લાભ બહુ અલ્પ થવાનો છે, એ પણ નિશ્ચિત છે.

- વ્યાખ્યાન પહેલાં તમે ગુરુવંદન કર્યું. જં કિંચિ અપત્તિઅં... પરપત્તિઅં... બોલ્યા. આ પદોના અર્થ મનમાં વિચારતા જાવ ? ગુરુ ભગવંતની જે જે આશાતના કરી હોય, થઈ હોય, તે વિચારીને ક્ષમાયાચના કરો ?

  *સભા : અર્થ ખબર જ નથી, તો વિચારીએ ક્યાંથી ?*

  ખબર કેમ નથી ? તેમાં કશું અઘરું નથી.

- હકીકત એ છે કે **‘ધર્મ કરવો છે’** એવો ભાવ છે; **પણ ‘ઉપયોગપૂર્વક ધર્મ કરવો છે’ એવો ભાવ જ કદાચ નથી** ! જેને ઉપયોગપૂર્વક ધર્મ કરવાની ભાવના હોય, તે અર્થને જાણવાનો પ્રયાસ કર્યા વિના રહે ખરો ? અર્થને વિચારવાનો પ્રયાસ કર્યા વિના રહે ખરો ?

- જુઓ, ૧૦૦% ઉપયોગ ધર્મમાં રાખવો, તે મારા માટે પણ અતિ મુશ્કેલ છે, તો તમારા માટે તો છે જ.

  પણ લક્ષ્ય હોય અને પુરુષાર્થ કરાય, તો ૫૦–૬૦% ઉપયોગ રાખવો અસંભવ નથી. કદાચ સંસ્કારવશાત્ વચ્ચે વચ્ચે બીજા વિચારો આવી જાય, પણ ઉપયોગ રાખવાનું લક્ષ્ય હોય, તો નવી ગાથા–નવું સૂત્ર આવે, એટલે તેનો અર્થ વિચારવામાં પાછો ઉપયોગ આવી જાય, તેવી સંભાવના ઘણી છે.

- આપણો ઉપયોગ જળવાઈ રહે, એ માટે પૂર્વાચાર્ય ભગવંતોએ અનેક વ્યવસ્થાઓ કરી છે.

  પૂજા કરતી વખતે હકીકતમાં તો મૌન જ રાખવાનું હોય છે. ગભારામાં પ્રવેશ કર્યા પછી બોલવાનો નિષેધ છે.

તો પછી પૂજાના દુહાઓ શા માટે બનાવાયા ?

એ મનમાં જ વિચારવાના હોય છે. સામૂહિક પૂજા હોય, તો ગભારાની બહાર રહેલા આરાધકો બોલી શકે. મન ક્યાંય આડુંઅવળું ન જાય, પ્રભુના ગુણમાં પરોવાયેલું રહે, ક્યાંક ચાલ્યું ગયું હોય, તો પણ પાછું તેમાં સ્થિર થાય, તે માટે જ દુહા બનાવાયા છે, વિચારવાના હોય છે.

'ખડાં ખડાં કેવળ લહ્યું...' બોલતાં યાદ આવે પ્રભુની અપ્રમત્ત સાધના... દીક્ષાથી કેવળજ્ઞાન સુધી પ્રભુ એક પણ વાર બેઠા નથી... કાં વિહાર હોય... કાં કાઉસ્સગ્ગમાં હોય... કાં ગોચરી જાય... આવું યાદ આવે... પ્રભુ પ્રત્યે બહુમાન ઉલ્લસિત થાય... ઉપયોગ સ્થિર રહે.

- મુશ્કેલી એ છે કે આ બધી સામગ્રીનો ઉપયોગ તમે કરતા નથી... ગુજરાતી દુહાઓ પણ આવડતા હોતા નથી... આવડતા હોય, તો અર્થ સમજ્યા હોતા નથી... સમજ્યા હો, તો વિચારતા નથી.
- ચૈત્યવંદનમાં જં કિંચિ સૂત્રમાં શબ્દો છે... તાઈં સવ્વાઈં વંદામિ. ઊર્ધ્વ–અધો–તિર્છાલોકમાં જે કોઈ જિનબિંબો છે, તેમને હું વંદન કરું છું. એ સૂત્ર બોલતી વખતે દેવલોકના વિમાનોમાં, નીચેના ભવનોમાં, તીર્થોમાં રહેલ પ્રતિમાઓને કાલ્પનિક રીતે નજર સામે લાવીને વંદન કરાય, તો મનનો ઉપયોગ રાખવો અસંભવ નથી. પણ આપણો પુરુષાર્થ જ હોતો નથી. શબ્દો બોલી જવા છે, અર્થ વિચારવો જ નથી!
- તમારો બધાનો લગભગ અનુભવ છે કે વ્યાખ્યાનનો વિષય રસ જાગે તેવો હોય, રજૂઆતની શૈલી સરળ હોય, તો વ્યાખ્યાન શ્રવણમાં ઉપયોગ રહે છે. ૧ કલાક ક્યાં પૂરો થઈ ગયો ? તેની ખબર પણ પડતી નથી – એવો પણ અનુભવ થાય છે. અર્થાત્ તેમાં નિરંતર–અખંડ ઉપયોગ રહે છે.

  એ જ સાબિત કરે છે કે ઉપયોગ રાખવો, સર્વથા અશક્ય તો નથી જ. થોડો પુરુષાર્થ કરવાથી પણ તે સંભવિત બને છે.
- **દરેક ક્રિયાના હાર્દને સમજવામાં આવે અને ક્રિયા કરતી વખતે વિચારવામાં આવે, તો ઉપયોગ રહી શકે.**

  પૂજાનો વિધિ સ્નાનથી શરૂ થાય છે.

  જે પૂજા કરવા માટે જ સ્નાન કરે, શરીરની વિભૂષાનો કોઈ ભાવ ન હોય, પસીનાથી કે દુર્ગંધથી કંટાળીને સ્નાન ન કરતો હોય; તેના માટે તો સ્નાન પણ પૂજાનું જ એક અંગ બની શકે.

  સ્નાન કરે ત્યારથી પ્રભુના ગુણોને વિચારવાના હોય છે. 'આવા પ્રભુની પૂજા કરવા

માટે હું સ્નાન કરું છું.' તો ત્યારથી પ્રભુના ગુણોમાં ઉપયોગ સ્થિર થાય.

- મેં કહ્યું તેમ, સામગ્રી હોવા છતાં તેનો ઉપયોગ નથી. દુહાઓ ગુજરાતીમાં હોવા છતાં, તેનો અર્થ જાણતા નથી.

  ફળપૂજાના દુહામાં શબ્દ આવે છે – માંગે શિવફળત્યાગ. આ શિવફળત્યાગ એટલે શું ?

  *સભા : મોક્ષ.*

  મોક્ષ તો શિવ શબ્દનો અર્થ છે. ત્યાગ કોનો ?

  હકીકતમાં આ શબ્દ બહુવ્રીહિ સમાસથી બન્યો છે. ગુજરાતી વ્યાકરણ ભણ્યા તો હશો જ. યાદ હોય તો આવો સમાસ આવે છે. શ્વેતાંબર શબ્દ પણ એવો જ છે. શ્વેત(સફેદ) છે અંબર (વસ્ત્ર) જેનાં... એ તેનો અર્થ છે.

  એ રીતે, શિવ છે ફળ જેનું, એવો ત્યાગ, એટલે કે સંસારનો ત્યાગ – ચારિત્ર એ શિવફળત્યાગ શબ્દનો અર્થ છે.

  કેટલાને આ અર્થ ખબર હતી ?

- અર્થ ખબર ન હોવાથી, ઘણીવાર તો શબ્દો બદલી નખાય છે. જળપૂજાનો દુહો છે – જળપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ. આપણા આત્મા પર અનાદિ કાળથી લાગેલા કર્મના મેલને ધોવા માટે જળપૂજા કરવાની છે.

  ઘણાં લોકો 'મેલ અનાદિ વિનાશ' બોલવાને બદલે 'મેલો અનાદિ વિનાશ' એવું બોલે છે. તેનો અર્થ શું થાય ? તે તેઓ જાણે !

- સ્નાત્રમાં પંક્તિ આવે છે – જલથલફૂલ–ઉદક કરધારી. જલથલફૂલ શબ્દનો અર્થ છે – પાણીમાં ઊગેલાં ફૂલ – કમળ વગેરે અને જમીનમાં ઊગેલાં ફૂલ – ગુલાબ વગેરે. તે બધાં ફૂલ અને ઉદક એટલે પાણી, હાથમાં રાખીને ઊભા રહેવાનું છે.

  જેને આ અર્થ ખબર નથી, તેવા લોકો શબ્દોમાં ગોટાળા કરે છે, ઉદકના બદલે ઉદય બોલે છે.

- **એક ઈરિયાવહી પણ અર્થના ઉપયોગપૂર્વક કરવાનો પુરુષાર્થ કરાય, તો કેવળજ્ઞાન અપાવવાની તાકાત ધરાવે છે.** પણ આપણો પુરુષાર્થ તેવો હોય છે ખરો ?

- આપણને આરાધના કરવાનો ભાવ છે, ઉપયોગપૂર્વક આરાધના કરવાનો ભાવ હોય છે ?

  યાદ રાખવા જેવું છે કે **Quality વિનાની એકલી Quantity નો બહુ અર્થ રહેતો નથી.**

- પં. મૃદુસુંદરવિ. ના પિતાશ્રીએ દીક્ષા લીધેલી. મારા શિષ્ય હતા, મુ. શ્રી મોક્ષસુંદરવિ. તેમનું નામ. સવારનું પ્રતિક્રમણ કરતાં દોઢ કલાક થાય. 'સકલ તીર્થ' સ્તોત્ર બોલતાં બધા તીર્થોને યાદ કરીને નમસ્કાર કરે. સીમંધર સ્વામી અને

શત્રુંજયનું ચૈત્યવંદન ભાવથી કરે.

મોટી ઉંમરે દીક્ષા લીધી હતી, સંસ્કૃત-પ્રાકૃત ભણ્યા નહોતા. પણ જે આવડતું હતું, તે ઉપયોગપૂર્વક કરવાની મહેનત કરે !

- તમને પૂજા કરતાં ૨૦ મિનિટ થતી હોય... ઉપયોગ રાખવાનો પુરુષાર્થ કરો, તો કદાચ પૂરી ૨૦ મિનિટ ઉપયોગ નહીં રહે, પણ ૧૦ થી ૧૫ મિનિટ રહેશે પણ ખરો. અભ્યાસદશામાં ૫૦ થી ૭૫% સફળતા મળવી, એ નાની વાત નથી.
- સૂત્રો બોલતી વખતે ઉપયોગ શી રીતે રાખવો ? તે સમજવું હોય, તો પૂ. ભુવનભાનુસૂરિ મ.નું પુસ્તક 'પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ' ખાસ વાંચવું.

  તેમાં દરેકે દરેક સૂત્રમાં ઉપયોગ કેમ રાખવો ? તે સચિત્ર સરસ રીતે સમજાવ્યું છે. દાખલા તરીકે, લોગસ્સની બીજી ગાથાની પહેલી લીટીમાં બે ભગવાનના, બીજી લીટીમાં ત્રણ ભગવાનના, ત્રીજી લીટીમાં બે ભગવાનના અને ચોથી લીટીમાં એક ભગવાનનું નામ છે. તો નજર સમક્ષ આ રીતે ચિત્ર લાવવાનું –

* *

* * *

* *

*

  દરેક સ્થાને પરમાત્મા છે, એવું વિચારવાનું... અને દરેકને નમસ્કાર કરી રહ્યા છો, તેમ વિચારવાનું. આ રીતે કરવાથી આખી ગાથામાં ઉપયોગ રહે.
- નવકારવાળી ગણતી વખતે નવકારમાં ઉપયોગ શી રીતે રાખી શકાય ? તેના અનેક ઉપાયો બતાવતું ખાસ પુસ્તક પૂ. આ. શ્રી મુક્તિવલ્લભસૂ. મ. એ લખ્યું છે. એક ઉપાય તમને જણાવું – નવકાર ગણતી વખતે, નજર સામે કોઈ પટ પર નવકાર લખેલો છે, એવી કલ્પના કરીને દરેક અક્ષર વાંચવાનો... એમ કરવાથી ઉપયોગ નવકારમાં જ રહે...
- ઉપયોગ જેમાં સરળતાથી રહે, એવી સાધના છે – સ્વાધ્યાય.

  તપ, વૈયાવચ્ચ વગેરે આરાધનામાં મન બીજે ભટકતું હોય, તેવું બની શકે.

  **સ્વાધ્યાય મનના ઉપયોગ વિના પ્રાયઃ થઈ શકે જ નહીં. એટલે જ શાસ્ત્રકારે કહ્યું છે – સ્વાધ્યાય જેવો કોઈ તપ નથી.** એટલે જ સાધુ ભગવંતોને નિત્ય સ્વાધ્યાય કરવાનું કહ્યું છે. અને અમે કરીએ પણ છીએ.

  મુશ્કેલી એ છે કે શ્રાવકોને ભણવાનો રસ નથી. વાંચવાનો રસ પણ બહુ ઓછો છે. માંજલપુરમાં એવા ઘર કેટલા મળે ? કે જેને ત્યાં ૧૦૦૦ પુસ્તકો હોય ? એકે નહીં. ફ્રેક્ચર થવાથી છ મહિનાનો ખાટલો થાય, તો વાંચનથી સમય પસાર કરી શકાય,

તેટલી સામગ્રી કોની પાસે છે ?

પુસ્તકો છાપવા માટે ફંડ કરવું હોય, તો દાનનો ઓવરફ્લો થાય, પણ વાંચવાનું ફંડ કરીએ તો ?

મફત પુસ્તકો આપીએ, તો પણ લેવા નથી. 'આશાતના થશે.' તેવો ભય લાગે છે. સારા પુસ્તકોના વાંચન વિના જીવન આડે પાટે ચડી જશે, તેનો ભય નથી... માંદગી વખતે સમાધિ કેમ મળશે ? તેનો ભય નથી... માત્ર આશાતનાનો જ ભય છે... તે સાચો કે ખોટો ? કાં ભૂત ભરાયેલું છે, કાં હકીકતમાં વાંચવાનો રસ નથી અને આશાતના માત્ર બહાનું છે.

આશાતનાને ટાળવાના ઉપાયો છે. દીવાલ પર ઊંચે ટાંગેલો કબાટ બનાવીને રાખો, તો કોઈ આશાતના ન થાય.

- જિનશાસનનો મોક્ષમાર્ગ જ્ઞાન અને ક્રિયા રૂપ છે. તેમાં પ્રધાનતા જ્ઞાનની છે. બન્યું છે એવું કે તમે જ્ઞાન ગૌણ કરી દીધું છે. માત્ર ક્રિયામાં જ સંપૂર્ણતા માની લીધી છે.
- ક્યારેક એવો સમય આવવાનો છે કે પથારીવશ હશું... કદાચ સાંભળી પણ નહીં શકાતું હોય... કદાચ જોઈ પણ નહીં શકાતું હોય... ત્યારે સમાધિ રાખી શકાય, તેવી કોઈ સામગ્રી ભેગી કરી છે ?

  કલ્પસૂત્રમાં સાંભળો છો – ત્રિશલા માતાને સ્વપ્ન આવ્યા... સિદ્ધાર્થ રાજાને સંભળાવ્યા... પછી પોતાના શયનખંડમાં આવીને બાકીની રાત્રિ ધર્મજાગરણ કર્યું. તેટલું ચિંતન કરી શકે – તેવો અભ્યાસ હશે ને ? તમને ઊંઘ ન આવે, તો ૩-૪ કલાક ધર્મજાગરિકા કરી શકો ?

  એના માટે કોઈ સામગ્રી ભેગી કરી છે ?
- પૂ. પ્રેમસૂરિ મ., કમ્મપયડીના સ્વાધ્યાય દ્વારા રાત્રિ પસાર કરતા હતા.

  અમારા દાદા-ગુરુદેવ પૂ. દેવસુંદરવિ. મ., પૂજાઓનો સ્વાધ્યાય કરીને રાત્રિઓ પસાર કરતા હતા.

  આવી કોઈ તૈયારી સ્વાધ્યાય દ્વારા કરી છે ?
- **આરાધનામાં ઉપયોગ ભળે, તો જ આરાધના વિશિષ્ટ ફળદાયક બને છે.** તે માટે પુરુષાર્થ કરવો આવશ્યક છે.

- ધર્મના ફળમાં શંકા કરવી, તે વિચિકિત્સા નામનું દૂષણ છે.
- ધર્મનું વિશિષ્ટ ફળ મેળવવા માટે ધર્મ કેવો હોવો જોઈએ ? તેની વાત આપણે કરી રહ્યા છીએ.

  ૩ વાત કરી.

  ૧. વિધિ

  ૨. વિવેક

  ૩. ઉપયોગ.
- ચોથી વાત છે – દેવ, ગુરુ, આરાધના અને આરાધકો પ્રત્યે બહુમાન જોઈએ.
- દેવ–ગુરુ આરાધનાના ઉચ્ચતમ તબક્કાને પામેલા છે, આપણને આરાધના બતાડનારા છે, માર્ગદર્શક છે. એટલે ગુણવાન્ પણ છે, ઉપકારી પણ છે. તેમના પ્રત્યે બહુમાન કદાચ આપણને બધાને હોય છે.

  આરાધના સંસારથી તારક છે. તેના પર પણ કદાચ બધાને બહુમાન હોય છે.
- સવાલ એ છે કે **આપણી સાથે આરાધના કરનારા... આપણી આસપાસ રહેલા આરાધકો પર આપણને બહુમાન છે ખરું ?**

  તમે પ્રતિક્રમણ કરવા આવો, ત્યારે પ્રતિક્રમણ કરવા આવેલા બીજા આરાધકો પર બહુમાન ખરું ?

  તમે આયંબિલ કરવા આવો, ત્યારે આયંબિલ કરવા આવેલા બીજા આરાધકો પર બહુમાન ખરું ?

  તમે પૂજા કરવા આવો, ત્યારે પૂજા કરવા આવેલા બીજા આરાધકો પર બહુમાન ખરું?

  જવાબ કદાચ 'ના' છે.

  પરિસ્થિતિ દુઃખદ છે. આસપાસના આરાધકો પર બહુમાનના સ્થાને ક્યારેક તિરસ્કાર હોય છે !
- *સભા : બહુમાન તો અધિક ગુણવાન્ – વિશિષ્ટ ગુણવાન્ પર હોય ને ?*

  અધિક કે વિશિષ્ટ ગુણવાન્ પર વિશિષ્ટ બહુમાન જોઈએ.

  પણ **સમાનગુણી એવો આરાધક પણ ગુણવાન્ તો છે જ. તેના પર પણ સામાન્ય બહુમાન તો હોવું જ જોઈએ ને ?**
- હકીકત એવી છે કે કોઈ પ્રતિક્રમણમાં મોડું આવે... કોઈ પૂજામાં અવિધિ કરે... આવું જોઈને તિરસ્કાર થઈ જતો હોય છે.

*સભા : કરવો નથી, પણ સંસ્કારવશાત્ થઈ જાય છે.*

તે સંસ્કાર સુધારવા પડશે ને ? અને વગર પુરૂષાર્થે સુધરવાના છે ?

- **અનાદિ કાળથી આપણને ઈન્દ્રિયના વિષયો – પુદ્ગલ પર રાગના સંસ્કાર છે. જીવો પર દ્વેષના સંસ્કાર છે.**

  **બીજાની લીટી નાની કરીને, આપણી લીટી મોટી દેખાડવી, એ આપણી અનાદિ કાળની કુટેવ છે.**

  **બીજા પ્રત્યેનો તિરસ્કાર, એ જાતના અભિમાનની આડપેદાશ છે, અથવા તેનું જ બીજું સ્વરૂપ છે.**

  પુરુષાર્થ વિના એ દોષ જવાનો નથી.

- *સભા : તિરસ્કાર કર્યા વગર, ભૂલ હોય તો કહેવાય ?*

  તમારું પુણ્ય હોય, સામેનાની પાત્રતા હોય, તો કહેવાય. એવો ઋણાનુબંધ હોય કે કહેવાથી ગમશે–સ્વીકારશે–સુધારશે તેવું લાગે, તો કહેવાય.

  પણ કેવી રીતે ? પ્રેમથી. દીકરાની ભૂલ સુધારતા હો, તે રીતે.

  *સભા : કેટલી વાર પ્રેમથી કહેવાનું ?*

  ૧૦૦ વાર... ભગવાને આપણને અનંત વાર કહ્યું, છતાં આપણે નથી સુધર્યા. તો પણ ભગવાન પ્રેમથી જ કહે છે ને ?

  અમે તમને સેંકડો વાર કહ્યું, છતાં તમે નથી સુધર્યા. તો પણ અમે પ્રેમથી જ કહીએ છીએ ને ?

- અને ગમે તેટલી વાર કહીશું, તો પણ નહીં જ સુધરે તેવું લાગે, તો ઉપેક્ષા કરવાની. તેવા જીવો માટે ભગવાને માધ્યસ્થ્ય ભાવના જ બતાવી છે, તિરસ્કાર નહીં.

- આરાધકો પર બહુમાન ઊભું શી રીતે થાય ?

  **આપણને આરાધનાની સામગ્રી મળે છે, આરાધનાનું વાતાવરણ મળે છે, આરાધનાના આલંબનો મળે છે... તે બધો જ, આ આરાધકોનો ઉપકાર છે. એવું સમજશો–વિચારશો, તો આરાધકો પર બહુમાન જાગશે.**

- તમે વ્યાખ્યાન સાંભળવા આવ્યા છો. કલ્પના કરો કે તમે એકલા જ વ્યાખ્યાન સાંભળવા આવ્યા. તો શું થાય ? વ્યાખ્યાન થાય ? નહીં જ.

  કદાચ તમે જિજ્ઞાસુ હો, તો થોડી હિતશિક્ષા આપું, પણ પદ્ધતિસરનું વ્યાખ્યાન તો ન જ થાય.

  તો એ નક્કી થયું ને, કે **તમને વ્યાખ્યાન સાંભળવા મળ્યું, તે વ્યાખ્યાન સાંભળવા આવેલા બીજા લોકોનો તમારા પર ઉપકાર છે ?**

વિચારશો, તો આ વાત સમજાયા વિના નહીં રહે.

- સંઘની પાઠશાળા સરસ ચાલે છે. ૨૦૦ બાળકો ભણે છે. તમારા બાળકો પણ ભણતા હશે.

  તમે એ કલ્પના કરો કે માત્ર તમારો દીકરો જ પાઠશાળામાં ભણવા ગયો. તો પાઠશાળા ચાલે ખરી ?

  કોણ ૧-૨ બાળક માટે પાઠશાળાની જગ્યા આપે ? કોણ ભણાવનાર શિક્ષકનો પગાર આપે ? કોણ ઈનામો વગેરે માટે દાન આપે ? કયા કાર્યકર્તા સમયનો ભોગ આપે ?

  પાઠશાળામાં ૨૫-૫૦ બાળકો ભણતા હોય, તો જ એ બધું થાય.

  એટલે નક્કી થયું કે **પાઠશાળામાં તમે તમારા દીકરાને સંસ્કાર આપી શકો છો, તે પાઠશાળામાં આવતા અન્ય બાળકોનો, તેમને મોકલનાર માતા-પિતાનો તમારા પર ઉપકાર છે.**

  ટ્યૂશન રાખીને તમે ધાર્મિક અભ્યાસ કરાવી શકો, પણ પાઠશાળામાં જે સંસ્કરણ થાય, તે ઘરે થવું દુઃશક્ય છે.

- ચૈત્ર કે આસો મહિનાની ઓળીમાં રોજ ૧૦૦-૧૫૦ આયંબિલ થતા હશે... ઘણી વસ્તુઓ બનતી હશે... તમારા જેવા ૨-૪ જણાં જ આયંબિલ કરનારા હોય, તો એટલી વસ્તુ કોઈ બનાવે ખરા ? નહીં જ.:. તેમાં બગાડ જ થાય...

  એટલે, **આયંબિલની આટલી સારી અનુકૂળતા મળે છે, તે તમારી સાથે આયંબિલ કરનારા આરાધકોનો તમારા પર ઉપકાર છે.**

  સંખ્યા હોય, તો જ વ્યવસ્થા થાય. નહીં તો ઘાટ કરતાં ઘડામણ મોંઘું થાય. પગાર વગેરે ખર્ચા ભારે પડે.

  સંખ્યા હોય, તો જ દાતાને લાભ લેવાની ભાવના થાય. સંખ્યા હોય, તો જ કાર્યકર્તાઓને કાર્ય કરવાનો ઉત્સાહ જાગે, ટકે.

  અનેક સંઘોમાં બાર મહિનાનું આયંબિલ ખાતું નથી. કારણ શું ? સંખ્યા નથી, તે જ.

- વ્યાખ્યાન કે પર્યુષણમાં પ્રતિક્રમણ કરવા માટે આટલો વિશાળ હોલ બન્યો... કોઈએ લાખો રૂપિયાનું દાન કર્યું... તેને ભાવના ક્યારે થાય ?

  બે-ચાર આરાધકો જ આરાધના કરતા હોય, તો લાખો રૂપિયાના ખર્ચે કોઈ ઉપાશ્રય બનાવે ખરા ? નહીં જ.

  **તો આટલો વિશાળ હોલ મળ્યો, તે પણ તમારી સાથે આરાધના કરનારાઓનો તમારા પર ઉપકાર છે !**

• માંજલપુરમાં જૈનોના ૧૦-૧૫ જ ઘર હોય, તો કોઈ મહાત્મા ચાતુર્માસ કરે ખરા? લગભગ નહીં.

૨૦૦-૩૦૦ ઘર છે, તો કોઈ મહાત્માને ચાતુર્માસ કરવાનું મન થાય, કારણકે નિર્દોષ ગોચરી સુલભ થાય.

એટલે નક્કી થયું કે **ચોમાસામાં જિનવાણી-શ્રવણ કરવા મળે છે, મહાત્માની નિશ્રામાં પર્યુષણની આરાધના કરવા મળે છે, સુપાત્રદાનનો લાભ મળે છે... તે બધો, સંઘમાં રહેતા અન્ય જૈનોનો તમારા પર ઉપકાર છે.**

• કોઈ પણ વસ્તુની ખરી કિંમત, તે ન હોય ત્યારે જ સમજાય છે. પાણીની ખરી કિંમત, સહરાના રણમાં જ સમજાય.

અન્ય આરાધકોની કિંમત શું ? તે આરાધકો ન હોય, ત્યારે જ સમજાય.

ડભોઈ, ખંભાત, છાણી... આ બધા એક કાળે જૈનોની જાહોજલાલીવાળા ક્ષેત્રો હતા. મોટા પ્રભાવક મહાત્માઓના ચાતુર્માસ થતાં હતાં. આજે કદાચ નહીં થતા હોય.

તેનું કારણ શું ? ક્ષેત્ર તો એ જ છે. જિનાલયો તે જ છે. ઉપાશ્રય તો કદાચ વિશાળ હશે. પણ જૈનોના ઘરો ઓછા થઈ ગયા. તેથી જ ચોમાસાં નથી થતાં.

વિશાળ સંખ્યામાં આરાધકો હોય, તો ચોમાસું કરવા મહાત્માઓ ૨૦૦૦ કિ.મી.નો વિહાર કરીને ચેન્નઈ કે કોલકતા પણ જાય છે.

• ચોમાસામાં સામૂહિક તપશ્ચર્યા થતી હોય છે.

તેમાં સામૂહિક બેસણાં ક્યારે થાય ?

૧૦-૧૫ આરાધકો હોય, તો મજૂરી જ મોંઘી પડે.

૮૦-૧૦૦ આરાધકો હોય, તો જ રસોડું કરવું પરવડે, ખર્ચ વ્યાજબી લાગે, કામ કરનારાને સમય આપવાનો ઉલ્લાસ જાગે.

એટલે **સામૂહિક તપશ્ચર્યા થાય છે, તે પણ અન્ય તપસ્વીઓનો ઉપકાર છે.**

• મોટા તપ, એકલા કરવા મુશ્કેલ છે.

સમૂહમાં એકબીજાના આલંબને જ થતા હોય છે.

પોતે ઢીલા પડ્યા હોય, પારણું કરવાના વિચાર આવતા હોય, પણ બીજા બધાને કરતા જુએ એટલે લાગે કે 'કરી લેવા દે, થઈ જશે... આ તો મારા કરતાં ઢીલો છે, તો ય કરે છે, તો મારે તો કરવું જ જોઈએ.'

• સં. ૨૦૫૫ની સાલમાં મારા ગુરુદેવનું ચોમાસું સુરત-અઠવા લાઈન્સમાં હતું. પર્યુષણના પહેલા દિવસે પ્રવચન પછી, એક યુવાન, મારા ગુરુદેવ પાસે બેઠો હતો. ત્યારે એક ભાઈ, ૧૦-૧૨ વર્ષના દીકરાને લઈને આવ્યા. 'આને અટ્ઠાઈની

ભાવના છે. ઉપવાસનું પચ્ચક્ખાણ આપો – વાસક્ષેપ કરી દો.'

ગુરુદેવે પચ્ચક્ખાણ આપ્યું, આશીર્વાદ આપ્યા.

પેલા યુવાનને થયું – આટલા નાના બાળકને અટ્ઠાઇની ભાવના થઈ, મને કદી થઈ નથી... તેને પણ ભાવના થઈ ગઈ. ઉપવાસનું પચ્ચક્ખાણ તો હતું જ... આગળ વધ્યો. છટ્ઠા દિવસે અટ્ઠમનું પચ્ચક્ખાણ કર્યું – અટ્ઠાઇ પૂરી થવાની નક્કી થઈ ગઈ. પછી ગુરુદેવને કહે – 'પેલો બાળક ક્યાં છે ? મારે એનું બહુમાન કરવું છે – તેના આલંબને જ મારી અટ્ઠાઇ થઈ છે.'

ગુરુદેવ કહે – 'તેણે તો બીજા દિવસે પારણું કરી લીધું !'

- સં. ૨૦૬૪ માં મહેસાણા ઉપનગર સંઘમાં મારું ચાતુર્માસ હતું. સામૂહિક સિદ્ધિતપ નક્કી થયેલા. અત્તરવાયણાના દિવસે સવાર સુધીમાં ૬૦ જેટલા નામ આવેલા. સાંજે ૮૦ જણાંએ અત્તરવાયણું કર્યું. સવારે પચ્ચક્ખાણ લેવા ૧૦૦ જણાં આવ્યા! એક-બીજાને જોઈને જ બધા જોડાયા.
- પચ્ચક્ખાણનો કાર્યક્રમ જોઈને ૩ બહેનોને સિદ્ધિતપ કરવાનું મન થઈ ગયું. નવકારશી કરીને આવેલા. તો બીજા દિવસથી અટ્ઠમ કરીને, પહેલી બારીનું બેસણું ઊડાડીને સિદ્ધિતપ કર્યો !
- આવા તો અઢળક પ્રસંગો હશે કે બીજાને જોઈને આરાધના કરવાનું મન થયું હોય. કેટલાય મહાત્માઓ એવા હશે, જેમને બીજાના દીક્ષા-પ્રસંગને જોઈને દીક્ષા લેવાનું મન થયું હશે !
- એકલા આરાધના કરવાનો ઉત્સાહ થવો જ અઘરો છે. કદાચ થાય અને શરૂ કરે, તો પણ ટકવું અઘરું છે. એકલા ઉપધાન કરનાર આરાધક હજારે એક નહીં મળે ! ચોસઠ પ્રહરી પૌષધ કરવા આવ્યો હોય, કોઈ સાથ ન હોય, તો પૂરો કરવો અઘરો બની જાય !
- સાર એ જ છે કે આરાધના માટેની સગવડો મળે છે, તે અન્ય આરાધકોનો ઉપકાર છે.

  ૧૦૦-૨૦૦ પૂજા કરનારા હોય, તો જ કરોડોના ખર્ચે વિશાળ જિનાલય બને. ૨-૫ જ પૂજા કરનારા હોય, તો કોણ એટલો ખર્ચ-મહેનત કરે ?
- આટલો ઉપકાર આરાધકોનો સમજાય, તો તેમના પ્રત્યે બહુમાન હોવું જોઈએ કે તિરસ્કાર ?
- *સભા : આ ઉપકાર બંનેનો છે ને ? અમે પણ તેમના પર ઉપકાર કરીએ જ છીએ ને?*

  જુઓ, આપણે એ જ વિચારવાનું છે કે, તેઓ આપણા પર ઉપકાર કરે છે.

અમારું સાધુજીવન સાપેક્ષ છે. બધા એકબીજાના ઉપકારી છે. ગુરુ તો શિષ્યો પર ઉપકાર કરે જ છે, શિષ્યો પણ ગુરુ પર ઉપકાર કરે છે. શિષ્યો ન હોય, તો ગુરુ એકલા સંયમજીવન જીવી ન શકે. ગુરુભાઈઓ પણ પરસ્પર ઉપકાર કરે છે.

પણ અમારે વિચારવાનું તો એ જ હોય કે 'આ બધા મારા પર ઉપકાર કરે છે.' 'હું તેમના ઉપર ઉપકાર કરું છું.' તેવું નહીં.

- અમે ગોચરી વહોરવા આવીએ, ત્યારે આહાર-પાણી વહોરાવીને તમે અમારા પર ઉપકાર કરો છો જ. શાસ્ત્રમાં, અમને જણાવ્યું છે કે શ્રાવકો અમારા ઉપકારી છે. અમારું આખું જીવન – ગોચરી, પાણી, દવા, કપડાં, પાત્રા, વિહાર... તમારા આધારે જ ચાલે છે.

  પણ એ અમારે વિચારવાનું છે.

  તમારે તો એમ જ વિચારવાનું હોય છે – 'મહાત્મા આપણને સુપાત્રદાનનો લાભ આપીને, પુણ્ય બાંધવાની તક આપીને ઉપકાર કરે છે.'

- એમ જુઓ તો સર્વત્ર પરસ્પર ઉપકાર હોય છે.

  શેઠ નોકરને પગાર આપીને ઉપકાર કરે છે. તો નોકરોના આધારે જ શેઠની દુકાન ચાલતી હોવાથી, તેઓ પણ શેઠના ઉપકારી છે જ.

  એક તરફી ઉપકાર તો કદાચ વીતરાગનો જ હશે, કારણકે તેમના પર ઉપકાર કરી શકાતો નથી.

- આ ઉપકારો વિચારશું, તો આરાધકો પર બહુમાન થશે.
- **કોઈની ભૂલ થાય, તો એ જ વિચારવાનું કે,–'ગઈ કાલે કે ગયા ભવમાં હું આવો જ હતો. આજે હું સુધરી ગયો, એટલે બધા ન સુધરે. તેમના પર તિરસ્કાર શી રીતે થઈ શકે ?'**

  હા, પ્રેરણા થઈ શકે. પૂર્વે જણાવ્યું તેમ ઋણાનુબંધ હોય તો.

  શાસ્ત્ર જણાવે છે કે **બીજા આરાધકો પર તિરસ્કાર, એ આરાધનાનું અજીર્ણ છે.**

  અજીર્ણ એટલે શું ?

  બદામ પચે, તો લોહી બને, તાકાત આપે.

  બદામનું અજીર્ણ થાય, તો લોહી તો ન જ બને, ઝાડા થાય. બદામની તાકાત તો ન મળે, જૂની તાકાત હોય, તે પણ ચાલી જાય.

  **આરાધનાનું અજીર્ણ એટલે – આરાધનાનું ફળ તો ન જ મળે, ક્યારેક આશાતનાના કારણે અનંત સંસારનું પરિભ્રમણ નક્કી થઈ જાય !**

- બહુમાન અંતરમાં હોય. તે ત્રણ રીતે બહાર પ્રગટ થાય.

  ૧. અનુમોદના – જે સારું કરે તેની.

૨. સહાયતા – પોતાના જેવું કરનારને.

૩. કરુણા – પોતાનાથી નીચે રહેલાને પ્રોત્સાહન આપવું, શીખવાડવું, મૂંઝવણો દૂર કરવી, માર્ગદર્શન આપવું.

- શાસ્ત્રમાં મૈત્રી વગેરે ચાર ભાવના બતાવી છે.
  અનુમોદના તે પ્રમોદ ભાવના છે.
  સહાયતા તે મૈત્રી ભાવના છે.
  કરુણા તો સ્વયં ભાવના છે જ.
  માધ્યસ્થ્ય ભાવના, જે ધર્મ કરવાના જ નથી, તેવા અપાત્ર પર હોય છે.
- ઘણાં વ્યાખ્યાન છતાં તમે ન સુધરો, તો અમે શું કરીએ ? માધ્યસ્થ્ય ભાવના જ ભાવીએ.
  'હજુ તેનો કાળ નથી પાક્યો. પાત્રતા વિકસિત નથી થઇ. ભવિતવ્યતા વિપરીત છે.' એવું વિચારીએ.
  આ ચાર ભાવનામાં સર્વ જીવો સમાઇ જાય.
  પ્રભુશાસનનો દરેક પદાર્થ સુતાર્કિક જ હોય છે.
- **આરાધકો પર બહુમાન હોય, તો જ આરાધના ચિત્તને પ્રસન્ન કરે.**
  **આરાધકો પર તિરસ્કાર હોય, તો આરાધના ચિત્તને પ્રસન્ન ન કરે.**
  ચિત્તની પ્રસન્નતા એ જ આરાધનાનું પ્રથમ ફળ છે. તે પણ ન મળે, તો બીજા ફળ ન મળે.
- જે આરાધનાથી ચિત્ત પ્રસન્ન થાય, તે આરાધના જ લાંબો સમય ચાલી શકે.
  જો મને સંયમ જીવનમાં આનંદ ન આવે, તો ભવાંતરમાં સદ્‌ગતિના વાયદાથી સંયમ જીવન જીવવું સહેલું નથી.
  મને અત્યારે પ્રસન્નતા હોય, તો જ હું સંયમને સરળતાથી જીવી શકું.
- **આરાધકો પરના બહુમાન વિના પણ, આરાધના સાનુબંધ બનતી નથી, પુણ્યાનુબંધી બનતી નથી, મોક્ષ અપાવતી નથી.**

# ધર્મકાર્યમાં હિંસા – ૧

- આપણે સમ્યક્ત્વને દૂષિત કરનારા દૂષણો પર વિચાર કરી રહ્યા છીએ. કેટલીક વાર, જોરશોરથી થતો પ્રચાર પણ તમારા મનમાં શંકા કે ભ્રમ ઊભો કરી દે છે, જેનાથી સમ્યક્ત્વ દૂષિત થાય છે, કે ક્યારેક સર્વથા નાશ પામે છે.
  એવો એક પ્રચાર ચાલે છે → મૂર્તિપૂજામાં હિંસા થતી હોવાથી, તે પાપ છે; તેવો. નામથી જૈન જ ગણાતો આ પંથ એવું કહે છે કે પ્રભુની પૂજામાં પાણી, ફૂલ વગેરેના જીવોની હિંસા થતી હોવાથી પાપ લાગે છે. તેથી પૂજા ન કરવી જોઈએ.
  તમને બધાને જન્મથી દેરાસરે જવાના, દર્શન–પૂજા કરવાના સંસ્કાર મળ્યા છે. એટલે મૂર્તિપૂજા પર શ્રદ્ધા નથી, એવું તો નથી. પણ જોરશોરથી થતા પ્રચારથી, ક્યારેક તમારા મનમાં શંકા ઊઠે, પ્રશ્ન થાય કે 'સાચું શું ?' તે અસંભવ નથી.
  કદાચ તમે શ્રદ્ધાસંપન્ન હોવાથી તમારા મનમાં પ્રશ્ન ન થાય, તો પણ નવી પેઢીના તમારા સંતાનો, જે બુદ્ધિજીવી છે, બધું જ તર્કથી વિચારનારા છે, કશું શ્રદ્ધાથી સ્વીકારનારા નથી; તેમને તો આવો પ્રચાર સાંભળવાથી પ્રશ્ન થાય, તેવી સંભાવના ઘણી મોટી છે.
  એટલે તમારા મનમાં પ્રશ્ન થાય, તમારા સંતાનો પ્રશ્ન કરે... તો તમે જવાબ આપી શકો, તમારી અને તેમની શ્રદ્ધા અખંડ રહે, તે માટે આમાં સાચું શું ? તે જાણવું તમારા માટે જરૂરી છે. તેમના દ્વારા ઊભા કરાતા પ્રશ્નોના સચોટ જવાબો તમે જાણતા હશો, તો તમારી શ્રદ્ધા તો અખંડ રહેશે જ; કોઈ તમારી સામે તર્ક કરે, તો તમે જડબેસલાક જવાબ પણ આપી શકશો.
- મૂર્તિપૂજામાં હિંસા હોવાથી તે પાપ છે, ધર્મ નથી – એવું કહેનારાને **પહેલો પ્રશ્ન તો એ જ કરવાનો કે 'જ્યાં હિંસા હોય, તે પાપ જ હોય, ધર્મ ન જ હોય' એવો નિયમ જૈન ધર્મ માને છે ?**
  **જો આવો નિયમ માનવામાં આવે, તો દુનિયાનું કોઈ કાર્ય ધર્મ રહેશે નહીં, બધા જ કાર્યો પાપ જ બની જશે. કારણકે જેમાં એક પણ જીવની હિંસા ન થતી હોય, એવું આ જગતમાં કોઈ કાર્ય નથી.**
- મૂર્તિપૂજાને અધર્મ માનનારા લોકો, જે ક્રિયાને ધર્મ માને છે, તેનો વિચાર કરીએ.
  વ્યાખ્યાન કરવાથી પણ જીવોની હિંસા થાય છે.
  વ્યાખ્યાન કરવા માટે હું જોરથી બોલું, ત્યારે મારા મોઢામાંથી જે શબ્દના પુદ્ગલો નીકળે છે, તે ૪ સમયની અંદર સંપૂર્ણ ૧૪ રાજલોકમાં ફેલાઈ જાય છે, એમ વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે.

એ શબ્દના પુદ્ગલો જ્યાં જ્યાં જાય, ત્યાં વાયુકાયના જીવોને અથડાવાથી વાયુકાયના જીવોની વિરાધના થાય છે. એટલું જ નહીં, મોઢાની નજીકમાં ઊડી રહેલા ઝીણા ત્રસ જીવોને પણ શબ્દના પુદ્ગલોનો આઘાત લાગવાથી કિલામણા થાય છે. કોઈ જીવ મરી જાય, તેવું પણ બને છે.

જેમ બોંબધડાકાના અવાજથી આપણને કિલામણા થાય છે, તેમ. આપણો અવાજ, તેમના માટે તો બોંબધડાકો જ છે. તો વ્યાખ્યાન પણ અધર્મ બનવાથી કરી નહીં શકાય. તો ધર્મ ટકશે જ ક્યાંથી ?

- ભગવતી સૂત્રમાં એક વાત આવે છે →

  સાધુએ પોતાને જરૂરી કપડા નિર્દોષ વહોરવાના હોય છે. ગોચરી વહોરવા તમારે ત્યાં આવીએ છીએ, તે રીતે. તેમાં જો જરૂર કરતાં મોટું કપડું આવી જાય, તો તેને સુધારી લેવાનું હોય છે.

  ત્યાં એક પ્રશ્ન કર્યો છે → વસ્ત્રને ફાડવાથી જે અવાજ થાય, તેના પુદ્ગલો અને વસ્ત્રના જે ઝીણાં અવયવો ઊડે, તેનાથી વાયુકાય અને અન્ય જીવોની વિરાધના થાય, તેનું શું ?

  ત્યાં શાસ્ત્રકારે એ જ જવાબ આપ્યો છે કે માપ કરતાં મોટું વસ્ત્ર રાખવામાં જે નુકસાનો છે, તેની સરખામણીમાં વસ્ત્રને ફાડવામાં થતી વિરાધનાનો દોષ નાનો છે. એટલે વસ્ત્ર જરૂર કરતાં મોટું હોય, તો સુધારવું જ જોઈએ.

- **એ રીતે, વ્યાખ્યાન કરવામાં હિંસા થતી હોય, તો પણ તેના નુકસાન કરતાં, જિનવાણીના શ્રવણથી લોકો ધર્મ પામે; તેનો લાભ ઘણો મોટો હોવાથી, વ્યાખ્યાન કરવું, તે ધર્મ જ છે.**

  **તે જ રીતે, પૂજા કરવામાં હિંસા થતી હોવા છતાં, પૂજા કરવાથી પરમાત્માનાં ગુણો પ્રત્યે બહુમાન થવા દ્વારા જે લાભ થાય છે, તે હિંસાના નુકસાન કરતાં ઘણો મોટો હોવાથી પૂજા કરવી તે ધર્મ જ છે.**

- *સભા : વ્યાખ્યાન કરવાથી તો સૂક્ષ્મ જીવોની હિંસા થાય. પૂજા કરવામાં તો મોટા જીવોની હિંસા થાય.*

  સૂક્ષ્મ જીવોની હિંસા તો થઈ શકતી જ નથી. એકેન્દ્રિય જીવોના બે પ્રકાર છે – સૂક્ષ્મ અને બાદર. તેમાં જે સૂક્ષ્મ જીવો છે, તે ન તો શસ્ત્રથી છેદી–ભેદી શકાય છે, ન તો અગ્નિથી બાળી શકાય છે. એટલે સૂક્ષ્મ જીવોની હિંસા તો આપણા કોઈ કાર્યથી થતી જ નથી.

  જે જીવો હકીકતમાં બાદર હોવા છતાં, ઈન્દ્રિયથી જણાય નહીં, તેને વ્યવહારથી સૂક્ષ્મ કહેવાય છે. પણ વ્યાખ્યાનથી તેવા જીવોની જ હિંસા થાય છે, તેવું નથી.

વાયુકાયને આપણે જાણી શકીએ છીએ, એટલે તે વ્યવહારથી પણ બાદર છે. અને ઊડતાં ઝીણાં ત્રસ જીવોની હિંસા પણ વ્યાખ્યાન કરવાથી થઈ શકે છે, તે મેં જણાવ્યું જ છે.

- વ્યાખ્યાન સાંભળવા આવનારા લોકો પણ ઘણી જીવહિંસા કરે છે. ગુજરાતમાં મોટા ભાગના લોકો સ્કૂટર વગેરે વાહનથી આવે છે. મુંબઈના લોકો અડધો-પોણો કિ.મી. ચાલી નાખે. પણ ગુજરાતના લોકોને ૨૦૦ મીટર દૂર જવું હોય, તો પણ સ્કૂટર જોઈએ.

  વાહન, પેટ્રોલ કે ડીઝલ કે ગેસના સળગવાથી જ ચાલે છે. એટલે તેમાં અગ્નિકાયની હિંસા તો છે જ. વળી રસ્તા પર વાહન ચાલે, તેનાથી પાણી, ઘાસ વગેરે વનસ્પતિ, નિગોદ હોય તો અનંતકાય, કીડી-મંકોડા જેવા ત્રસ જીવોની વિરાધના અનિવાર્યપણે થાય છે.

  કદાચ તમે ચાલીને આવતા હો, તો પણ એ બધી વિરાધના થાય છે. તમને નીચે જોઈને ચાલવાની ટેવ હોતી નથી. જોતા હો, તો પણ પાણી-ઘાસ-નિગોદ પર પગ મૂકતા તમે ખચકાતાં નથી. ૪-૫ ફૂટ ઉપરથી કીડી જેવા ઝીણા જીવો પ્રાયઃ દેખાતા નથી. એટલે તે બધા જીવોની હિંસા થાય જ છે.

  છતાં, **વ્યાખ્યાન સાંભળવાથી જે લાભ થાય છે, તે આ બધી હિંસાની સરખામણીમાં ઘણો મોટો હોવાથી વ્યાખ્યાન સાંભળવા આવવું તે ધર્મ જ છે, પાપ નહીં.**

- જે નિરવદ્ય ગણાય છે, તેવી સામાયિક કરવામાં પણ હિંસા છે. સામાયિક શુદ્ધ વસ્ત્રોમાં કરાય છે. તેને ધોવામાં હિંસા થાય જ છે. સામાયિક માટેના ઉપકરણો - મુહપત્તિ, કટાસણું વગેરે બનાવવામાં પણ હિંસા છે.

  સામાયિક લેવા માટેની વિધિ કરાય, ખમાસમણ અપાય, સૂત્ર બોલાય-તેમાં પણ હિંસા થાય છે.

  છતાં, સામાયિક કરવી, તે અધર્મ નથી ગણાતો, ધર્મ જ ગણાય છે. કારણકે **સામાયિક કરવા માટે સંસારના જે આરંભ-સમારંભ છોડે છે, તેની સરખામણીમાં આ બધી હિંસા બહુ નાની છે.**

- ઉપવાસ કરવાથી પણ કૃમિઓ મરે છે.

  અનશન કરવામાં પણ વિરાધના થાય છે.

- *સભા : ખમાસમણ આપવામાં શી રીતે હિંસા થાય ?*

  તમે કોઈ સાધુને ચપટી વગાડતાં કે તાળી પાડતાં જોયા છે ? નહીં જ જોયા હોય. સાધુ ચપટી પણ ન વગાડે, તાળી પણ ન પાડે. કારણકે શાસ્ત્રકાર કહે છે-એક ચપટી વગાડવામાં પણ અસંખ્ય વાયુકાયના જીવોની વિરાધના થાય છે.

**તો ખમાસમણ આપવામાં વાયુકાયની વિરાધના થાય, તે વાત નિશ્ચિત છે.**
**અને જમીન, ઘૂંટણના સાંધા વગેરે પૂંજવામાં ન આવે, તો ત્રસ જીવોની વિરાધના પણ થઈ શકે.** તેનાથી બચવા માટે જ એક ખમાસમણ આપતી વખતે સત્તર પ્રમાર્જના કરવાની હોય છે.

- *સભા : જો આટલી સ્પષ્ટ વાત છે, તો મૂર્તિપૂજાનો વિરોધ કરનારા કેમ નહીં સમજતા હોય ?*

  મિથ્યાત્વ એને જ કહેવાય કે જે સાચી વાત સમજવા ન દે. જમાલિને ખુદ ભગવાન નથી સમજાવી શક્યા !

  જે ખુલ્લા મનથી વિચારવા તૈયાર થાય, તેને આ વાત સમજાયા વિના રહે તેવી નથી. એટલે જ, સાચી વાત સમજાતાં આત્મારામજી મહારાજ વગેરે અનેક સ્થાનકવાસી સંતો મૂર્તિપૂજક સંપ્રદાયમાં આવ્યા છે.

  પણ જે દષ્ટિરાગમાં ફસાયો હોય, તેને સાચી વાત સમજાય નહીં. સમજાય તો પણ પકડેલું ગદ્ધાપુચ્છ છોડે નહીં. આખી દુનિયાને અજવાળનાર સૂર્યનો પ્રકાશ પણ ઘુવડને નથી જ દેખાતો !

- આપણી વાત એ હતી કે દુનિયાનું કોઈ કાર્ય હિંસા વિનાનું નથી. ૧૩મા ગુણસ્થાનકે રહેલા કેવલિ ભગવંતના શરીરથી કે તેમના ગમનાગમનથી પણ હિંસા થાય જ.

  આપણું શરીર ૯૬-૯૮°F જેટલું ગરમ હોય છે; જે વાતાવરણ કરતાં ગરમ છે. તેને અડવાથી પણ વાયુકાયના જીવોને કિલામણા થાય છે. **એટલે કેવલિના શરીરથી પણ અનેક જીવોની વિરાધના થતી હોય છે.**

  પણ **કેવલિને તો અધર્મ માની શકાય નહીં. તેમને કદી પાપકર્મનો બંધ હોતો નથી.** એટલે હિંસા હોવા માત્રથી કોઈ કાર્ય અધર્મ બની નથી જતું.

- સાધર્મિક-ભક્તિ (સ્વામિ-વાત્સલ્ય) પણ રસોઈ કરવામાં થતી હિંસા વિના થઈ શકતી નથી.

  વિહારમાં રસ્તામાં જૈનોના ઘરો ન હોય, ગોચરી મળવી મુશ્કેલ હોય, તો મહાત્માઓ માટે જ વિહારધામો બનાવાય છે, રસોડા ચલાવાય છે, મહાત્માઓને ગોચરી વહોરાવાય છે. તે બધામાં હિંસા તો છે જ. તો પણ તેને સુપાત્રદાન રૂપ ધર્મ જ કહેવાય છે; અધર્મ નહીં.

  મૂર્તિપૂજાના વિરોધીઓ પણ સુપાત્રદાનને કે સાધર્મિક-ભક્તિને ધર્મ જ માને છે, અધર્મ નહીં.

  તો **આ બધા કાર્યોમાં હિંસા હોવા છતાં ધર્મ માનવો; અને માત્ર મૂર્તિપૂજાને જ હિંસા હોવા માત્રથી અધર્મ કહેવો તેને દષ્ટિરાગ સિવાય બીજું શું કહી શકાય ?**

- આપણી મૂળ વાત તો મૂર્તિપૂજાની ચાલે છે.
  પણ આનુષંગિક, મૂર્તિપૂજાના વિરોધીઓ વિશે કેટલુંક જણાવી દઉં.
  1. તેમની પાસે ૫૦૦ વર્ષથી જૂનો કોઈ ઈતિહાસ નથી. કોઈ પાટ-પરંપરા નથી. તેઓએ માનેલા ૩૨ આગમો સિવાય કોઈ શ્રુતજ્ઞાન નથી.
     આપણી પાસે પ્રભુ વીરથી ચાલી આવતી અખંડ પાટ-પરંપરા છે. ૨૫૦૦ વર્ષનો ઈતિહાસ છે. સેંકડો ગ્રંથકારોએ રચેલા હજારો ગ્રંથોનો વારસો છે.
  2. તેઓ, પ્રભુ વીર પછી ૨૫૦૦ વર્ષમાં થયેલા શાસ્ત્રસર્જક બધા જ પૂર્વાચાર્યોને શિથિલાચારી માને છે. કારણકે તે બધાએ પોતાના ગ્રંથોમાં ક્યાંક ને ક્યાંક મૂર્તિપૂજાનું સમર્થન કર્યું છે. સિદ્ધસેન દિવાકર સૂરિ, ઉમાસ્વાતિજી, હરિભદ્રસૂરિજી... કોઈના ગ્રંથોને તેઓ સ્વીકારતા નથી.
  3. ૪૫ આગમમાંથી ૧૩ આગમો પણ તેઓએ ઊડાડી દીધા છે, કારણકે તેમાં પણ મૂર્તિપૂજાનું સમર્થન છે.
  4. જે ૩૨ આગમો તેઓ માને છે, તેમાં પણ જ્યાં 'જિનમૂર્તિ' શબ્દ આપણે કાઢીને બતાવીએ, તો 'જિન'નો અર્થ વીતરાગ કરવાને બદલે 'કામદેવ' કરે છે !
- એક વાત પકડાઈ ગઈ કે મૂર્તિપૂજા ધર્મ નથી.
  એટલે પછી જે ગ્રંથમાં તેની વાત હોય, તેને ઊડાડી દેવાનો. જે મહાપુરુષ તેનું સમર્થન કરે, તેને શિથિલાચારી માનવાના. કેવું મહાભયંકર પાપ !
- એ પંથના સ્થાપક કોઈ સાધુ પણ નથી. ગૃહસ્થે ઊભો કરેલો પંથ છે, તે ઈતિહાસ ભણો, તો ખબર પડે.
- પ્રચાર કેવો જોરદાર કરવામાં આવે છે ?
  પરમાત્માના વરઘોડામાં (રથયાત્રામાં) જનારને, નગર બાળવા જેટલું પાપ લાગે, તેવું કહે; પાછા પોતાનાં સામૈયાં કરાવે !
  જિનાલય બાંધવામાં પાપ કહે, પાછા સ્થાનકો બનાવડાવે !
  મને જયપુરમાં ૧૮ વર્ષનો એક યુવાન કહે – 'મૂર્તિપૂજકો પૂજા માટે ફૂલ ચૂંટે અને મુસલમાનો બકરા કાપે... બે માં ફરક શું ?' કેવો ઝેરી પ્રચાર !
- ખબર નહીં કોણે બનાવ્યું ? પણ જૈન ધર્મનું એક ચિહ્ન પ્રસિદ્ધ થયું છે, જેમાં ચૌદ રાજલોકના આકારનું ચિત્ર હોય છે, અને નીચે સૂત્ર હોય છે – अहिंसा परमो धर्मः ।
  પછી પ્રચાર કરાય છે – અહિંસા ઉત્કૃષ્ટ ધર્મ હોય, તો જેમાં હિંસા હોય, તે પૂજા ધર્મ શી રીતે બને ?
- આ બધાનો જવાબ એ જ છે કે **જે કારણથી વ્યાખ્યાન કરવું, સ્થાનક બનાવવું, સુપાત્રદાન કરવું.. વગેરેમાં હિંસા હોવા છતાં તે ધર્મ બને છે, તે જ કારણથી પૂજામાં**

હિંસા હોવા છતાં પણ તે ધર્મ બને છે.

તે કારણ કયું ? તેની વાત વિસ્તારથી આગળ કરશું.

- એક મહત્ત્વની વાત તમને જણાવું.

  તમે આરાધના સરસ કરતા હો છો, પણ તમારા બધાનું પદાર્થજ્ઞાનનું સ્તર ઘણું નીચું હોય છે. પ્રાયઃ આવા ગંભીર પદાર્થો તમે જાણતા નથી હોતા.

  દિગંબર અને સ્થાનકવાસી ગૃહસ્થો ઘણું ભણતા હોય છે. અમારી સાથે ચર્ચા કરવાની હિંમત પણ હોય.

  જયપુરમાં એક સ્થાનકવાસી ગૃહસ્થ આવેલા.

  મને કહે – પૂજામાં થતી હિંસાનું પાપ કેમ ન લાગે ?

  મેં કહ્યું – ગુરુની રજા લઈને તેમની ગોચરી લાવવા શિષ્ય જાય... ચોમાસામાં રસ્તામાં વરસાદનું પાણી હોય, તેના પર પગ મૂકે... તો હિંસાનું પાપ લાગે ?

  તેઓ કહે – ના.

  મેં કહ્યું – કેમ નહીં ?

  તેઓ કહે – ગુરુની ભક્તિ કરવા ગયો છે, એટલે.

  મેં કહ્યું – તો પછી પ્રભુની ભક્તિ કરવામાં હિંસાનું પાપ શી રીતે લાગે ?

- મૂળ પદાર્થ જ એ છે કે આજ્ઞાનુસારે ધર્મકાર્ય કરવામાં હિંસા થાય, તો તે પાપરૂપ નથી.

  પ્રભુનો સિદ્ધાંત आणाए धम्मो છે, अहिंसा परमो धर्मः નહીં.

- શ્રાવકને પૂજા કરવાની આજ્ઞા છે. તો આજ્ઞાનુસારે પૂજા કરવામાં હિંસા થાય, તે પાપરૂપ નથી.

  સાધુને પૂજા કરવાની આજ્ઞા નથી. તેથી તેમના માટે પૂજા એ ધર્મ નથી.

  *સભા : પૂજા કરવા માટે નહાવું પડે ને ?*

  વાત સાચી. પણ સાધુને પૂજાની આજ્ઞા ન હોવાનું કારણ માત્ર તે નથી. મુખ્ય કારણ બીજું છે. તેની વાત અવસરે કરશું.

- સાધુને પૂજા કરવાની નથી હોતી. તે વિશે કેટલીક વાતો તમને કરવી છે.

  તમે પૂજા કે પૂજનમાં મહાત્માને સાંભળ્યા હશે. અમે પૂજા કે પૂજનનો દુહો બોલીએ. પાર્શ્વનાથ પ્રભુની પંચ કલ્યાણક પૂજામાં, દરેક ઢાળ પછી શ્લોક બોલવાનો હોય છે

  – भोगी यदालोकनतोऽपि योगी, बभूव पातालपदे नियोगी ।

  कल्याणकारी दुरितापहारी, दशावतारी वरदः स पार्श्वः । એ અમે બોલીએ.

  પછી ૐ હ્રીં શ્રી પરમપુરૂષાય... વગેરે જે મંત્ર છે, તે અમે ન બોલીએ – વિધિકાર બોલે. (ક્યારેક મંત્રના અમુક શબ્દો બોલીએ, તો પણ 'સ્વાહા' તો ન જ બોલીએ.)

તેનું કારણ એ જ કે સાધુ સ્વયં પૂજા તો ન જ કરે, પણ સાક્ષાત્ 'પૂજા કર' એવું કહે પણ નહીં, એવું ઉપદેશ–રહસ્ય વગેરે ગ્રંથોમાં કહ્યું છે.

*સભા : શ્રાવક પૂજા ન કરતો હોય, તો આજ્ઞા ન કરે ?*

ના. તેના કર્તવ્યને યાદ કરાવે, પૂજાનું ફળ–માહાત્મ્ય બતાવે. સાક્ષાત્ પ્રવર્તન ન કરાવે.

- અમારા સમુદાયના ઉપાધ્યાયજી પૂ. વિમલસેનવિ. મ.સા. સમગ્ર જિનશાસનમાં ટોચના જ્યોતિષી તરીકે પ્રસિદ્ધ છે. બધા મોટા પ્રસંગોના મુહૂર્ત તેઓ કાઢતા હતા. પણ જિનાલયના ખનન માટે મુહૂર્ત લેવા કોઈ જાય, તો ન આપે. બ્રાહ્મણો પાસે કઢાવવાનું. પછી જોઈ આપે, તેમાં અયોગ્ય હોય તેનો નિષેધ કરે.

  કારણ એ જ કે ખનન એટલે ખોદવાનું હોય. તેનું મુહૂર્ત તેઓ નહોતા કાઢતા.
- તમે આ બધું સમજતા નથી હોતા અને અનેક બાબતોમાં આગ્રહ રાખતા હો છો.

  ક્યારેક તો સ્વામિ–વાત્સલ્યનું રસોડું ચાલુ કરતાં પૂર્વે ચૂલા પર વાસક્ષેપ કરવા અમને બોલાવે !

  જો સાધુને પૂજાના પ્રવર્તનનો નિષેધ હોય, તો ચૂલા સળગાવવાનું પ્રવર્તન સાધુ કરાવે ?
- **જે પણ શાસ્ત્રાનુસારી આરાધના તમારે યોગ્ય છે, તે તમે કરો; તેમાં અમારી અનુમતિ હોય, આશીર્વાદ હોય. પણ સ્વરૂપથી સાવદ્ય કાર્યમાં સાક્ષાત્ પ્રવર્તન ન હોય.**
- ઉપમિત ભવ પ્રપંચા કથા ગ્રંથમાં એક વાત આવે છે.

  રાજાનો એક મિત્ર દીક્ષા લેવા તૈયાર થયો.

  રાજાએ આચાર્ય ભગવંત પાસે અટ્ઠાઈ મહોત્સવ કરવાની રજા માંગી.

  આચાર્ય ભગવંત મૌન રહ્યા.

  ત્યારે મંત્રીએ રાજાને કહ્યું – આચાર્ય ભગવંત મૌન રહે, તેમાં જ તેમની અનુમતિ સમજી લેવાની. તેઓ એની હા ન પાડે !
- શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે – પરમાત્મા પાસે દેવતાઓ નૃત્ય–સંગીત વગેરે ભક્તિ કરવાની રજા માંગે, ત્યારે પ્રભુ મૌન રહે છે. પ્રભુનું મૌન એ જ તેમની અનુમતિ છે.

  જો કોઈ દીક્ષાની રજા માંગે, તો मा पडिबंधं कुणह (વિલંબ ન કરીશ) વગેરે રૂપ સાક્ષાત્ અનુમતિ પ્રભુ આપે છે.
- તમને પ્રશ્ન થશે – આવું શા માટે ?

  સાધુના સંયમ–પરિણામોની રક્ષા માટે છે.

  જો સાધુ સાક્ષાત્ પ્રવૃત્તિનો આદેશ કરે, તો તેમાં સાધુના સંયમ–પરિણામો પડી

જવાની શક્યતા છે.

આ વાત તમને માત્ર તર્કથી સમજાવવી અઘરી છે. એ અનુભવનો વિષય છે, જે સાધુને જ થઈ શકે.

- અલબત્ત, એમાં અપવાદ પણ છે જ.

  દેરાસરમાં કરોળિયાનાં જાળાં બાઝ્યાં હોય... શ્રાવકોને તેમનું કર્તવ્ય યાદ કરાવવા છતાં, ઠપકો આપવા છતાં સાફસફાઈ ન કરતા હોય... તો સાધુ સ્વયં કરે – એવું પણ શાસ્ત્રમાં કહ્યું છે જ.

- આ પ્રભુનું શાસન અદ્ભુત છે. તેમાં ઉત્સર્ગ–અપવાદ બંને છે.

  ઉત્સર્ગ કેવો હોય ? દેરાસરનો રંગ ખરાબ થઈ ગયો હોય, તો સાધુ રંગ કરવાનું ન કહે, પણ આમ કહે – 'ત્રણ લોકના નાથનું જિનાલય કેવું હોય ? દૂરથી જોતાં જ મનોહર લાગે તેવું હોય... ઝગારા મારતું તેજ હોય.. બધા મકાનથી જુદું તરી આવે, તેવું હોય... મેલુંઘેલું હોય ખરા ?' આટલામાં તમારે સમજવાનું હોય.

- ઉપાશ્રયમાં દાદરામાં અંધારું હોવાથી વૃદ્ધ સાધુ પડી જવાનો ડર હોય, લાઈટની જરૂર હોય, તો અમે એમ ન કહીએ કે 'લાઈટ કરો.' અમે એમ કહીએ – 'અહીં અંધારું ઘણું છે. પડી જવાનો ડર લાગે છે.' એટલા પરથી તમારે સમજવાનું હોય. વિરાધના ભલે સરખી થાય, અમારા પરિણામોની રક્ષા માટે ભાષાની મર્યાદા જાળવવાની છે.

- આ ઉત્સર્ગ છે. અપવાદે સાધુએ માથે જિનપ્રતિમા લઈને વિહાર કર્યાના પણ દાખલા છે. પ્રતિમાની રક્ષા માટે હાથમાં લાકડી લીધાના પણ દાખલા છે.

- પૂજા–પૂજન હોય, તો અમને બોલાવવાનો રિવાજ થઈ ગયો છે. હકીકતમાં દ્રવ્ય–પૂજા, એ શ્રાવકનું કર્તવ્ય છે. સાધુની તેમાં અનુમતિ હોય, સાક્ષાત્ પ્રવર્તન નહીં.

- આપણી મૂળ વાત એ છે કે હિંસા હોવા માત્રથી કોઈ કાર્ય, અધર્મ બની જતું નથી. જો કે, તેનો અર્થ એ પણ નથી કે હિંસા એ પાપ છે જ નહીં. પહેલું પાપસ્થાન હિંસા જ છે. સંસારના કાર્યોમાં થતી હિંસા, પાપ છે જ.

  એટલે, 'સર્વત્ર હિંસા તો થવાની જ છે. જે કરવું હોય, તે કરો.' એવું કહેવાનું નથી.

- કઈ હિંસા પાપરૂપ બને ? કઈ ન બને ?

  તે વિસ્તારથી આવતીકાલે જોઈશું.

# ધર્મકાર્યમાં હિંસા – ૨

- ગઈકાલે આપણે જોયું કે સંસારના કાર્યોમાં થતી હિંસા, પાપરૂપ છે; આજ્ઞાનુસારી ધર્મકાર્યમાં થતી હિંસા, પાપરૂપ નથી.
  તેનું કારણ આજે વિસ્તારથી સમજીએ.
- હિંસા વગેરે અઢાર પાપસ્થાનક બતાવ્યા છે, તેમાં **હકીકતમાં પાપ બે જ છે – રાગ અને દ્વેષ. બાકી બધા, રાગ–દ્વેષ હોય તો જ પાપરૂપ બને છે.**
  *સભા : મિથ્યાત્વ પાપ નથી ?*
  મિથ્યાત્વનો અર્થ દૃષ્ટિરાગ છે, તેનો સમાવેશ રાગમાં થઈ જાય છે.
- જ્યાં રાગ–દ્વેષ નથી, તે ક્રિયા પાપરૂપ બનતી નથી.
  મેં જણાવેલું કે કેવલિ ભગવંતનું શરીર પણ જીવવિરાધનાનું કારણ બને છે. કેવલિ ભગવંત વિહારમાં નદી પણ ઊતરે. તેમાં પાણીના જીવોની વિરાધના થાય. તેમના ગમનાગમનથી પણ વિરાધના થાય.
  પણ તેમને શાતા વેદનીય સિવાય કોઈ કર્મ બંધાતું નથી. તેમની કોઈ ક્રિયા પાપરૂપ હોતી નથી, કારણકે રાગ–દ્વેષ હોતા નથી.
- એ વાત પણ કરેલી કે ચાલુ વરસાદમાં ગુરુ ભગવંત માટે ગોચરી લેવા શિષ્ય જાય, તો પાણીના જીવોની વિરાધના થવા છતાં તે પાપ નથી. ગ્લાન સાધુ માટે જરૂરી દ્રવ્ય બનાવવાની સૂચના કરનાર સાધુને કે તેવું દ્રવ્ય બનાવનાર શ્રાવકને પાપ લાગતું નથી.
  કારણ એ જ છે કે એ કાર્ય રાગ–દ્વેષથી થતાં નથી.
  તેવું જ કાર્ય, જો રાગ–દ્વેષથી કરે, તો પાપ લાગે.
  ગ્લાન વગેરેના કારણ વિના જ ગરમાગરમ ચા બનાવવાની સૂચના કરે, તો સાધુને પાપ લાગે જ.
- જે વાત હિંસા માટે છે, તે જ મૃષાવાદ માટે પણ છે જ.
  બે વ્યક્તિ વચ્ચે મોટો ઝઘડો ચાલુ હોય... તેમાંથી એક વ્યક્તિ મારી પાસે આવીને જાય... બીજી વ્યક્તિ આવીને પૂછે – 'પેલો શું કહી ગયો ?' ત્યારે હકીકત જુદી હોવા છતાં તેને એમ કહું – 'તમારા વખાણ કરતો હતો.' તો તે જૂઠ હોવા છતાં તેવું બોલવામાં પાપ લાગતું નથી. કારણકે મારો આશય તે બે વચ્ચેના ઝઘડાને મિટાવવાનો, કષાયને ઘટાડવાનો છે.
  હકીકતમાં તો તે અસત્ય જ નથી. **જિનશાસનમાં સત્ય–અસત્યની વ્યાખ્યા જ એવી છે કે 'જે હિતકર છે, તે સત્ય છે, જે અહિતકર છે, તે અસત્ય છે.'**

- ત્રીજું પાપસ્થાનક અદત્તાદાન છે. અદત્તાદાન એટલે બીજાએ (માલિકે) જે આપ્યું નથી, તે લેવું. તે પણ રાગ–દ્વેષથી કરવામાં આવે, તો જ પાપરૂપ બને છે. કારણ હોવાથી, રાગ–દ્વેષ વિના, માલિકની રજા વિના સાધુ લે, તો તેમાં પાપ ગણાતું નથી. એના દૃષ્ટાંત શાસ્ત્રોમાં છે. પણ તે અત્યંત આપવાદિક હોવાથી તમને કહેવાના નથી.
- ચોથું મૈથુન તો રાગ–દ્વેષ વિના થતું જ ન હોવાથી તે પાપરૂપ છે.
- પાંચમું પાપસ્થાનક પરિગ્રહ છે.
  અમે **ચોમાસામાં શાસ્ત્રાનુસારે વધારાનાં કપડાં, પાતરાં વગેરે ઉપધિ રાખીએ છીએ. બિમાર હોય, તેણે દવા પણ રાખવી પડે. આ બધો પરિગ્રહ છે જ. પણ તે રાગ–દ્વેષથી થતો ન હોવાથી પાપરૂપ નથી.**
- આટલાં દૃષ્ટાંત બતાવ્યા, તેના પરથી બધા જ પાપસ્થાનક માટે સમજી લેવાનું છે. ક્રોધ, માન વગેરે કેટલાકનો સમાવેશ તો રાગ–દ્વેષની અંદર જ થઈ જાય છે.
  સાર એ જ છે કે જે રાગ–દ્વેષથી થાય, તે જ પાપ બને છે.
- *સભા : જે છદ્મસ્થ છે, વીતરાગ નથી; તેને તો સદા રાગ–દ્વેષ હોય જ. તો તેની બધી જ ક્રિયા પાપરૂપ બનશે ?*
  તમારો પ્રશ્ન સરસ છે. આપણે તે સમજવા થોડા ઊંડાણમાં જઈશું. રાગ–દ્વેષ હોવા–થવા, અને રાગ–દ્વેષથી ક્રિયા થવી – બે માં ફરક છે.
  **ગોચરી સારી આવી હોય અને વાપરતાં રાગ થાય, તે જુદી વાત છે. અને રાગ કરવા માટે સારી વસ્તુ વાપરવી, તે જુદી વાત છે.**
  જેને કોઈ વિશિષ્ટ દ્રવ્યની અપેક્ષા નથી, તેવા નિઃસ્પૃહ સાધુ ભગવંત, શરીર ટકાવવા માટે ગોચરી વાપરે, તો ગોચરી વાપરવાની ક્રિયા રાગથી થતી નથી.
  છતાં, તેવી સહજ મળેલી ગોચરીમાં જીભને અનુકૂળ દ્રવ્ય આવે, તો સંસ્કારવશાત્ રાગ થઈ જાય, તે સંભવિત છે જ; પ્રાયઃ અનિવાર્ય છે. ત્યાં તે રાગ પાપરૂપ ગણાય, તો પણ ગોચરી વાપરવાની ક્રિયા પાપરૂપ બનતી નથી.
  હું પ્રસિદ્ધિ મેળવવા માટે વ્યાખ્યાન કરતો નથી. છતાં, કોઈ વ્યાખ્યાનના વખાણ કરે, તો મને અંદર ગલગલિયાં થાય, તેવું બને છે. પણ તેટલા માત્રથી વ્યાખ્યાન કરવું, તે પાપ બની ન જાય.
  તમે કોઈ મોટી રકમનો લાભ લો, અને કોઈ પ્રશંસા કરે–સન્માન કરે, તો તેનો હરખ થાય, તે સંભવિત છે. પણ લાભ લેતી વખતે તમારો ભાવ લાભ લેવાનો જ હોય, તો તે દાન પાપરૂપ બનતું નથી.
- એટલે પદાર્થ આ છે →

**છદ્મસ્થને સદા રાગ–દ્વેષ હોય જ છે. પણ જે ક્રિયા કરવામાં રાગ–દ્વેષ પ્રયોજક બનતા નથી; અર્થાત્ રાગ–દ્વેષને પોષવા માટે ક્રિયા કરાતી નથી, પણ રાગ–દ્વેષને તોડવા માટે કરાય છે, તે પાપરૂપ બનતી નથી.**

- રાગ–દ્વેષથી થતી પણ બધી ક્રિયા પાપરૂપ બનતી નથી.
  રાગ–દ્વેષના બે પ્રકાર છે – પ્રશસ્ત અને અપ્રશસ્ત.
  પ્રશસ્ત એટલે સારો. **દેવ, ગુરુ, ધર્મ, ધર્મના સ્થાનો, ધર્મના ઉપકરણો વગેરે પરનો રાગ પ્રશસ્ત છે.** તે રાગથી થતી ક્રિયા પાપરૂપ બનતી નથી.
  અપ્રશસ્ત એટલે ખરાબ. **સ્વાદિષ્ટ દ્રવ્યો, કર્ણપ્રિય સંગીત વગેરે ઇન્દ્રિયના વિષયો પરનો રાગ અપ્રશસ્ત છે.**
- પ્રશસ્ત રાગ પણ છે તો રાગ જ, વીતરાગતામાં પ્રતિબંધક છે; જેમ કે ગૌતમ સ્વામીનો મહાવીર સ્વામી ભગવાન પરનો રાગ.
  પણ, આપણા માટે તો તે ઉપાદેય છે.
  આ પદાર્થ દૃષ્ટાંતથી સમજાશે.
- પહેલા માળેથી બીજા માળે જવાની સીડી હોય... કોઈ તેના પર ચડે... બીજે માળ સુધી પહોંચ્યા પછી તેણે સીડી છોડવી પડે, તો જ બીજા માળે પ્રવેશ થાય. પણ બીજા માળ સુધી પહોંચવા માટે તો સીડી પકડવી જ પડે.
  તે રીતે, ક્ષપકશ્રેણિ માંડવા માટે પ્રશસ્ત રાગ પણ છોડવો પડે. પણ ત્યાં સુધી પહોંચવા માટે પ્રશસ્ત રાગ અનિવાર્ય છે.
- છેલ્લે તો છોડવાનો જ છે, તો અત્યારે પ્રશસ્ત રાગ શા માટે કરવાનો ? આવું પૂછનારાને કહેવાનું – 'દસમું કે બારમું ધોરણ પાસ કર્યા પછી સ્કૂલ છોડવાની જ છે, તો પહેલા તેમાં પ્રવેશ શા માટે લેવાનો ?' જે પ્રવેશ જ ન લે, તે દસમા સુધી પહોંચવાનો જ નથી. પહેલા પ્રવેશ લેવો જ પડે, દસમું પાસ કર્યા પછી જ છોડાય.
  તે રીતે અત્યારે તો પ્રશસ્ત રાગ કરવો જ પડે. ઉપરની ભૂમિકામાં પહોંચ્યા પછી જ તે છોડાય.
- **એ રાગ પ્રશસ્ત કેમ છે ? કારણકે હકીકતમાં જે અપ્રશસ્ત રાગ છે, તેને ઘટાડનારો છે, પરંપરાએ તેનો નાશ કરનારો છે. અને અપ્રશસ્ત રાગનો નાશ થતાં, પ્રશસ્ત રાગ સ્વયં નાશ પામી જાય છે.**
  ઇંધણને બાળવા અગ્નિ જોઈએ. ઇંધણ બળી ગયા પછી અગ્નિ સ્વયં બુઝાઈ જાય. તે રીતે, અપ્રશસ્ત રાગનો સર્વથા નાશ થાય એટલે પ્રશસ્ત રાગ સ્વયં નષ્ટ થઈ જાય, એમ ઉપદેશ–રહસ્યમાં શાસ્ત્રકારે કહ્યું છે.
- ધર્મની ક્રિયા, ધર્મસ્થાન, ધર્મના ઉપકરણો... આ બધાનો રાગ પ્રશસ્ત છે.

*સભા : ચાંદીના ચરવળા પરનો રાગ પ્રશસ્ત કહેવાય ?*

ચરવળો ગમે, તે સારી વાત છે. પણ 'ચાંદીનો ચરવળો' જ ગમતો હોય, તો રાગ ચરવળા પર નથી, ચાંદી પર છે. તે પ્રશસ્ત નથી.

*સભા : ધર્મના ઉપકરણો તો ઊંચી જાતના હોવા જોઈએ ને ?*

તો અમારી ઓઘાની દાંડી પણ સોનાની બનાવશો ?

*સભા : આપને તેમાં રાગ થાય.*

તમે તેને પ્રશસ્ત જ માનતા હો, તો શો વાંધો છે ?

- એક વાત સમજી લો – **ભક્તિ કરવાની હોય, ત્યારે દ્રવ્યો ઊંચી ક્વોલિટીના જોઈએ. પોતાની આરાધનાના ઉપકરણો, શાસ્ત્રકારે જેવા કહ્યા હોય, તેવા જ લેવાય. તેમાં તો ઊંચી ક્વોલિટી રાગનું કારણ બને.**

  બીજાને એકાસણું કરાવવાનું હોય, તો ૩૨ પકવાન્નથી ભક્તિ કરાય. પોતાનું એકાસણું તો રોટલી–દાળથી જ કરવું શ્રેષ્ઠ છે, ઊંચી ક્વોલિટીના દ્રવ્યથી નહીં, એટલું તો તમે સમજતા જ હશો.

- સામાયિક તો સમતાની સાધના છે. તેના ઉપકરણો સાદા હોય, તો જ સમતાની સાધનામાં સહાયક બને. ઊંચી ક્વોલિટી તો ઈન્દ્રિયના રાગ પોષવા દ્વારા સમતાને ખંડિત કરનારી બને.

  **ચરવળાની દાંડી લાકડાની જ હોવી જોઈએ. કટાસણું પણ સાદું – ભરતકામ કે ડિઝાઈન વગરનું જ હોવું જોઈએ. તે પણ સફેદ હોવું જરૂરી છે, જેથી જીવો દેખાય, જયણા પળાય. મુહપત્તિ પણ સાદી જ જોઈએ.**

- **આડંબર ભક્તિના કાર્યમાં હોય, દેવ–ગુરુ–ધર્મની મહત્તા વધે તેવા કાર્યમાં હોય; તે જિનશાસનને સ્વીકાર્ય છે.**

  **પોતાની મહત્તા વધારે તેવો કે ઈન્દ્રિયના રાગ પોષે તેવો આડંબર જિનશાસનમાં માન્ય નથી.**

  તમે ચરવળાની દાંડીમાં ચાંદી લાવ્યા... ક્યારેક તો ઘૂઘરી પણ જોઈ છે... જેટલી વાર ખમાસમણ આપે, તેટલી વાર રણક્યા કરે !

  સાધુને કદી ઘંટ કે ઘંટડી વગાડતા જોયા છે ? નહીં જ જોયા હોય. એ સાધુના આચારથી વિરૂદ્ધ છે. તો સામાયિકમાં ઘંટડી શી રીતે વગાડાય ? સામાયિકના ઉપકરણમાં ઘંટડી હોય જ ક્યાંથી ?

  ચરવળામાં ફૂમતાંની પણ જરૂર નથી. રંગબેરંગી ફૂમતાં, મોટેભાગે વિભૂષા માટે જ હોય છે.

*સભા : સાધુ ઓઘામાં દોરી રાખે છે ને ?*

એ ઓઘા પરના કપડાને બાંધવા માટે જરૂરી છે, શાસ્ત્રમાં બતાવેલી છે. તે પણ સફેદ જ રાખવી એ સાચી સાધુતા છે. અમે રંગીન રાખતા હોઇએ, તો તે બિનજરૂરી છે.

- **શ્રાવક સામાયિક કરે ત્યારે આભૂષણોનો ત્યાગ કરે.** સાધર્મિક-ભક્તિ માટે જે દૃષ્ટાંત અપાય છે, તેમાં હારને થેલીમાં મૂકીને પ્રતિક્રમણ કરતાં શેઠની વાત સાંભળી નથી ?

  એટલે સામાયિકમાં સોના-ચાંદીના ઉપકરણો ન હોય.

  શ્રાવિકાઓએ સૌભાગ્યના સૂચક ગણાતાં ઉપકરણો – મંગળસૂત્ર, બંગડી, નાકમાં પહેરાતી ચૂંક વગેરેનો ત્યાગ નથી કરવાનો, તે વ્યવહાર છે. તે સિવાયના તેમણે પણ ત્યાગવા જોઇએ.

  જો કે હવે તો તમારા વ્યવહારો વિચિત્ર થઇ ગયા છે. સૌભાગ્યવતી સ્ત્રીઓ પણ બંગડી વિના જોવા મળે છે. શરૂઆતમાં તો ગોચરી વહોરવા ગયા હોઇએ અને કોઇ બહેનનો હાથ બંગડી વિનાનો જોઇએ, તો કંઇ અજુગતું બન્યાની શંકા થતી. પણ કોઇકે મારો એ ભ્રમ ભાંગ્યો, ત્યારે ખબર પડી કે હવે હાથ અડવાણો રાખવો, એ પણ ફેશન છે !

- *સભા : સાધુને પ્રશસ્ત રાગ હોય ?*

  હા. સાધુના બે ગુણસ્થાનક છે – છટ્ઠું અને સાતમું. છટ્ઠા ગુણસ્થાનકના સંયમને સરાગ-સંયમ કહ્યું છે.

  **ગુરુદેવના કોઇ અવર્ણવાદ કરતું હોય અને હું શક્તિ હોવા છતાં તેને ચૂપ ન કરું, તો પણ મને પ્રાયશ્ચિત્ત આવે**, તેમ શાસ્ત્રકારે જણાવ્યું છે. એટલો રાગ મને મારા ગુરુદેવ પર હોવો જ જોઇએ.

- *સભા : બાળમુનિ પર સ્નેહરાગ હોય, તે પ્રશસ્ત કહેવાય કે અપ્રશસ્ત ?*

  બાળમુનિ પર જ શા માટે ? ગુરુને બધા શિષ્યો પર રાગ હોઇ શકે. મને મારા બધા શિષ્યો પર છે જ. આ પં. મૃદુસુંદરવિ. ના શિષ્યો પર પણ છે. હા, તેમાં તરતમતા હોઇ શકે. બાળક પર વિશેષ હોય તે સંભવિત છે.

  તે પ્રશસ્ત પણ હોઇ શકે, અપ્રશસ્ત પણ બની શકે.

  તેનો આધાર તો મારા અધ્યવસાય પર છે. એટલું ઊંડાણ પકડવાની તમારી ક્ષમતા નથી.

- *સભા : પ્રભુની ભક્તિનું સંગીત ગમે, તે રાગ પ્રશસ્ત કે અપ્રશસ્ત ?*

  જુઓ, માત્ર સંગીત જ ગમતું હોય, પ્રભુના ગુણો પર જરા પણ બહુમાન ન જાગતું હોય, યાદ પણ ન આવતા હોય, તો તે માત્ર કર્ણેન્દ્રિયના વિષયનો જ રાગ થયો.

તેને પ્રશસ્ત શી રીતે કહેવાય ?

સભા : ફિલ્મી સંગીત છોડે, તે સારું છે ને ?

જુઓ, અપ્રશસ્તમાં પણ તરતમતા હોય.

બટેટાવડા પરનો રાગ, અપ્રશસ્ત છે. તેના કરતાં કેળાવડા ખાય તો સારું, પણ તેથી કેળાવડા પરનો રાગ કંઈ પ્રશસ્ત ન કહેવાય. બટેટાવડા પરના રાગ કરતાં ઓછો અપ્રશસ્ત કહી શકાય.

તેમ **જેને સંગીત સાંભળવું જ છે, તે ફિલ્મી સંગીત સાંભળવા કરતાં પ્રભુભક્તિનું સંગીત સાંભળે, તે સારું જ છે.**

**પણ તેમાં પરંપરાએ પણ પ્રભુના ગુણોનું બહુમાન ન આવે, તો તે પ્રશસ્ત બને નહીં.**

• હવે આપણે પદાર્થ સ્પષ્ટ કરીશું.

**જે ક્રિયા રાગ-દ્વેષ ઘટાડવા માટે થાય કે પ્રશસ્ત રાગ-દ્વેષથી થાય, તે ધર્મ છે.**

**જે ક્રિયા અપ્રશસ્ત રાગ-દ્વેષથી થાય, તે પાપ છે.**

પૂજા કરવાનો આશય, પ્રભુના ગુણોને પ્રાપ્ત કરવાનો છે, વીતરાગ બનવાનો છે... એટલે તેમાં હિંસા થાય, તો પણ તે ધર્મ જ છે.

• *સભા : ધર્મકાર્ય માટે વાહનમાં જઈએ, તો હિંસાનું પાપ લાગે ?*

સંસારના કાર્ય માટે વાહન વાપરવામાં તો પાપ છે જ.

ધર્મકાર્ય જે વિધિ-જયણાપૂર્વક કરવાની શાસ્ત્રમાં આજ્ઞા હોય, તે વિધિ-જયણા જેટલી ન પાળે, તેટલું ધર્મનું ફળ ઘટે.

*સભા : એટલે ગાડીમાં યાત્રા કરવા જાય, તો ફળ ઘટે ?*

ચોક્કસ. છ રી પાળીને કરાતી યાત્રા જેટલું ફળ તેમાં ન મળે.

અલબત્ત, આ વાત વ્યવહારથી છે. નિશ્ચયથી તો અધ્યવસાયના આધારે ફળ મળે છે.

વ્યવહારથી ઉપવાસનું ફળ નવકારશી કરતા વધારે જ કહેવાય.

છતાં, નવકારશી કરનારો કેવળજ્ઞાન પામે અને ઉપવાસ કરનારો સંસારમાં રખડે – તેવું બની શકે છે.

• **અવિધિ-અજયણાના કારણે ધર્મનું ફળ ઘટે. તેમાં અવિધિને પાપ કહેવાય પણ તેના કારણે ધર્મને પાપ ન કહેવાય.**

હું વ્યાખ્યાન કરતી વખતે મુહપત્તિનો ઉપયોગ ન રાખું, તો તે મારો પ્રમાદ છે, તે પાપ કહેવાય. પણ તેના કારણે વ્યાખ્યાન કરવું, તે પાપ ન કહેવાય.

સામાયિક લીધા પછી ૧૦ મનના, ૧૦ વચનના, ૧૨ કાયાના – એ ૩૨ દોષમાંથી કોઈપણ દોષ લગાડો, તો તે દોષ, પાપ કહેવાય; પણ સામાયિક તો ધર્મ જ છે, તેને

પાપ ન કહેવાય.

- **ધર્મમાં થતી અવિધિ; અનાભોગ, સહસાત્કાર કે પ્રમાદના સ્તરની હોય, ત્યાં સુધી અવિધિથી થતા નુકસાન કરતાં, ધર્મનું ફળ વધારે હોય છે.**
  **જ્યાં નિષ્ઠુરતા, બેદરકારીથી અવિધિ થાય, ત્યાં ધર્મના લાભ કરતાં અવિધિથી થતું નુકસાન વધી પણ શકે.**
  આ પદાર્થ ગહન છે. આ બધા સ્તરને સમજવા તમારે ભણવું પડે.
- **ઉપદેશ તો સદા અવિધિ છોડવાનો જ હોય છે, ધર્મ છોડવાનો નહીં.**
- *સભા : સંસારના કાર્યો જે ફરજીયાત કરવા પડે, તેમાં પાપ લાગે ?*
  તે કેમ કરવા પડે છે ? તમે સંસાર છોડ્યો નથી, એટલે. કેમ તમે સંસાર છોડ્યો નથી ? શરીરનો, ઈન્દ્રિયનો રાગ નડે છે, એટલે.
  એટલે, સંસારના બધા કાર્યોનું મૂળ રાગ-દ્વેષ જ છે. તેથી તે પાપરૂપ જ છે.
  હા, તેમાં પણ પ્રભુએ બતાવેલ જયણા તમે પાળો, તેટલો ગુણ છે. પણ તેથી સંસારનું કાર્ય, ધર્મરૂપ ન બને.
  રાત્રિભોજનનો ત્યાગ, એ ધર્મ છે. પણ દિવસે ખાવું, તે ધર્મ નથી.
- રાગ-દ્વેષથી થાય, તે પાપ.
  રાગ-દ્વેષ ઘટાડવા માટે થાય, તે ધર્મ.
  આ જ પદાર્થને એ રીતે પણ કહી શકાય કે →
  **પ્રભુની આજ્ઞાનું પાલન, તે ધર્મ.**
  **પ્રભુની આજ્ઞાનો ભંગ, તે પાપ.**
  **પ્રભુની આજ્ઞા, રાગ-દ્વેષને ઘટાડનારી જ હોય છે.**
  **જે રાગ-દ્વેષ ઘટાડનાર હોય, તેની જ પ્રભુ આજ્ઞા કરે છે.**
  એટલે, બંનેનું તાત્પર્ય એક જ છે.
- કઈ હિંસા પાપરૂપ છે ? કઈ હિંસા પાપરૂપ નથી ? એ સમજાવવા માટે, શાસ્ત્રમાં હિંસાના ૩ પ્રકાર બતાવ્યા છે. હેતુ-હિંસા, સ્વરૂપ-હિંસા અને અનુબંધ-હિંસા.
- સ્વરૂપ-હિંસા એટલે જીવની વિરાધના. તે તો સર્વત્ર હોય છે. જ્યાં માત્ર સ્વરૂપ-હિંસા હોય, અનુબંધ-હિંસા ન હોય, તે કાર્ય પાપરૂપ ગણાતું નથી.
  એટલે જ, સાધ્વીના શીલની રક્ષા માટે, કાલિકાચાર્યએ ગર્દભિલ્લ રાજા સાથે યુદ્ધ કર્યું, તે પાપ નથી કહેવાયું.
  આ પદાર્થનો વિસ્તાર આગળ કરીશું.

# ધર્મકાર્યમાં હિંસા – ૩

- પ્રભુના શાસનમાં ધર્મ કે અધર્મનો નિર્ણય, માત્ર ક્રિયાના આધારે કદી થતો નથી, તેની પાછળના આશયના આધારે થાય છે.
- એક જ ક્રિયા, રાગ–દ્વેષ ઘટાડવાના આશયથી થાય કે પ્રશસ્ત રાગ–દ્વેષથી થાય, તો ધર્મ બને છે.

  તે જ ક્રિયા અપ્રશસ્ત રાગ–દ્વેષથી થાય, રાગ–દ્વેષને પોષવા માટે થાય, તો અધર્મ બને છે.
- ઘણાં દૃષ્ટાંતો ગઈકાલે આ વિષયમાં આપ્યા હતા.

  શાસ્ત્રમાં સાધુને પરિગ્રહનો નિષેધ પણ કર્યો છે, અને ચોમાસામાં બધી જ ઉપધિ વધારે રાખવાનું વિધાન પણ છે. શા માટે ? તેના કારણો પણ શાસ્ત્રમાં બતાવ્યા છે.

  ઉપદેશમાળા ગ્રંથમાં આચાર્ય માટે લખ્યું છે – તેઓ સંગ્રહશીલ હોય અર્થાત્ પરિગ્રહ રાખે.

  *સભા : તો પછી સર્વથા પરિગ્રહ વિરમણ વ્રત શી રીતે ટકે ?*

  પરિગ્રહના બે પ્રકાર છે – દ્રવ્ય–પરિગ્રહ અને ભાવ–પરિગ્રહ.

  **વસ્તુ રાખવી, તે દ્રવ્ય–પરિગ્રહ છે.** તે તો અમે પણ કરીએ જ છીએ. વસ્ત્ર–પાત્ર વગેરે રાખીએ છીએ.

  **મૂર્ચ્છા કરવી, તે ભાવ–પરિગ્રહ છે.**

  **સાધુને પાંચમા મહાવ્રતમાં જે નિષેધ છે, તે મુખ્યરૂપે ભાવ–પરિગ્રહનો છે. દ્રવ્ય–પરિગ્રહનો એકાંતે નિષેધ નથી હોતો. જો દ્રવ્ય–પરિગ્રહનો પણ ત્યાગ કરવાનો હોય, તો કપડાં–પાતરાં કશું નહીં રખાય.**

  આ વાત શાસ્ત્રમાં સ્પષ્ટ જણાવેલી છે. દશ–વૈકાલિક સૂત્રમાં તો મૂર્ચ્છાને જ પરિગ્રહ કહ્યો છે.
- માત્ર પરિગ્રહ નહીં, **હિંસા કે મૃષાવાદનો જે ત્યાગ છે, તે પણ ભાવ–હિંસા અને ભાવ–મૃષાવાદનો જ હોય છે. દ્રવ્ય–હિંસા કે દ્રવ્ય–મૃષાવાદનો નહીં.** એટલે જ ચોમાસામાં વરસતા વરસાદમાં ન છૂટકે ગોચરી જઈ શકાય છે.
- *સભા : શ્રાવકને પરિગ્રહનું પરિમાણ બતાવાય છે, તેમાં તો દ્રવ્ય–પરિગ્રહનું જ પરિમાણ બતાવાય છે.*

  તેનું કારણ એ છે કે **શ્રાવક જે કંઈ પરિગ્રહ કરે છે, તે રાગ–દ્વેષથી જ કરતો હોવાથી, તે બધો ભાવ–પરિગ્રહ જ છે.**

  **સાધુ પાસે જે છે, તે બધું પ્રાયઃ ઉપકરણ છે, ધર્મ–સામગ્રી છે. તે માત્ર દ્રવ્ય–**

**પરિગ્રહ છે.**

તમારી પાસે ઉપકરણો કેટલા ? ગણ્યા-ગાંઠ્યા. મોટા ભાગનો સંસારની વસ્તુનો જ પરિગ્રહ હોય છે.

*સભા : સંસારમાં પરિગ્રહ વિના કેમ ચાલે ?*

એટલે તો સંસાર છોડવાનું કહીએ છીએ, કારણકે સંસારમાં રહો, એટલે પાપ કરવા જ પડે.

તમે સંસારમાં રહ્યા, છોડ્યો નહીં, તેનું કારણ તમારો અનુકૂળતાનો, શરીરનો, ઇન્દ્રિયોના વિષયોનો રાગ છે, સુખશીલતા છે. એટલે સંસારમાં રહેવા જે કાંઇ કરવું પડે, તે બધાનું મૂળ કારણ રાગ હોવાથી, તે પાપ બની જાય.

હા, તમે ધર્મક્ષેત્રની સંપત્તિ સાચવતા હો, તો તે દ્રવ્ય-પરિગ્રહ કહી શકાય. ટ્રસ્ટોની વ્યવસ્થા અંગ્રેજો આવ્યા પછીની છે. પૂર્વના કાળમાં નગરશેઠ જ સંઘની સંપત્તિ સાચવતા. તેમના માટે તે દ્રવ્ય-પરિગ્રહ બને.

- મને એક મહાત્માએ વાત કરેલી →

તેમના ગુરુદેવને મોટો શિષ્ય પરિવાર છે. તે બધાની ઉપધિનો વહીવટ તેઓ સંભાળતા હતા. એક વાર સ્વ. ગચ્છાધિપતિશ્રીએ તેમને પૂછ્યું – આવતીકાલે તારા ગુરુદેવના પરિવારમાં પાંચ દીક્ષા અચાનક નક્કી થાય, તો બધાને જોઇએ તેટલી ઉપધિ તારી પાસે છે ?

કહેવાનો ભાવ એ છે કે આચાર્ય ભગવંતે આવો પરિગ્રહ રાખવો પડે. અમારા ઉપકરણો એવા નથી કે બજારમાં તૈયાર મળે. તેને બનાવવા પડે છે. પાત્રા રંગવા પડે છે. તો તેવું બધું કેટલુંક તૈયાર રાખવું પડે. તે શાસ્ત્રની આજ્ઞા જ છે.

- મૂળ પદાર્થ એ છે કે માત્ર ક્રિયાના આધારે ધર્મ-અધર્મનો નિર્ણય થતો નથી.

તમારા કપમાં પીરસાયેલી ગરમાગરમ ચા, ઠંડી ન થઇ જાય, તે માટે ઢાંકો તો તે ક્રિયા પાપ છે, કારણકે જીભનો ટેસડો પોષવા માટે થાય છે.

સાધુએ વહોરેલી ગરમ ચા, તેમાં જીવાત પડીને મરી ન જાય, તે માટે ઢાંકે, તો તે ક્રિયા-ધર્મ છે, કારણકે આશય જીવરક્ષાનો છે.

- **દેખીતી રીતે ધર્મ જેવી લાગતી ક્રિયા પણ આશય ખરાબ હોય, તો પાપરૂપ બની શકે છે.**

કોઇ પક્ષી માટે દાણાં વેરતું હોય, તો જીવદયા રૂપી ધર્મ જ દેખાય. પછી જાળ નાખે તો ખ્યાલ આવે કે આ તો પારધિ છે. તેની દાણા નાંખવાની ક્રિયા પણ હકીકતમાં તો અધર્મ છે.

- આચારાંગ સૂત્રનું વચન છે →

जे आसवा ते परिसवा । जे परिसवा ते आसवा ।

જે પાપ છે, તે જ ધર્મ છે. જે ધર્મ છે, તે જ પાપ છે.

અર્થાત્, ક્રિયા તો એક જ હોય છે.

તે જ ક્રિયા, રાગ–દ્વેષને ઘટાડવાના આશયથી થાય, તો ધર્મ બને.

તે જ ક્રિયા, રાગ–દ્વેષને પોષવાના આશયથી થાય, તો પાપ બને.

- *સભા : ક્રિયા સમાન રહે અને આશય બદલાય, તેવું બની શકે ?*

  બની શકે, અને કરવું જોઈએ.

  સાધુ રાતના સૂઈ જાય, તે ધર્મ કે અધર્મ ?

  **બીજા દિવસના યોગો સારી રીતે આરાધી શકાય તે માટે, શરીર સ્વસ્થ રહે – નિરોગી રહે અને દીર્ઘ કાળ સંયમ પાળી શકાય તે માટે, શાસ્ત્રાનુસારે પરિમિત ઊંઘ લેવી, તે ધર્મ છે.**

  **સૂવાના આશયથી જ સૂવું, તે ધર્મ ન બને.**

  હવે પ્રાયઃ સર્વત્ર પુષ્કળ મચ્છરો હોય છે.

  અમે મચ્છરદાની રાખીએ છીએ.

  જો મચ્છરના ડંખથી બચવા માટે જ મચ્છરદાની રાખીએ, તો તે તો શરીરનો રાગ પોષવા માટે હોવાથી ધર્મ ન બને.

  પણ, પડખું ફેરવતાં મચ્છર શરીર નીચે દબાઈને મરી ન જાય, તે માટે રાખીએ; કે ઘણાં મચ્છરનાં કારણે ઊંઘ નહીં આવે, તો સવારના વિહાર–સ્વાધ્યાયાદિ સાધના સારી રીતે નહીં થાય, તેવા કારણે મચ્છરદાની રાખીએ, તો તે ધર્મ બને.

- ક્રિયા સરખી રાખીને આશય બદલાઈ શકે છે.

  એ વાત જુદી છે કે કોઈના આશયને આપણે જાણી શકતા નથી. એટલે બીજા માટે તો સ્થૂલ ક્રિયાના આધારે જ નિર્ણય કરવો પડે કે ધર્મ છે કે અધર્મ ?

  કોઈ મલિન આશયથી ધર્મક્રિયા કરતું હોય, તો પણ આપણને તો તે ધર્મ જ લાગવાનો છે.

- અલબત્ત, શુભ આશયથી થતી પ્રવૃત્તિમાં પણ પ્રભુના શાસનની મર્યાદાઓનું અનુશાસન હોય છે.

  જેને ગુરુએ વ્યાખ્યાન કરવાની ના પાડી હોય, તે લોકોને પમાડવાના શુભ આશયથી વ્યાખ્યાન કરે, તો પણ ધર્મ નથી; કારણકે અનુશાસન તોડી રહ્યો છે.

  પૂજા માટે સ્થાવરની હિંસા થતી હોય તે માન્ય છે; ત્રસ જીવોની વિરાધના કરવાની છૂટ નથી. તે અનુશાસન છે. તેને તોડીને શુભ આશયથી પૂજા કરે, તો પણ ધર્મ નથી. કારણકે આજ્ઞાપાલનનો ભાવ નથી.

- *સભા : અનુકંપાથી કોઈ નોનવેજ ખવડાવે, તો આશય શુભ હોવાથી ધર્મ કહેવાય?*
  જુઓ, કીડીને ખવડાવવા માટે, તેના પર લાડવો મૂકી દે, તો કીડી મરી જ જાય.
  પરમાત્માને અભિષેક કળશથી કરાય, પીપ લઈને ઢોળી ન દેવાય.
  વિવેક ન હોય, તો સ્થૂલથી શુભ આશય હોય, તો પણ ધર્મ ન કહેવાય.
  હકીકતમાં તો કોને શું ફળ મળે ? તે જ્ઞાની જ કહી શકે. બહુ મોટો અવિવેક હોય, તો સ્થૂલથી શુભ આશય જણાતો હોવા છતાં અધર્મ બની શકે.
  સામાન્ય અવિવેક હોય, તો ધર્મનું ફળ ઘટાડી દે, તેવું બને.
- અષ્ટક પ્રકરણમાં કહ્યું છે – **ધર્મ સૂક્ષ્મ બુદ્ધિથી સમજવાનો હોય છે. સ્થૂલ બુદ્ધિથી કરવા જાય, તો ધર્મના નામે અધર્મ થઈ જાય.**
  તેના માટે ત્યાં એક દૃષ્ટાંત આપ્યું છે.
  ચોમાસામાં એક સાધુએ ગુરુ પાસે અભિગ્રહ કર્યો – ગચ્છમાં કોઈ પણ સાધુ બિમાર પડે તો તેની ગોચરી–પડિલેહણ વગેરે બધી ભક્તિ કરવી.
  બન્યું એવું કે આખા ચોમાસામાં, એક પણ સાધુ બિમાર ન પડ્યા. તો પેલા સાધુએ અફસોસ કર્યો – 'મને લાભ ન મળ્યો !'
  આવો અફસોસ ન કરાય. તેનો અર્થ તો એવો થાય કે કોઈ બિમાર ન પડ્યું, તે ખોટું થયું !
  **કોઈ બિમાર પડે, તો લાભ લેવાની ભાવના સારી છે.**
  **પણ પોતાને લાભ મળે, તે માટે કોઈ સાધુ બિમાર પડે તો સારું – એવી ભાવના સારી નથી. તે તો ઘોર અવિવેક છે.**
- એક શહેરના ચોમાસામાં એક ભાઈ રોજ સાંજે ભક્તિ કરવા આવતા. પગ દબાવે, પછી આંગળીના ટચાકિયા ફોડે. એકવાર એટલા જોરથી આંગળી ખેંચી કે ફ્રેક્ચર થઈ ગયું !
  આવી ભક્તિ કેવી કહેશો ? ભાવ ભલે સારો હોય, વિવેક જરૂરી છે.
- મૂળ વાત એ ચાલે છે કે ધર્મ–અધર્મનો આધાર આશય છે, માત્ર ક્રિયા નહીં.
  *સભા : તો પછી ભાવ શુદ્ધ–સારા રાખવાના. ક્રિયા કરવાની જરૂર શું ?*
  **ક્રિયા વિના ભાવ શુદ્ધ–સારા રહે, એ સંભવ જ નથી.**
  અહીં કોઈ એવું છે, કે જે કહી શકે કે મને ગમે તેવી સ્વાદિષ્ટ વસ્તુ વાપરવા છતાં રાગ નથી થતો ?
  **રાગથી બચવું હોય, તો રાગ થાય તેવા દ્રવ્યોનો ત્યાગ કરવો પ્રાયઃ અનિવાર્ય છે.**
  લાખોમાં એક એવો મળે કે જે વાપરવા છતાં રાગથી બચી શકે.
- આ આખો મુદ્દો, મૂર્તિપૂજામાં થતી હિંસા પાપરૂપ નથી, એ સમજાવવા માટે કહ્યો.
  પ્રભુના વીતરાગતા ગુણની પ્રાપ્તિનું, અર્થાત્ રાગ–દ્વેષના નાશનું કારણ હોવાથી તે

ધર્મ જ છે.

- આ જ વાત, દિગંબરોના વસ્ત્ર ન રાખવાના તર્કને લાગુ પડે છે. વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણો, મૂર્ચ્છાથી રખાય તો જ ભાવ-પરિગ્રહ છે; બાકી માત્ર દ્રવ્ય-પરિગ્રહ છે, તે પાપ નથી.
  **સાધુ ભગવંતો વસ્ત્રાદિ ઉપકરણો રાગ-દ્વેષથી નથી રાખતા, સંયમની રક્ષા માટે રાખે છે, લોકવિરૂદ્ધના ત્યાગ માટે રાખે છે.**
- વસ્ત્ર વિના ફરવું, એ લોકવિરૂદ્ધ આચરણ છે.
  ઉપરાંત વસ્ત્ર ન રાખે, તો ઠંડીથી બચવા, મચ્છરોથી બચવા... બીજી અનેક વસ્તુઓ વાપરવાનો, વિરાધનાઓ કરવાનો પ્રસંગ આવે.
  દિગંબરો અત્યારે શું કરે છે ? તે આપણે જાણતા નથી. પણ પ્રાચીન શાસ્ત્રોમાં લખ્યું છે – વસ્ત્ર નથી રાખતા એટલે ઠંડીથી બચવા તાપણું કરાવે છે. શ્વેતાંબરો તો કામળી ઓઢી લે.
- સંયમપાલન માટે શરીર ટકાવવું પડે, શરીર ટકાવવા આહાર વાપરવો પડે, તેની માટે પાત્ર જોઇએ.
  પાત્ર ન રાખે અને હાથમાં જ વાપરે, તે લોકવિરૂદ્ધ તો થાય જ; તેમાં બીજી અનેક વિરાધનાઓ પણ થાય. વસ્તુ ઢોળાય, વેડફાય, જમીન ધોવી-લૂછવી પડે, કીડી વગેરે જીવો આવે.
  અમે તો પાત્ર હોવાથી બધા ઘરેથી થોડું થોડું લઇએ. હાથમાં વાપરવું હોય તો એક જ ઘરે વાપરવું પડે. ત્યાં પહેલેથી કહેવડાવવું પડે. તેઓ કહેવડાવતા હોય છે જ. બધું તેમના માટે બને. કેટલી વિરાધના થાય ?
  વળી પાત્રમાં વહોરાવવા બહેનોએ નજીક ન આવવું પડે. હાથમાં વહોરાવવા તો અત્યંત નજીક આવવું પડે. તેનાં જોખમો કેટલા ?
  એક વાત પકડાઇ ગઇ કે પરિગ્રહ ન કરાય. પછી વસ્ત્ર છોડ્યા, સ્ત્રીને દીક્ષા અને મોક્ષનો નિષેધ કર્યો, પાત્રા છોડ્યા... કેટલું બદલવું પડ્યું !
- **પ્રભુના શાસનમાં ચરણકરણાનુયોગમાં આ એક જ સિદ્ધાંત છે – જેનાથી રાગ-દ્વેષ ઘટે, તે ધર્મ છે. જેનાથી રાગ-દ્વેષ વધે, તે પાપ છે. બાકી ક્રિયાની બાબતમાં કોઇ નિશ્ચિત સિદ્ધાંત નથી કે આમ જ કરાય, આમ ન જ કરાય. સામાચારી પ્રકરણમાં આ વાત સ્પષ્ટ જણાવી છે.**
- *સભા : તો પછી રાગ-દ્વેષ ઘટાડવા જ પુરુષાર્થ કરવાનો ને ? તો ધ્યાન જ કરવાનું, આરાધનાની શી જરૂર ?*
  મેં જણાવ્યું જ હતું કે રાગથી બચવા માટે રાગ થાય તેવા દ્રવ્યોનો ત્યાગ કરવો જ પડે.

- **અનંત જ્ઞાની ભગવંતોએ જે ધર્મક્રિયા બતાવી છે, તે તેમાં રાગ-દ્વેષ ઘટાડવાનું સામર્થ્ય જોઇને જ બતાવી છે.**

  રાગ-દ્વેષ ઘટાડવા માટે ધ્યાનનો પણ નિષેધ નથી. યોગશતક વગેરે ગ્રંથોમાં તેનું વિસ્તૃત નિરૂપણ છે.

  પણ તે પોતાને ઉચિત બધી જ આરાધનાઓ સાચવીને કરાય.

  ગોચરી જવાની ઉપેક્ષા કરીને, ઉપાશ્રયે ગોચરી મંગાવીને ધ્યાન કરવા ન બેસાય.

  ગૃહસ્થની વાત કરીએ, તો A.C. હોલમાં, ખુરશી પર બેસીને કહેવાતું ધ્યાન કરનારનો શરીર પરનો રાગ કેમ તૂટે ?

  ચા પીધા વિના જે કહેવાતું ધ્યાન કરી ન શકતો હોય, તેનું ધ્યાન કેવું માનવાનું?

- મૂળ વાત એ હતી કે રાગ-દ્વેષ ઘટાડવા માટે થાય, તે ધર્મ છે. હવે તમે વિચારો – તમે જે આરાધના કરો છો, તે શેના માટે કરો છો ?

  દાન શેના માટે કરો છો ? સામાયિક શેના માટે કરો છો ? ઘણીવાર ગોખેલો જવાબ બોલી દો છો – મોક્ષ માટે. પણ તેવું બોલવું, અને હકીકતમાં તેવું હોવું, બે માં ઘણો ફરક છે.

  હું તમને બે પરીક્ષા બતાવું.

  હમણાં કોઈ દેવ નીચે આવીને તમને કહે – આ ભવની તમારી બધી આરાધનાના ફળ રૂપે દેવલોક જોઈતો હોય, તો હમણાં મળી જશે. તો શું કરો ?

  *સભા : Encash કરી લઈએ.*

  એટલે મોક્ષની ઈચ્છાનું બાષ્પીભવન થઈ ગયું ને ?

  બીજી રીતે પૂછું → મનુષ્યમાંથી દેવલોક, ત્યાંથી મનુષ્ય, પાછો દેવલોક... આવું નિરંતર અમુક ભવ સુધી જ ચાલી શકે, પછી તિર્યંચમાં કે નરકમાં જવું જ પડે, તેવો નિયમ છે.

  માની લો કે તમને નિરંતર મનુષ્ય-દેવના ભવ જ મળ્યા કરે... મનુષ્યના ભવમાં પણ સુખ-સાહ્યબી મળે... તો મોક્ષ જોઈએ ખરો ?

  *સભા : પછી મોક્ષની જરૂર શું ?*

  એટલે વાત એ જ આવી ને કે તમારે ઇહ-પરલોકના સામગ્રી-સુખો જ જોઈએ છે, રાગ-દ્વેષનો નાશ તો માત્ર કહેવા માટે છે.

- જેવું તમારું છે, તેવું જ **એકાંતિક નિશ્ચયવાદીઓનું છે. તેઓ ભલે બોલતા એમ હોય કે અમે રાગ-દ્વેષ ઘટાડવા ધ્યાન કરીએ છીએ. હકીકત કાંઇક જુદી હોય છે. ક્યારેક માત્ર ધર્મી તરીકેનો દેખાડો કરવા હોય છે, ક્યારેક સર્વથા અજ્ઞાન હોય છે; ક્યારેક ગાડરિયો પ્રવાહ હોય છે.**

- *સભા : સંસારમાં રાગ-દ્વેષ ઘટતા જ નથી.*

એટલેસ્તો પ્રભુએ દીક્ષા લેવાનું કહ્યું છે. પ્રભુ જાણતાં જ હતા કે સંસારમાં રહીને રાગ-દ્વેષ ઘટાડવા મુશ્કેલ છે. છતાં તે અશક્ય નથી. જે રાગ-દ્વેષ થાય તેવી સામગ્રીને ત્યાગે, રાગ-દ્વેષ થાય તો પ્રાયશ્ચિત્ત કરે... આવા બધા પુરુષાર્થ હોય, તેના રાગ-દ્વેષ ઘટી પણ શકે.

રાગથી બચવું હોય તો ખાંડ વિનાની ચા પીવાની. રાગ નહીં થાય.

*સભા : તો દ્વેષ થાય.*

એવું જરૂરી નથી. ડાયાબિટીસવાળા પીતા જ હોય છે ને ?

*સભા : હવે 'સુગર ફ્રી' આવે છે, તે નાખે.*

તમે સ્વાદ પોષવાના નુસખા શોધી જ કાઢો. પણ પશુ ઘાસ ખાય જ છે ને ?

*સભા : તેમનો તે જ આહાર છે.*

તમે અભ્યાસ પાડો તો કશું અશક્ય નથી.

મારા સંસારી દાદાને નાની ઉંમરમાં જીવલેણ રોગ થયેલો, ત્યારે વૈદે તેમને છ મહિના પાણી બંધ કરાવીને જીવાડેલા.

બોલો, છ મહિના પાણી વિના રહી શકાય ? અશક્ય જ લાગે. પણ તેઓ રહેલા. અમને કહેતા હતા – વૈદે પોતાના ઘરે જ રાખેલો. પાણીના સ્થાને બકરીનું દૂધ જ આપે. જંગલ જાય, તો લોટામાં ય પાણી ન આપે !

- **પ્રભુએ જે પણ આરાધના બતાવી છે, તે રાગ-દ્વેષને ઘટાડવા માટે જ બતાવી છે. તેને અનુસરવું, તે જ ધર્મ છે.**

  **ક્યારેક પ્રશસ્ત રાગને પોષનારી આરાધના હોય, તો પણ પરંપરાએ રાગ-દ્વેષને ઘટાડનારી, નાશ કરનારી હોય છે.**
- ૮-૧૦ વર્ષના બાળકને દીક્ષા લેવાની ઇચ્છા થાય, ત્યારે તેને રાગ-દ્વેષ ઘટાડવા દીક્ષા લેવાની છે, તેવી સમજણ નથી હોતી. પણ ગુરુદેવ પર, સંયમ પર, સ્વાધ્યાયાદિ સાધના પર રાગ હોય છે. તે રાગ, તેને સંસારના અપ્રશસ્ત રાગોથી બચાવે છે. તે રાગનો ઉપયોગ કરીને જ ગુરુ તેનું ઘડતર કરે છે, તેને ભણાવે છે, સાચી સમજ આપે છે.
- પ્રભુની અંગરચના-મહાપૂજા વગેરે શા માટે છે ?

  જોવા માટે – કુતૂહલથી લોકો આવે, તે તો રાગ પોષનાર જ છે. પણ તેના માધ્યમે પ્રભુની ઓળખાણ થાય... પ્રભુ સાથે, પ્રભુશાસન સાથે જોડાય... પ્રભુના ગુણોનો પરિચય થાય... વીતરાગતા ગમે... તેના પર બહુમાન થાય... એમ પરંપરાએ રાગ-દ્વેષનો ઘટાડો થાય છે, તેથી જ તે ઉપાદેય છે.

  ભક્તિ-સંગીત પણ તે જ રીતે ઉપાદેય બને છે. સ્વરૂપથી તો તે રાગને પોષનારું છે.

- *સભા : કોઈને તેવી રીતે લાભ ન થાય તો ?*

  આપણે **સર્વત્ર સંભાવનાથી પ્રવૃત્તિ કરવાની હોય છે. ખાતરી તો કદી કરી શકાતી નથી – ઘણાંખરા જીવોને જો લાભ થતો હોય, તો તેને શાસ્ત્રકાર ઉપાદેયરૂપે બતાવે છે.**

- આપણી જાત માટેની વિચારણા જુદી હોય છે, બીજા માટે જુદી હોય છે.

  આપણને એવું લાગે કે ભક્તિ–સંગીતમાં માત્ર કર્ણેન્દ્રિયનો રાગ જ પોષાય છે, તો આપણા માટે તે વર્જ્ય બને.

  પણ ઘણાં જીવો તેના માધ્યમે પ્રભુ સાથે જોડાતા હોય, તો તે બધા માટે વર્જ્ય નથી.

# ધર્મકાર્યમાં હિંસા – ૪

- મૂર્તિપૂજામાં થતી હિંસા, પાપરૂપ નથી; એ વાત આપણે જોઈ રહ્યા છીએ.
- **ધર્મ કે અધર્મ ? તેનું નિયામક, માત્ર ક્રિયાનું સ્વરૂપ નથી; પણ ક્રિયા પાછળનો આશય, રાગ–દ્વેષ વધારવાનો (પોષવાનો) છે કે ઘટાડવાનો ? તે છે.**
  ક્રિયા સમાન હોવા છતાં, એક વ્યક્તિને રાગ–દ્વેષ વધારનારી બને, બીજી વ્યક્તિને રાગ–દ્વેષ ઘટાડનારી બને... તેવું બની શકે છે.
- જ્ઞાની અને પરિણત સાધુ, અનુગ્રહ બુદ્ધિથી પ્રવચન કરે, તો જિનવચનની અનુપ્રેક્ષા દ્વારા જ્ઞાન સૂક્ષ્મ બનવું, શ્રદ્ધા દઢ થવી... વગેરે લાભ થાય. અન્યોને જે પ્રેરણા કરાય, તેની અસર પોતાને થતી હોવાથી ચારિત્રની વિશુદ્ધિ પણ થાય...કરુણા ભાવનાનો વિકાસ થાય... આવા લાભો થાય.
  અપરિણત સાધુ વ્યાખ્યાન કરે, તો તીવ્ર માન–કષાય પોષાવો... વગેરે નુકસાન પણ થઈ શકે. તેના માટે તો વ્યાખ્યાન કરવું, તે પણ અધર્મ બની જાય.
- કોઈ પણ પ્રવૃત્તિથી કોઈના પણ રાગ–દ્વેષ વધશે ? કે ઘટશે ? તેનો નિર્ણય જ્ઞાની ભગવંતો શી રીતે કરે ?
  **જેનાથી મોટા ભાગના જીવોના રાગ–દ્વેષ ઘટવાની સંભાવના હોય, તેને ધર્મ તરીકે બતાવે. જેનાથી મોટા ભાગના જીવોના રાગ–દ્વેષ વધવાની સંભાવના હોય, તેને પાપરૂપે બતાવે.**
- પરમાત્માની પૂજા કરવા માટે જે માણસ જિનાલયે આવશે, તેને પરમાત્માના વીતરાગતા વગેરે ગુણો પર બહુમાન જાગશે... તે ગુણો જ સાચા સુખના કારણરૂપે સમજાશે... પોતાના જીવનમાં તે ગુણોને લાવવા પુરુષાર્થ કરશે...
  આમ, **પૂજા દ્વારા રાગ–દ્વેષ ઘટવાની સંભાવના જોઈને જ શ્રાવકોને જિનપૂજા કરવાનું કર્તવ્ય શાસ્ત્રકારોએ બતાવ્યું.**
- આવું વર્તમાનમાં બને પણ છે જ. કેટલાય જૈનો એવા છે, કે જેમના જીવનમાં દર્શન–પૂજા સિવાય કોઈ ધર્મપ્રવૃત્તિ નથી. છતાં, તેઓ તેના માધ્યમે સંઘ સાથે જોડાયેલા રહે છે. તેથી જ ક્યારેક કોઈક પરિવારની કોઈક વ્યક્તિ ધર્મમાં આગળ વધે છે.
  સોશિયલ મીડિયા તો છેલ્લા ૫–૭ વર્ષની પેદાશ છે. પૂર્વે, સંઘ–શાસનના કોઈપણ કાર્યની જાહેરાતનું મુખ્ય માધ્યમ, દેરાસરના બોર્ડ કે બેનરો જ હતા. તેના દ્વારા જ શિબિર વગેરે પ્રવૃત્તિઓની જાણ થતી હતી.
- જે વસ્તુ મોટા ભાગના જીવોના રાગ–દ્વેષ ઘટાડતી હોય, તેનાથી કોઈકના રાગ–દ્વેષ વધે, તો તે તેની વિચિત્રતા છે. તેના કારણે તે પ્રવૃત્તિને અધર્મ ન કહી દેવાય.

બાકી તો, કેટલાક જીવો દીક્ષા લઈને પણ સંસાર વધારે છે. પણ તેથી કંઈ સંયમને પાપ ન કહી દેવાય.

- સામાન્યથી રાગ-દ્વેષ ઘટાડનારું કાર્ય, કોઈક વ્યક્તિને કોઈક કાળે રાગ-દ્વેષ વધારનારું બનતું જણાય; તો જ્ઞાની ગીતાર્થ ગુરુ ભગવંત, તે વ્યક્તિને તે કાળે તે કાર્ય કરવાનો નિષેધ પણ કરે.
  ગીતાર્થ ગુરુ ભગવંત વ્યક્તિની પાત્રતા-કક્ષા, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને એ નિર્ણય કરે. તેમનામાં તેવી ક્ષમતા છે, અને તેમને તેવો અધિકાર છે.
- ઝેર મારનારી વસ્તુ હોવા છતાં; જેને એક ઝેર ચડ્યું હોય, તેને બીજું ઝેર અપાય, તો જીવાડનાર પણ બને છે. પણ તે કામ, નિષ્ણાત વૈદ જ કરી શકે.
  એ જ રીતે, જે કાર્ય ૧૦૦ માંથી ૯૯ માટે હિતકર હોય, તે એક માટે અહિતકર બની શકે. તેનો નિર્ણય ગીતાર્થ જ કરી શકે.
- જે પરિગ્રહ, સાધુને અહિતકર બતાવ્યો છે; તે જ પરિગ્રહ, આચાર્યને માટે શાસ્ત્રમાં હિતકર પણ બતાવ્યો છે. તેમની કક્ષા બદલાય છે, કર્તવ્ય બદલાય છે.
- આ જ જિનશાસનની ઉત્સર્ગ-અપવાદ વ્યવસ્થા છે.
  દરેક ઉત્સર્ગની સામે અપવાદ હોય છે.
  કેટલાક ઉત્સર્ગના અપવાદ શાસ્ત્રમાં બતાવ્યા છે. કેટલાક અપવાદ નથી પણ બતાવ્યા. પણ તેનો અધિકાર, ગીતાર્થને હોય છે.
- આપણે ફરી મૂળ વાત પર આવીએ.
  જિનપૂજામાં થતી હિંસા પાપરૂપ નથી, એ વાત દૃઢ કરવાની છે.
  વર્ષો પૂર્વે મુંબઈના પરાના એક સંઘના અગ્રગણ્ય ટ્રસ્ટી મને મળેલા. મને કહે – 'અમે પાંચ ટ્રસ્ટી છીએ. સંઘમાં દેરાસર-ઉપાશ્રયમાં કામ ચાલે છે. મારા સિવાય કોઈ ટ્રસ્ટી ધ્યાન આપતું નથી. બધું મારે જ કરાવવું પડે છે. બધા કાર્યમાં હિંસા તો થાય જ છે. તો મને કેટલું પાપ લાગે ? શા માટે મારે એકલાએ પાપ બાંધવું જોઈએ?'
  બોલો, શું જવાબ આપવાનો ?
  *સભા : વિરાધનાના નુકસાન કરતાં, સંઘ-સેવાનો લાભ વધે.*
  હજુ તમે ભૂલો છો. **દેરાસર-ઉપાશ્રયાદિનું કામ જો શાસ્ત્રાનુસારી જયણાપૂર્વક કરાતું હોય, તો તેમાં જે વિરાધના થાય, તેનાથી કશું નુકસાન થતું જ નથી. એટલું જ નહીં, તેનાથી પણ કર્મની નિર્જરા જ થાય છે, પુણ્યનો બંધ જ થાય છે.** કારણકે આશય શુદ્ધ છે.
  પિંડ નિર્યુક્તિ નામના આગમમાં કહ્યું છે →
  **૧. જે જ્ઞાની છે – વિધિનો/જયણાનો જાણકાર છે.**
  **૨. જેનો આશય શુદ્ધ છે – સ્વાર્થ વગેરે મલિન આશય નથી.**

**૩. જે જયણાનું યથાશક્તિ પાલન કરે છે.**

**તેને ધર્મકાર્યમાં જે વિરાધના થાય, તેનું ફળ કર્મની નિર્જરા જ છે, પાપનો બંધ નહીં.**

- પૂજા કરવા માટે સ્નાન કરો, તો તેમાં વિરાધના થતી હોવા છતાં, આશય શુદ્ધ હોય, જયણા હોય તો તેનાથી પણ પુણ્ય જ બંધાય, પાપ નહીં.

  જો કે તમે સવારે સ્નાન કરો છો, ત્યારે શરીરને સ્વચ્છ કરવાનો આશય ભેગો હોય છે, એટલે જ સાબુ લગાડો છો. એટલે ત્યાં શુદ્ધ આશય નથી, જયણા પણ નથી.

  પણ ક્યારેક એવું બનતું હશે, કે સવારે સ્નાન કર્યું હોવા છતાં, કોઈ તીર્થસ્થાનાદિમાં પૂજા કરવા માટે ફરીવાર સ્નાન કરો, ત્યારે આશય પણ શુદ્ધ હોઈ શકે, ૨-૪ લોટાથી જ સ્નાન કરવા રૂપ જયણા પણ હોઈ શકે. તો તે સ્નાન, કર્મબંધનું કારણ નથી બનતું.

  *સભા : એક વાર પૂજા કરી લીધી હોય, તો બીજી વાર પૂજા કરવા માટે સ્નાન કરાય?*

  શા માટે નહીં ? શ્રાવકને પૂજા કરવાનો ઉલ્લાસ એ વિશિષ્ટ ભાવશુદ્ધિનું કારણ છે. તેના માટે બીજી વાર સ્નાન ન કરવું, તેવું કહેવાનું કોઈ કારણ નથી.

  *સભા : પાણીના જીવોની વિરાધના થાય ને ?*

  શાસ્ત્રકાર, તે વિરાધનાનું ફળ પણ નિર્જરા જ બતાવે છે. પછી વાંધો શો છે ?

  જો વિરાધનાના કારણે પૂજા ન કરવાની હોય, તો એક તીર્થમાં દર્શન કર્યા પછી, વાહન દ્વારા બીજા તીર્થના દર્શને પણ નહીં જવાય. તીર્થયાત્રાનો સમૂળગો વિચ્છેદ જ થઈ જશે.

  *સભા : દ્રવ્ય-પૂજાનો આગ્રહ રાખવા કરતા ભાવ-પૂજા રૂપ સ્તુતિ-સ્તવનાદિ કરીએ તો ?*

  જુઓ, પોતાને કઈ પૂજાથી વધુ ભાવશુદ્ધિ થાય છે, તે દરેક જીવની રુચિ પ્રમાણે અલગ-અલગ હોઈ શકે. કોઈક જીવને સ્તુતિ-સ્તવનાદિથી વધુ ભાવશુદ્ધિ થતી લાગે, તો તેના માટે તે પ્રધાન બની શકે.

  પણ બધા માટે તેવું નથી. મોટા ભાગના જીવોને દ્રવ્યપૂજામાં જે ભાવશુદ્ધિ થાય છે, તેટલી સ્તુતિ-સ્તવનાદિમાં થતી નથી. તેટલી સ્થિરતા પણ હોતી નથી.

  અને, પાણીના જીવોની વિરાધના આગળ કરીને તો તેવો નિષેધ ન જ કરાય. નહીં તો, એક પ્રભુનો અભિષેક કર્યા પછી, બીજા પ્રભુના અભિષેકનો પણ નિષેધ કરવો પડશે !

- જે સામાયિક-પૌષધ લઈને બેઠેલો હોય, તેને દ્રવ્ય-પૂજાનો નિષેધ કરાય.

  જેને સ્નાન કરતાં કરતાં પણ 'હાય ! હાય ! કેટલા પાણીના જીવો મરી ગયા !' એવો જ વિચાર આવતો હોય, તેને સ્નાનનો નિષેધ કરાય. એટલે જ સાધુને દ્રવ્ય-પૂજાનો નિષેધ છે.

પણ જે ગૃહસ્થ, આખો દિવસ સંસારના કાર્યો માટે પાણીનો છૂટથી વપરાશ કરતો હોય, ત્યાં હિંસા યાદ પણ ન આવતી હોય, તે પૂજા માટે સ્નાન કરવાનું આવે ત્યારે જ હિંસાને યાદ કરે, તે મૂઢતા છે.

**શાસ્ત્રકારોએ કહ્યું છે – સંસારના કાર્ય માટે જે આરંભ સમારંભ ગૃહસ્થ કરે જ છે, તે ધર્મ માટે કરવાના આવે ત્યારે હિંસાને યાદ કરે, તે મહામોહ છે.**

- મૂર્તિપૂજામાં થતી હિંસા, પાપરૂપ નથી; કારણકે તે રાગ–દ્વેષને ઘટાડનાર છે.
  આ જ વાતને શાસ્ત્રકારોએ જુદા શબ્દોમાં પણ કહી છે.
  હિંસાના 3 પ્રકાર છે →
  ૧. હેતુ–હિંસા ૨. સ્વરૂપ–હિંસા ૩. અનુબંધ–હિંસા
- **સ્વરૂપ–હિંસા એટલે જીવની વિરાધના થવી કે જીવને પીડા થવી.** આપણે પૂર્વે એ જણાવ્યું છે કે તેવી વિરાધના તો સર્વ કાર્યોમાં હોવાથી, સ્વરૂપ–હિંસા સર્વત્ર રહેલી છે. એટલે સ્વરૂપ–હિંસા હોવા માત્રથી કોઈ કાર્ય અધર્મ ન બને.
  અર્થાત્, શાસ્ત્રકારોએ જે હિંસાને પાપસ્થાનક બતાવ્યું, તે માત્ર સ્વરૂપ–હિંસારૂપ નથી.
- અનુબંધ શબ્દનો અર્થ છે – ફળ.
  **જ્યાં હિંસાનું ફળ – પાપકર્મનો બંધ અને દુઃખ હોય, તેને અનુંબધ હિંસા કહેવાય.**
  પાપ ત્યારે જ બંધાય છે, જ્યારે આશય મલિન હોય છે – રાગ–દ્વેષને પોષવાનો હોય છે.
  એટલે, અર્થ એ થયો કે **રાગ–દ્વેષને પોષવાના આશયથી જે હિંસા કરાય, ત્યાં પાપ બંધાતું હોવાથી, હિંસાનું ફળ હોવાથી અનુબંધ–હિંસા છે.**
  હકીકતમાં તો, **જ્યાં રાગ–દ્વેષને પોષવાનો આશય હોય, ત્યાં કદાચ કોઈ જીવની હિંસા ન થાય, તો પણ અનુબંધ–હિંસા હોય છે, કારણકે પાપ બંધાય છે.**
  મારી નાખવાના આશયથી શિકારી બાણ છોડે, નિશાન ચૂકી જવાથી શિકાર ન થાય, તો પણ અનુબંધ–હિંસા તો કહેવાય જ, પાપકર્મનો બંધ તો થાય જ.
- આમ, નક્કી એ થાય કે જ્યાં અનુબંધ–હિંસા છે, તે જ અધર્મ છે, પાપસ્થાનક છે.
  **અનુબંધ–હિંસા વિનાની સ્વરૂપ–હિંસા એ પાપસ્થાનક નથી. જિનપૂજામાં સ્વરૂપ–હિંસા હોવા છતાં, અનુબંધ–હિંસા ન હોવાથી, તે પાપસ્થાનક નથી, અધર્મ નથી.**
- ઉપદેશ–રહસ્યમાં કહ્યું છે → હેતુ–સ્વરૂપ–અનુબંધ–હિંસાનું જ્ઞાન ન હોય, અનુબંધ–હિંસાને સમજીને તેને ત્યજવાની રુચિ ન હોય, તો સમ્યગ્દર્શન આવવું મુશ્કેલ છે.
- સ્વરૂપ–હિંસાના બે પ્રકાર પાડી શકાય.

૧. જેનું નિવારણ કરવું અશક્ય છે, તેવી હિંસા.
જેમ કે આપણને અડવાથી વાયુકાયની જે હિંસા થાય, તેનું નિવારણ અશક્ય છે.
વિહારમાં નદી ઊતરવી પડે, તો પાણીના જીવોની હિંસાનું નિવારણ અશક્ય છે.
ગમનાગમન કરતી વખતે ધરતી પરના અત્યંત નાના જીવો, જે દેખાતાં જ નથી, તેની હિંસાનું નિવારણ અશક્ય છે.
આવા ઢગલાબંધ દૃષ્ટાંત આપી શકાય.
૨. જેનું નિવારણ કરી શકાય, તેવી જીવહિંસા.
જેમ કે પાણી ગાળીને વાપરવાથી ત્રસ જીવોની હિંસાથી બચી શકાય.
ચૂલો પૂંજીને સળગાવવાથી કીડી વગેરેની હિંસાથી બચી શકાય.
જોઈને ચાલવાથી મંકોડા વગેરેની હિંસાથી બચી શકાય.
આવા દૃષ્ટાંત પણ ઢગલાબંધ છે.

- **જે જીવોની વિરાધનાથી બચી શકાય છે, તેમની રક્ષાનો પુરુષાર્થ, તે જયણા છે. જયણાનું પાલન ન હોવું; અર્થાત્ જીવો બચાવવાનું શક્ય હોવા છતાં તેને બચાવવાનો પ્રયાસ ન કરવો, તે અજયણા છે; તે જ હેતુ-હિંસા છે.**
- જ્યાં અજયણા છે, ત્યાં જીવ ન મરે, તો પણ હેતુ-હિંસા છે જ.
- કર્મબંધ, અનુબંધ-હિંસાથી જ થાય છે.
**સંસારના સર્વ કાર્યોનું મૂળ જ રાગ-દ્વેષ હોવાથી, તેમાં કર્મબંધ છે જ, અનુબંધ-હિંસા છે જ. છતાં, તે કાર્ય કરતી વખતે જયણા પાળે, તો જયણાના પરિણામ, શુભ કર્મ પણ બંધાવે, પાપ કર્મના બંધમાં ઘટાડો થાય.**
- **ધર્મકાર્યો, રાગ-દ્વેષ ઘટાડવા માટે થતા હોવાથી, તેમાં અનુબંધ-હિંસા નથી. તેમાં જો જયણાનું પૂર્ણ પાલન ન હોય, તો જેટલી અજયણા હોય, તેટલી હેતુ-હિંસા કહેવાય. તેટલા પ્રમાણમાં ધર્મનું ફળ ઘટે. ક્યારેક અજયણાથી પાપ પણ બંધાય.**
- કર્મબંધના ગણિત સૂક્ષ્મ છે, અતીન્દ્રિય જ્ઞાની જ તેને સ્પષ્ટ જાણી શકે. આપણે સ્થૂલથી વાત કરી છે.
- એક વાત ધ્યાનમાં રાખજો – **અનુબંધ-હિંસા અને પાપાનુબંધ, બે જુદી વસ્તુ છે. રાગ-દ્વેષ પોષવા માટે કાર્ય કરાય, તો અનુબંધ-હિંસા હોય. પણ તે રાગ-દ્વેષ હકીકતમાં પોષવા જેવા નથી, તેવા સંસ્કાર હોય, તો પાપાનુબંધ નથી.**
સમકિતીને અનુબંધ-હિંસા હોઈ શકે, પાપાનુબંધ નહીં.
આ વાતો સૂક્ષ્મતાથી સમજવાની છે.
પણ શબ્દ સરખા હોવાથી તમને ભ્રમ ન થઈ જાય, તે માટે સ્પષ્ટતા કરી કે બે પદાર્થ જુદા છે.

- મૂર્તિપૂજામાં હિંસા હોવા માત્રથી તે અધર્મ ન બને, કારણકે તેનાથી રાગ-દ્વેષ વધતા નથી, ઘટે છે; એ આપણે જોયું.
  તેમાં જિનશાસનનો એ સિદ્ધાંત જોયો કે જેનાથી રાગ-દ્વેષ ઘટે, તે જ ધર્મ છે.
  આ શાસ્ત્રવચનમાંથી એક એવો મત ઊભો થયો છે કે જો એમ જ હોય, તો રાગ-દ્વેષ જ ઘટાડવાના. આરાધના કરવાની શી જરૂર ?
  આ નવું મિથ્યાત્વ ઊભું થયું.
  આ પ્રશ્નનો જવાબ પણ આપણે વિસ્તારથી વિચારીશું.
  આ મતનો પ્રચાર પણ ખૂબ થયો છે. સારા સારા આરાધકો, એમાં ખેંચાઈ ગયા છે. ક્યારેક તો સાધુઓ પણ એમાં ખેંચાઈ જાય છે. એટલે તેમાં પણ વાસ્તવિકતા શું છે? તે સમજવી અત્યંત જરૂરી છે.
- કોઈ પણ આરાધનાનું નિરૂપણ શાસ્ત્રમાં બે નયથી હોય છે →
  વ્યવહાર નય અને નિશ્ચય નય.
  **વ્યવહાર નય, બાહ્ય આચારને જુએ.**
  **નિશ્ચય નય, અંદરના પરિણામને જુએ.**
  જેમ કે, વ્યવહાર નય એમ કહેશે કે જે સાધુનો વેશ પહેરે, જેનામાં સાધુના આચારોનું પાલન દેખાય, તે સાધુ.
  નિશ્ચય નય એમ કહેશે કે જેનામાં મહાવ્રતોના પાલનની પરિણતિ છે, છટ્ઠા-સાતમા ગુણસ્થાનકના અધ્યવસાય છે, તે સાધુ.
  **વ્યવહાર નય, અંદરના પરિણામ નથી જોતો. અર્થાત્, જેનામાં પરિણતિ નથી, માત્ર બાહ્ય આચાર છે, તેને પણ સાધુ માને.**
  **નિશ્ચય નય, બાહ્ય આચાર નથી જોતો. અર્થાત્, જેનામાં પરિણતિ હોય, તેનામાં આચાર-વેશ ન હોય, તેને પણ સાધુ માને.**
- વ્યવહાર નયથી પૈસા આપવા, તે દાન છે.
  નિશ્ચય નયથી મૂર્ચ્છાને તોડવાનો પરિણામ હોય, તે જ ત્યાગ છે.
- પ્રભુના દર્શન, પૂજા કરવા, તે વ્યવહાર નયથી પ્રભુભક્તિ છે.
  અંતરમાં પ્રભુના ગુણો પ્રત્યે બહુમાન હોય, તે નિશ્ચય નયથી પ્રભુભક્તિ છે.
- નિશ્ચય અને વ્યવહાર વચ્ચે, સંબંધ છે પણ, અને નથી પણ.
  સંબંધ નથી - તે વાત પહેલા વિચારીએ.
- **બાહ્ય આચાર-વેશ હોવા છતાં, અંદર સાધુતાની પરિણતિ ન હોય, તેવું બની શકે**

છે. જેમ કે અભવ્ય એવા અંગારમર્દક આચાર્ય હતા, સાધુવેશ હતો, આચારપાલન હતું; પણ સમ્યક્ત્વ ન હોવાથી સાધુતાની પરિણતિ નહોતી.

બાહ્ય ત્યાગ કરવા છતાં અંદર આસક્તિ તોડવાનો પરિણામ ન હોય, તેવું બની શકે છે. તમે પર્વતિથિએ લીલોતરી છોડો છો, પણ અંતરમાં આસક્તિ તોડવાનો પરિણામ નથી હોતો. એટલે જ 'આજે ક્યાં તિથિ આવી ?' એવો અણગમો થાય છે.

ગતાનુગતિકતાથી પૂજા કરતો હોય અને અંતરમાં બહુમાનભાવ ન હોય, તેવું બની શકે છે.

તપ કરવા છતાં, ખાવાની લાલસા પર સ્હેજ પણ નિયંત્રણ ન હોય; તેવું બની શકે.

ભૂખ લાગે તેથી ખાવાનું મન થાય તે શરીરની માંગ હોઈ શકે.

દ્રવ્ય જોઇને ખાવાનું મન થાય તે મનની માંગ છે... ખાવાની લાલસા છે..

સ્વાદિષ્ટ હોય તો વધારે ખવાય તે રસનેન્દ્રિયની લાલસા છે.

- **અંદર પરિણતિ હોવા છતાં બહાર આચાર ન હોય, તેવું ક્યારેક જ બને, પણ બની શકે, કારણકે તેવા સંયોગ–સામગ્રી–શક્તિ ન હોય...**

આપણા શાસ્ત્રોમાં સાધુનો એક પ્રકાર છે – પ્રત્યેકબુદ્ધ. તેમને જાતિસ્મરણજ્ઞાન વગેરેથી સાધુપણાના પરિણામ જાગ્રત થાય છે. પણ સાધુવેશ પહેરે જ, તેવો નિયમ નથી. (તેનાં કારણો પણ છે.)

ત્યાગ કરવાની ભાવના હોવા છતાં લિક્વિડિટી ન હોવાથી દાન ન કરી શકે, તેવું બની શકે છે.

પ્રભુ પ્રત્યે બહુમાનભાવ પ્રચંડ હોવા છતાં, શારીરિક અવસ્થાના કારણે પૂજા કરી ન શકે, તેવું બની શકે છે.

તપ કરવાની પ્રચંડ ઈચ્છા હોવા છતાં, શરીર અનુકૂળ ન હોવાથી તપ ન કરી શકે, તેવું બની શકે છે.

દીક્ષા લેવાની પ્રબળ ઈચ્છા હોવા છતાં, દીક્ષા ન લઈ શકે, તેવું પણ બની શકે છે.

મારા હૃદયમાં મારા ગુરૂદેવ પ્રત્યે ભક્તિ હોય તો પણ અત્યારે હું મારા ગુરૂદેવથી ૫૦૦ કિલોમીટર દૂર હોવાથી વ્યવહારથી કોઈ ભક્તિ કરવાનો અવસર ન પણ આવે...

- આ રીતે નિશ્ચય –વ્યવહાર વચ્ચે સંબંધ ન હોય, તેવું પણ બની શકે.

તે જ રીતે, બંને વચ્ચે સંબંધ છે પણ ખરો જ.

- **અંદરમાં પરિણામ હોય, તેના જીવનમાં યથાશક્તિ બાહ્ય પ્રવૃત્તિ પ્રાયઃ આવે જ.**

મારા અંતરમાં ગુરુદેવ પ્રત્યે ભક્તિભાવ હોય, તો તેમની પડિલેહણાદિ ભક્તિ

કરવાનો પુરુષાર્થ હું કરું જ.

તપ કરવાનો પરિણામ હોય, તો યથાશક્તિ તપ કર્યા વિના ન રહું.

- **બાહ્ય પ્રવૃત્તિ કરે, તેનામાં આંતરિક પરિણામ ન હોય, તો આવે; હોય, તો વધે, વિશુદ્ધ થાય, દૃઢ થાય.**

  જેમ જેમ ગુરુદેવની સેવા કરું, તેમ તેમ મારો ભક્તિભાવ વધે.

  તપના પરિણામ વિના પણ બાહ્ય તપ કરે, તો અભ્યાસથી ધીરે ધીરે તપનો પરિણામ પેદા થાય.

  સાધુના આચારોનું પાલન કરતાં કરતાં સાધુતાના પરિણામ જાગે.

  રાગ થતો હોય તેવા દ્રવ્યોના નિરંતર ત્યાગથી ધીરે ધીરે રાગ ઘટે.

- આ રીતે બંને વચ્ચે સંબંધ છે.

  **વ્યવહારના પાલનથી, નૈશ્ચયિક ગુણની પ્રાપ્તિ થાય છે.**

  **નૈશ્ચયિક ગુણ હોય, તો વ્યવહારનું પાલન સાહજિક રીતે થાય છે.**

  નિશ્ચયથી આરાધના ન હોય તો પામવા માટે, હોય તો સ્થિર કરવા, દૃઢ કરવા, વધારવા, નિર્મળ કરવા માટે વ્યવહારથી આરાધના કરવાની હોય છે.

  જેમ કે અંદર સ્વાદની આસક્તિ હોય તો વારંવાર આયંબિલ કરવાથી આસક્તિ ઘટે છે, તૂટે છે..

- **સ્વરૂપ–હિંસા, એ વ્યવહાર નયથી હિંસા છે.**

  **અનુબંધ–હિંસા, એ નિશ્ચય નયથી હિંસા છે.**

- **મૂળ પ્રશ્ન એ હતો કે રાગ–દ્વેષ જ ઘટાડવાના છે, તો ક્રિયાની જરૂર શું ?**

  **આના જવાબમાં હું એવો પ્રશ્ન કરીશ કે મીઠાઈમાં ગળપણ જ જોઈએ, તો સાકરની જરૂર શું ?**

  *સભા : બંને એક જ છે ને ?*

  ના. ગળપણ તો ગોળથી પણ આવી શકે, શેરડીના રસથી પણ આવી શકે.

  **મીઠાઈમાં જરૂરી ગળપણ જ હોય છે. છતાં જેનાથી ગળપણ આવે, તેવી કોઈક વસ્તુ તો નાખવી જ પડે, તેના વિના ગળપણ ન આવે.**

  **તે રીતે, રાગ–દ્વેષ જ ઘટાડવાના હોવા છતાં, જેનાથી રાગ–દ્વેષ ઘટે, તેવી આરાધના કરવી જ પડે.**

  **કોઈપણ આરાધના કર્યા વિના રાગ–દ્વેષ ઘટી શકે નહીં.**

- **બાહ્ય નિમિત્તોની અસર, આંતરિક પરિણામ પર પડ્યા વિના રહેતી નથી.**

  **જીભ પર મીઠાઈ ન મૂકો, ત્યાં સુધી રાગ ન થાય, તે સંભવિત છે.**

  **જીભ પર મીઠાઈ મૂક્યા પછી પણ છદ્મસ્થને રાગ ન થાય, તે પ્રાયઃ અસંભવ છે.**

- નિશ્ચય નયથી તો મીઠાઈમાં ગળપણ જ જોઈએ.

પણ વ્યવહાર નયથી તેના માટે સાકર નાખવી જરૂરી બને જ.

તે રીતે, નિશ્ચય નયથી રાગ-દ્વેષ જ ઘટાડવાના હોવા છતાં, વ્યવહાર નયથી તેના માટે આરાધના જરૂરી બને જ.

- કહો, તીર્થંકર પરમાત્માની પરિણામની વિશુદ્ધિ કેવી હોય ?

  *સભા : સર્વોત્કૃષ્ટ કક્ષાની.*

  **જેમની વિશુદ્ધિ સર્વોત્કૃષ્ટ છે, તેવા પરમાત્મા પણ બાહ્ય આરાધના કરે છે. દીક્ષા લે છે, ગોચરી વહોરવા જાય છે, વિહાર કરે છે, કાયોત્સર્ગ કરે છે.**

  **તો આપણે એ બધી આરાધના વિના કઈ રીતે પરિણામની વિશુદ્ધિને પ્રાપ્ત કરી શકવાના છીએ ?**

- જે લોકોને કષ્ટદાયક આરાધના કરવી ગમતી નથી, શરીરની સુખશીલતાને સહેજ પણ ઘસારો પડવા દેવો નથી, તેવા લોકોએ આ મિથ્યાત્વ ઊભું કર્યું છે – આરાધના કરવાની જરૂર નથી, માત્ર રાગ-દ્વેષ ઘટાડો !

  જો ખરેખર તે વાત સત્ય હોય, તો પરમાત્માએ છેલ્લા ભવમાં ઘોર સાધના જ ન કરી હોત ! છેલ્લેથી ત્રીજા ભવમાં ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ જ ન કર્યા હોત !

- જુઓ, એક હકીકત એ છે કે ધર્મ કરવો ગમે કે નહીં, 'ધર્મી' કહેવડાવવું તો બધાને ગમે છે. પોતે 'પાપી' કે 'ધર્મહીન' જાહેર થાય, તે પ્રાયઃ કોઈને ગમતું નથી.

  એટલે, **જેમને કષ્ટદાયક ધર્મ કરવો ગમતો નથી, તેવા લોકોએ પોતાને 'ધર્મી' કહેવડાવવા આ તૂત ઊભું કર્યું છે → કોઈ સાધના નહીં કરવાની... A.C. હોલમાં, પગ પર પગ ચડાવીને બેસીને કહેવાતા 'આત્મા'ના ભાષણો સાંભળવાના... અને પોતાની જાતને 'ધર્મી'નું લેબલ લગાડી દેવાનું !**

  હું 'પ્રવચન' શબ્દ સમજીને નથી કહેતો. જ્યાં જિનવાણી હોય, તેને જ પ્રવચન કહેવાય. ઉત્સૂત્ર હોય, તેને ભાષણ કહેવાય, પ્રવચન નહીં.

- *સભા : તે લોકો નિશ્ચયની વાતો કરે, તે પણ પ્રભુના જ વચન છે ને ?*

  પ્રભુએ જે અપેક્ષાથી કહ્યા હોય, તેની ઉપેક્ષા કરીને, જુદી રીતે તે વચનો બોલવા, તે પ્રભુના વચન ન કહેવાય.

  પ્રભુએ તો સ્પષ્ટ કહ્યું છે – **જ્ઞાન-ક્રિયા ઉભયથી જ મોક્ષ થાય. બંને, મોક્ષમાર્ગ પર મુસાફરી કરવાના રથના પૈડાં છે. એક પૈડું ન હોય તો પણ મોક્ષ ન થાય.**

  **જ્ઞાન વિનાની ક્રિયાને આંધળી કહી છે, તો ક્રિયા વિનાના જ્ઞાનને પાંગળું કહીને તેને પણ મોક્ષ આપવા અસમર્થ બતાવ્યું છે.**

  **વ્યવહાર નયનો ઉચ્છેદ કરનારા, શાસનનો ઉચ્છેદ કરે છે; તેવું શાસ્ત્રોમાં સ્પષ્ટ કહ્યું છે.** એટલે એકાંતિક નિશ્ચય નયની વાતો, તે ઉત્સૂત્ર જ છે.

- આવા લોકો કહેતા હોય છે – અમે તો સમતામાં જ છીએ. અમારે સામાયિક કરવાની

જરૂર નથી.

વાહ ભાઈ વાહ ! તીર્થંકરને સામાયિકની જરૂર પડે... જાહેરમાં 'કરેમિ સામાઈઅં...' સૂત્ર દ્વારા તેઓ યાવજ્જીવનું સામાયિક પ્રતિજ્ઞાપૂર્વક લે... તમે તો તેમના કરતાં પણ આગળ વધી ગયેલા છો, કે તમારે સામાયિકની જરૂર નથી !

- સમતાનો દાવો કરનારાને કહીએ – સાકર વિનાની ચા, એટલા જ ટેસથી પી બતાવો, જેટલા ટેસથી સાકરવાળી ચા પીવો છો.

  *સભા : સામાયિક કરનાર પણ સાકર વિનાની ચા પી નથી શકતો.*

  ભલે, પણ **તેને ખબર છે કે મારામાં તેવી સમતા નથી. અને એ સમતાને પ્રાપ્ત કરવા માટે જ તે સામાયિક કરે છે, પુરુષાર્થ કરે છે, જે સાચી દિશાનો છે. તે ક્યારેક સમતા પામશે. જેનામાં સમતા છે નહીં, અને સામાયિક છોડી દીધી છે, તે તો ક્યારેય સમતા નથી પામવાનો.**

- આવા લોકોની વાતો કેવી હાસ્યાસ્પદ હોય છે ?

  મને એક યુવાન મળેલો. મને કહે – 'મારા ગુરુને કેવળજ્ઞાન થઈ ગયું છે !' તેણે જેનું નામ આપ્યું, તે પાછા શર્ટ–પેન્ટ પહેરનારા, ગાડીમાં ફરનારા ગૃહસ્થ હતા !

  હવે સમસ્ત જૈન સંઘ જાણે છે કે **આ અવસર્પિણીમાં છેલ્લા કેવલિ જંબૂસ્વામી થયા. ત્યાર પછી કોઈને કેવળજ્ઞાન થવાની સંભાવના જ નથી !**

- *સભા : એ લોકો સમતાના દરિયા હોય છે. આપણાં આરાધકો નાની–નાની વાતમાં ઊકળી જતા હોય છે.*

  એ બંને તમારા ભ્રમ છે.

  **સંયમજીવનની સાધના દ્વારા, પોતાના આત્માને ઘણાં અંશે ઉપશાંત કરી ચૂક્યા હોય, તેવા સેંકડો નહીં, હજારો સાધુ–સાધ્વી ભગવંતો છે.**

  શ્રાવક–શ્રાવિકાઓ પણ ઉચ્ચ કક્ષાની ઉપશમ અવસ્થાને ધારણ કરનારા હોય છે. હા, બધા આરાધકો તેવા નથી હોતા.

  તેના ઘણાં કારણો છે. આરાધનાથી બધા જ કષાયો તરત ઘટી જતા નથી. થોડો ઘટાડો થયો હોય, તે દેખાતો નથી.

  કેટલાક જીવો અપાત્ર હોવાથી તેમના કષાય વર્ષોની આરાધના પછી પણ ઘટતા નથી. તે તેમની અપાત્રતાનો વાંક છે, આરાધનાનો નહીં.

  અને કહેવાતા નિશ્ચયવાદીઓ બધા સમતાના દરિયા હોય છે, તેવું પણ નથી. તેમની વાતનો થોડો જ વિરોધ કરવામાં આવે, તો ઊકળી જતા હોય તેવા અનુભવ મને થયેલા છે.

- નીતિશાસ્ત્રમાં કહ્યું છે – બહારના શત્રુ કરતા અંદરનો શત્રુ વધારે જોખમી હોય છે, કારણકે તે શત્રુ છે, તેવું ઓળખાતું નથી.

એ રીતે, આ એકાંતવાદીઓ વધારે જોખમી છે, કારણકે અંદરના શત્રુ છે. નામથી જૈન છે, આપણા લોકોને જ ભરમાવીને પોતાના પક્ષે ખેંચી જાય છે.

- **શાસ્ત્રકારોએ તો આ એકાંતવાદીઓને ઝાટકવામાં કશું બાકી નથી રાખ્યું. તેમનામાં સમતા દેખાતી હોય, તો પણ તે આભાસિક છે, દોષને વધારનારી છે, તેવું કહ્યું છે.**
- આ કલિકાળ છે. હુંડા અવસર્પિણી છે. પાંચમો આરો છે. આવા મિથ્યા પંથોનું જોર વધારે જ રહેવાનું છે. તેમનું પુણ્ય પ્રચંડ હોય છે. તેમની સભામાં હજારો લોકો થતા હોવાનું સાંભળવા મળે છે. સારા સારા શ્રીમંતો તેમના ભક્તો બને છે. (કારણકે શ્રીમંતોને મોટે ભાગે કષ્ટદાયક ધર્મ કરવો ગમતો નથી, સુખશીલતા સાચવીને જ ધર્મી કહેવડાવવું ગમે છે.)
- *સભા : ફી ભરીને પણ તેમની પાઠશાળામાં આપણાં સંતાનોને ભણવા મા-બાપ મોકલે છે.*

એ પણ સાંભળ્યું છે. તેનાં ઘણાં કારણો છે.

આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેઓ આકર્ષક રીતે ભણાવે છે. આપણી પાઠશાળાઓમાં તેવા આકર્ષણો નથી.

બીજી વાત એ છે કે તમારી બધાની Mentality એવી છે કે જેટલું મોંઘું, તેટલું સારું. બજારમાં ઘઉં ખરીદવા ગયા હો... એક ઘઉં ત્રીસ રૂપિયે કિલો હોય... બીજા પાંત્રીસ રૂપિયે કિલો હોય... તો તમે માની લો છો કે પાંત્રીસ રૂપિયે કિલોવાળા ઘઉં સારા હશે... ભલે તમને કશી ખબર ના પડતી હોય.

તે રીતે, આપણી પાઠશાળાઓ મફત ચાલે છે. તેઓની પાઠશાળામાં ફી હોય છે. એટલે મા-બાપ માની લેતા હોય છે કે ત્યાં સારું ભણાવતા હશે !

હું તો માનું છું કે પાઠશાળામાં ભણાવવાની ફી લેવી જોઈએ, જેથી લોકોને તેની કિંમત લાગે. હા, પરિસ્થિતિ નબળી હોય, તેની ફી માફ કરી જ શકાય છે.

- તેઓ પોતે સમતાધારી હોવાનો પ્રચાર કરે છે.

તેમને કહેવાનું, જે રીતે સાકરની ચાસણીમાં બોળેલા ૧૦-૧૫ રસગુલ્લા ખાઈ શકો, તે જ રીતે સુદર્શનના ઉકાળામાં બોળેલા રસગુલ્લા ખાઈ બતાવો !

એક સ્થાને હાથ-પગ સ્હેજ પણ હલાવ્યા વિના બે-ચાર કલાક બેસી બતાવો. કેટલી સમતા છે ? તેની પરીક્ષા થઈ જશે.

- તેઓનો પ્રચાર હોય છે, તેમની વાતો 'ઊંચી' હોય છે, 'તત્ત્વ'ની હોય છે, 'આધ્યાત્મિક' હોય છે.

આચારની વાતો કરનારાની, કથા કરનારાની દેશના 'નીચી' માને છે.

તમને ન ખબર હોય તો જાણી લો – **ગણધર ભગવંતોએ રચેલા પ્રથમ અંગ-આચારાંગ સૂત્રમાં આચારની જ વાતો છે. છટ્ઠા અંગ-જ્ઞાતાધર્મકથામાં સાડા ત્રણ**

**કરોડ કથાઓ હતી.**

**ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રમાં, ચોવીસે પરમાત્માની દેશનાઓ છે. તે બધામાં બાર વ્રત વગેરે આચારોનું જ વર્ણન જોવા મળે છે.** અમારા સ્વ. ગચ્છાધિપતિશ્રી કહેતા હતા – પરમાત્માની દેશનામાં પણ કથા હોય છે. તેવા વર્ણનો મળે જ છે.

**તો શું પરમાત્માની, ગણધરોની દેશના નીચલી કક્ષાની છે ? અને આ બની બેઠેલા ઉપદેશકોની વાતો ઊંચી કક્ષાની છે ?**

તેમના આ ભ્રમને મહામોહ સિવાય શું માની શકાય ?

**હકીકતમાં તો એકાંતિક વાતો, એ ઉત્સૂત્ર છે, તત્ત્વ નહીં.**

**મિથ્યાત્વ છે, અધ્યાત્મ નહીં.**

- કથા, એ શ્રોતાને પદાર્થ ગળે ઉતારવા માટેનું સશક્ત માધ્યમ છે.
- સુપાત્રદાનનો મહિમા બીજી ઘણી રીતે સમજાવવા છતાં, એટલો નહીં સમજાય; જેટલો શાલિભદ્રના જીવને એકવારના ખીરના સુપાત્રદાનથી ૯૯ પેટી ઉતરતી હતી – તે કથાના માધ્યમથી સમજાશે..
- પુષ્પપૂજાનો મહિમા, કુમારપાળ મહારાજાને પુષ્પપૂજાથી ૧૮ દેશનું રાજ્ય મળ્યું – તે કથાથી જેટલો સમજાશે – તેટલો બીજા ઉપદેશથી નહીં સમજાય...
- કુશળ વ્યાખ્યાતા એને કહેવાય, જે શ્રોતાની કક્ષા–રૂચિ અનુસારે વ્યાખ્યાન કરે... પોતાની ભૂમિકા અનુસારે નહીં...

  બાળકો સામે ઉપદેશ કરવાનો હોય તો કથા જ કરવી પડે...
- દરેક પ્રવચનકારમાં દરેક પ્રકારની કુશળતા હોય જ, તેવું જરૂરી નથી..

  તત્ત્વની વાતો સારી રીતે જાણનારા કદાચ કથા સારી રીતે ન કરી શકે, તેવું બને. પણ તેથી, કથા કરનારા 'નીચલી' કક્ષાના છે – તેવો તેમના પ્રત્યેનો અનાદર કે 'હું તો માત્ર તત્ત્વની વાતો કરું, કથા નથી કરતો' – એવું મિથ્યાભિમાન ન રખાય.
- **દેશના સદા વ્યવહારને પ્રધાન રાખીને કરવાની હોય છે.**

  **તેનું કારણ એ છે કે આચરણ એ જ વ્યવહાર છે.**

  **નિશ્ચય તો માત્ર લક્ષ્યમાં રાખવાનો છે કે – 'આ આચાર દ્વારા મારે રાગ–દ્વેષ ઘટાડવાના છે, ગુણ પ્રાપ્ત કરવાના છે.' એટલે તેનું લક્ષ્ય જ બતાવવાનું હોય. બાકી તો વ્યવહારની જ વાતો કરવાની હોય છે.**
- *સભા : આપણે ત્યાં નિશ્ચયના લક્ષ્યની વાત પણ નથી કરાતી.*

  એ પણ તમારો ભ્રમ છે. રોજ પ્રતિક્રમણમાં બોલો છો – દશમે રાગ, અગિયારમે દ્વેષ... મુહપત્તિના પડિલેહણમાં બોલો છો – કામરાગ, સ્નેહરાગ, દષ્ટિરાગ પરિહરું... આ નિશ્ચય નથી, તો શું છે ?

  *સભા : બોલીએ છીએ, વિચારતા નથી.*

એ તમારો વાંક છે.

- એક વાત એ સમજી રાખો કે **પ્રાથમિક કક્ષામાં સમજ વિકસિત ન હોય, ત્યારે આચાર જ પકડાવવાનો હોય છે.**

બાળકને કશી સમજ ન હોય, તો પણ પૂજાના સંસ્કાર પાડવાના હોય છે. પૂજા શા માટે કરવાની ? તે તો મોટો થયા પછી સમજાવી શકાય છે.

- ઉંમરથી મોટા હોવા છતાં, આધ્યાત્મિક કક્ષા પ્રારંભિક હોય, તે પણ ધર્મ માટે બાળક જ કહેવાય. તેમને પહેલા તો આચારના સંસ્કાર પાડવા પડે.

આયંબિલની શરૂઆત કરતો હોય, તેને ઢોકળાં ખવડાવીને પણ આયંબિલ કરાવાય. રસનેન્દ્રિયની આસક્તિ તોડવાની વાત ત્યારે ન કરાય.

વર્ષો સુધી આયંબિલ કર્યા પછી પણ ઢોકળાં જ ખાતો હોય, તો કહેવાય કે આયંબિલ રસનેન્દ્રિયની આસક્તિ જીતવા કરવાનું છે, ઢોકળાં ખાવા માટે નહીં.

*સભા : વર્ષોથી ઓળી કરનારા પણ ઢોકળાં-ઢોસામાં અટવાયેલા જોવા મળે છે.*

બધા તેવા છે, તેવું માનતા હો, તો તમારો ભ્રમ છે.

રોટલી અને કરિયાતાથી ઓળી કરનારા પણ છે.

રોટલી અને દાળથી ઓળી કરનારા પણ છે.

ગમે તે રીતે આયંબિલ કરનારો, વિગઈ-મસાલા છોડે છે, તે પણ પરાક્રમ તો છે જ.

વર્ષોથી આયંબિલ કરનારો, ઢોકળાં ખાતો હશે તો પણ, કોઈક દિવસ ઓછુંવત્તું આવે, તો પ્રાયઃ ચલાવી લેતો હશે. તે તેનો રસનેન્દ્રિયની આસક્તિ પરનો વિજય છે જ. સંપૂર્ણ વિજય તો આ ભવમાં મળવાનો નથી.

અનંત કાળના સંસ્કારને જીતવા, અનેક ભવોની સાધના જોઈએ.

રસગુલ્લા ખાનારો તો સ્હેજ પણ આઘુંપાછું ચલાવી શકતો નથી હોતો. તેને એ ખબર પણ નથી હોતી કે તે સ્વાદમાં અટવાયેલો છે. બલવણ વિનાની દાળ કે ખાંડ વિનાની ચા આવે, ત્યારે જ કદાચ તેને પોતાની ગુલામીની ખબર પડે.

એટલે આયંબિલ કરનાર, ઢોકળાં ખાતો હોય, તો પણ તેના કરતાં સારો જ છે.

# ક્રિયા–ધર્મ – ૨

- **જિનશાસન નિશ્ચય–વ્યવહાર ઉભયથી જ મોક્ષમાર્ગ માને છે.**
  **માત્ર નિશ્ચયનો એકાંત, જિનશાસનને માન્ય નથી.**
  એ વાત આપણે તર્કસહિત સમજવી છે.
- એકાંત નિશ્ચયવાદીઓની એક દલીલ આવી હોય છે →
  આચારનું પાલન પરિણામને વિશુદ્ધ કરવા કરવાનું હોય છે. આચાર પાળવા છતાં, અશુભ વિચારો આવ્યા જ કરતા હોય, તો આચાર પાળવાથી લાભ શી રીતે થાય ? ઊલ્ટું નુકસાન થાય.
  જેમ કે, ઉપવાસ કર્યા પછી પણ ખાવાના વિચારો આવતા જ હોય, તો ઉપવાસથી લાભ શું થાય ?
- આ પ્રશ્નનો જવાબ હું વિસ્તારથી સમજાવીશ.
  ઉપવાસ કર્યા પછી ખાવાના વિચાર આવે, તો પાપ બંધાય કે પુણ્ય ? કર્મનો બંધ થાય કે નિર્જરા ?
  *સભા : પાપ જ બંધાય. કર્મનો બંધ જ થાય.*
  ના. એવું નથી. એ વાત સમજવા માટે થોડું ઊંડાણમાં જવું પડશે.
  કર્મના બંધ કે નિર્જરાનો આધાર અધ્યવસાય–પરિણામ પર હોય છે.
  એ અધ્યવસાયના બે ભેદ પડે છે →
  વ્યક્ત અધ્યવસાય, જે ઉપયોગરૂપ છે.
  અવ્યક્ત અધ્યવસાય, જે સંસ્કારરૂપ છે.
- તમે અત્યારે વ્યાખ્યાન સાંભળી રહ્યા છો. તમારો ઉપયોગ શુભ છે. છતાં, તમને માત્ર પુણ્ય જ બંધાય, તેવું નથી – પાપ પણ તમને બંધાય છે જ, કારણકે સંસ્કારરૂપે અશુભ અધ્યવસાય પડ્યા છે.
  તમે કર્મગ્રંથ ભણો તો ખબર પડે કે ૧૦મા ગુણસ્થાનક સુધી, ક્ષપકશ્રેણિમાં પણ જ્ઞાનાવરણ વગેરે પાપ કર્મો બંધાય છે !
  ત્યારે ઉપયોગ તો વિશુદ્ધ જ હોય છે, પણ સંસ્કારમાં અશુભ અધ્યવસાયરૂપ કષાયો પડ્યા હોય છે.
- તમે વ્યાખ્યાન માટે સામાયિક લઈને બેઠા હો... તમારી થેલી કદાચ તમે ખીંટી પર ટીંગાડી હોય... તમારો ઉપયોગ વ્યાખ્યાન સાંભળવામાં હોય, તો પણ થેલી આઘીપાછી થઈ રહી છે – તેવો અછડતો ખ્યાલ આવે, તો પણ તમારો ઉપયોગ બદલાઈને થેલીમાં ચાલ્યો જાય... કારણકે થેલી પ્રત્યે મમત્વના અશુભ અધ્યવસાય સંસ્કાર રૂપે પડ્યા જ છે.

- શત્રુંજયની યાત્રા કરતી વખતે યાત્રાનો ઉલ્લાસ હોય... મનમાં શુભ ભાવ ચાલતા હોય... અચાનક ખિસ્સામાં પડેલા મોબાઈલની રિંગ વાગે, ઘરાકનો ફોન છે – તેવી ખબર પડે... એટલે તમારો ઉપયોગ બદલાઈ જાય છે. કારણકે લોભના અશુભ સંસ્કાર અંદર પડેલા જ છે.
  નિમિત્ત મળતાં જ એ સંસ્કાર જાગ્રત થાય છે, અને ઉપયોગમાં આવી જાય છે.
- **કર્મબંધનો આધાર, માત્ર ઉપયોગ રૂપ અધ્યવસાય નથી; પણ સંસ્કારરૂપ અધ્યવસાય પણ છે જ.**
  **એટલે જ, શુભ ભાવમાં આરાધના કરવા છતાં સાધુને પણ જ્ઞાનાવરણ વગેરે પાપકર્મો બંધાય છે. કારણકે શરીરનો રાગ, ઈન્દ્રિયોના વિષયોનો રાગ... સંસ્કારરૂપે તો સાધુમાં પણ હોય જ છે.**
- હવે ઉપવાસ કરનારનો વિચાર કરીએ.
  ઉપવાસ કર્યા પછી કેળાવડા જોવાથી ખાવાના વિચાર આવ્યા, આહાર–સંજ્ઞા જાગ્રત થઈ, કેળાવડા પરનો રાગ જાગ્રત થયો. એટલે ઉપયોગ તો અશુભ થયો.
  પણ સાથે **'મારે ઉપવાસનું પચ્ચક્ખાણ છે. કાલ સવાર સુધી ખાવાનું નથી જ' આવા અધ્યવસાય પણ સંસ્કાર રૂપે પડ્યા તો છે જ.** એટલે જ કોઈ કેળાવડા ખાવાની ઓફર કરે, તો પણ ખાવાનો તો નથી જ. માથું દુઃખે, પગ દુઃખે, ઊલ્ટી થાય... તો પણ ખાવાનો તો નથી જ.
  કદાચ 'ક્યારે સવાર પડે ? ક્યારે નવકારશીનું પચ્ચક્ખાણ આવે ? ક્યારે વાપરું ?' એવા વિચાર આવે તો પણ, 'હમણાં જ વાપરી લઉં' એવા વિચાર તો નથી જ આવતા.
  એટલે એ નિશ્ચિત છે કે **ઉપવાસના અધ્યવસાય, સંસ્કારરૂપે અખંડ છે જ. એટલું જ નહીં, અવ્યક્ત હોવા છતાં, તે ખાવાના વિચાર કરતાં એટલા બળવાન્ તો છે જ કે તરત ખાવાના વિચાર પણ નથી આવતા.**
  **એટલે, ત્યારે ખાવાના વિચારથી પાપ બંધાતું હોય, તો પણ ઉપવાસના અધ્યવસાયથી પુણ્ય પણ બંધાય જ છે, જે પાપ કરતાં પ્રાયઃ વધારે બંધાય છે.**
- હવે, તમે જ કહો, 'ઉપવાસ કરીને ખાવાના વિચાર આવે, તેના કરતા ઉપવાસ ન કરવો સારો' એવું કહી શકાય ?
  નહીં જ. કારણકે જેણે ઉપવાસ કર્યો જ નથી, તેને તો ઉપવાસના અધ્યવસાય સંસ્કાર રૂપે પણ ન હોવાથી પુણ્ય બંધાતું જ નથી. અને તેને અનુકૂળ દ્રવ્ય દેખાશે તો ખાવાના વિચાર પણ આવશે, ખાઈ પણ લેશે. એટલે પાપ વધારે બાંધવાનો છે.
  એકાંતવાદીઓના પ્રચારથી ભ્રમમાં પડીને તમે પણ ક્યારેક ખોટો નિર્ણય કરી લેતા હો છો. જ્ઞાની ભગવંતોને પૂછતાં નથી. ક્યારેક બોલતા પણ હો છો, બીજાને સલાહ

પણ આપતા હો છો કે – 'ઉપવાસ કરીને ખાવાના વિચાર આવે, તેના કરતા ઉપવાસ ન કરવો સારો.' પણ હકીકતમાં એ વાત જિનશાસનને માન્ય નથી.

હા, ઉપવાસ કર્યા પછી 'મેં ક્યાં ઉપવાસ કર્યો ? ન કર્યો હોત તો સારું હતું...' એવા વિચારો આવે, તો સંભવ છે કે ઉપવાસથી બંધાતા પુણ્ય કરતાં આવા વિચારોથી બંધાતું પાપ વધી જાય. કારણકે ત્યાં ઉપવાસ કરવાની ઇચ્છા મરી પરવારી છે, પરાણે કરે છે.

જ્યાં ઉપવાસ કરવાની ભાવના અખંડ છે, ત્યાં તો પ્રાયઃ પુણ્ય જ બળવાન્ રહે છે. ઉપવાસ કરવો – એ જુદી વસ્તુ છે, કરવો પડે – એ જુદી વસ્તુ છે.

- *સભા : પણ ઉપવાસ કર્યો હોય, તો જ ખાવાના વિચારો આવે છે. ઉપવાસ ન કર્યો હોય, તો ખાવાના વિચારો આવતા નથી.*

  મારા ગુરુદેવે આ પ્રશ્નનો સરસ જવાબ આપેલો.

  **રૂમમાં ઝાડુ કાઢો, તો ધૂળ દેખાય. પણ તેનો અર્થ એ નથી કે બહારથી ધૂળ આવી. જે ધૂળ રૂમમાં પડી જ હતી, તે દેખાઇ.**

  **તેમ જે ખાવાની સંજ્ઞા અંદર પડી છે, તે ઉપવાસ કરવાથી વ્યક્ત વિચાર રૂપે પ્રગટ થાય છે, દેખાય છે. ઉપવાસ ન કર્યો હોય, ત્યારે પણ એ સંજ્ઞા હોય તો છે જ. એટલે, તેનાથી કર્મબંધ થતો જ હોય છે.**

- આ બધા પ્રશ્નો થવાનું મૂળ એ છે કે માત્ર વ્યક્ત અધ્યવસાય–ઉપયોગ (વિચાર) થી જ કર્મબંધ થાય, તેવો ભ્રમ ઘૂસી ગયો છે.

  સંસ્કાર રૂપ અધ્યવસાય પણ કર્મબંધનું કારણ બને છે, એ વાત જો સમજી લેવામાં આવે, તો બધા પ્રશ્નોના ઉત્તર મળી જશે.

- આવી જ વાત સામાયિક માટે સમજવી.

  **સામાયિક લીધા પછી, ૪૮ મિનિટ સુધી મન શુભ ભાવમાં જ રહે, તેવું ન પણ બને.** ધંધાના, સંસારના વિચારો આવી પણ જાય. જેમ કે, એવો વિચાર આવી જાય કે 'ફલાણા ઘરાકને ફોન કરવાનો છે.' એ વિચાર અશુભ છે, તેનાથી પાપ બંધાય. પણ, આવો વિચાર આવ્યા પછી પણ, બાજુમાં થેલીમાં પડેલો મોબાઇલ કાઢીને ફોન તમે નથી જ કરતા. કારણ એ જ છે કે **સામાયિક પૂરી ન થાય, ત્યાં સુધી ફોન ન કરવો, ખાવું નહીં, પીવું નહીં, બહાર ન જવું, લાઇટ–પંખો ન કરવા, ટી.વી. ન જોવું... વગેરે સંસ્કારો તો પડ્યા છે જ. એ જ સામાયિકનો પરિણામ છે. અને તેનાથી પુણ્ય બંધાય છે જ.**

  અને **પ્રાયઃ એ પરિણામ બળવાન્ હોય છે. એટલે પાપ કરતાં પુણ્ય વધુ બંધાય.**

  *સભા : અતિચાર લાગે ને ?*

  એની ક્યાં ના છે ? જે એવા વિચાર આવવા જ ન દે, તેનું સામાયિક શુદ્ધ છે. તેની

અપેક્ષાએ આવા વિચારોવાળું સામાયિક અશુદ્ધ જ છે. પણ, એવા સામાયિક કરવા કરતાં ન કરવું સારું... કે આવું સામાયિક કરવાથી કોઈ પુણ્ય ન બંધાય, પાપ જ બંધાય... એ વાત ખોટી છે, એટલું જ મારું કહેવું છે.

- *સભા : સામાયિક ન હોય અને ફોન કરવાનો વિચાર આવે, તો ફોન કરી લઈએ એટલે વિચાર શાંત થઈ જાય. સામાયિક હોય, તો વિચાર ચાલુ જ રહે...*

  જેને સામાયિક નથી, તે ફોન કરી લે, પછી શેના વિચાર આવવાના છે ? ધર્મના ? નહીં જ. તે ફોનમાં જે વાત થઈ હશે, તેની પ્રવૃત્તિના વિચાર આવશે, કે બીજા પાપના વિચાર આવશે. એક નહીં તો બીજું પાપ ચાલુ જ રહેશે.

  સામાયિકમાં કદાચ તેવો વિચાર આવ્યો હશે તો પણ, ચોપડી કે નવકારવાળી લઈને બેઠો હશે, કે હાથમાં મુહપત્તિ–ચરવળો છે – તે યાદ આવશે, તો પાપના વિચારને હડસેલીને પાછો ધર્મમાં મનને ખેંચી લાવશે.

  એટલે સામાયિક કરવી લાભદાયક બનવાની જ છે.

- ફરી એક વાત કહી દઉં – ઉપવાસ કરીને ખાવાના વિચાર કરે, કે સામાયિક કરીને ધંધાના વિચાર કરે, તે અતિચાર તો છે જ. તેના કારણે પાપ બંધાઈ શકે છે. પણ ત્યારે સંસ્કાર રૂપે રહેલા ઉપવાસ કે સામાયિકના અધ્યવસાય વધુ બળવાન્ હોવાથી પુણ્ય વધુ બંધાય છે. એટલે જ તેવા ઉપવાસ કે સામાયિક કરવા ઉપાદેય છે. એટલે જ તેમાં આવતા અશુભ વિચારોને અતિચાર કહ્યો છે, અનાચાર નહીં.

- અતિચાર અને અનાચારમાં તફાવત શું છે ?

  **અનાચાર એટલે સંપૂર્ણ વ્રતભંગ. તેમાં વ્રતનો લાભ રહે જ નહીં.**

  **અતિચાર એટલે આંશિક વ્રતભંગ. તેમાં વ્રત ઊભું રહે છે, તેનો લાભ પણ ઊભો રહે છે,** જે અતિચારના નુકસાન કરતાં મોટો હોય છે. એટલે, **'અતિચારવાળી આરાધના કરવા કરતાં આરાધના ન કરવી સારી' – એવું કહી શકાતું નથી.**

- **જો અતિચારવાળી આરાધના કરવા કરતાં, આરાધના ન કરવી સારી હોય; તો કોઈ પણ આરાધના ક્યારેય કરી શકાશે જ નહીં. કારણકે શરૂઆતની અભ્યાસદશામાં બધી જ આરાધના, સાતિચાર જ હોય છે.** સીધી નિરતિચાર આરાધના તો કદી કોઈ કરી શકતું જ નથી. **સાતિચાર આરાધનાના સતત અભ્યાસથી જ નિરતિચાર આરાધના સુધી પહોંચાય છે.**

  દીક્ષા લીધા પછી સંયમજીવનમાં પણ અતિચારો લાગતા જ હોય છે. સર્વથા નિરતિચાર ચારિત્ર તો વીતરાગને જ સંભવી શકે છે.

  પ્રભુના ૧૪૦૦૦ સાધુઓમાં સદા ચઢતે પરિણામે તો ધન્ના અણગાર જ હતા. બાકીના સાધુઓના પરિણામમાં વધઘટ થતી જ હતી. શાસ્ત્રકાર કહે છે – **ચઢતે પરિણામે તો થોડાક જ જીવો હોય છે. મોટા ભાગના જીવોના પરિણામ પડતાં હોય**

**છે કે સ્થિર હોય છે.**

*સભા : આવું કેમ ?*

કારણકે ઇન્દ્રિયોના વિષયોની આસક્તિ, શરીરની સુખશીલતા, સંજ્ઞા, કષાય વગેરેના સંસ્કાર અનંત કાળના છે. તેના નિમિત્ત સંસારમાં સદા મળ્યા જ કરે છે. તેના કારણે તે સંસ્કાર જાગ્રત થઇને પરિણામ કલુષિત કરે છે.

- સાર એ જ છે કે જ્યાં સુધી આરાધના કરવાનો પરિણામ અખંડ રહે, ત્યાં સુધી આરાધના કરવી સારી છે, સંસ્કારવશાત્ અશુભ વિચાર આવી જતા હોય, તો પણ. હા, એ **અશુભ વિચાર એટલા પ્રબળ બને કે આરાધના કર્યાનો અફસોસ ઊભો કરાવી દે, તો આરાધના છોડવી સારી છે.**

  શાસ્ત્રમાં કહ્યું છે – દીક્ષા લીધા પછી 'મેં ક્યાં દીક્ષા લઇ લીધી ?' એવો અફસોસ જ થતો હોય, સંયમ પાળવાના પરિણામ જ ન રહ્યા હોય, સમજાવવા છતાં પરિણામ સુધરે તેવા ન રહ્યા હોય, તો તેણે શ્રાવક થવું સારું.

  सुसावगो वरतरं, न साहुवेसेण चुअधम्मो ।

  સાધુના વેશમાં રહીને પ્રતિજ્ઞા ભાંગવા કરતાં, શ્રાવક થવું સારું.

- જુઓ, શાસ્ત્રકારની વાત બંને બાજુની મળશે.

  આયંબિલ કરવાનું શરૂ કરતો હોય, તેને ઢોકળાં ખાઇને આયંબિલ કરાવવાની વાત પણ હોય... ઢોકળાં પર રાગ થતો હોય તો ય વિગઇનો રાગ છોડે છે ને ? એવી વાત પણ હોય...

  અને વર્ષોથી આયંબિલ કરનારને 'હજી ઢોકળાં પરનો રાગ છૂટતો નથી ?' એવું કહેવાની વાત પણ હોય...

  જે વ્યક્તિ જ્યાં છે, ત્યાંથી આગળ વધારવાની વાત હોય. પહેલે માળેથી બીજે માળ જવાની સીડી પર અટકી ગયો હોય, તેને બીજે માળે ખેંચવાની વાત પણ હોય. બીજે માળે ચીપકી ગયો હોય, આગળ વધતો જ ન હોય, તેને ધક્કો મારીને ત્રીજે માળે જવાની સીડી પર ચડાવવાની વાત પણ હોય.

  એ બધું જીવની કક્ષા–પાત્રતા પર અવલંબે છે.

- **'આયંબિલ કરવા છતાં રસનાનો રાગ ન ઘટે, તો આયંબિલનો અર્થ શું ?' આવું શાસ્ત્રવચન મળી શકે. પણ તેનું તાત્પર્ય, રાગ ઘટાડવા માટે પ્રેરવાનું જ હોય, આયંબિલ છોડવાનું કદાપિ નહીં.**

  કોઇ એ શાસ્ત્રવચન દ્વારા આયંબિલ છોડવાનું કહે તો તે હકીકતમાં શાસ્ત્રવિરૂદ્ધ વચન જ બની જાય.

- હાલના કાળે જ્યારે એકાંત નિશ્ચયવાદીઓનો પ્રચાર અત્યંત જોરમાં છે, ત્યારે તો

વ્યવહારનું જોરશોરથી સમર્થન કરવું ખાસ જરૂરી બન્યું છે.

લક્ષ્ય રૂપે નિશ્ચય અવશ્ય બતાવવો જોઈએ, પણ વ્યવહાર છોડવાનો નથી, એ વાત તો દૃઢતાપૂર્વક કરવી જ જોઈએ.

- *સભા : જેના સાધુપણાના પરિણામ પડી ગયા હોય, તેને દીક્ષા છોડીને શ્રાવક થવાની વાત આપે કરી. તો તેના કરતાં સંવિગ્ન-પાક્ષિક થવું સારું નહીં?*

  ના. શાસ્ત્રકારે ઉપદેશમાળામાં ક્રમ બતાવ્યો છે.

  ૧. સુવિહિત સાધુ ૨. શ્રાવક ૩. સંવિગ્ન-પાક્ષિક .

  અર્થાત્ સંવિગ્ન-પાક્ષિક કરતાં શ્રાવક થવું સારું છે.

  જે સાધુવેશ છોડી શકતો નથી, તે સંવિગ્ન-પાક્ષિક બને છે.

  *સભા : સંવિગ્ન-પાક્ષિક એટલે ?*

  જેનામાં સાધુપણાના પરિણામ નથી, છતાં સાધુવેશ છોડતો નથી, તે સંવિગ્ન-પાક્ષિક બને છે. તેનામાં સાધુના કેટલાક આચારો હોય પણ ખરા.

  પણ મહત્ત્વની વાત એ છે કે તે પ્રરૂપણામાં પરમાત્માના વચનને વફાદાર રહે છે. કદી શાસ્ત્ર-વિરુદ્ધ પ્રરૂપણા કરતા નથી. પોતાના શિષ્ય કોઈને બનાવે નહીં. પોતાને વંદન કરે, તો ના પાડે, કહે કે 'હું સાચો સાધુ નથી'.

  તેમના આ પ્રભુવચનની વફાદારીના ગુણના કારણે તેમને આરાધક કહ્યા છે. પણ શ્રાવક તો તેમના કરતાં સારો જ કહ્યો છે.

- **નિશ્ચય-વ્યવહાર બંને એકબીજાના પૂરક છે, એકબીજા વિના અધૂરા છે, એકબીજાની આંગળી પકડીને ચાલનારા છે.**

  આ વાતને દૃષ્ટાંત દ્વારા વિસ્તારથી સમજવા પ્રયાસ કરીએ.

- માની લો કે કોઈને રસગુલ્લા પર તીવ્ર રાગ છે. એ રાગ ઘટાડવો, તે નિશ્ચયથી આરાધના છે. તેના માટે શું કરવું પડે ? રસગુલ્લાનો ત્યાગ કરવો પડે. તે વ્યવહારથી આરાધના છે.

  રસગુલ્લા પરનો રાગ, ખાવાથી ઘટે કે વધે ?

  ખાવાથી તો તે રાગ તીવ્ર થવાનો, તેના સંસ્કાર વધુ પુષ્ટ થવાના. ભલે થોડીવાર માટે તેની ઈચ્છા શાંત થઈ તેવું લાગે, પણ તે પુષ્ટ થયેલા સંસ્કાર વધુ જોરથી જાગ્રત થશે, વધુ રાગ કરાવશે.

- આ વાત તમને આ રીતે સમજાશે →

  રસગુલ્લા પર રાગ ઊભો શી રીતે થયો ? જન્મથી તો રસગુલ્લાને જાણતો નહોતો. જ્યાં સુધી રસગુલ્લા શું છે ? એ ખબર ન હોય, તેને ચાખ્યા પણ ન હોય, ત્યાં સુધી તેના પર રાગ ન હોય. એવું પણ બને કે કોઈ રસગુલ્લા ખાવાની ઑફર કરે, તો પણ ના પાડી દે.

પણ એક વાર ખાધા, જીભને તેનો સ્વાદ વળગ્યો, પછી રાગ ઊભો થયો, બે-ચાર વાર ખાવાથી રાગ તીવ્ર બન્યો.

એટલે એ સ્પષ્ટ છે કે **ખાવાથી રાગ વધે છે, ભલે તત્કાળ ઇચ્છા શાંત થયેલી જણાય.**

- કોઈપણ સામગ્રીના ભોગવટાથી તેનો રાગ પુષ્ટ જ થાય. ત્યાગ કરવાથી જ રાગના સંસ્કાર ઘટે. એટલે, નિશ્ચયને પ્રાપ્ત કરવા, ત્યાગ રૂપી વ્યવહાર અનિવાર્ય છે.
- **ત્યાગ કરવાથી રાગ તરત ઘટી જતો નથી. ધીમે ધીમે ઘટે છે.** જીવનભર કેરીનો ત્યાગ કરી દે, તેને પહેલી સીઝન આવે, ત્યારે કેરી યાદ પણ આવે. ખાવાનું મન પણ થાય. કારણકે રાગના સંસ્કાર હજુ નબળા પડ્યા નથી.

  ૨૦ વર્ષ વીતી જાય, પછી શું થાય ? કેરી જોઈને પણ ખાવાનું મન ન થાય... યાદ પણ ન આવે...

  એટલે ૨૦ વર્ષના નિરંતર ત્યાગથી, રાગના સંસ્કાર નિર્બળ બની ગયા, એ અનુભવાય છે.
- કોઈ યુવાન દીક્ષા લે, તેણે વર્ષો સુધી મોબાઈલનો ઉપયોગ કર્યો હોય. દીક્ષાના બીજા-ત્રીજા દિવસે કોઈના હાથમાં ચાલુ મોબાઈલ જુએ, તો પોતાનો મોબાઈલ યાદ આવી જાય, તેની સ્ક્રીન યાદ આવે... બધું બની શકે. કારણકે રાગના સંસ્કાર નબળા પડ્યા નથી.

  દીક્ષા લીધાને ૧૦ વર્ષ વીતી જાય... સરસ સંયમ પાળે... તો પોતાના મોબાઈલને સર્વથા ભૂલી જાય.

  હું તમને જણાવું – મારું ગૃહસ્થપણામાં નામ શું હતું ? તે આજે મારે યાદ કરવું પડે છે. અલબત્ત ભૂલાયું નથી, પણ તેને યાદ કરવામાં એક ક્ષણ લાગે છે. ૨૩ વર્ષના અભ્યાસથી, નામના સંસ્કાર પણ ભૂલાઈ જાય છે.
- *સભા : બે વર્ષ માટે કેરીનો ત્યાગ કર્યો હોય, પછી વાપરીએ ત્યારે રાગ એવો ને એવો હોય છે.*

  એવું તો જ બને કે વ્યવહારથી ત્યાગ કર્યો હોવા છતાં, અંદર ત્યાગની ભાવના ઘૂંટી ન હોય... 'આ રાગ ઘટાડવો છે' એવું લક્ષ્ય ન હોય...

  **જ્યાં નિશ્ચયનું લક્ષ્ય જ નથી, ત્યાં માત્ર વ્યવહારથી નિશ્ચયની પ્રાપ્તિ થતી નથી. છતાં, તેવો વ્યવહાર પણ સર્વથા નિષ્ફળ નથી, એ વાત આગળ કરીશું.**

  **જો બે વર્ષના ત્યાગ દરમિયાન ભાવનાથી મનને ભાવિત કર્યું હોય, તો બે વર્ષ પછી વાપરે ત્યારે રાગમાં ઘટાડો થયો જ હોય...** ખાતી વખતે ખટકો પેદા થાય જ, 'આમાં રાગ થશે, પાપ બંધાશે...' એવો વિચાર આવે જ.
- *સભા : કેરીનો યાવજ્જીવ ત્યાગ કરીએ તો કેરીનો રાગ ઘટે, પણ પેંડાનો નથી ઘટતો.*

તેના માટે પેંડા પણ ત્યાગવા જ પડે.

*સભા : તો બધું જ ત્યાગવાનું ?*

હા, એટલે તો શાસ્ત્રકાર કહે છે – સંસારથી મુક્ત થવા દીક્ષા જ લેવી પડે.

એક વાત સમજી રાખો – **આરાધનાથી બધા જ રાગ એક સાથે નાશ પામવાના નથી, તરત ઘટી જવાના પણ નથી. ભાવના અને પુરુષાર્થ હોય, તો ધીરે ધીરે પ્રગતિ થાય.**

આજે કેરીનો રાગ ઘટ્યો, તો કાલે પેંડાનો રાગ ઘટાડશે અને ઘટશે.

જે ત્યાગ કરતો જ નથી, તેનો એક પણ રાગ ઘટવાનો નથી.

- **દરેક સાધના, બધા જ દોષોનો નાશ તરત કરતી નથી.**

દાન કરવાથી લોભ–તૃષ્ણા–પરિગ્રહના સંસ્કાર ઘટે, ક્રોધના સંસ્કાર તરત ન પણ ઘટે.

અલબત્ત, દાનથી લોભ–પરિગ્રહના સંસ્કાર ઘટાડવાની ભાવના પણ નહીં હોય, તો તે પણ નહીં ઘટે. છતાં તેનાથી પુણ્ય બંધાવા વગેરે રૂપ લાભ થશે, તેની વાત આગળ કરીશું.

*સભા : દાન ઘણું કરવા છતાં કમાવાની તૃષ્ણા ઘટતી નથી.*

**એમ કોઈ પણ આરાધનાનું ફળ તરત મળતું નથી.**

**મારા એકાદ વ્યાખ્યાનથી તમને શું અસર થાય છે ? લગભગ કાંઈ નહીં. નિરંતર ૨–૩ મહિના સાંભળો, તો જ તમારી વિચારધારા બદલાય, તેવું બને.**

એ રીતે નિરંતર દાન કરતો રહે, તેની ભાવના હોય, તો જતે દહાડે કમાવાની તૃષ્ણા ઘટતી અનુભવાશે.

- *સભા : વર્ષોથી દાન–તપ વિ. કરીએ છીએ, પણ રાગ–દ્વેષ ઘટાડવાની ભાવના જ નથી, લક્ષ્ય જ નથી.*

તો પછી રથનું એક જ પૈડું છે. પ્રગતિ શી રીતે થાય ?

છતાં એક વાત એ સમજી રાખો કે તે આરાધના સર્વથા વ્યર્થ નથી.

તે બધી આરાધનાના કારણે જ તમે સદ્ગુરુના, આરાધકોના, કલ્યાણમિત્રોના સંગમાં રહ્યા છો, રહેશો. તેમાંથી જ તમને સાચી સમજ મળશે, અને રાગ–દ્વેષ ઘટાડવાની ભાવના પેદા થશે.

જેમને આવી ભાવના પેદા થઈ હોય, તેમને પૂછશો, તો ખબર પડશે કે પહેલાં તેઓ પણ તમારા જેવા જ હતા. કદાચ લક્ષ્યહીન આરાધના કરતા હતા. પણ તેના કારણે સદ્ગુરુ વગેરેનો સંગ રહ્યો, તો ક્યારેક સાચી સમજ પેદા થઈ.

# ક્રિયા-ધર્મ – ૩

- એક પ્રશ્ન આવેલો, આરાધના કરતી વખતે ભાવ હોય, તો જ ફળ મળે ને?
  તેમાં 'ભાવ' શબ્દનો અર્થ શું ?
  *સભા : તીવ્ર શ્રદ્ધા, પ્રચંડ ઉલ્લાસ.*
  **તીવ્ર શ્રદ્ધા કે પ્રચંડ ઉલ્લાસ હોય, તો તો દરેક આરાધનાની તાકાત તત્કાળ ક્ષપકશ્રેણિ દ્વારા વીતરાગ બનાવવાની–કેવળજ્ઞાન આપવાની છે.**
  ગોચરી વાપરતાં કુરઘડુ મુનિવરને કેવળજ્ઞાન થયું છે.
  ગોચરી પરઠવતાં ઢંઢણકુમારને કેવળજ્ઞાન થયું છે.
  ગોચરી વહોરીને લાવતાં પુષ્પચૂલા સાધ્વીને કેવળજ્ઞાન થયું છે.
  પુષ્પપૂજા કરતાં નાગકેતુને કેવળજ્ઞાન થયું છે.
  દરેક આરાધનાની આ તાકાત છે.
  ઓઘ નિર્યુક્તિ ગ્રંથમાં **શ્રુતકેવલિ ભદ્રબાહુ સ્વામીએ કહ્યું છે – જિનશાસનના દરેક યોગથી અનંત આત્માઓ કેવળજ્ઞાન પામ્યા છે.**
  એટલે કોઈપણ આરાધનાનું ઉત્કૃષ્ટ ફળ તો કેવળજ્ઞાન છે.
  એક ઈરિયાવહી પણ વીતરાગ બનાવી શકે. (અઈમુત્તા)
  ગુરૂવંદન કરવાની ગણતરીએ ઉપાડેલો પગ પણ વીતરાગ બનાવી શકે. (બાહુબલિ)
  અપ્કાયના જીવોની રક્ષાનો પરિણામ પણ વીતરાગ બનાવી શકે. (અર્ણિકાપુત્ર આચાર્ય)
  તેઉકાયના જીવોની રક્ષાનો પરિણામ પણ વીતરાગ બનાવી શકે. (ગજસુકુમાળ)
  **શાસ્ત્રકારે જે ફળ બતાવ્યું હોય, જેમ કે 'નવકારશી કરવાથી ૧૦૦ વર્ષના નરકના દુઃખો ટળે' તે તો જઘન્ય ફળ છે.** તેના માટે તેવો પ્રચંડ ઉલ્લાસ જરૂરી નથી.
- એક સામાયિકનું ફળ કેટલું ?
  ૯૨ ક્રોડ, ૫૯ લાખ, ૨૫ હજાર, ૯૨૫ પલ્યોપમ જેટલું દેવલોકનું આયુષ્ય બંધાય – આવું તમે સાંભળ્યું હશે.
  હકીકતમાં આયુષ્ય તો એક ભવમાં એક જ વાર બંધાય છે.
  દરેક સામાયિકથી આયુષ્ય બંધાઈ શકે નહીં.
  એટલે એ શાસ્ત્રવચનનું તાત્પર્ય એ છે કે **એટલા કાળ સુધી દેવલોકના સુખો ભોગવવા માટે જે પુણ્ય જોઈએ, તેટલું પુણ્ય ૧ સામાયિકથી બંધાય.**
  એ, સામાયિકનું જઘન્ય ફળ છે.
  ઉત્કૃષ્ટ ભાવથી કરાયેલ સામાયિકનું ફળ તો કેવળજ્ઞાન જ છે.

• જઘન્ય ફળ મેળવવા કેવો ભાવ જોઈએ ? મુખ્યપણે બે વસ્તુ જોઈએ.

1. આરાધના પ્રત્યે અનાદર ન જોઈએ.
   'આવું શા માટે કરવાનું ?' એવો તિરસ્કારભાવ હોય... કર્યા પછી 'કરવું પડ્યું' તેનો અફસોસ–બળાપો હોય... દેવ–ગુરુની અવહેલના–આશાતના હોય... તો જઘન્ય ફળ પણ ન મળે, ક્યારેક નુકસાન પણ થાય.
   કેટલીક વાર કોઈ પરાણે–ફરજીયાત ધર્મ કરાવે, ત્યારે આવા ભાવ સંભવિત હોય છે.
   *સભા : તો તે રીતે નહીં કરવાનું ?*
   એવો નિયમ નહીં કરવાનો. તે–તે વ્યક્તિ અને તે–તે સંયોગના આધારે નિર્ણય થાય.
2. પ્રતિજ્ઞાનો ભંગ ન જોઈએ. સામાયિક લીધા પછી મોબાઈલથી રમ્યા કરે... ઉપવાસનું પચ્ચક્ખાણ લઈને માવો ખાય... તો જઘન્ય ફળ પણ ન મળે.

એટલે **સામાન્ય શ્રદ્ધા–બહુમાન સાથે, પ્રતિજ્ઞાનું સ્થૂલ પાલન હોય, તેને પણ જઘન્ય ફળ મળે છે.**

• પર્યુષણમાં તમે પાર્શ્વનાથ ભગવાનનું ચરિત્ર સાંભળો છો.
પાર્શ્વકુમારે સેવકો દ્વારા, લાકડાની અંદર બળી રહેલા નાગને નવકાર સંભળાવ્યો. તેના પ્રભાવે, નાગ મરીને નાગકુમારનો ઈન્દ્ર, ધરણેન્દ્ર બન્યો.
નાગને નવકાર મંત્ર એટલે શું ? તે ખબર હોવાનો સંભવ નથી. નવકારના પદોનો અર્થ ખબર નથી. અરિહંત પરમાત્મા કે સાધુની ઓળખ નથી. સંભળાવનાર કોણ છે ? તેની ખબર નથી. તેને શ્રદ્ધા કે ઉલ્લાસ, કેવા હોઈ શકે ?
'આ લોકો મને જે સંભળાવે છે, તે મારા સારા માટે છે.' એવો સામાન્ય આદર હોઈ શકે. તેટલાથી પણ ઈન્દ્રપણું મળે, તેવું પુણ્ય બંધાયું.
*સભા : પૂર્વભવની આરાધના હશે.*
કોઈ શાસ્ત્રકારે તેવો ઉલ્લેખ કર્યો નથી. વળી આયુષ્ય કદી પહેલેથી બંધાયેલું હોતું નથી. જ્યારે આયુષ્ય બંધાય, ત્યારના અધ્યવસાયના આધારે જ બંધાય છે, પહેલાના અધ્યવસાયના આધારે નહીં. એટલે, **તેને ઈન્દ્રપણું મળ્યું, તે શ્રવણના પ્રભાવે જ મળ્યું છે. તે વખતે રાખેલ સમાધિ–સદ્ધ્યાનના કારણે જ મળ્યું છે.** શાસ્ત્રકારે તેના માટે 'અવ્યક્ત સામાયિક' એવો શબ્દ વાપર્યો છે.

• *સભા : પણ એવું કહેવાય છે કે આખી જિંદગી આરાધના કરી ન હોય, તેને માત્ર અંતિમ સમયની આરાધનાથી સદ્ગતિ ન મળે.*
એવો નિયમ નહીં માનવાનો. જે કહેવાય છે, તેનું તાત્પર્ય એવું છે કે **આખી જિંદગી જેણે આરાધના કરી ન હોય, તેને અંતિમ સમયે કોઈ સંભળાવે, તો પણ પ્રાયઃ ગમે**

**નહીં. મન શુભ ધ્યાનમાં જાય નહીં. તેથી** સદ્ગતિ **ન થાય.**

પણ કોઇકને અંતિમ સમયે શુભ ભાવ જાગે, તો સદ્ગતિ થઇ શકે.

પ્રભુ વીર પર ઉપસર્ગ કરનારો ગોશાળો, અંતિમ સમયના શુભ ધ્યાનના પ્રભાવે છેક બારમા દેવલોકે ગયો છે. એવા બીજા પણ દૃષ્ટાંતો છે.

- આવી જ ઘટના, સમડીમાંથી રાજકુમારી બનનારની છે.

શિકારીના બાણથી ઘાયલ થયેલ સમડીને મુનિ ભગવંતે નવકાર સંભળાવ્યો. એ અવ્યક્ત સામાયિકના પ્રભાવે જ મનુષ્ય-ભવ, રાજકુળ મળ્યું. વેપારીના મોઢે 'નમો અરિહંતાણં' શબ્દો સાંભળતા જાતિ-સ્મરણ જ્ઞાન થયું. ભરુચનું પ્રસિદ્ધ સમડી-વિહાર જિનાલય બંધાવ્યું.

- આવું જ સંપ્રતિ મહારાજાના પૂર્વભવમાં જોવા મળે છે.

ભિખારી છે, ખાવા મળતું નથી. સાધુ પાસે ખાવાનું માંગ્યું. સાધુઓએ ગુરુદેવ પાસે આવવાનું કહ્યું. આચાર્ય ભગવંત આર્ય સુહસ્તિસૂરિજીએ કહ્યું – 'ખાવાનું જોઇતું હોય, તો દીક્ષા લેવી પડે.'

દીક્ષા શું ? ચારિત્ર શું ? મહાવ્રત શું ? કશી ખબર નથી. માત્ર ખાવા માટે દીક્ષા લેવા તૈયાર થયા. ગુરુએ આપી.

હું તમને પૂછું છું – એવી રીતે દીક્ષા અપાય ?

*સભા : જ્ઞાની ભગવંત હતા. જ્ઞાનમાં સારું પરિણામ દેખાયું, એટલે આપ્યું.*

તમારી વાત સાચી છે. આર્ય સુહસ્તિસૂરિજી પૂર્વધર હતા. એટલે તેમને જ્ઞાનમાં દેખાયું, તેથી આપી.

પણ, વર્તમાનમાં કોઇ જ્ઞાની-ગીતાર્થ મહાત્મા આપે, તો તમે શું કરો ? વિરોધનું વાવાઝોડું કે બીજું કાંઇ ?

આપણી વાત એ છે કે ભિખારીને કશું જ્ઞાન નથી. શ્રદ્ધા કે ઉલ્લાસ શું હોય ? પણ દીક્ષા લીધા પછી, શેઠિયાઓ સેવા કરે છે, તેથી લાગ્યું કે 'દીક્ષા બહુ સારી વસ્તુ છે.' એ અવ્યક્ત સામાયિકના પ્રભાવે, સંપ્રતિ મહારાજાનો જન્મ મળ્યો.

- ઉપદેશ પ્રાસાદ ગ્રંથમાં એક કથા આવે છે.

એક ચોર, બધા પાપોમાં શૂરો હતો. તેના પડોશમાં એક શ્રાવક શ્રેષ્ઠિ રહે, તે રોજ સામાયિક કરે.

એક વાર ચોરને થયું, આ શેઠની જેમ હું પણ સામાયિક કરું. આવડતું કશું નથી, પણ શેઠે જેમ કહ્યું – જે કર્યું, તે મુજબ કર્યું. તેટલો સમય ભગવાનનું નામ-સ્મરણ વગેરે શુભ ભાવમાં રહ્યો.

મરીને બીજા ભવમાં પણ ચોર થયો. પકડાયો. ફાંસીની સજા થઇ. બીજે દિવસે ફાંસી અપાવાની હતી. રાતના નગરનો રાજા મૃત્યુ પામ્યો. તેને કોઇ વારસદાર

નહોતો. તે વખતની પરંપરા એ હતી કે રાજા બિનવારસ મૃત્યુ પામે, તો રાજાની હાથણીની સૂંઢમાં કળશ મૂકીને નગરમાં ફેરવે. માન્યતા એવી કે તેમાં નગરદેવતા અધિષ્ઠિત થાય. તે જેના પર કળશ ઢોળે, તેને રાજા બનાવે.

ચોરને ફાંસી આપવા માટે સેવકો લઈ જઈ રહ્યા હતા, ત્યાં સામેથી હાથણી આવી. શાસ્ત્રકાર કહે છે – એ જ વખતે પૂર્વભવમાં કરેલી સામાયિકનું પુણ્ય ઉદયમાં આવ્યું. હાથણીએ કળશ તેના પર ઢોળ્યો. શૂળીએ ચડવાને બદલે સિંહાસન પર આરૂઢ થયો!

- ચમરેન્દ્રની વાત ખબર છે ? સૌધર્મેન્દ્ર સાથે યુદ્ધ કરવા જઈ રહ્યો છે, ત્યાં વચ્ચે પ્રભુને નમસ્કાર કર્યા. ત્યાં કેવો ભાવ હોઈ શકે ? આગળ-પાછળ તો રાતોપીળો થયેલો છે. તેની વચ્ચે શુભ ભાવની માત્રા કેટલી હોય ? છતાં એટલા ભાવથી પણ અચ્છેરું સર્જાય, તેવું ફળ મળ્યું – પહેલા દેવલોક સુધી પહોંચવાની તાકાત મળી.
- આ વાત આટલા વિસ્તારથી કરી, તેનું કારણ એ છે કે એવો પ્રચાર કેટલાક લોકો કરે છે – 'ભાવ વિનાની ક્રિયા નકામી છે. એટલે પહેલાં સમજો, ભાવ લાવો, પછી ક્રિયા કરવાની. ભાવ વિનાની ક્રિયાનો કોઈ અર્થ નથી.'

  તેનો જવાબ આપવા માટે, શાસ્ત્રમાં બતાવેલા આટલા દૃષ્ટાંત જ ઘણાં છે.
- ચોથા કે પાંચમા ગુણસ્થાનકે રહેલા શ્રાવકની ઉત્કૃષ્ટ ગતિ બારમો દેવલોક જ છે. જ્યારે પહેલા ગુણસ્થાનકે રહેલ મિથ્યાત્વી ઉત્કૃષ્ટથી નવમા ગ્રૈવેયક સુધી જઈ શકે છે, તે ચારિત્રની તાકાત છે.

  તેમનામાં સમ્યગ્દર્શન જ ન હોવાથી નિશ્ચયથી ચારિત્ર નથી. છતાં વ્યવહારથી ચારિત્રની તાકાત છે કે નવમો ગ્રૈવેયક અપાવી શકે.
- શાસ્ત્રમાં પણ એવું વાક્ય જોવા મળે, કે **'ભાવ વિનાની ક્રિયા નકામી છે' – તો એનો અર્થ એટલો જ થાય કે તેવી ક્રિયાથી મોક્ષ મળતો નથી.**

  એક કરોડની કમાણીની ગણતરીથી કરેલા સોદામાં, એક હજારની કમાણી થાય તો પણ, 'કંઈ ન મળ્યું... ફેઈલ ગયો.' એમ જ કહેવાય...

  તેમ, ગુણ પ્રાપ્ત ન થાય તેવી ધર્મારાધનાથી પુણ્યબંધ થાય, તો પણ નિષ્ફળ કહેવાય..

  **પણ જઘન્ય ફળ પણ ન મળે, તેવો અર્થ તેનો નથી.**

  **અનાદર-આશાતના-પ્રતિજ્ઞાભંગ જેવી મોટી અવિધિ ન હોય, તો સામાન્ય શ્રદ્ધા-આદરથી કરેલી ક્રિયા પણ સદ્ગતિ જેવું ફળ તો આપે જ છે.**

  એને શાસ્ત્રકાર ઘાસ જેવું કહે છે, પણ ઘાસ પણ નાખી દેવાની ચીજ તો નથી જ. તેનું પણ મૂલ્ય તો હોય જ છે.
- અરે ! કદાચ સદ્ગતિ ન મળે, પણ ક્રિયાના જે સંસ્કાર પડે, તે પણ ઘણી તાકાત

ધરાવે છે.

શાસ્ત્રમાં જ કથા છે.

એક શેઠનો દીકરો નાસ્તિક હતો. દર્શન કરવા પણ ન જાય. તેને જિનેશ્વરના દર્શન થાય, તે માટે શેઠે ઘરની બારસાખ પર જિનમૂર્તિ મૂકાવી.

પહેલાના કાળમાં ઘરોના દરવાજા નીચા જ રખાતા. નમીને અંદર જવું પડે. આજે પણ જૂના શહેરના ઘરો એવા હોય છે.

દીકરો જેટલી વાર ઘરે આવે, એટલી વાર નમીને અંદર જાય. જિનમૂર્તિના દર્શન થાય. ભાવ તો તેને હતો જ નહીં. મરીને તિર્યંચ ગતિમાં મત્સ્ય તરીકે ઉત્પન્ન થયો. ત્યાં જિનમૂર્તિના આકારનું માછલું જોતાં, જાતિ-સ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવમાં આરાધના ન કરી, તેથી માછલા તરીકે ઉત્પન્ન થવું પડ્યું, તે સમજાયું. પ્રતિબોધ પામ્યો. પછી સદ્ગતિ પામીને આત્મ-કલ્યાણ સાધ્યું.

**લગભગ ભાવ વિનાની ક્રિયાના સંસ્કાર પણ તેના આત્માના કલ્યાણનું પ્રબળ નિમિત્ત બન્યા.**

- જેમને ક્રિયા કરવી ગમતી નથી, તેથી ક્રિયાને ધર્મ માનતા નથી, ક્રિયા કરનારાની મશ્કરી કરવી છે, તેઓ ગમે તેમ બોલતા હોય છે.

મુંબઇના એક સંઘમાં બાળકોનું અઢારીયું હતું. એક ભાઈ આવીને મને કહે – 'આ બાળકો આ બધું કરે, તેનો શો અર્થ ? તેમને સમજણ કેટલી ? હમણાં ચોકલેટ આપું, તો લેવા દોડશે. સમતા વિનાની સામાયિક શા કામની ?'

મેં તેમને પૂછ્યું – **'સમતા એ સાધનાનું શિખર છે કે તળેટી ?'**

બોલો, તમને પૂછું છું – શું છે ?

*સભા : શિખર.*

મેં તેમને કહ્યું – ભલા માણસ ! **તળેટી પર રહેલાને એમ કહો કે 'શિખર પર નથી, તો ચડવાનો શો અર્થ ?' તો શિખર પર પહોંચશે જ શી રીતે ?**

**તેને શિખરનું લક્ષ્ય બતાવીને ચડવાનું શીખવાડવાનું હોય. પાડવાનો ન હોય.** તમે તો ઊંધું જ કરી રહ્યા છો.

- કોઈ પરીક્ષામાં નાપાસ થાય, તો તમે બોલો – 'નાપાસ જ થવાનું હોય, તો ભણવાનો અર્થ શું ?' બરાબર ? હવે આ વાક્યનો અર્થ શું કરવાનો ? 'ભણવાનું છોડી દો' એવો ? કે 'પાસ થવાય, તે રીતે બરાબર ભણો' તેવો ?

એ રીતે, **શાસ્ત્રકાર, ભાવ વિનાની ક્રિયા નકામી બતાવે, તેનો અર્થ એ જ કરવાનો છે કે ભાવ લાવો, વધારો. ક્રિયા છોડવાની વાત કદી શાસ્ત્રકાર કરે નહીં.**

- ધંધો કર્યા પછી કમાણી ન થાય, તો મહેનત નકામી કહેવાય... તેનો અર્થ એ નથી કે મહેનત બંધ કરવાની. તેનો અર્થ એ છે કે સાચી દિશામાં, સાચી રીતે મહેનત

કરવાની.

- ક્રિયાને ખાંડનારાઓ, એ.સી. હોલમાં, ખુરશી પર, પગ પર પગ ચડાવીને કહેવાતા ભાષણો સાંભળે, તેને 'ધર્મી' માને છે.
  પરસેવાના રેલા ઊતરે એવી ગરમીમાં સામાયિક કરીને ગુરુમુખે ધર્મ સાંભળે, તેને 'ક્રિયાજડ' શબ્દથી નવાજે છે. છે ને કલિકાળની બલિહારી !
- આત્મ-કલ્યાણ સાધવું હોય, તો આવા બધા પ્રચારની જાળમાં ફસાતાં નહીં. મહાન્ પુણ્યોદયે જે તારક ક્રિયાઓ મળી છે, તેને પકડી રાખજો. **ક્રિયા છોડવાથી આત્મકલ્યાણ થયું હોય એવું સમગ્ર શાસ્ત્રોમાં એક પણ દૃષ્ટાંત નથી.**
- હા, ભાવ લાવવાનો પુરુષાર્થ અવશ્ય કરવાનો છે. તેના વિના, ક્રિયાથી મોક્ષ મળવાનો નથી. સદ્ગતિ મળે, તેની કિંમત ઘાસ જેટલી જ છે, એમ શાસ્ત્રકારે સ્પષ્ટ કહ્યું છે.
- પરમાત્મા બંને વાત કરે છે. પણ એકાંતવાદીઓ, તેમાંનો એક અંશ પકડીને ઉન્માર્ગે જાય છે, બીજાને ઉન્માર્ગે ચડાવે છે, સન્માર્ગથી ભ્રષ્ટ કરે છે.
  આપણે આત્મકલ્યાણ સાધવું હોય, તો આવા એકાંતવાદી પ્રચારની જાળમાં ફસાવું નહીં.

- કુળ પરંપરાથી આપણને સાચી સમજ-શ્રદ્ધા-સંસ્કારો મળ્યા હોવા છતાં, ક્યારેક કોઇક પ્રચારમાં અંજાઇ જવાથી ગેરસમજ ઊભી થઇ જતી હોય છે, શ્રદ્ધા તૂટી જતી હોય છે અને ઉન્માર્ગ પકડાઇ જતો હોય છે.
- શાસ્ત્રવચનોના આધાર આપીને એકાંત નિશ્ચયવાદીઓ કહેતા હોય છે → ગુણની-નિશ્ચયની પ્રાપ્તિ થાય જ નહીં, પરિણતિ સુધરે જ નહીં, તો બાહ્ય ક્રિયાનું ફળ શું ? આટલા વર્ષોથી તમે આરાધના કરો છો, તમને શું પ્રાપ્ત થયું ? આવો પ્રશ્ન કરે, એટલે તમને તેમની વાત સાચી લાગે. તમે તેમની વાતોમાં તણાઇ જાવ.
  તેમના આ પ્રશ્નનો હું વિસ્તારથી જવાબ આપીશ.
- **આરાધનાનું ફળ બે પ્રકારનું છે - આંતરિક અને બાહ્ય.**
  **આંતરિક ફળ છે - ગુણની પ્રાપ્તિ અને દોષનો નાશ. વાસ્તવમાં એ બંને એક જ વસ્તુ છે.**
  **બાહ્ય ફળ છે - પુણ્યનો બંધ, પાપનો ક્ષય. અને તેના પરિણામે સદ્ગતિ, અનુકૂળ સામગ્રી.**
- દાનનું ફળ શું ?
  લોભકષાય ઘટે, પરિગ્રહ-સંજ્ઞા ઘટે, ધનની મૂર્છા ઘટે એ આંતરિક ફળ.
  પુણ્ય બંધાવા દ્વારા ભવાંતરમાં સંપત્તિ મળે, એ બાહ્ય ફળ.
- સામાયિકનું ફળ શું ?
  અનુકૂળતામાં લેપાય નહીં, પ્રતિકૂળતામાં લેવાય નહીં... એવી સમતા આત્મસાત્ થાય; તે આંતરિક ફળ.
  ૯૨,૫૯,૨૫,૯૨૫ પલ્યોપમ સુધી દેવલોકના સુખો મળે એટલું પુણ્ય બંધાય, તે બાહ્ય ફળ.
- તપનું ફળ શું ?
  આહાર-સંજ્ઞા તૂટે, ખાવાની લાલસા ઘટે, રસનાની આસક્તિ ઘટે, શરીરનો રાગ ઘટે... એ આંતરિક ફળ.
  ૧૦૦ વર્ષ નરકના દુઃખો સહન કરવાથી જેટલા કર્મ ખપે, તેટલા કર્મ એક નવકારશી કરવાથી ખપે... એ બાહ્ય ફળ.
- શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના ન્હવણજળથી આંખનો મોતિયો જાય, તે બીજા પ્રકારનું ફળ છે.
  આંખનો વિકાર ઘટે, તે પહેલા પ્રકારનું ફળ છે.
- ૫-૧૦ લાખમાં પ્રભુનો કોઈ ચઢાવો લીધો, તેના પ્રભાવે ભવાંતરમાં અપાર સંપત્તિ

મળે, જેમ કુમારપાળ મહારાજાને પુષ્પપૂજાના પ્રભાવે રાજ્ય મળ્યું – તે પુણ્યબંધ.. અને લોભકષાય ઘટે, પરિગ્રહસંજ્ઞા ઘટે.. ખૂબ કમાવાની – ભેગું કરવાની બુદ્ધિ ઘટે, સંતોષ આવે તે દોષનાશ–ગુણપ્રાપ્તિ..

- સાધુપણું પાળવાથી દેવલોક મળે, નરક ટળે – તે પુણ્યબંધ..
  મન સમાધિમય બને... ગમે તે પરિસ્થિતિમાં ખળભળે નહીં... તેવી સમતાની પ્રાપ્તિ – તે ગુણપ્રાપ્તિ–દોષનાશ...
- આયંબિલથી ૧૦,૦૦૦ ક્રોડ વર્ષના નારકીના દુઃખો ટળે તે પાપનાશ.
  વારંવાર આયંબિલ કરવાથી સ્વાદની અપેક્ષા–આસક્તિ ઘટે; ગમે તેવું ચલાવવાની વૃતિ આવે તે દોષનાશ–ગુણપ્રાપ્તિ.
- નવકાર ગણવાથી ૫૦૦ સાગરોપમના નરકના દુઃખ ટળે – તે પાપનાશ...
  ગમે તેવી આપત્તિમાં મન સમાધિમાં રહે – તે ગુણપ્રાપ્તિ..
- એક નવકાર ગણવાથી માંડીને સંયમપાલન સુધીના દરેક ધર્મના બંને ફળ છે.
  ક્યું ફળ મુખ્ય છે ? ક્યા ફળ માટે ધર્મ કરવાનો છે ?
  આંતરિક ફળ માટે જ... તેનાથી જ સંસાર ઘટવાનો છે, મોક્ષ નજીક આવવાનો છે.
  શાસ્ત્રકારો, બાહ્ય ફળને તો ખેતીમાં ઊગતાં ઘાસ જેવું કહે છે. પાકના સ્થાને તો આંતરિક ફળ છે.
- કોઈને આરાધનાનું આંતરિક ફળ ન મળે, માત્ર બાહ્ય ફળ મળે, તો તે આરાધના સફળ કહેવાય ? કે નિષ્ફળ?
  મુખ્ય ન મળતું હોવાથી, મુખ્ય રૂપે તો તે નિષ્ફળ જ કહેવાય.
  જે શાસ્ત્રવચનો, ગુણપ્રાપ્તિ ન થાય, તો આરાધનાને નિષ્ફળ કહે છે, તેનો ભાવાર્થ એ જ કે પ્રધાન ફળ મળતું નથી.
  પણ કોઈએ બાહ્ય ફળ માટે જ આરાધના કરી હોય, તો તેને આંતરિક ફળ ન મળે, તો પણ ઈચ્છિત એવું બાહ્ય ફળ મળી જવાથી તેના માટે તે સફળ જ કહેવાય.
- આયંબિલનું મુખ્ય ફળ શું ?
  *સભા : આહાર–સંજ્ઞાનો ઘટાડો.*
  જુઓ, આયંબિલનું મુખ્ય ફળ વિગઈના ત્યાગ દ્વારા રસનાની આસક્તિ તોડવી, તે છે. આહાર–સંજ્ઞાનો ઘટાડો, કોઈપણ તપનું ફળ છે.
  ખાવાની લેશ્યા એ આહાર–સંજ્ઞા છે.
  સ્વાદિષ્ટ દ્રવ્યો પરનો રાગ એ રસનાની આસક્તિ છે.
  બે માં ફરક છે.
  પશુમાં આહાર–સંજ્ઞા હોય છે, એટલે ગમે તે ખાય.
  બાળકને પણ આહાર–સંજ્ઞા હોય છે, એટલે જે આપો તે મોઢામાં નાંખે.

• આપણી વાત એ હતી કે આયંબિલનું મુખ્ય ફળ, રસનાની આસક્તિ ઘટાડવી તે છે.

છતાં અનેક વાર કોઈની શાતા–સમાધિ માટે આયંબિલ કરાય છે. અને તેનાથી શાતા–સમાધિ પ્રાપ્ત થાય, તો આયંબિલ સફળ જ ગણાય છે.

શ્રીપાળ–મયણાનો રોગ નાશ પામ્યો, તે પણ આયંબિલની સફળતા ગણાઈ જ છે.

વિઘ્નનો નાશ કરવા પણ મંગળ રૂપે આયંબિલ કરાય છે. અને નિર્વિઘ્ને કાર્ય પૂર્ણ થાય, તો પણ આયંબિલ સફળ ગણાય છે.

દ્વારિકા નગરીના લોકોએ કરેલા આયંબિલથી, દ્વૈપાયનના ઉપસર્ગને ૧૨ વર્ષ સુધી અટકાવી શકાયો, તે આયંબિલની  સફળતા જ ગણાય છે.

• એટલે, **આંતરિક ફળ ન મળ્યું હોય તો પણ, બાહ્ય ફળ મળે, તેનાથી પણ આરાધનાની સફળતા તો ગણાય છે જ.**

**અને બાહ્ય ફળ, ઓછાવત્તા અંશમાં દરેક આરાધનાનું મળતું જ હોય છે.**

• સ્વાધ્યાય કરવાથી આંતરિક પરિણતિ નિર્મળ થાય... પ્રભુવચન પર શ્રદ્ધા વધે... ગુરુદેવ પ્રત્યે સમર્પણ વધે... વિષય–કષાય ઘટે... એ સ્વાધ્યાયનું મુખ્ય ફળ છે.

વિદ્વાન્ બને, લેખક બને, સર્જક બને, વક્તા બને, પ્રભાવક બને, સંશોધક બને... એ સ્વાધ્યાયનાં બાહ્ય ફળ છે.

કોઈની પરિણતિની નિર્મળતા તો આપણે જોઈ શકતા નથી. છતાં, લેખક કે વક્તાના સ્વાધ્યાયને આપણે સફળ માનીએ જ છીએ.

• *સભા : પણ આ બધાં ફળ મોક્ષમાં સહાયક ન બનતા હોય, તો તેનો અર્થ શું?*

એમ ઉતાવળા ન થાવ. હું તે મુદ્દા પર આવી જ રહ્યો છું.

**એક વાત એ નક્કી થઈ કે આરાધનાનું આંતરિક ફળ ન દેખાતું હોય, તો પણ બાહ્ય ફળ હોય છે, જે પુણ્યબંધ વગેરે રૂપ છે.**

• **મોક્ષની સાધના કરવા અનુકૂળ સામગ્રી આવશ્યક છે.**

મનુષ્ય ભવ વિના સર્વવિરતિની સાધના શક્ય નથી.

મનુષ્ય ભવમાં પણ ચીન જેવો અનાર્ય દેશ મળ્યો હોય, તો ધર્મસામગ્રી ન મળે.

ભારત જેવા આર્ય દેશમાં પણ નાગાલેન્ડ જેવા પ્રદેશમાં જન્મ મળ્યો હોય, તો જૈન ધર્મ–દેવ–ગુરુનું નામ પણ સાંભળવા ન મળે.

ગુજરાત જેવા ક્ષેત્રમાં પણ મ્લેચ્છ કુળમાં જન્મ મળ્યો હોય, તો ધર્મના નામે 'મારો–કાપો' ની જ વાત સમજાયેલી હોય.

મનુષ્ય જન્મ, આર્ય દેશ, સંસ્કારી કુળ વગેરે પુણ્ય વિના મળતા નથી. એ પુણ્ય આરાધનાથી જ બંધાય છે.

તો **જે આરાધના, પુણ્યબંધ દ્વારા સાધનાને અનુકૂળ સામગ્રી મેળવી આપતી હોય,**

**તે મોક્ષમાં સહાયક નથી, એવું કેમ કહેવાય ?**

- **એટલે, જેનું આંતરિક ફળ નથી, તેવી આરાધના પણ શાતા, સમાધિ અને સાધનાને અનુકૂળ સામગ્રી મેળવી અપાવનાર પુણ્યબંધ કરાવતી હોવાથી સફળ છે, મોક્ષમાર્ગમાં સહાયક છે, ઉપાદેય છે.**
- **બાહ્ય ક્રિયા રૂપ આરાધનાથી તત્કાળ થતો બીજો લાભ એ છે કે આરાધકોનો, ધર્મીજનોનો, સદ્‌ગુરુનો, કલ્યાણમિત્રોનો સત્સંગ તેનાથી ઊભો થાય છે, ઊભો રહે છે.**

  અને આ લાભ નાનોસૂનો નથી. કારણકે **બધા જ ધર્મનું પ્રવેશદ્વાર આ સત્સંગ છે. સાચી સમજ, આરાધનાના વાસ્તવિક ફળને મેળવવાનું લક્ષ્ય પણ આ સત્સંગથી જ આવવાનું છે.**
- જેમને પણ સાચી સમજ છે, સાચા લક્ષ્યથી ધર્મ કરે છે, થોડાઘણા અંશે સાચા ફળને મેળવી ચૂક્યા છે; તેમના ઈતિહાસને તપાસશો, તો ખબર પડશે કે મોટે ભાગે તો ગતાનુગતિકતાથી, કુળ પરંપરાથી મળેલા સંસ્કારથી, મિત્રોના આગ્રહથી કે પુણ્ય રૂપી બાહ્ય ફળના આકર્ષણથી જ તેઓ શરૂઆતમાં ધર્મ કરતા હતા. પણ તેવો ધર્મ કરવા દ્વારા જે સત્સંગ થયો, તેમાંથી જ સાચી સમજ આવી, અને સાચા લક્ષ્યથી ધર્મ કરતા થયા, સાચા ફળને પ્રાપ્ત કર્યું.

  તો તેમણે શરૂઆતમાં કરેલા, નિશ્ચયની પ્રાપ્તિ કે તેના લક્ષ્ય વિનાના વ્યવહાર ધર્મને નિષ્ફળ શી રીતે કહેવાય ?

  તે ન કર્યો હોત, તો આજની ભૂમિકા સુધી પહોંચ્યા જ ન હોત.
- અમારા ગુરુદેવનું ગૃહસ્થજીવન કંઈ ધર્મના રંગે રંગાયેલું નહોતું. પણ તેમના બાપુજીના આગ્રહથી પૂ. પં. શ્રી ભાનુવિજય મ.ની અચલગઢની શિબિરમાં ગયા. એક આકર્ષણ અચલગઢ હિલ સ્ટેશન હતું, તેનું પણ હતું. પહેલા પ્રવચનમાં છેલ્લી લાઈનમાં બેઠેલા. અને ૨૧ દિવસની શિબિર પૂરી થતા સુધીમાં તો દીક્ષા લેવાનું નક્કી કરી ચૂક્યા હતા ! સત્સંગનો પ્રભાવ કેવો હોય છે ? વ્યવહાર ધર્મનું પાલન જ મોટે ભાગે સત્સંગ કરાવે છે.
- સાધર્મિક-ભક્તિમાં કરોડો રૂપિયા ખર્ચનાર કલ્પેશ વિ. શાહને બધા નામથી ઓળખતા જ હશો.

  અમારા ગુરુદેવ કહેતા હતા – કોલેજના G.S. (General Secretary) હતા. થોડા વર્ષોથી કોર્ટના આદેશથી કોલેજોની વ્યવસ્થા બદલાઈ છે. બાકી, કોલેજનો G.S. એટલે ગુંડો જ હોય, એવી વ્યાપક વ્યવસ્થા હતી. પહેલી શિબિરમાં પ્રવેશ કરતાં પૂર્વે છેલ્લી સિગરેટ ફૂંકીને પછી પ્રવેશ કરેલો. કાવીની એ શિબિરના સત્સંગનું પરિણામ શું ? તે તમે આજે જોઈ શકો છો. યુવાનીમાં જાનના જોખમે તેમણે કેટલાય

પશુઓને કસાઈના હાથમાંથી છોડાવ્યા છે.

તેમને શિબિરમાં મોકલનાર, આવો કોઈ સત્સંગ જ હશે ને ?

- **વ્યવહાર ધર્મની આરાધના, ધર્મીજનોનો સંગ ઊભો કરાવે.**

  **એ ધર્મીજનોનો સંગ, ધર્મથી ભ્રષ્ટ થતા અટકાવે, પાપમાં પડતા અટકાવે, ધર્મમાં ટકાવે–આગળ વધારે, નવા ધર્મમાં પ્રવેશ કરાવે... આ બધા લાભ નાનાસૂના નથી.**

- એકાંત નિશ્ચયવાદીઓની દલીલ હોય છે – **૨૫ વર્ષથી પ્રતિક્રમણ કરવા છતાં કષાય ન ઘટે, તો પ્રતિક્રમણનો અર્થ શું ?**

  **હું કહીશ કે બીજા પ્રતિક્રમણની આરાધના કરનારા ૧૦–૧૨ આરાધક આત્માઓ સાથે જે ઋણાનુબંધ ઊભો થયો હોય, તે પણ બહુ મોટું ફળ છે.**

- અમારા સમુદાયના સર્જક સિદ્ધાંત મહોદધિ પ્રેમસૂરિજી મ.સા., પોતાના સમુદાયની જવાબદારી જેમના શિરે મૂકીને ગયા હતા, તે પૂ. યશોદેવસૂરિ મ.ની દીક્ષા કેવી રીતે થઈ ?

  જેશિંગભાઈ નામના સુશ્રાવક, અમદાવાદમાં રહે. અતિશય શ્રીમંત હતા. અમદાવાદના શાલિભદ્ર કહેવાય, તેવા. અમદાવાદની પોળના ઉપાશ્રયમાં રોજ ૪–૫ શ્રાવકો સાથે પ્રતિક્રમણ કરે. એકવાર પ્રતિક્રમણ પૂરું થયા પછી એ બધાને પૂ. પ્રેમસૂરિ મ. એ કહ્યું – 'હવે દીક્ષા ક્યારે લેવાની છે ?' બધાએ કહ્યું – 'આ જેશિંગભાઈ દીક્ષા લે, ત્યારે અમારે લેવાની.' બધાએ હકીકતમાં મજાક કરેલી. જેશિંગભાઈ જેવા શ્રીમંત માણસ દીક્ષા ન લે, એમ માનીને.

  પણ જેશિંગભાઈએ બધાને ઊભા રાખ્યા. ચોમાસા પૂર્વે દીક્ષા લેવાનો અભિગ્રહ કર્યો, અને દીક્ષા લીધી પણ ખરી. આરાધકોના સંગે શું પરિણામ આપ્યું ?

- **ઉત્તમ આત્માઓ સાથેનો ઋણાનુબંધ શું કામ કરે છે ?**

  **શ્રેયાંસકુમારને જાતિ–સ્મરણ જ્ઞાન થયું, તેમાં ઋષભદેવ ભગવાનના જીવ સાથેનો પૂર્વભવોનો ઋણાનુબંધ કામ કરી ગયો.**

  **રાજીમતીએ દીક્ષા લીધી, તેમાં પણ નેમનાથ ભગવાનનાં આત્મા સાથેનો ૯ ભવનો સ્નેહસંબંધ જ કામ કરી ગયો છે.**

  **ગૌતમ સ્વામીને પણ પ્રભુ વીર સાથે ઋણાનુબંધ હતો.**

  **સંપ્રતિ રાજા પ્રતિબોધ પામ્યા, તેમાં આર્ય સુહસ્તિસૂરિ સાથેનો ઋણાનુબંધ કામ કરી ગયો છે. આવા અઢળક દષ્ટાંતો છે.**

- વાંસનાં જંગલમાં વાંસ અડાબીડ હોય... એક વાંસ મૂળમાંથી ઊખડી જાય, તો પણ પડી ન જાય, બીજા વાંસના સહારે ટકી જાય.

  એ રીતે, **આરાધકોનો સંગ આપણને આરાધનાથી પડવા ન દે.**

કાળના પ્રવાહમાં તણાઈને મહાભયંકર પાપોમાં તો ન જ પડવા દે.

- કાળ એટલો ભયંકર છે કે સત્સંગ ન હોય, તો ક્યાંય તણાઈ જવાય. કોઈ મા-બાપ ફરિયાદ કરે કે યુવાન દીકરો ધર્મ નથી કરતો... ત્યારે કહેવાનું મન થાય કે હાલના કાળે વ્યસની, દુરાચારી ન બન્યો હોય... તમારું અપમાન ન કરતો હોય... ઘરમાંથી કાઢી ન મૂકતો હોય... તો ય સદ્ભાગ્ય માનવું પડે ! તે પણ કોઈક સત્સંગનો જ પ્રભાવ હોય છે.
- રોજ પ્રતિક્રમણ કરનાર વ્યક્તિ ૪-૫ દિવસ ન આવે, તો બાકીના આરાધકો તેને પૂછે – 'કેમ નથી આવતા ?' તેવું બને જ છે..
  દર ચૌદશે આયંબિલ કરનાર વ્યક્તિ ૨-૩ ચૌદશ ન દેખાય, તો બીજા આયંબિલ કરનારા તેને પૂછે – 'કેમ ગઈ ચૌદશે નહોતા આવ્યા ?'
  સ્હેજ ઢીલો પડ્યો હોય, તેને બીજા આરાધકો ટકાવી દે... ગાઢ મિત્રતા હોય, તો બીજી આરાધનામાં પણ ખેંચી જાય... આવું બનતું જ હોય છે.
  ધર્મીજનોનો ઋણાનુબંધ, એ વ્યવહાર ધર્મના પાલનનું બહુ મોટું ફળ છે.
- ત્રીજી વાત એ છે કે **ગુણ-પ્રાપ્તિ ન થાય તો પણ, નિરંતર બાહ્ય ક્રિયા કરવાથી ક્રિયાના સંસ્કાર પડે છે, જે ભવાંતરમાં ક્રિયાની પ્રાપ્તિ સરળ બનાવે છે.**
- ક્રિયાના સંસ્કાર કેવા હોય છે ? તેને દૃષ્ટાંતથી સમજીએ.
  દેવસિ પ્રતિક્રમણની વિધિમાં પહેલી વાર સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર પછી વેયાવચ્ચગરાણં સૂત્ર છે.
  બીજી વાર સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર પછી શ્રુતદેવતાનો કાઉસ્સગ્ગ છે.
  રોજ પ્રતિક્રમણ કરનારને તે યાદ કરવું પડતું નથી. સ્વયં એક પછી એક ક્રમસર થતું જાય છે. તે સંસ્કારનો જ પ્રભાવ છે.
  ત્રીજી થોય બોલ્યા હોય, તેના સંસ્કાર એવા કામ કરે કે પહેલી વારના સિદ્ધાણં બુદ્ધાણં પછી વેયાવચ્ચગરાણં આવી જ જાય.
- કેટલાકને માટે તપ સરળ હોય છે.
  અમારા પૂ. આ. શ્રી હંસરત્નસૂ. મ., માસક્ષમણ રમતાં રમતાં કરે.
  પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિ. મ. ના શિષ્ય છે, પૂ. ગિરિભૂષણવિ. મ. તેમણે ૪૨ વાર એક સાથે ૧૬ ઉપવાસના પચ્ચક્ખાણ કર્યા છે !
  તપ આવો સરળ કેમ બની જાય છે ? અભ્યાસથી ઊભા થતાં સંસ્કારથી જ.
- **જેને સામાયિકની ક્રિયાનો અભ્યાસ નથી, સંસ્કાર નથી, તેના માટે સામાયિક અઘરી હોય છે.**
  મને વંદન કરવા આવ્યો હોય... હું વ્યસ્ત હોઉં... ૧ કલાક લાગે તેમ હોય... હું કહું – 'જો પેલી થેલીમાં ધોતિયું-કટાસણું-ચરવળો-મુહપત્તિ છે. કપડાં બદલીને

સામાયિક લઈ લે.'

તો કહે – 'સાહેબ, બહાર આંટો મારી આવું. કલાકમાં પાછો આવી જઈશ.' પણ સામાયિક ન લે !

હું તો બહુ કહેતો નથી, પણ પં. મૃદુસુંદરવિ. તો કોઈ મળવા આવ્યું હોય, કલાક બેસવાનું હોય, તો તેને પણ પ્રેરણા કરે – સામાયિક લઈ લો.

અમારા ઘણાં મહાત્માના પિતાશ્રી તો થેલીમાં સામાયિકની સામગ્રી લઈને જ આવે. આવે એટલે સામાયિક લઈને જ બેસે.

કેમ ? સંસ્કાર પાડ્યા હોવાથી સરળ બને છે.

- અહીં આનુષંગિક એક વાત કરી દઉં.

  **દરેક ઉપાશ્રયમાં સામાયિકના ઉપકરણો હોવા જોઈએ. બહારગામથી આવેલા શ્રાવકને સામાયિક કરવાનું મન થાય, તો બધું તૈયાર હોય.**

  તમે પૂજાની સામગ્રી દેરાસરમાં રાખો છો. ઉપાશ્રયમાં સામાયિકની સામગ્રી રાખો ?
- **વ્યાખ્યાન સાંભળવાના સંસ્કાર જેને નથી, તેને પ્રભાવક પ્રવચનકાર આવે, તો ય વ્યાખ્યાનમાં જવું અઘરું પડે છે.**

  **જેને સંસ્કાર છે, તે ભલે જઈને ઝોકાં ખાતો હોય, પણ જાય છે, તો ક્યારેક સાંભળે. અને કોઈક પ્રભુ–વચન તેને સ્પર્શી જાય તો તેની ગાડી મોક્ષમાર્ગ પર પૂરપાટ ચાલવા માંડે.**
- રોહિણિયા ચોરને ૩ વચનો કેવા કામ લાગી ગયા ?

  તેણે તો પરાણે–અનિચ્છાએ સાંભળેલા.

  બાપાએ પાણી મૂકાવેલું – મહાવીરની વાણી નહીં સાંભળતો.

  બાપને કેવી શ્રદ્ધા હશે પ્રભુના વચન પર ? કે સાંભળશે તો ચોરી છોડી દેશે ? અને એટલે પ્રભુ પાસેથી પસાર થતાં, કાનમાં આંગળી નાખીને ચાલતો હતો.

  રસ્તામાં ચાલતા કાંટો વાગ્યો. આમ તો પ્રભુની આસપાસ કાંટા પણ ઊંધા થઈ જાય, તેવો પ્રભુનો અતિશય છે. પણ અમારા પૂ. ઉદયવલ્લભસૂ. મ. કહે છે – રોહિણિયાનું કલ્યાણ કાંટો વાગવાથી જ થવાનું હતું, એટલે ૧ કાંટો સીધો રહ્યો ! કાંટો કાઢવા આંગળી કાનમાંથી કાઢી, ૩ વાક્ય સંભળાયા, અને કલ્યાણ થઈ ગયું ૩ વાક્યના સંસ્કાર કામ કરી શકે, તો વર્ષોની આરાધનાના સંસ્કાર કેમ કામ ન કરે?
- વજ્રસ્વામીને ૬ મહિનાની ઉંમરમાં દીક્ષા કેમ મળી ?

  પૂર્વભવમાં 'દીક્ષા... દીક્ષા...' ઘૂંટીને સંસ્કાર પાડ્યા હતા.

  અલબત્ત, તે ભાવના–યુક્ત ક્રિયા હતી, માત્ર બાહ્ય ક્રિયા નહીં. પણ ક્રિયાના સંસ્કાર કામ તો કરે જ છે.
- વલ્કલચીરીને પડિલેહણની ક્રિયાના સંસ્કારે જ જાતિ–સ્મરણ જ્ઞાન કરાવીને

કેવળજ્ઞાન અપાવ્યું છે.

- એટલે ગુણ–પ્રાપ્તિ ન થાય, તો પણ બાહ્ય ક્રિયાથી ૩ મહત્ત્વના લાભ થાય.
  **૧. પુણ્યબંધ દ્વારા શાતા, સમાધિ, ભવાંતરમાં સદ્‌ગતિ, ધર્મની સામગ્રીની પ્રાપ્તિ.**
  **૨. ધર્મીજનોનો સંગ, તેમની સાથે ઋણાનુબંધ, તેના દ્વારા ધર્મમાં દઢતા–વૃદ્ધિ, પતનનું નિવારણ.**
  **૩. ક્રિયાના સંસ્કાર, તેના દ્વારા ભવાંતરમાં ક્રિયાની પ્રાપ્તિ.**
- **હકીકત તો એ પણ છે કે આરાધના દ્વારા દોષમાં ઘટાડો થવા છતાં, તેની નોંધ ન લેવાઈ હોય.**
  અનાજના ઢગલામાંથી બે–ચાર દાણાં કાઢી નાખીએ, તો તેની નોંધ નથી લેવાતી, પણ ઓછા તો થાય છે જ.
  તે રીતે, **અનંત કાળના અનંત દોષોમાં થોડો ઘટાડો થાય, તો પણ તેની નોંધ ન લેવાય, તેવું બની શકે છે જ.**
- અત્યંત મેલું વસ્ત્ર, ૪–૫ વાર ધોયા પછી ઉજળું થાય. ત્યાં સુધી મેલું જ દેખાય. હા, ધોયા પૂર્વેનું સાથે રાખીને સરખામણી કરીએ, તો ફરક દેખાય; પણ તેવું તો શક્ય નથી હોતું, કારણકે ધોવાઈ ગયું છે.
  તેમ આરાધનાથી આપણા દોષ ઘટ્યા હોય, તો પણ વર્ષો પૂર્વેની આપણી જાત સાથેની સરખામણી મુશ્કેલ હોવાથી આપણને તે ફળ દેખાય નહીં, તેવું બની શકે છે.
- પ્રભુ વીરને સાડા બાર વર્ષની સાધના પછી કેવળજ્ઞાન થયું.
  પહેલા ૧૧ વર્ષની સાધનાનું ફળ શું ? તે દેખાય નહીં, તો પણ છે તો ખરું જ.
  અરે ! **નંદન રાજર્ષિના ભવમાં કરેલા ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણનું ફળ શું ? તે ભવમાં કદાચ કંઈ નહીં દેખાયું હોય, તો પણ ફળ છે જ. તેના પ્રભાવે જ તીર્થંકર બન્યા, છેલ્લા ભવમાં ટૂંકા ગાળાની સાધનાથી કેવળજ્ઞાન પામ્યા !**
  **'તમારા ૧૧ લાખ માસક્ષમણનું ફળ શું ?' તેવું કહેનાર એકાંત નિશ્ચયવાદી તેમને મળ્યો હોત તો ?**
- એટલે, આરાધનાના ફળ રૂપે, દોષો ઘટતા હોવા છતાં, તેની ખબર ન પડતી હોય, તે પણ અસંભવ નથી.
- **એકાંત નિશ્ચયના પ્રચારની જાળમાં ફસાઈને જે ક્રિયા છોડી દેશે, તેને**
  **૧. ભવાંતરમાં ધર્મની સામગ્રી નહીં મળે.**
  **૨. ક્રિયાના સંસ્કાર ન હોવાથી ભવાંતરમાં ક્રિયા મળશે નહીં, ગમશે નહીં.**
  **૩. ધર્મીજનોનો સંગ છૂટવાથી ધર્મ છૂટશે, પાપો વધશે.**
  **સાવધાન ! આરાધનાને છોડવાનો વિચાર પણ ન કરીએ !**

# ક્રિયા–ધર્મ – ૫

- હાલનો કાળ જ માર્કેટિંગ–પ્રચારનો છે.
  ખોટી વાતનો પણ જોરશોરથી પ્રચાર કરાય, તો તે સત્ય તરીકે સ્વીકારાઇ જાય છે, અને હકીકતમાં સાચી વાત, અસત્યરૂપે જાહેર થઇ જાય છે.
  એકાંતિક નિશ્ચયવાદીઓએ પ્રચાર દ્વારા ઘણાં ભ્રમો ઊભા કરેલા છે.
- તેમના દ્વારા કરાતો એક પ્રચાર એવો છે કે વ્યવહારનું પાલન, ગુણની પ્રાપ્તિ માટે જ છે, એટલે **જેને ગુણની પ્રાપ્તિ થઇ ગઇ છે, તેને વ્યવહારના પાલનની જરૂર નથી. આ દલીલ, મોટે ભાગે પોતે વ્યવહારનું–આચારનું પાલન નથી કરતાં, તેથી ધર્મહીન તરીકે પંકાઈ ન જાય તે માટે, પોતાની નબળાઈ ઢાંકવા માટે કરતા હોય છે.**
  હકીકતમાં તો તેમનો ગુણ–પ્રાપ્તિનો દાવો કેટલો પોકળ છે ? તે પરીક્ષા કરાય, તો સ્હેજે જણાઈ આવે.
  છતાં, જેને ગુણ–પ્રાપ્તિ થઇ જ હોય, તેને આચાર–પાલનની આવશ્યકતા શા માટે? તે વાત વિસ્તારથી વિચારીશું.
- ગુણ બે પ્રકારના છે – ક્ષાયિક(સિદ્ધ દશા) અને ક્ષાયોપશમિક(અભ્યાસ દશા).
  આવારક કર્મના સંપૂર્ણ ક્ષયથી જે ગુણ પ્રગટ થાય, તે ક્ષાયિક ગુણ કહેવાય. તે સંપૂર્ણ હોય, ઉત્કૃષ્ટ હોય. તેમાં સ્હેજ પણ મલિનતા–અતિચાર ન હોય. તે ગુણ આવ્યા પછી કદી જાય નહીં, ઘટે નહીં... અને સર્વોચ્ચ કક્ષાનો હોવાથી વધવાની શક્યતા જ નથી.
  આવારક કર્મના ક્ષયોપશમથી (આંશિક ક્ષયથી) જે ગુણ પ્રગટ થાય, તે ક્ષાયોપશમિક ગુણ કહેવાય. તે આંશિક જ હોય, સંપૂર્ણ નહીં. તેમાં અતિચાર લાગવાની સંભાવના અનિવાર્ય છે. તે ગુણ નષ્ટ પણ થઇ શકે. વધી પણ શકે, ઘટી પણ શકે.
- ક્યારેક ક્ષાયોપશમિક આરાધના પણ ક્ષાયિક જેવી હોય છે, જે જતી નથી, ઘટતી પણ નથી; અને થોડા કાળમાં જ ક્ષાયિક ગુણ લાવે છે. જેમ કે પરમાત્માની દીક્ષાથી કેવળજ્ઞાન સુધીની ક્ષમા...
- એક સમ્યક્ત્વને બાદ કરો, તો બાકીના ગુણોની ક્ષાયિક દશા માત્ર વીતરાગને જ હોય છે. વીતરાગ સિવાય બાકીના બધાને ક્ષાયોપશમિક દશા જ હોય છે.
  એટલે એ તો નિશ્ચિત છે કે **વર્તમાનમાં કોઇ પણ વ્યક્તિનો સમ્યક્ત્વ સિવાયનો કોઇ પણ ગુણ ક્ષાયોપશમિક જ છે, ક્ષાયિક નથી.** અર્થાત્, તે પૂર્ણ નથી, આંશિક જ છે. તેમાં અતિચાર લાગી શકે છે, તે નષ્ટ થઇ શકે છે.

- **જે ગુણ નષ્ટ થઈ શકે તેમ હોય, તે નષ્ટ ન થાય તે માટે; જેમાં અતિચાર લાગી શકે તેમ હોય, તેમાં અતિચાર ન લાગે તે માટે; પુરુષાર્થ કરવો જ પડે.** પુરુષાર્થ જ ન હોય, તો ક્ષાયોપશમિક ગુણ ટકવો મુશ્કેલ છે, પ્રાયઃ અસંભવ છે. એ પુરુષાર્થ કેવો જોઈએ ? તે દૃષ્ટાંતથી સમજાશે.
- માની લઈએ કે કોઈએ રસનાની આસક્તિ પર ભાવના વગેરે પુરુષાર્થ દ્વારા નિયંત્રણ મેળવ્યું છે. એ ક્ષાયોપશમિક ગુણ છે.

  હવે જો એ વ્યક્તિ કશો જ ત્યાગ ન કરે, બધું જ ખાય-પીવે, તો અનાદિ કાળના રસનાની આસક્તિના સંસ્કાર જાગ્રત થાય, પ્રબળ બને અને તેના એ વૈરાગ્ય ગુણને નષ્ટ કરી દે, તે સંભાવના ઘણી મોટી છે, પ્રાયઃ અનિવાર્ય છે.

  એટલે, **એ વૈરાગ્યને ટકાવવા, રાગોત્પાદક દ્રવ્યોનો ત્યાગ કરવા રૂપ પુરુષાર્થ કરવો અનિવાર્ય છે.**

  આ જ જણાવે છે કે ક્ષાયોપશમિક ગુણને ટકાવવા માટે વ્યવહાર ધર્મનું-આચારનું પાલન અનિવાર્ય છે.
- ઘણાં વખતથી એકાસણાં કરતા હોય, તેને એકાસણું સહજ બની જાય છે. બપોર પહેલાં ભૂખ જ ન લાગે, ખાવાનું યાદ પણ ન આવે, તેવું બને છે. એવું લાગે કે એક જ વાર ખાવું, એ તેનો સ્વભાવ બની ગયો છે.

  પણ મોટા તપનું પારણું કે બિમારી જેવા કારણે થોડા દિવસ નવકારશી કે સવારનું બેસણું કર્યું હોય, તો પણ પછી પાછું એકાસણા પર ચડવું મુશ્કેલ બને છે. કદાચ દૃઢ સંકલ્પ-તીવ્ર પ્રણિધાન હોવાથી પાછા એકાસણા શરૂ કરે, તો પણ શરૂઆતમાં શરીર બળવો કરે છે. સવારના ૯-૧૦ વાગે એટલે ભૂખ લાગે, માથું ચડે, આંખે તારા દેખાય... આવું થતું હોય છે.

  **વ્યવહારનું પાલન તૂટે એટલે પ્રાયઃ નૈશ્ચયિક ગુણમાં કડાકો બોલાય છે.**
- કંડરિક મુનિવરે ૧૦૦૦ વર્ષ સુધી ઘોર તપ સાધના કરી. માસક્ષમણને પારણે માસક્ષમણ કર્યા. રસના પર કેવું નિયંત્રણ મેળવ્યું હશે ? પણ નિમિત્તોનું સેવન કર્યું... રાજાના ઘરની ગોચરી વાપરી... તો તેમાં એવા ફસાયા કે તેના માટે દીક્ષા છોડી ! એક જ દિવસમાં મરીને સાતમી નરકે રવાના થઈ ગયા.
- *સભા : અમારું એવું જ થતું હશે ને ? તપ કર્યા પછી પારણામાં બધું જ વાપરીએ છીએ.*

  તપની સાચી પરીક્ષા પારણામાં જ છે. **પારણામાં જે રસના પર નિયંત્રણ ન જાળવે, તે તપ દ્વારા પ્રાપ્ત કરેલ ગુણને ગુમાવી દે, તે સંભવ છે જ. એટલે તો કહેવાઈ રહ્યું છે કે ગુણને ટકાવવા આચારનું પાલન અનિવાર્ય છે.**
- અમારા સ્વ. ગચ્છાધિપતિ તો કહેતા હતા કે તપ કરવા માટે અત્તરવાયણાની જરૂર

પડે, તે સાચો તપસ્વી નથી.

*સભા : તો સંઘ અત્તરવાયણા શા માટે કરાવે છે ?*

એમ તમે ભેળસેળ ન કરો.

આરાધના કરનાર માટે ઉપદેશ જુદો હોય, કરાવનાર માટે જુદો હોય.

આયંબિલ કરનારને એવો ઉપદેશ કરાય કે જે મળે, તેનાથી ચલાવી લેવાનું. કરાવનારને એવો ઉપદેશ કરાય કે વ્યવસ્થા એવી કરવી જોઇએ કે સહુને સંતોષ થાય, બીજી વાર આયંબિલ કરવાનું મન થાય. કરાવનારને એવું ન કહેવાય કે બે જ દ્રવ્ય બનાવો.

સાધુને એવો ઉપદેશ કરીએ કે રોટલી-દાળથી જ ચલાવવાનું. પણ વહોરાવનારને તેવો ઉપદેશ ન કરાય કે રોટલી-દાળ જ વહોરાવો, બીજું કંઇ નહીં. તેને તો એવો જ ઉપદેશ હોય કે ઘરમાં જે ઉત્તમમાં ઉત્તમ દ્રવ્યો હોય, તે વહોરાવવા.

જે તપ કરે છે, તેણે અત્તરવાયણાની અપેક્ષા નથી રાખવાની.

સંઘ તપસ્વીની ભક્તિ માટે અત્તરવાયણા કરાવે, તે જુદી વાત છે. ઘણીવાર અત્તરવાયણાના માહોલથી, બીજાના આલંબનથી અનેક લોકોને તપ કરવાનું મન થઇ જતું હોય છે. એના માટે પણ અત્તરવાયણા કરાવાતા હોય છે.

*સભા : અત્તરવાયણું બરાબર કર્યું હોય, તો તપ સારો થાય.*

એ આપણો ભ્રમ છે.

**સ્વ. ગચ્છાધિપતિશ્રીનું કહેવું એ જ હતું કે તપની લબ્ધિ, ઊણોદરીથી પ્રગટ થાય, વાપરવાથી નહીં.**

- વારંવારનું પાપસેવન, પાપની જુગુપ્સાને તોડી નાખે છે. પાપની જુગુપ્સા ઊભી રાખવા, પાપનો ત્યાગ કરવો જ પડે.

  એટલે, ક્ષાયોપશમિક ગુણને ટકાવવા માટે વ્યવહાર ધર્મનું પાલન અનિવાર્ય છે.
- એટલે કોઇ એમ કહેતું હોય કે મને ગુણ સિદ્ધ થઇ ગયો હોવાથી મારે આચાર-પાલનની જરૂર નથી... તો તે કાં તો પોતે જ મોટા ભ્રમમાં છે – અજ્ઞાની છે... અથવા પોતાની નબળાઇને ઢાંકવા જૂઠું બોલી રહ્યો છે.. એટલું નક્કી છે.
- બીજી વાત એ છે કે **જેટલા અંશમાં ગુણ હોય, તેટલા અંશમાં બહાર પ્રવૃત્તિમાં પરિણમે.**

  મારા અંતરમાં મારા ગુરુદેવ પ્રત્યે બહુમાન હોય, તો હું ગુરુદેવનું પડિલેહણ વગેરે ભક્તિ કર્યા વિના ન રહું... ગુરૂદેવ આવતાંની સાથે જ ઊભા થઈ જ જાઉં.

  બધી જ અનુકૂળતા હોવા છતાં કોઇ પ્રકારની ભક્તિ ન કરું, અને એમ કહું કે મને ગુરુદેવ પ્રત્યે અપાર બહુમાન છે... તો તે દંભ સિવાય બીજું શું હોય ?

  રસનાની આસક્તિ ન સતાવતી હોવાનો દાવો કરે, અને વાપરવા બેસે ત્યારે દાળ

અને રસ વચ્ચે પસંદગી કરવાની આવે ત્યારે હંમેશા રસ જ પસંદ કરે; તો તેને દંભ સિવાય બીજું શું કહેવાય ?

મેં કહ્યું તેમ, **હકીકતમાં પોતાના અવગુણને ઢાંકવા માટે જ આવી દલીલો થતી હોય છે કે મને ગુણ સિદ્ધ થઈ ગયો હોવાથી આચાર-પાલનની જરૂર નથી.**

**વાસ્તવમાં જેને ગુણ સિદ્ધ થયો હોય, તે કદી એવું બોલે નહીં. તેના જીવનમાં શક્ય તેટલું આચાર-પાલન હોય જ.**

- આ બધી વાત ક્ષાયોપશમિક ગુણ માટે કરી.

**ક્ષાયિક ગુણ હોય, તો તેને ટકાવવા માટે પુરુષાર્થ જરૂરી નથી. પણ ક્ષાયિક ગુણ સહજ જ બહાર વ્યવહારનું પાલન કરાવે છે.**

- **કેવલિ ક્ષાયિક ગુણના સ્વામી હોય છે. છતાં તેઓ નિર્દોષ જ ગોચરી વાપરે છે.**

પ્રભુ વીરે સિંહ અણગારને સ્પષ્ટ સૂચના કરી હતી – રેવતી શ્રાવિકાએ ઘર માટે જે બનાવ્યું છે, તે જ લાવજો. વહોરાવવા માટે જ બનાવેલ દ્રવ્ય લાવવાનો નિષેધ જ કરેલો.

- **કેવલિ ભગવંતને કોઈ સ્ત્રી ચરણ-સ્પર્શ કરવા જાય, તો તેઓ પોતાનો પગ ખેંચી જ લે, તેને સ્પર્શ ન કરવા દે.**

**તીર્થંકર પરમાત્મા પણ આ બધા વ્યવહારનું પાલન કરે છે.**

- **સાધુના બધા આચારોનું પાલન કેવલિ ભગવંત કરે.**

અલબત્ત, તેમના આચારો થોડાક જુદા છે. તેમને પ્રતિક્રમણ હોતું નથી. પડિલેહણ ફરજીયાત નથી, જીવો હોય તો કરવાનું. પણ જેટલા આચારો તેમના છે, તેનું પાલન તેઓ કરે જ.

**તેઓ વિહાર જ કરે છે, દેવોના વિમાનમાં બેસીને જતા નથી. ગોચરી વહોરીને જ વાપરે છે, એક સ્થાને રહેતા નથી, વિજાતીયને સ્પર્શ કરતાં નથી.**

- **ક્ષાયિક ગુણ હોવા છતાં વ્યવહારનું પાલન એટલા માટે પણ કરવાનું હોય છે કે બીજા ખોટું આલંબન ન લે.**

જો કેવલી ભગવંત દોષિત ગોચરી વાપરે, તો બીજા સાધુઓ પણ વાપરે... એમ કરતાં કરતાં બધા વાપરતા થઈ જાય. એને શાસ્ત્રમાં 'અનવસ્થા' નામનો દોષ કહ્યો છે.

**એકનું જોઈને બીજો કરે... બીજાનું જોઈને ત્રીજો કરે... એમ જે સાંકળ ચાલે, એને અનવસ્થા કહેવાય છે.**

**આવી અનવસ્થા ન ઊભી થાય, તે માટે પણ વ્યવહારનું પાલન કેવલી ભગવંત કરે છે.**

- જે લોકો એમ કહે છે કે હકીકતમાં તો નિશ્ચય જ સાચો છે, તેનું ખંડન **શાસ્ત્રકારોએ**

**સ્પષ્ટ કર્યું છે – વ્યવહાર પણ પોતાના સ્થાને બળવાન્ છે. એટલે જ કેવલિ પણ વ્યવહારનું પાલન કરે છે.**

શાસ્ત્રમાં કહ્યું છે – શિષ્યને કેવળજ્ઞાન થયું હોય... તેની ગુરુને ખબર ન હોય, તો છદ્મસ્થ ગુરુને પણ કેવલિ શિષ્ય વંદન કરે. હા, ગુરુને ખબર પડ્યા પછી ગુરુ કરવા ન દે.

પુષ્પચૂલા સાધ્વીજીને કેવળજ્ઞાન થયા પછી પણ અર્ણિકાપુત્ર આચાર્યની ગોચરી લાવતા હતા.

- એક વાત યાદ રાખજો – **સાધ્વીજી કદી સાધુ માટે ગોચરી લાવે નહીં. સાધ્વીજીએ વહોરેલી ગોચરી સાધુ ભગવંતને ખપે નહીં – એ અમારો આચાર છે.**

  અર્ણિકાપુત્ર આચાર્યની ગોચરી, પુષ્પચૂલા સાધ્વીજી લાવતા હતા, તેનું વિશિષ્ટ કારણ હતું.

  નગરમાં દુકાળ હોવાથી, આચાર્ય ભગવંતે બધા સાધુ-સાધ્વી ભગવંતોને વિહાર કરાવી દીધેલો. પોતે અત્યંત વૃદ્ધ હોવાથી, વિહાર કરવા અસમર્થ હોવાથી રોકાઈ ગયેલા. પુષ્પચૂલા સાધ્વીજી, રાજાના બહેન હતા. દીક્ષા આપતી વખતે રાજાએ એ શરતે રજા આપેલી કે નગરની બહાર જવું નહીં, કારણકે રાજાને તેમના પર અત્યંત રાગ હતો. એટલે સાધ્વીજીને પણ રોકાવું પડેલું. પછી, આચાર્ય ભગવંતની સેવા કરનાર કોઈ સાધુ ન હોવાથી તેઓ ગોચરી લાવી આપતા હતા. આ અપવાદ છે, સામાન્ય સંયોગોમાં સ્વીકાર્ય નથી.

- એટલે નક્કી એ થયું કે ક્ષાયિક ગુણ હોય, તો પણ વ્યવહારનું પાલન હોય જ છે. એટલે 'ગુણ પ્રાપ્ત થયો હોવાથી વ્યવહારની જરૂર નથી.' આવું કોઈ પણ દશામાં હોતું નથી. તે મોટે ભાગે પોતાના અવગુણને ઢાંકવા માટે ગોતી કઢાયેલું બહાનું છે.

- **આપણા ગુણ તો ક્ષાયોપશમિક જ છે. તેને ટકાવવા ક્રિયા જરૂરી છે જ.** જેના હૃદયમાં પ્રભુ પ્રત્યે બહુમાન જાગે, તે દર્શન-પૂજા-ગુણગાન કરશે તો બહુમાન વધશે, ટકશે. જે દર્શન-પૂજા-ગુણગાન છોડી દે, તેનું બહુમાન વધે, કે ચાલ્યું જાય ?

  જેને ગુરુ પ્રત્યે ભક્તિ છે, તે પડિલેહણાદિ ભક્તિ કરે, તો ભક્તિ વધે, ટકે. જે પડિલેહણાદિ ભક્તિની ઉપેક્ષા કરે, તેનો ભક્તિભાવ તો ઘટવાનો, નાશ જ પામવાનો.

- **એકાંત નિશ્ચયવાદીઓએ ઊભો કરેલો બીજો એક ભ્રમ એવો છે કે ધ્યાન એ 'ઊંચી' સાધના છે. પૂજા, સામાયિક, પ્રતિક્રમણ વગેરે 'નીચી' સાધના છે.**

  **હકીકતમાં આવું માનવું, તે તો જિનવચનનું ઘોર અજ્ઞાન જ છે.**

- પ્રભુના શાસનમાં 'ધ્યાન' શબ્દનો અર્થ શું છે ?

  **આંખ બંધ કરીને આત્માનું ચિંતન કરવું – એ જ ધ્યાન; એવું પ્રભુના શાસનમાં**

**ક્યાંય કહ્યું નથી.**

**કોઈપણ આરાધનામાં–યોગમાં મન–વચન–કાયાની એકાગ્રતા એ જ ધ્યાન છે. આવી જ તત્ત્વાર્થાધિગમ સૂત્ર વગેરે સર્વ જૈન શાસ્ત્રોમાં ધ્યાનની વ્યાખ્યા છે.**

- ચાલતી વખતે ઈર્યાસમિતિના ઉપયોગમાં એકાકારતા આવે, તો તેને પણ ધ્યાન કહ્યું છે. અર્થાત્ 'મારા ચાલવાથી કોઈ જીવ મરી ન જવો જોઈએ.' તેવું સતત ચિંતન હોય, સતત નીચે જોતો હોય, કાળજીપૂર્વક ચાલતો હોય, તો તે પણ ધ્યાન બને છે.
- આપણાં અનેક શાસ્ત્રોમાં ભાંગાની ગણના આવે છે. ચોથા કર્મગ્રંથમાં બંધહેતુના ભાંગા છે. છટ્ઠા કર્મગ્રંથમાં બંધસ્થાનના ભાંગા છે. આ ભાંગાની ગણનામાં મન એકાગ્ર બને, તેને પણ શાસ્ત્રમાં ધ્યાન કહ્યું છે.
- આ બધા ધ્યાનમાં શરીર સ્થિર નથી હોતું, મનમાં પણ આત્માનું ચિંતન નથી હોતું... એકમાં જીવરક્ષાનું ચિંતન છે, બીજામાં કર્મપ્રકૃતિનું ગણિત છે. છતાં તે ધ્યાન છે જ.
- *સભા : અમે તો એવું જ સાંભળ્યું છે કે આત્માનું ચિંતન, એ જ ધ્યાન છે.*

  એ એકાંતવાદીઓના દુષ્પ્રચારનું પરિણામ છે.

  'અમે ધ્યાન કરનારા હોવાથી ઊંચા સાધકો છીએ... બીજા બધા સામાયિક–પ્રતિક્રમણ કરનારા નીચા સાધકો છે..' એવા પોતાના પ્રચારને સાચો ઠેરવવા માટે આ ભ્રમ ઊભો કરવામાં આવ્યો છે.

  અલબત્ત, આત્માનું ચિંતન પણ ધ્યાન બની શકે છે જ. પણ એ જ ધ્યાન, અને બીજી બધી આરાધના ધ્યાન નહીં, એ વાત જિનશાસનને માન્ય નથી, ઉત્સૂત્ર જ છે.

  **આવશ્યક નિર્યુક્તિની ટીકામાં તો કહ્યું છે કે સાધુની એવી કોઈ આરાધના નથી કે જે ધ્યાન ન બની શકે !**
- *સભા : આત્માનું ચિંતન, તે ઊંચું ધ્યાન; અને બીજા બધા નીચા ધ્યાન... એવું હોઈ શકે ?*

  **અલબત્ત, ધ્યાનમાં તરતમતા હોય. પણ તેનો આધાર, ધ્યાનનો વિષય નહીં, આત્માની નિર્મળતા–વિશુદ્ધિ–રાગદ્વેષની મંદતા પર છે.**

  ધર્મધ્યાનના ચાર પ્રકાર બતાવ્યા છે→ એકનો વિષય પ્રભુની આજ્ઞા છે. બીજાનો વિષય ચૌદ રાજલોકનું સ્વરૂપ છે. ત્રીજાનો વિષય કર્મના ફળ છે. ચોથાનો વિષય રાગ–દ્વેષના નુકસાનો છે.

  શુક્લધ્યાનનો વિષય આત્મા જ હોય એવું ક્યાંય કહ્યું નથી. તેમાં વિષયની સૂક્ષ્મતા વધતી જાય છે, એકાગ્રતા વધતી જાય છે. પણ જરૂરી નથી કે વિષય આત્મા જ

હોય.

- શાસ્ત્રમાં ગોચરી વાપરતાં વાપરતાં કેવળજ્ઞાન થયાના દષ્ટાંત છે. ગોચરી પરઠવતાં કેવળજ્ઞાન થયાના દષ્ટાંત છે. તેમનો ઉપયોગ તે-તે ક્રિયામાં જ હતો. તે ઉપયોગ જ તેમનો ધ્યાનરૂપ બન્યો છે. કારણકે શુક્લધ્યાન વિના ક્ષપકશ્રેણિ કે કેવળજ્ઞાન થતું નથી. અને તે ઉપયોગનો વિષય આત્મા નહોતો, એ સ્પષ્ટ છે. અલબત્ત, જે પણ ઉપયોગ હતો, તેમાં પરંપરાએ લક્ષ્ય આત્મહિતનું હોય જ, તેમાં કોઈ પ્રશ્ન નથી. સંસ્કારરૂપે તે પરિણામ સદા હોય.

*સભા : એવું સાંભળ્યું છે કે પરઠવતાં પરઠવતાં શુક્લધ્યાન પર ચડી ગયા. તો ત્યારે પરઠવવાની ક્રિયા બંધ થઈ ગઈ હશે ને ?*

શા માટે એવું માનવાનું ? શાસ્ત્રકારે એવું કહ્યું નથી. ઊલ્ટું એવું કહ્યું છે કે પરઠવતાં પરઠવતાં જ કેવળજ્ઞાન થયું. તો ક્રિયા ચાલુ હતી, તેમ માનવું જ પડે.

ઈલાયચીકુમારને દોરડા પર નૃત્ય કરતાં કેવળજ્ઞાન થયું છે. તો શું દોરડા પર ચાલવાની ક્રિયા બંધ થઈ ગઈ હશે ? બંધ થાય, તો ધડામ્ દઈને પડે કે બીજું કાંઈ થાય ?

- યોગ અને ઉપયોગ જુદા હોઈ શકે છે. ચાલતાં ચાલતાં તમે કોઈ વિચારે ચડી જાવ, છતાં ચાલવાની ક્રિયા ચાલુ રહે છે, તે તમે અનુભવો છો. એટલે, ઉપયોગ બીજે જવાથી ક્રિયા બંધ થઈ જાય, તેવું માનવું જરૂરી નથી.

અને અહીં તો ઉપયોગ બીજે ગયો, તેવું પણ માનવાનું નથી. શાસ્ત્રકારે તેવું કહ્યું નથી, તો શા માટે તેવી કલ્પના કરવાની ? **ગોચરી પરઠવવાની શાસ્ત્રાનુસારી ક્રિયામાં રહેલો ઉપયોગ જ ચિત્તની અત્યંત એકાગ્રતાથી ધ્યાનરૂપ બની ગયો, શુક્લધ્યાન રૂપે પરિણમ્યો અને ક્ષપકશ્રેણિ પ્રાપ્ત થઈ – એ વાત શાસ્ત્રસિદ્ધ છે જ; કારણકે ઈર્યાસમિતિના ઉપયોગને ધ્યાન કહ્યું છે, કોઈપણ ક્રિયાને ધ્યાન કહી છે.** તો પછી ઉપયોગ બદલાયો, તેવી કલ્પના કરવાની પણ જરૂર નથી.

- *સભા : જો આ જ સત્ય હોય, તો બધાએ તેનો પ્રચાર ન કરવો જોઈએ ?*

અમે શાસ્ત્રાનુસારી વાત કરીએ જ છીએ. પણ મેં કહ્યું તેમ કલિકાળમાં મિથ્યા પંથોનું જોર વધુ જ હોય છે. તેમના પુણ્યને અમે પહોંચી નથી શકતા.

જે અમારું માને છે, જેને અમારા પર શ્રદ્ધા છે, તેને સાચી વાત સમજાવીએ છીએ.

- વ્યાખ્યાન કરવું, તે પણ ધ્યાન બની શકે છે.

વ્યાખ્યાન સાંભળવું, તે પણ ધ્યાન બની શકે છે.

શરત એ છે કે તેમાં ચિત્તની એકાગ્રતા જોઈએ.

હા, એકાગ્રતાનો વિષય અશુભ હોય, તો અશુભ ધ્યાન બને.

એકાગ્રતાનો વિષય શુભ હોય, તો શુભ ધ્યાન બને.

શુભ ધ્યાનમાં, રાગ-દ્વેષની મંદતા જેટલી થાય, તેટલી વિશુદ્ધિ વધતી જાય, કર્મક્ષય વધતો જાય.

- ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે – જિનશાસનના દરેક યોગની આરાધના કરતાં અનંતા આત્માઓ કેવળજ્ઞાન પામ્યા છે.

  એનો સ્પષ્ટ અર્થ છે કે કોઈપણ યોગની આરાધના, ધ્યાનમાં પરિણમી શકે છે, કારણકે શુક્લધ્યાન વિના કેવલજ્ઞાન થતું નથી.

  અને સર્વત્ર, તે-તે યોગનો ઉપયોગ જ ધ્યાનમાં પરિણમે છે. ઉપયોગને તે આરાધનામાંથી અન્યત્ર લઈ જવાથી શુક્લધ્યાન આવે, એવું ક્યાંય કહ્યું નથી. શુક્લધ્યાનના ચાર ભેદોના નિરૂપણમાં તેવો કોઈ ઉલ્લેખ નથી.

- જે લોકો ધ્યાનને ઊંચી સાધના માને છે, તેમને હું કહીશ કે હકીકતમાં તો જે સાધક **પોતાને ઉચિત આરાધના – પૂજા, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, જિનવાણી-શ્રવણ વગેરેને જ ધ્યાન રૂપે પરિણમાવી શકે છે, તે જ ખરો ઊંચો સાધક છે.**

  **જેને આ બધી આરાધનામાં એકાગ્રતા આવતી નથી, અને એકાગ્રતા લાવવા માટે આંખ બંધ કરીને બેસવું પડે છે, તે હકીકતમાં નીચો સાધક છે !**

  હા, બધી જ ઉચિત આરાધનાઓ પૂરી થયા પછી, પુનરાવર્તન, અનુપ્રેક્ષા રૂપ સ્વાધ્યાય કરવાનું; 'હું કોણ ? ક્યાંથી આવ્યો ?' વગેરે રૂપ ચિંતન કરવાનું શાસ્ત્રમાં કહ્યું છે, અને તે સ્વાધ્યાય કે ચિંતન પણ ધ્યાન બની શકે છે, તેનો કોઈ વાંધો નથી જ.

- અહીં હું એ વાત પણ ભારપૂર્વક કહીશ કે **સ્વાધ્યાયાદિ ક્રિયાના આલંબને મનને સ્થિર રાખવું જેટલું સરળ-શક્ય છે; તેટલું તેવા કોઈ આલંબન વિનાના માનસિક ચિંતનમાં સરળ-શક્ય નથી.**

  કોઈ જ આલંબન વિના માનસિક ચિંતન કરવા બેસે, તેનું મન અનાદિ કાળના સંસ્કારોના કારણે સંકલ્પ-વિકલ્પોમાં અટવાઈ જાય, તેવી શક્યતા ઘણી વધુ છે. અને આલંબન ન હોવાથી, તેને પાછું શુભ ઉપયોગમાં લાવવાનું યાદ જ ન આવે, તેવું શક્ય છે જ.

  એટલે આવી ધ્યાન-સાધનાના પ્રયાસ કરવાના બદલે, જે આરાધના કરીએ છીએ, તેમાં મનને સ્થિર કરવા દ્વારા, તે ઉપયોગને જ ધ્યાન બનાવવાની સાધના કરવી વધુ સારી છે.

- જિનશાસનની એક અદ્ભુત વિશેષતા છે → તે આરાધનાના બે પ્રકાર પાડે છે.
  ૧. નિશ્ચય અને ૨. વ્યવહાર..
- અંતરના પરિણામ–અધ્યવસાય એ નિશ્ચયથી આરાધના છે.
  બાહ્ય આચાર એ વ્યવહારથી આરાધના છે.
- મારા અંતરમાં ગુરૂદેવ પ્રત્યે શ્રદ્ધા, બહુમાન, સમર્પણ (આજ્ઞાપાલનની તત્પરતા) હોય – એ નિશ્ચયથી ગુરૂભક્તિ છે.
  હું ગુરૂદેવનું પડિલેહણ કરું, ગોચરી–પાણી વગેરે લાવું–વપરાવું, કાપ કાઢું, બોલાવે તો 'જી' કહીને, હાથ જોડીને ઊભો રહું, આવે તો ઊભો થઈ જાઉં... વગેરે... વ્યવહારથી ગુરૂભક્તિ છે.
- તમારા હૃદયમાં પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા, બહુમાન, પ્રભુના વચન પર શ્રદ્ધા વગેરે હોય – તે નિશ્ચયથી પ્રભુભક્તિ છે.
  પ્રભુની અષ્ટપ્રકારી પૂજા, તીર્થયાત્રા, અભિષેક, અંગરચના વગેરે કરવા; પ્રતિષ્ઠા વગેરેમાં બોલી બોલીને લાભ લેવો વગેરે વ્યવહારથી પ્રભુભક્તિ છે.
- હાથ જોડવું, માથું નમાવવું, 'નમો' વગેરે બોલવું – તે વ્યવહારથી નમસ્કાર છે..
  બહુમાનભાવ, તે નિશ્ચયથી નમસ્કાર છે..
- પરમાત્માના ગુણો પરનું બહુમાન તે પરમાત્માને ભાવ–નમસ્કાર છે. (વિશેષાવશ્યક ભાષ્ય ટીકા)
- અંતરમાં ખાવાની લાલસા ન હોય, સ્વાદની ઈચ્છા ન હોય – તે નિશ્ચયથી તપ–ત્યાગ વગેરે છે.
  ઉપવાસ–આયંબિલ વગેરે... વ્યવહારથી તપ–ત્યાગ વગેરે છે.
- પૂ. આ. ભ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા. એ સરસ વાત કરેલી – 'સામાયિકનો અર્થ સમતા છે... સમતા એ નિશ્ચયથી સામયિક છે.. તેને પ્રાપ્ત કરવા માટે બહારથી પાપપ્રવૃત્તિનો ત્યાગ જરૂરી છે. તે વ્યવહારથી સામાયિક છે.'
- કેવલી પણ વ્યવહારનું પાલન કરે જ.
  ગૃહસ્થવેશમાં કેવળજ્ઞાન થયું હોય તો પણ સાધુવેશ લે... ભરત ચક્રી વગેરે...
- જ્યારે બીજા જોનારા હોય, અને તેમને ખબર હોય કે 'આ સાધુ છે–કેવલી છે'; ત્યારે જ તેમને આલંબન આપવા વ્યવહારની જરૂર પડે. એટલે કેવળજ્ઞાન થયું છે – તેવી બીજાને ખબર જ ન પડે, તો સાધુવેશ ન પણ લે. (કૂર્માપુત્ર)
- ચાતુર્માસમાં અમારે પાટ પર સંથારો કરવાનો હોય છે; તે પાટ તમારા ઘરેથી (ગોચરી

વગેરેની જેમ) માંગીને – જાતે ઊંચકીને લાવવી, તે અમારો મૂળ આચાર છે. અમારા માટે બનાવેલી પાટ અમારે વપરાય નહીં, તે મૂળ આચાર છે. પછી ચાતુર્માસ પૂરું થયેથી, પાછી આપવાની છે. કોઈ સાધુ ભગવંત, ચાતુર્માસ પૂર્વે પાટ લાવ્યા હોય, અને ચાલુ ચોમાસે કેવળજ્ઞાન થઈ જાય, પછી ખબર પડે કે આસો મહિને જ મારું આયુષ્ય પૂરું થઈ જશે, તો સ્વયં પાટ પાછી આપવા જાય. (આવશ્યક નિર્યુક્તિ) આ વ્યવહારનું પાલન કેવલી પણ કરે !

- કેવલીને શિષ્ય હોય તેવું જરૂરી નથી. અને કેવળજ્ઞાન થયાની બીજાને ખબર પડી જ જાય તેવો નિયમ નથી. એટલે ગોચરી વહોરવી વગેરે કાર્યો કેવલી સ્વયં પણ કરે. (પુષ્પચૂલા સાધ્વી)
- પોતાને કેવળજ્ઞાન થયાની વાત કેવલી સામેથી કદી ન કરે. પણ, તે વિષયમાં કોઈ પ્રશ્ન કરે, તો સાચી વાત જણાવી દે.
- પહેલો વ્યવહાર કે નિશ્ચય ?

  સામાન્યથી પહેલા બાહ્ય આચાર આવે, પછી ગુણ આવે. જેમ બાળકને સામાયિક કરાવાય, ત્યારે ગુણ નથી હોતો...

  પણ ક્યારેક પહેલા ગુણ આવે, પછી આચાર, તેવું પણ બને. મોટી ઊંમરે જિનવાણી–શ્રવણ દ્વારા ગુણ પ્રગટ થયા પછી આચાર–પાલન આવે, તેવું બનતું હોય છે.
- એક વાત ધ્યાનમાં રાખવી કે ગુણમાં તરતમતા હોય છે. ગુણની ઈચ્છા પણ એક ગુણ છે. તેટલા અંશમાં પણ નિશ્ચય આવ્યો કહેવાય. તે પછી બાહ્ય વ્યવહાર આવે, તેવું બની શકે. તેનાથી નિશ્ચયરૂપ ગુણમાં વૃદ્ધિ થાય. તે ગુણ આચારથી આવ્યો – તેમ કહેવાય.

  આમ, બંને પરસ્પર પર અવલંબિત છે.

- કેટલાકને પ્રશ્ન થાય છે – સાચો તો નિશ્ચય (અંતરનો પરિણામ) જ છે. તો વ્યવહારની જરૂર શી ?

  કેટલાક તો, વ્યવહારની જરૂર નથી – એવું માને છે. બોલે છે..

  તેનો જવાબ એ છે કે આખું જ શાસન વ્યવહારના આધારે જ ચાલે છે.
- તમે મારો સાધુવેશ અને આચાર જોઈને જ વંદન કરો છો. એ વ્યવહાર જ છે. મારામાં નિશ્ચયથી સાધુપણું છે કે નહીં, એ તો તમે જાણી પણ શકતા નથી.
- વ્યવહારનો ઉચ્છેદ કરનારા, શાસનનો ઉચ્છેદ કરે છે. એવું શાસ્ત્રકારોએ અનેક સ્થાને સ્પષ્ટ રીતે કહ્યું છે.

- જેઓ જિનશાસનને પામ્યા પછી, પરમાત્માના વચનથી વિરુદ્ધ પ્રરૂપણા કરે છે, તે નિહ્નવ કહેવાય છે.
 પ્રભુવીરના શાસનમાં થયેલા નિહ્નવોમાં એક કથા છે →
 આચાર્ય ભગવંત જોગ કરાવી રહ્યા હતા. અચાનક કાળધર્મ પામીને દેવલોકે ગયા. ત્યાંથી અવધિજ્ઞાનથી પૂર્વભવ જોયો. શિષ્યોને જોગ કોણ કરાવશે ? એ પ્રશ્ન થયો. એટલે તેમણે પોતાના પૂર્વભવના શરીરમાં પ્રવેશ કર્યો. કોઈને ખબર ન પડી કે આચાર્ય ભગવંત કાળધર્મ પામ્યા છે. શિષ્યોને જોગ પૂરા કરાવ્યા. પછી શિષ્યોને વાત કરી – 'હું તો દેવ છું. તમારા વંદન મારાથી લેવાય નહીં. પણ તમને જોગ પૂરા કરાવવા આવ્યો, તમારા વંદન લીધા. તે માટે મિચ્છા મિ દુક્કડમ્.'
 બધા શિષ્યોને થયું – 'આપણે જેને વંદન કરીએ છીએ, તે સાચો સાધુ છે કે નહીં, તેની ખબર કેમ પડે ?' એટલે બધાને વંદન કરવાના બંધ કરી દીધા ! અને એટલે શાસ્ત્રકારોએ તેને નિહ્નવ કહ્યા છે !
 વેશ-આચાર-પર્યાયના આધારે વંદન કરવાનો વ્યવહાર ન માનતા હોવાથી નિહ્નવ તરીકે ઘોષિત કરાયા...
- નિહ્નવો સંઘ-શાસનની બહાર ગણાય છે.
- પહેલીવાર તો સાધુનો વેશ જોઈને વંદન કરવાનું જ છે.
 હા, નજીકના પરિચયથી નિશ્ચિત થાય કે માત્ર વેશ જ છે, સાધુના આચારો (મહાવ્રતો)નું પાલન જ નથી, તો વંદન બંધ કરવાના છે.
 પણ વંદન કરતાં પહેલાં ખાતરી કરવાનું કોઈ શાસ્ત્રકારે કહ્યું નથી.
- કોઈ વ્યક્તિ કેવળજ્ઞાનીને કહે –'આપ તો કેવળજ્ઞાનથી મારા બધા જ પાપો જાણો છો. તો તેનું પ્રાયશ્ચિત્ત આપો.' તો કેવલી પ્રાયશ્ચિત્ત ન આપે. તેને કહે કે – 'તું પાપોની આલોચના કર... સ્વયં જણાવ. પછી જ પ્રાયશ્ચિત્ત મળે.'
- કેવલી ભગવંતનો શિષ્ય કોઈના ઘરે વહોરવા ગયો હોય... શ્રાવકે સાધુ માટે જ કોઈ વસ્તુ બનાવી હોય.. વહોરનાર સાધુની ભાવના નિર્દોષ જ વહોરવાની હોય.. તેથી બધી કાળજી કરે, પૂછપરછ કરે.. પણ શ્રાવક એવો ચાલાક હોય કે ખબર ન પડવા દે... સાધુ છેતરાઈ જાય... દોષિતને નિર્દોષ માનીને વહોરી લે... પોતાના કેવલી ગુરૂ પાસે આવીને બતાવે... કેવલી ભગવંત કેવળજ્ઞાનથી જાણે છે કે 'આ દોષિત છે'. છતાં તેઓ શિષ્યને કહે નહીં કે – 'આ દોષિત છે.' પોતે વાપરે, શિષ્યને પણ વાપરવા દે. કારણકે શિષ્ય બધી કાળજી કરીને લાવ્યો હોવાથી વ્યવહારથી તે શુદ્ધ-નિર્દોષ ગોચરી જ છે.
- આ દૃષ્ટાંતમાં એ વાત બરાબર સમજી રાખો કે,

શિષ્ય માટે ગોચરી વ્યવહારથી દોષિત છે, કારણકે સાધુ માટે બનેલી છે; પણ નિશ્ચયથી નિર્દોષ છે, કારણકે તેના અધ્યવસાય શુદ્ધ છે.

પણ કેવલી ભગવંત માટે ગોચરી નિશ્ચયથી દોષિત છે, કારણકે તેમના જ્ઞાનમાં જણાય છે; પણ વ્યવહારથી નિર્દોષ છે, કારણકે શુદ્ધ આચારનું પાલન કરીને લવાયેલી છે.

- ભગવાનનું મનોબળ અત્યંત મજબૂત હોવા છતાં, સહુની સામે પ્રતિજ્ઞા લેવા રૂપ વ્યવહાર તેઓ આચરે છે. અને તે વ્યવહારના પાલન પછી જ તેમને સાતમું ગુણસ્થાનક આવે છે, ચોથું જ્ઞાન ઉત્પન્ન થાય છે. તે પૂર્વે ગમે તેવા મનના પરિણામ હોય તો પણ નથી આવતું.

  પ્રભુ વીર ગૃહસ્થપણાના છેલ્લા બે વર્ષ લગભગ સાધુની જેમ રહ્યા... બ્રહ્મચર્ય પાળ્યું... સ્નાન ન કર્યું.. તો પણ સાતમું ગુણસ્થાનક ન આવ્યું.

  જો કે, બીજા ગૃહસ્થોને દ્રવ્ય-ચારિત્ર ન લીધું હોય, તો પણ ક્વચિત્ સાતમું ગુણસ્થાનક આવી શકે છે.

- પોતે વ્યવહાર ન આચરવો, તે પોતાની નબળાઈ છે.

  પણ 'વ્યવહારની જરૂર નથી તેમ કહેવું' – તે ઉત્સૂત્ર પ્રરૂપણા છે..

- ષોડશકમાં હરિભદ્રસૂરિ મ. કહે છે – હજારો ભવોના અભ્યાસ પછી જ ગુણની સિદ્ધિ થાય છે.

- બાળક કદાચ સેંકડો વાર એકડો ઘૂંટે પછી સાચો ઘૂંટાય. પણ તે પહેલાના ઘૂંટેલા નકામા નથી હોતા. સેંકડો વાર ખોટો ઘૂંટ્યો તો જ સાચો ઘૂંટાયો છે..

  તેમ નિશ્ચય ન આવે તો પણ વ્યવહાર સર્વથા નિષ્ફળ નથી.

- નિશ્ચયનું લક્ષ્ય ન હોવા છતાં, સકૃદ્‌બંધકની વ્યવહારથી ધર્મક્રિયા, ગુણકારી થાય છે, એવું પંચાશકમાં હરિભદ્રસૂરિ મ. લખે છે.

- ભાવ વિનાની દ્રવ્યક્રિયા(વ્યવહાર ધર્મ) ના શાસ્ત્રકાર બે ભેદ પાડે છે.

  ૧. પ્રધાન અને ૨. અપ્રધાન..

  તેમાં પ્રધાન દ્રવ્યક્રિયા, છેવટે ભાવક્રિયાને લાવનારી બને છે, તેવું ઉપદેશપદ વગેરે શાસ્ત્રોમાં કહ્યું છે.

- વ્યવહારનું આટલું દૃઢતાથી મંડન કરવાનું કારણ એ છે કે, તમે વ્યવહારમાં મજબૂત-સ્થિર બનો... કોઈ પ્રચારથી અંજાઈ ન જાવ, ભ્રમિત ન થઈ જાવ, મૂંઝાઈ ન જાવ.. વ્યવહારને છોડી ન દો.. વર્ષોથી તમે કરેલું વ્યવહાર ધર્મનું પાલન નિષ્ફળ છે, તેવું માનવા ન લાગો...

- કોઈ પણ જીવ ધર્મમાં પ્રવેશ કરતો હોય, ત્યારે વ્યવહાર જ બતાવાય.
  વ્યવહાર(આચાર)માં સ્થિર બને – પછી જ નિશ્ચય(પરિણતિ)ની વાત કરાય.
- 'ચારિત્ર લીધા વિના મોક્ષ ન થાય' એ પણ શાસ્ત્રવચન છે.
  'અનંતી વાર ચારિત્ર લીધા પછી પણ આપણો મોક્ષ નથી થયો' એ પણ શાસ્ત્રવચન છે.
  બેમાંથી કયો ઉપદેશ તમને કરાય ? 'ચારિત્ર લીધા વિના મોક્ષ ન થાય' એ જ... એ વ્યવહારનો ઉપદેશ છે, ચારિત્રના આચારોનું પાલન કરવાનું જણાવે છે. 'અનંતી વાર ચારિત્ર લીધા પછી પણ મોક્ષ નથી થયો' એ નહીં જ. એ નિશ્ચયનો ઉપદેશ છે, ચારિત્રના આચારો પાળવા છતાં જો અંતરમાં પરિણતિ નહીં આવે, તો મોક્ષ નહીં થાય એમ જણાવે છે.
  કારણકે એવો ઉપદેશ કરીએ, તો તમે ચારિત્ર લેશો જ નહીં... 'અનંતી વાર ચારિત્ર લેવા છતાં જો મોક્ષ ન થયો... તો હવે લઈને શું કરવાનું ? લેવાનો શો અર્થ ?' આવું જ વિચારશો. ચારિત્ર લેવાના કોઈના પરિણામ હશે, તો પણ પડી જશે... તેવું સંભવિત છે. તેવો ઉપદેશ તો ચારિત્ર લીધા પછી સરખું પાળતો ન હોય કે માત્ર આચારથી જ સંતુષ્ટ થઈ જતો હોય, પરિણતિ સુધારવા પ્રયત્ન ન કરતો હોય... તેને જ અપાય; કે જેથી એ સરખું પાળે, પરિણતિ લાવે.
- શ્રોતાની કક્ષા કરતાં જુદા પ્રકારની દેશના કરવાથી, શ્રોતાના આત્માનું તો અહિત થઈ શકે; પણ વક્તાના આત્માનું તો અવશ્ય અહિત થાય. અનંત સંસાર વધી શકે. (ષોડશક)
  એને શાસ્ત્રકાર પરસ્થાનદેશના કહે છે...
- દેશના આપવી, તે અતિશય જવાબદારી ભરેલું કામ છે. એટલે જ દેશના આપવાનો અધિકાર માત્ર ગીતાર્થોને જ છે..
- યોગશતકની ટીકામાં કહ્યું છે–જિનવાણીનું શ્રવણ પણ ગીતાર્થ પાસે જ કરાય.. બીજા પાસે કરવામાં તો અહિત થવાની શકયતા છે..
- જે ક્ષેત્રમાં ગીતાર્થો પહોંચી શકતા નથી, ત્યાં શ્રાવકો ગીતાર્થ સાધુ ભગવંત પાસે જ્ઞાન મેળવીને, તેમને વફાદાર રહીને, તેટલું જ બોલે – તે અપવાદ સમજવો. બાકી દેશનાનો અધિકાર ગીતાર્થ ગુરૂ ભગવંતોને જ છે. શાસ્ત્રો નહીં ભણેલા, પારગામી નહીં બનેલા સાધુ ભગવંતને પણ જે અધિકાર નથી; તે ગૃહસ્થોને ક્યાંથી હોય ?
- સંપૂર્ણ શાસન વ્યવહારથી ચાલે છે, કારણકે નિશ્ચય(પરિણતિ) તો આપણે જોઈ જ શકતા નથી.
  જે જૈન કુળમાં જન્મ્યો હોય, અથવા શ્રાવકના આચાર પાળતો હોય, તેને

સ્વામિવાત્સલ્યમાં જમાડાય છે. ચોથા–પાંચમા ગુણસ્થાનકની પરીક્ષા થતી નથી – થઈ શકે પણ નહીં, નિશ્ચયથી તો ચોથું–પાંચમું ગુણસ્થાનક હોય તો જ શ્રાવક કહેવાય.

આચાર્ય પદવી પણ વ્યવહારિક યોગ્યતા જોઈને જ અપાય છે. પરિણતિ તો અતિશયજ્ઞાની જ જાણી શકે.

નહીં તો અભવ્ય એવા અંગારમર્દકને આચાર્ય પદવી અપાત જ શી રીતે ?

- પરિણતિનું જ્ઞાન અનુમાનથી થઈ શકે...

  જીવરક્ષા માટેની જાગૃતિ જોઈને જીવદયાની પરિણતિનું અનુમાન થાય.

  ગમે તેવી પ્રતિકૂળતામાં અકળાય નહીં તો સમતાની પરિણતિનું અનુમાન થાય..

  સાક્ષાત્ પરિણતિ તો આપણને દેખાતી નથી.

- જે ઉપદેશ જેના માટે હોય, તેણે તે જ રીતે લગાડાય..

  અમે ઉપદેશ તમને આપીએ છીએ, તમે એનો 'ખો' બીજાને આપી દો છો ! બીજાને 'પાસ' કરી દો છો.

- મુંબઈના એક પરામાં એક વ્યાખ્યાનમાં મેં વાત કરી – 'આયંબિલ શેના માટે કરો?'

  સભા : આહાર–સંજ્ઞા જીતવા માટે.

  આહાર–સંજ્ઞા એટલે ખાવાની લાલસા. તે ઉપવાસથી વધુ તૂટે. એકાસણામાં પણ આયંબિલ જેટલી તૂટે.

  આયંબિલ મુખ્યત્વે રસનાની આસક્તિ(સ્વાદનો રાગ) જીતવા માટે છે.

- રસનાને જીતવા કરાતું આયંબિલ, 'સારું થયું' – એવું ક્યારે કહો ? બધું ગરમ – ગરમ હોય, મીઠું–મરી બરાબર હોય, ઢોકળા–ઢોસા હોય, સ્વાદિષ્ટ લાગે... ત્યારે? કે ઠંડું આવે, મીઠું નાખ્યું જ ન હોય, ઢોકળા ખૂટી ગયા, બેસ્વાદ હોય... ત્યારે ?

  રસનાને જીતવા કરાતું આયંબિલ; રસનાની આસક્તિ વધારે પોષાય તો 'સારું' લાગે એ આપણી કેવી ભૂમિકા છે ?

- મેં એ ઉપદેશ કર્યો કે – આયંબિલ રસનાને જીતવા કરો છો; તો જે આવે તે ચલાવી લેવું... ફરિયાદ ન કરવી.

  હવે એ જ દિવસે આયંબિલ ખાતામાં અવ્યવસ્થા થઈ. બે–ત્રણ જણાએ ફરિયાદ કરી. એટલે વ્યવસ્થાપક કહે – 'આજે સવારે મહારાજ સાહેબે વ્યાખ્યાનમાં કહ્યું, તે સાંભળ્યું નહીં ? ફરિયાદ નહીં કરવાની' !

  મેં ઉપદેશ આરાધકને આપેલો, વ્યવસ્થાપકને નહીં. વ્યવસ્થાપકને તો એ જ કહીએ – 'બધાની ભક્તિ સારામાં સારી થાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ.'

- 'વ્યાખ્યાન રૂચે કે નહીં; સાંભળવા જવું' – આ ઉપદેશ તમારા માટે છે.
  'હિતકારી વાતોનું પણ લોકોને રૂચે તે રીતે વ્યાખ્યાન કરવું' – એ મારી ફરજ છે.
  એની ભેળસેળ ન કરાય. આવું સર્વત્ર સમજવું જોઈએ.
- શાસ્ત્રમાં ઘણાં સ્થાને ગુણની વાત કરી હોય, તો પણ તેનો અર્થ, તે ગુણ-સંબંધી આચાર જ કરવાનો હોય છે. એને શાસ્ત્રીય પરિભાષામાં લક્ષણાર્થ કહેવાય છે. 'શ્રમણગુણધારીને વંદન કરવું' એ શાસ્ત્રવચનમાં 'ગુણ' શબ્દનો અર્થ 'આચાર' જ કરવો પડે; કારણકે શ્રમણના ગુણ (છઠ્ઠા- સાતમા ગુણસ્થાનકના ગુણો) તો આપણને ક્યાં દેખાય છે ?

# આડંબર – ૧

- જે મિથ્યા મતો પ્રચાર દ્વારા તમારી શ્રદ્ધાને દૂષિત કરે છે, તેના ઉપર આપણે વિચારણા કરી રહ્યા છીએ.
  બે મતોનો વિચાર આપણે કર્યો.
  ૧. ધર્મકાર્યમાં હિંસા
  ૨. ક્રિયા–ધર્મ.
- કેટલાક લોકો, ધર્મમાં થતાં આડંબરનો વિરોધ કરે છે. તેમની દલીલો હોય છે – ધર્મ આત્મકલ્યાણ માટે કરવાનો છે. તેમાં આ બધા આડંબરની શી જરૂર ? દેવ–વિમાન તુલ્ય જિનાલયો, પરમાત્મ–ભક્તિના મહોત્સવો, દીક્ષાના પ્રસંગો વગેરેમાં જે ઠાઠમાઠ થાય છે, તે બધો ધર્મ નથી, તેવું તેમનું માનવું છે.
- મને તો એવું લાગે છે કે હકીકતમાં પોતાનો પૈસાનો લોભ છૂટતો ન હોય, પોતે ઉદારતાથી ખર્ચ કરી ન શકતા હોય; જે ઉદારતાપૂર્વક આવા મહોત્સવો કરે, તેમની પ્રશંસા થાય; તે તેમનાથી સાંખી શકાતી નથી, તેથી તેની ટીકા–ટિપ્પણો કરે છે.
  બાકી, આ લોકો, શ્રીમંતો લગ્નોમાં કરોડો રૂપિયા ખર્ચે, કરોડો રૂપિયાની ગાડીઓ વસાવે... તેનો વિરોધ કરતા નથી. તેમાં તેમને અનેક લોકોને રોજગારી મળે, તે દેખાય છે. તેને 'ઈન્ડસ્ટ્રી' માને છે !
  અને તેઓ પોતે ખાનગીમાં ગરીબોને દાન કરતા હોય, તેવું ય બનતું નથી. હકીકતમાં તો જેઓ મહોત્સવોમાં ઉદારતાથી પૈસા ખર્ચી શકે છે, તેઓ જ દુકાળ, પૂર વગેરે આપત્તિના સમયે ઉદારતાથી પૈસા આપે છે, એ નક્કર વાસ્તવિકતા છે.
- આપણે પદાર્થની વિચારણા કરીએ.
  પ્રભુ–શાસનમાં આડંબરના વિધાન છે ? અને હોય, તો શા માટે ? તેના પર વિસ્તારથી વિચારણા કરીએ.
- શાસ્ત્રોમાં સાધુની ૧૨ પ્રતિમાનું વર્ણન છે.
  અહીં 'પ્રતિમા'નો અર્થ 'મૂર્તિ' નથી; પણ વિશિષ્ટ પ્રકારની સાધના છે. આ સાધનામાં સાધુએ સ્મશાન જેવા સ્થળે એકલા રહેવાનું હોય છે, તપ કરવાનો હોય છે, કાઉસ્સગ્ગ કરવાનો હોય છે, ઉપસર્ગ–પરિષહો સહન કરવાના હોય છે.
  વિશિષ્ટ સત્ત્વશાળી જીવો જ કરી શકે, એવી આ સાધના હોય છે. દરેક પ્રતિમાનો જુદો જુદો કાળ પણ છે.
  શાસ્ત્રોમાં શ્રાવકોની પણ અગિયાર પ્રતિમાનું વર્ણન છે. જો કે તે સાધુ જેવી કઠિન નથી.
- શાસ્ત્રોમાં કહ્યું છે – કોઈ સાધુ પ્રતિમાની આરાધના કરવા સમુદાયથી અલગ થઈ

ગામ કે નગરની બહાર દૂર એકાંત સ્થાને ગયા હોય... ત્યાં પ્રતિમાની સાધના પૂર્ણ થાય, એટલે પાછા પોતાના ગચ્છમાં – ગુરુ પાસે આવે; ત્યારે તેઓ સીધા ગામ કે નગરની અંદર આવી ન જાય, પણ ગામ બહાર રોકાઈ જાય. જતા આવતા શ્રાવકો કે અન્યની સાથે પોતાના ગુરુને સમાચાર મોકલાવે કે – 'હું પ્રતિમાની સાધના પૂર્ણ કરીને આવી ગયો છું.'

શા માટે ? તે આગળના વર્ણનથી સમજાશે. આચાર્ય ભગવંતને સમાચાર મળે, એટલે તેઓ શું કરે ? શાસ્ત્રકાર કહે છે – તેઓ રાજાને સમાચાર આપે કે 'ફલાણા સાધુ ભગવંત વિશિષ્ટ તપની સાધના પૂર્ણ કરીને આવ્યા છે.' અને રાજા દ્વારા તેમનું વિશિષ્ટ સ્વાગત–સામૈયું કરાવે ! રાજા ન કરે, તો મંત્રી દ્વારા... મંત્રી ન કરે, તો નગરશેઠ દ્વારા... નગરશેઠ ન કરે, તો શ્રાવકોને કહીને તેમના દ્વારા સામૈયું કરાવે. શ્રાવકો પણ ન કરે, તો સાધુઓ પણ તે મહાત્માનું પોતાની રીતે સામૈયું કરે! શા માટે ? કારણકે તેનાથી લોકોને ખબર પડે – 'જૈન સાધુઓ ઘોર તપશ્ચર્યા કરનારા હોય છે.' લોકોને જૈન ધર્મ પર, જૈન સાધુ પર બહુમાન ઊભું થાય... તેમના હૃદયમાં ધર્મનું બીજ વવાય... ભવિષ્યમાં તેઓ ધર્મ પામે... આરાધના દ્વારા મોક્ષ પામે... આ પ્રકારે શાસન–પ્રભાવના થાય, તે માટે આચાર્ય ભગવંત તપસ્વી સાધુનું સામૈયું કરાવે.

- શાસ્ત્રના આ વિધાનનું નિરીક્ષણ કરજો.

  અમારા જેવા સાધુના તો ચાતુર્માસ–પ્રવેશ જેવા પ્રસંગ સિવાય, સામૈયા હોતા નથી, કરવાના પણ ન હોય. જે પ્રભાવક મહાપુરૂષોના સામૈયા થતા હોય છે, તેમાં પણ એક વણલખ્યો નિયમ છે – પોતાનાથી વડીલ મહાત્મા પહેલેથી ઉપાશ્રયમાં હાજર હોય, ત્યારે પોતાનું સામૈયું ન કરવા દેવાય. પોતાના ગુરુ પાસે જતાં હોય, ત્યારે તો નહીં જ.

  અહીં તો શાસ્ત્રકાર કહે છે – ગુરુ પાસે જતાં પૂર્વે ગુરુને જણાવવાનું, જેથી ગુરુ પોતાનું સામૈયું કરાવી શકે !

- **અહીં એક વાત સમજી રાખજો – પ્રતિમાની સાધના કરનાર સાધુને એવી અપેક્ષા ન હોય, કે મારું સામૈયું થાય. સામૈયા દ્વારા પોતાની મહત્તા બતાવવાની કે વધારવાની કોઈ આકાંક્ષા તેમને ન હોય. પણ પોતાની તપ–સાધનાની જાહેરાત દ્વારા, જૈન ધર્મ પ્રત્યે, જૈન સાધુ પ્રત્યે લોકોનું બહુમાન વધવાનો લાભ થતો હોય, તો તે ઘણો મોટો લાભ હોવાથી જ પોતાની સાધનાની જાહેરાતનો તેઓ નિષેધ તો નથી જ કરતાં, ઊલ્ટું તે થાય, તેવો પરોક્ષ પુરુષાર્થ કરે છે.**
- કેટલાક લોકો માને છે, કહે છે – સાધુએ તપને ગુપ્ત જ રાખવાનો હોય, તેની જાહેરાત શા માટે ?

**અલબત્ત, જે સાધુ તપ કરે, તેને પોતાની મહત્તા વધારવા માટે તપની જાહેરાત કરવાની ઇચ્છા ન જ હોવી જોઇએ. પણ તેના ગુરુ ભગવંત, સાધુના તપની જાહેરાત દ્વારા અનેક લોકોના હૃદયમાં સાધુ ભગવંત પ્રત્યેનો આદર વધશે, તેવું સમજીને તેની જાહેરાત કરે, તો તપ કરનાર સાધુ તેનો નિષેધ ન કરે; કારણકે એ શાસન-પ્રભાવનાનું શાસ્ત્રોક્ત વિધાન છે.**

જાહેરાત થાય, તો જ લોકોને સાધુના તપની ખબર પડે. સામૈયું થાય, શોભાયાત્રા નીકળે, તો જ જૈનેતરોને જૈન સાધુના તપની ખબર પડે.

- મારું દીક્ષાનું મુહૂર્ત નીકળ્યું અને દીક્ષા થઈ, તેની વચ્ચે ૬ મહિનાનો ગાળો હતો. જ્યાં વાચણા કરવા જવાનું થાય, ત્યાં આખા મકાનના લોકો ભેગા થઈ જતાં. જ્વલંત શૈક્ષણિક કારકિર્દી – SSC માં મેરિટ લિસ્ટ, પ્રતિષ્ઠિત કોલેજમાંથી યુનિવર્સિટીમાં પાંચમા ક્રમાંક સાથે એન્જીનીયરીંગ, કોર્પોરેટ કંપનીમાં વાઈસ પ્રેસિડન્ટની ઊંચી પોસ્ટ ધરાવતો માણસ દીક્ષા લે, તો લોકોને કુતૂહલ તો થાય જ. બધાને પ્રશ્ન એક જ હતો – તમને આ બધું છોડીને દીક્ષા લેવાનું મન કેમ થયું ? એક નાનું ભાષણ જ આપવાનું થઈ જાય.

  બીજી બાજુ મહાત્માઓના આશીર્વાદ લેવા – હિતશિક્ષા લેવા જાઉં, ત્યાં બધે એકસરખી હિતશિક્ષા મળે – અંતર્મુખ બનવાનું.... લોકસંપર્ક છોડી દેવાનો...
  એના કારણે મૂંઝવણ થતી. શું કરવું ? બધા પ્રશ્નોના જવાબ આપવા કે નહીં ?
  સ્વ. ગચ્છાધિપતિશ્રીને વંદન કરવા ગયો, ત્યારે મેં પૂછ્યું. તેમણે બે વાત કરી.

  1. **હીરાનો વેપારી, ચણા-મમરાના ફેરિયાની જેમ શેરીએ શેરીએ બૂમો મારીને વેચવા ન નીકળે. પણ પોતાની દુકાને યોગ્ય ઘરાક આવે, તેને માલ દેખાડે તો ખરો જ. તે પણ ન દેખાડે, તો વેપાર કેમ ચાલે ?**
     **આપણે લોકોને પમાડવાની ધૂન નહીં પકડવાની. પણ લોકો સ્વયં પૂછવા આવે, તો ઉપદેશ આપવાનો.**
  2. તને બોલતાં આવડતું હોય, તો તારે જ્યારે પણ કોઇ બોલવાનું કહે, ત્યારે અવશ્ય બોલવું. કારણકે તેનાથી લોકોને ખબર પડે કે આલતુ-ફાલતુ માણસો દીક્ષા લે છે, તેવું નથી; ભણેલા-ગણેલા, હોંશિયાર-બુદ્ધિશાળી માણસો દીક્ષા લે છે.

  પરમાર્થ એ જ હતો કે આપણી મહત્તા વધારવા નહીં, શાસનની પ્રભાવના માટે બોલવાનું.

- કેટલાક લોકો દીક્ષાના પ્રસંગ માટે પણ બોલે છે – સંસાર ત્યાગવો છે, તો ત્યાગી દેવાનો. એની આટલી જાહેરાત શા માટે ? મહોત્સવ કરવાપૂર્વક દીક્ષા લેવાની શું જરૂર છે ?

**દીક્ષાનો પ્રસંગ જાહેરમાં થાય, તો જ લોકોને ખબર પડે કે યુવાન-બુદ્ધિમાન્-રૂપવાન્-સંપત્તિવાન્ લોકો દીક્ષા લે છે. દીક્ષા શું છે ? એની પણ તેનાથી જ લોકોને ખબર પડે છે.**

- અમારા ગુરુદેવની નિશ્રામાં ૨૦-૨૧ વર્ષ પૂર્વે બારડોલીમાં મુંબઈની એક ૧૮ વર્ષની યુવતીની દીક્ષા થઈ. દીક્ષા-પ્રસંગ જોવા આખું ગામ આવેલું. મુસલમાનો પણ આવેલા.

  દીક્ષા-પ્રસંગ એવો સુંદર રીતે થયો કે જોનારા સહુની આંખમાં આંસુ આવી ગયા. 'જૈન સાધુ કોણ છે ? દીક્ષા શું છે ? એની અમને આજે ખબર પડી.' – આવું કેટલાય જૈનેતરો કહી ગયા.

  આ પરિણામ, ખાનગીમાં દીક્ષા કરવાથી મળી શકે ખરા ? નહીં જ.
- દીક્ષાર્થીને એવી કોઈ ઇચ્છા ન હોય કે પોતાના ગુણગાન ગવાય, મહોત્સવ થાય. તે તો એક રૂમમાં પણ દીક્ષા લેવા માટે તૈયાર હોય.

  પણ દીક્ષા આપનાર ગુરુ ભગવંતની ઇચ્છા હોય કે દીક્ષા-પ્રસંગ શાસન-પ્રભાવક બને, તે રીતે ઉજવાય. તેવી પ્રેરણા તેના પરિવારને-સંઘને કરે.

  **અનેક દીક્ષા-પ્રસંગોમાં અનુભવ્યું છે કે સંચાલકની સુંદર રજૂઆત સાંભળીને અનેક આત્માઓના હૃદયમાં સંયમ પ્રત્યે બહુમાન ઊભું થાય છે. દીક્ષા લેવાની ઇચ્છા પણ થાય છે. કેટલાય માતા-પિતાને પોતાના સંતાનોને સંયમ માર્ગે વાળવાની ઇચ્છા થાય છે.**

  આવા સુંદર પરિણામો મળતાં હોય, તો દીક્ષા જાહેરમાં, ઠાઠમાઠથી કરવી, તે ધર્મ જ છે.
- **શાસ્ત્રમાં તો જણાવ્યું છે, શ્રીમંત શ્રાવક પૂજા કરવા જાય, ત્યારે પોતાની બધી જ ઋદ્ધિ-સમૃદ્ધિનું પ્રદર્શન કરતો કરતો જાય. <u>सव्विड्ढिए</u> એવો સ્પષ્ટ શબ્દ છે.**

  **તેમાં, પોતાના વૈભવનું, શ્રીમંતાઈનું પ્રદર્શન કરવાનો ભાવ ન હોય. પણ, આવો શ્રીમંત માણસ, આવા રસાલા સાથે જે પરમાત્માની ભક્તિ કરવા જાય છે, તે પરમાત્મા કેવા હશે ? તેવું સહુને કુતૂહલ થાય... પરમાત્માને જાણવાનો પ્રયાસ કરે... જાણે... પરમાત્મા પર બહુમાન પેદા થાય... એ રીતે ધર્મનું બીજ પામે.**

  હું તો કહેતો હોઉં છું – તમારી પાસે ૧૦ રોલ્સ રોઈસ ગાડી હોય, તો રોજ ૧૦ ગાડીનો રસાલો લઈને, ઠાઠમાઠથી પૂજા કરવા આવવાનું...

  *સભા : તેમાં જયણા ક્યાં રહે ?*

  જયણાનો અર્થ શું ? તે મને કહો.

  *સભા : વિરાધના ઓછી કરવી, આરંભ-સમારંભ ઓછા કરવા.*

જો જયણાનો અર્થ આ જ હોય, તો

- ૦ સાધર્મિક-ભક્તિમાં બે મીઠાઈ – બે ફરસાણ કરવા, તે પણ અજયણા કહેવાશે. જેમ દ્રવ્ય વધે, તેમ વિરાધના વધે જ. તો પછી રોટલી-દાળ એમ બે દ્રવ્યથી જ સ્વામિ-વાત્સલ્ય કરવાનું, એવું કરવું પડશે.
- ૦ ઘરે દેરાસરે હોય, તેની પૂજા કરી લીધી, પછી સંઘના દેરાસરે આવી નહીં શકાય; કારણકે આવવામાં પણ વિરાધના તો છે જ.
- ૦ એક ફૂલથી પુષ્પપૂજા કરી લીધી, પછી સેંકડો પુષ્પોની અંગરચના નહીં કરી શકાય. તેમાં પણ વિરાધના વધે છે.
- ૦ ગામના એક દેરાસરે દર્શન-પૂજા કરી લીધા, પછી બીજા દેરાસરોની ચૈત્ય પરિપાટી નહીં થઈ શકે. તેમાં ય વિરાધના તો થાય જ છે.
- ૦ તીર્થયાત્રા તો બિલકુલ નહીં થાય. અથવા નજીકમાં નજીક રહેલા તીર્થની યાત્રા કરી લીધી, પછી દૂર રહેલા શત્રુંજય-ગિરનાર-શિખરજી વગેરે તીર્થોની યાત્રાએ નહીં જવાય.

આવી ઢગલાબંધ આપત્તિઓ આવશે.

- જયણા શબ્દનો અર્થ કરવામાં તમે બહુ મોટી થાપ ખાધી છે.

હા, **સંસારના કાર્યોમાં જયણાનો અર્થ એ છે કે વિરાધના ઘટાડવી, આરંભ-સમારંભ ઘટાડવા. ચૂલા પૂંજવા, પાણી ગાળવું, લોટ ચાળવો, અનાજ વીણવું... વગેરે જયણા છે.**

પણ ધર્મના કાર્યમાં જયણાનો અર્થ એ નથી કે વિરાધના ઘટાડવી. તેવો અર્થ કરશો, તો સેંકડો આપત્તિ આવશે.

હકીકતમાં ધર્મકાર્યમાં થતી હિંસા, એ સ્વરૂપ-હિંસા જ છે, અનુબંધ-હિંસા નથી; એ મેં વિસ્તારપૂર્વક સમજાવ્યું છે. એટલે તે પાપસ્થાનક નથી. તેને આરંભ-સમારંભ કહેવાય જ નહીં.

- *સભા : તો ધર્મકાર્યમાં જયણાનો અર્થ શું ?*

પિંડવિશુદ્ધિની ટીકામાં અર્થ બતાવ્યો છે – **રાગ-દ્વેષ વિનાનો, આજ્ઞાનુસારી પ્રયત્ન એ જયણા છે.**

સ્વામિ-વાત્સલ્યમાં જયણા એ છે કે રાત્રે રસોઈ ન કરવી, પાણી ગાળીને વાપરવું, અભક્ષ્ય ન વાપરવું વગેરે...

પ્રભુપૂજામાં જયણા એ છે કે સુગંધી-અખંડ પુષ્પો જ વાપરવા, શુદ્ધ દ્રવ્યો વાપરવા વગેરે...

સ્વામિ-વાત્સલ્યમાં ઓછા દ્રવ્યો બનાવવા કે પ્રભુપૂજામાં ઓછા પુષ્પો વાપરવા, એને જયણા ન કહેવાય; ભક્તિ-ભાવની ખામી કહેવાય.

• આ વાત નીકળી છે, ત્યારે એક વાતની સ્પષ્ટતા કરવી છે.

કેટલાક લોકો પર્યુષણમાં આરંભ-સમારંભના નામે, સ્વામિ-વાત્સલ્ય કરવાનો નિષેધ કરે છે.

*સભા : રસોડું કરે, તો આરંભ-સમારંભ થાય તો ખરા જ ને ?*

અહીં જ તમે ભૂલો છો. મેં તમને સ્પષ્ટ જણાવ્યું કે પ્રભુની આજ્ઞાનુસારે થતા ધર્મકાર્યમાં જે વિરાધના થાય, તેને આરંભ-સમારંભ કહેવાય જ નહીં. તે પાપ-સ્થાનક નથી.

જો તમે પર્યુષણમાં વિરાધનાના નામે સ્વામિ-વાત્સલ્યનો નિષેધ કરો, તો પછી પર્યુષણમાં

- ○ પ્રભુની સેંકડો કે હજારો પુષ્પોથી અંગરચના પણ નહીં થઇ શકે.
- ○ દીવાઓની રોશની પણ નહીં થઇ શકે.
- ○ વ્યાખ્યાન કે પ્રતિક્રમણ માટે મંડપ પણ નહીં બાંધી શકાય.

કારણકે એ બધામાં વિરાધના તો વધે જ છે.

• *સભા : અમારિ-પ્રવર્તન એ પર્યુષણનું કર્તવ્ય છે ને !*

તેનો અર્થ એ છે કે સંસારના કાર્યોમાં હિંસા ઘટાડવી. ધર્મકાર્ય માટે હિંસા ન કરવી, એ તેનો અર્થ નથી.

નહીં તો, જે રોજ વ્યાખ્યાનમાં નથી આવતો, તે પર્યુષણમાં વાહન દ્વારા વ્યાખ્યાનમાં ય નહીં આવી શકે, કારણકે તેમાં ય વિરાધના થશે !

**વાસ્તવમાં ધર્મકાર્યમાં થતી વિરાધના, એ 'મારિ' (હિંસા) છે જ નહીં, કે જેથી અમારિ પ્રવર્તન માટે તેનો ત્યાગ કરવાનો હોય; એ વાત હું વારંવાર કહી ગયો છું.**

• જેમ પર્યુષણનું કર્તવ્ય અમારિ-પ્રવર્તન છે, તેમ સાધર્મિક-વાત્સલ્ય પણ છે. તે શી રીતે થાય ?

*સભા : સીદાતા સાધર્મિકોની ભક્તિ કરવાથી.*

તે કર્તવ્ય બતાવનારા ગ્રંથોમાં એવું નથી કહ્યું કે સીદાતા સાધર્મિકોની ભક્તિથી જ સાધર્મિક વાત્સલ્ય થાય. દરેક સાધર્મિક પ્રત્યે વાત્સલ્ય રાખવાનું છે. દરેકની ભક્તિ કરવાની છે.

હું તમને બીજી રીતે પૂછું →

પર્યુષણમાં અમને મળવા કોઇ બહારગામથી આવ્યું હોય, તેને ઘરે લઇ જઇ, રસોઇ કરીને ભક્તિ કરો, તે ભક્તિ કહેવાય, કે આરંભ-સમારંભ ? તેનાથી પુણ્ય બંધાય કે પાપ ?

*સભા : ભક્તિ જ કહેવાય, પુણ્ય જ બંધાય.*

તમે ઘરે જે કરો તેને ભક્તિ કહેવાતી હોય, તેનાથી પુણ્ય બંધાતું હોય, તે જ કાર્ય

ઉપાશ્રયમાં કરો તો આરંભ-સમારંભ બની જાય ? તેનાથી પાપ બંધાય ?

*સભા : મોટાં રસોડામાં વિરાધના વધુ થાય ને ?*

એવો કોઈ નિયમ નથી. ૨૦૦ ઘરે રસોડા થાય, તેના કરતાં ૧ રસોડે ૧૦૦૦ માણસ જમે, તેમાં વિરાધના ઘટી પણ શકે; પ્રાયઃ ઘટતી જ હશે.

અને જો વિરાધના ઘટાડવાની જ વાત હોય, તો પછી બધે ભક્તિમાં દ્રવ્યોને ઘટાડવાની જ વાત આવશે, એ મેં પૂર્વે કહ્યું જ છે.

હજી બીજી રીતે જણાવું →

કોઈ બીમાર-વૃદ્ધ સાધુ કે સાધ્વી ભગવંત માટે તમારા ઘરે રસોઈ થતી હોય, તો શું પર્યુષણમાં ઓછા દ્રવ્ય કરીને વિરાધના ઘટાડો ?

તીર્થો વગેરેમાં ચાલતી ભોજનશાળા કે ઘણી સંખ્યામાં સાધુ-સાધ્વી હોવાથી તેમના માટે ચાલતાં રસોડાં શું પર્યુષણમાં 'આરંભ-સમારંભ'ના નામે બંધ કરવાના ? દ્રવ્યો ઘટાડવાના ?

તમારી મૂળભૂત સમજણ જ સુધારવાની જરૂર છે.

- જે પર્યુષણ સિવાયના ૩૫૨ દિવસ માટે ધર્મ છે, તેવું સ્વામિ-વાત્સલ્ય, પર્યુષણમાં અધર્મ બની જાય ? આવું જિનશાસનને માન્ય હોઈ શકે ?

*સભા : કાળ પ્રમાણે ધર્મનું સ્વરૂપ બદલાઈ શકે ને ?*

બદલાય, પણ તેનું નક્કર કારણ હોય તો. એક કાળે શાસ્ત્રલેખન, પાપ ગણાતું હતું; આજે ધર્મ ગણાય છે, તેનું કારણ છે – સાધુઓની સ્મૃતિ ઘટી છે.

સ્વામિ-વાત્સલ્યમાં તેવું કયું કારણ આવી જાય છે કે તે પર્યુષણમાં પાપ બની જાય? વિરાધના તો ૩૫૨ દિવસ પણ તેમાં થવાની જ છે.

- સંવત્સરીના દિવસે સંઘોમાં આયંબિલશાળા બંધ રખાય છે. બારસાનું વાંચન, વહેલું પ્રતિક્રમણ હોવું વગેરે કારણે, વ્યવસ્થા મુશ્કેલ હોય... કોઈ સંભાળનાર ન હોય.. તેવા કારણે આયંબિલશાળા બંધ રાખવી, તે વ્યવસ્થા છે.

કઈ વ્યવસ્થા કરવી – ન કરવી, તે વ્યવસ્થાપકોની ઈચ્છા-અનુકૂળતાને આધીન છે. તેનો વિરોધ ન હોય.

**પણ, સંવત્સરીના દિવસે વિરાધના ન કરાય, તેવું માનીને આયંબિલશાળા બંધ કરવી, તે યોગ્ય નથી.**

**કોઈને આયંબિલ કરવું જ હોય, તો રસોઈ કરીને આયંબિલ કરાવવામાં લાભ જ છે, હિંસાનું કોઈ પાપ નથી.**

કોઈને આયંબિલ કે એકાસણું કરવું જ હોય, તમારે ઘરે રસોડું બંધ હોવા છતાં રસોઈ કરીને કરાવો, તો લાભ થાય કે નુકસાન ?

*સભા : લાભ જ.*

તો સંઘમાં કરવાથી નુકસાન શી રીતે થાય ?

- જુઓ, એક વાત સ્પષ્ટ કરી દઉં. પર્યુષણમાં રસોડું કે સંવત્સરીએ આયંબિલશાળા કરવામાં વ્યવસ્થાકીય પ્રશ્નો હોઇ શકે.

  અગ્રણીઓને આરાધનામાંથી, અન્ય કાર્યોની વ્યસ્તતામાંથી સમય કાઢવો મુશ્કેલ હોઇ શકે... કાર્યકરો ન મળે, તેવું બની શકે. તે બધાના કારણે ન થઇ શકે, તેનો મારો કોઇ વિરોધ નથી. પણ 'આરંભ-સમારંભ હોવાથી ન થાય' તેવી માન્યતાનો મારો વિરોધ છે.

  તેવું માનશો, તો તર્કથી તો અનેક આરાધનાઓ-અનુષ્ઠાનો બંધ કરવાનો વારો આવશે.

- *સભા : જો હકીકત આ જ છે, તો અમારા બધામાં આવી વ્યાપક ગેરસમજ કેમ ઊભી થઇ ? કોઇ મહાત્માએ તેનું નિવારણ કેમ ન કર્યું ?*

  બીજા પ્રશ્નનો જવાબ પહેલા આપું.

  હું અત્યારે તમને કહું છું – મેં જે તર્કો જણાવ્યા છે, તે તર્કો સાથેની રજૂઆત કોઇ પણ ગીતાર્થ મહાત્માની પાસે જઇને કરો. તે સાંભળીને તેઓ એમ કહે કે 'પર્યુષણમાં સ્વામિ-વાત્સલ્ય ન થાય' તો મને કહેજો, હું તેમની સાથે વિચારણા કરીશ.

  સેંકડો સંઘોમાં મહાવીર જન્મ વાંચનના દિવસે સ્વામિ-વાત્સલ્ય થાય જ છે. કોઇ ગીતાર્થે તે વિરાધનાના નામે બંધ કરાવ્યું હોય, તેવું દષ્ટાંત સાંભળ્યું નથી. ઊલ્ટું, સાંજે જન્મવાંચન કરવાથી રાત્રિભોજન થતું હોય, તો સવારના જન્મવાંચન કરવાનું, તેના માટે જરૂર હોય તો સ્વામિ-વાત્સલ્ય કરવાનું માર્ગદર્શન ઘણાં ગીતાર્થ ગુરુ ભગવંતો આપે જ છે.

  શું આ જ બતાવતું નથી કે બધાની માન્યતા શું છે ?

- તમે એમ કહેતા હો કે અમારી ગેરસમજ કોઇએ દૂર કેમ ન કરી ? તો તેના ઘણાં કારણો છે.
  - દરેક વ્યાખ્યાનકાર, તર્કશાસ્ત્રનો અભ્યાસ કરી ચૂકેલા હોય, કે જેથી તમને તાર્કિક રીતે પદાર્થ ગળે ઊતારી શકે, તેવું નથી હોતું.
  - ઘણીવાર તર્કશક્તિ હોવા છતાં, જે ચાલતું હોય, તેને છંછેડવું નહીં, તેવી વૃત્તિના કારણે ઉપેક્ષા કરાતી હોય છે.
  - વ્યાપક બનેલી ગેરસમજને દૂર કરવા માટે એક હિંમત પણ જોઇએ છે, જે બધામાં ન હોય.
  - મહાત્માનો શાસ્ત્રાભ્યાસ ન હોય, તો તમારામાં રહેલી ગેરસમજ એમનામાં પણ હોય, તે સંભવિત છે; કારણકે તેઓ તમારામાંથી જ આવ્યા હોય છે.

- આવી ગેરસમજ ઊભી કેમ થઈ ? તેના ઘણાં કારણો હોઈ શકે.
  - જે અમારિ–પ્રવર્તન સંસારના કાર્યોમાં કરવાનું હતું, તે ધર્મકાર્યમાં લાગુ પાડી દેવાયું.
  - હકીકતમાં કરવાની ઈચ્છા–અનુકૂળતા ન હોય, પણ બહાના રૂપે આરંભ–સમારંભ આગળ ધરી દેવાય.
  - એક વાસ્તવિકતા એ પણ છે કે હાલના કાળે સંઘમાં થતાં રસોડાઓમાં જયણાનું પાલન ઓછું થાય છે, એ કારણથી નિષેધ કરાતો હોય.

    જો કે એ કારણ, માત્ર પર્યુષણમાં લાગુ ન પડે, ૩૬૦ દિવસ લાગુ પડે. એ કારણથી નિષેધ કરનારે, સદા નિષેધ કરવો પડે.

    અને અજયણાનો વિરોધ હોઈ શકે, અજયણાના નામે ધર્મકાર્યનો સર્વથા છેદ ન ઊડાડી શકાય.
- શાસ્ત્રોમાં પર્યુષણા દરમિયાન, વજ્રસ્વામીએ દેવના વિમાન દ્વારા લાખો પુષ્પો લાવીને પુરી નગરીમાં પરમાત્માની પૂજા કરાવ્યાના દૃષ્ટાંત છે.

  દશાર્ણભદ્ર રાજાના સામૈયાનું, તેનો અહંકાર તોડવા ઈન્દ્રએ કરેલા પ્રભુના સામૈયાનું વર્ણન વાંચજો – ભેજું કામ નહીં કરે.

  જયણા, ભક્તિ ન કરવાથી કે ભક્તિના દ્રવ્યો ઘટાડવાથી નથી થતી, આજ્ઞાના પાલનથી થાય છે.

  ઓછા પાણીથી અભિષેક કરવો, તે જયણા નથી; પાણીને વિધિપૂર્વક લેવું, ગાળવું, વાપરવું, પરઠવવું... તે જયણા છે.

  *સભા : પાણી બને તેટલું ઓછું જ વાપરવું જોઈએ ને ?*

  જુઓ, વેડફવાનું નથી. પણ ઓછું વાપરવાની વાત કરશો, તો બધાએ એક જ કળશને હાથ અડાડીને અભિષેક કરવાનો આવશે. સ્તોત્રપાઠ સાથે લાંબો સમય અભિષેક કરવાના વિધાન સંગત નહીં થાય. દેવો જન્મ મહોત્સવ વખતે ૧ કરોડ ૬૦ લાખ કળશોથી અભિષેક કરે છે, તેની સંગતિ શી રીતે કરશો ?

  *સભા : દેવો કરે એટલે આપણે કરવાનું ?*

  દેવો જે કરે, તે બધું નથી કરવાનું. પણ દેવો પરમ વિવેકી છે. તેમનું નામ જ 'વિબુધ' છે. ઈન્દ્રો પ્રભુભક્તિ માટે જે કરે, તે આપણને યથાશક્તિ કર્તવ્ય બને. શાસ્ત્રમાં અનેક સ્થાને દેવોના દૃષ્ટાંતથી કાર્યની કર્તવ્યતા સિદ્ધ કરી છે જ.
- આપણી વાત તો પ્રભુશાસનમાં દેવ–ગુરુ–ધર્મની મહત્તા વધારવા માટે આડંબર સ્વીકાર્ય છે, તે ચાલતી હતી.

  તેનું જ્વલંત દૃષ્ટાંત, પ્રભુનું સમવસરણ છે.

  પરમાત્મા દેશના આપે, ત્યારે સમવસરણની જરૂર શું ?

*સભા : તે તો અતિશયથી થાય ને ?*

થાય એટલે શું ? ઓટોમેટિક બનતું નથી. પ્રભુના પુણ્યથી ખેંચાયેલા દેવો તેની રચના કરે છે. તેમાં પુષ્પવૃષ્ટિ વગેરે કરે છે.

તે બધું શા માટે કરવાનું ?

**જે જીવને પ્રભુની ઓળખાણ નથી, સહજ રૂપે પ્રભુનું આકર્ષણ નથી, તે પરમાત્મા પાસે સહજ રૂપે આવતા નથી. તે આવી ભવ્ય રચના જોઈને, કુતૂહલથી આવે... પ્રભુની વાણી સાંભળવાથી ધર્મ પામી જાય... તે માટે જ એ રચના છે.**

તમને ખબર છે ? ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રમાં લખ્યું છે – મહાવીર સ્વામી ભગવાનના આત્માને ત્રીજા મરીચિના ભવમાં દીક્ષા લેવાનું મન કેમ થયું ?

પિતા ભરતની સાથે, દાદા ઋષભદેવ ભગવાનના દર્શને ગયા. સમવસરણ પરના રત્નો જોઈને પિતાને કહ્યું – 'તમે છ ખંડના રાજા છો. છતાં તમારા ખજાનામાં તો આવું એક પણ રત્ન નથી.' ભરતે કહ્યું – 'હું તો માત્ર છ ખંડનો રાજા છું. પ્રભુ તો ૩ લોકના નાથ છે.' ત્યારે મરીચિએ કહ્યું – 'તો હું પ્રભુ પાસે દીક્ષા લઈશ.'

જો તીર્થંકરના જીવને પણ સમવસરણ રૂપી આડંબર, ધર્મ પમાડવામાં નિમિત્ત બને, તો બીજાને પણ બની જ શકે.

એટલા માટે જ દેવો તેની રચના કરે છે.

*સભા : પ્રભુ તો વિશિષ્ટ છે.*

તો વિશિષ્ટ ધર્મ કરવો જોઈએ ને ? એટલે જ વિશિષ્ટ આડંબર કરે છે. આડંબર જો અધર્મ જ હોય, તો પ્રભુ પાસે કરવો જ ના જોઈએ ! કોઈ કરે, તો પ્રભુ તેનો નિષેધ કર્યા વિના ન રહે.

પ્રભુ તેનો નિષેધ તો નથી કરતા, ઊલ્ટું તેનો ઉપયોગ કરે છે.

*સભા : પ્રભુના આચાર જુદા હોય.*

તો શું થયું ? પ્રભુ સ્વયં સમવસરણ બનાવતા નથી, દેવો બનાવે છે. તેનો પ્રભુ નિષેધ નથી કરતા. એટલે, શ્રાવકો માટે તે ધર્મ બને જ.

એટલે, પ્રભુ માટે જો આડંબર થઈ શકે, તો વર્તમાનમાં યથોચિત રીતે, વિવેક પૂર્વક, જયણા પૂર્વક કરાતો આડંબર, તે ધર્મ જ છે.

- જે વાત મેં સાધુના તપ માટે, દીક્ષા માટે કરી; તે જ સાધુ ભગવંતની પદવી માટે સમજવાની છે.

**સાધુ પોતે તો પદવી માટે પણ નિઃસ્પૃહ હોય, ગુરુ પદવી આપે, ત્યારે તે પ્રસંગ દ્વારા પોતાની મહત્તા વધારવાની તેની ઈચ્છા પણ ન હોય.**

**પણ ગુરુ જ તેના પ્રસંગના નિમિત્તને શાસન–પ્રભાવક બનાવવાની પ્રેરણા શ્રાવકોને કરે. અથવા પરિણત શ્રાવકો, તેને સ્વયં જ પ્રભાવક બનાવે.**

* દેવ–ગુરુ–ધર્મની મહત્તા વધારવા માટે થતો આડંબર, એ ધર્મ છે, પ્રભુશાસનને માન્ય છે – એ વાત આપણે વિસ્તારથી વિચારી રહ્યા છીએ.
  મેં તમને શાસ્ત્રપાઠો દ્વારા આ વાત જણાવી →
  ૧. સાધુ પ્રતિમાની સાધના કરીને આવે, ત્યારે સામૈયું કરવાનું વિધાન.
  ૨. પૂજા કરવા માટે શ્રાવકે સર્વ ઋદ્ધિ–સમૃદ્ધિ સાથે જવાનું વિધાન.
  ૩. સમવસરણની રચના.
  આટલા શાસ્ત્રપાઠો જણાવ્યા.
  ઉપરાંત મહાપૂજા, રથયાત્રા, અટ્ઠાઈ મહોત્સવ, સ્નાત્ર મહોત્સવ... વગેરેના વિધાનો શાસ્ત્રમાં છે, તે તમે દર વર્ષે પર્યુષણમાં ૧૧ કર્તવ્યના પ્રવચનમાં સાંભળતા જ હશો.
* આજે એ વાતને તર્કથી વિસ્તારથી વિચારીએ.
  **પ્રભુ અનંત કરુણાવંત હતા. પ્રભુની ભાવના જગતના સર્વ જીવોને સુખી કરવાની હતી; માત્ર જૈનોને, પોતાના શિષ્યોને, પોતાના ભક્તોને જ સુખી કરવાની નહીં. અલબત્ત, એ કરુણા, પાત્ર જીવો પર જ સક્રિય થાય છે. તેનું કારણ એ છે કે અપાત્ર જીવને ધર્મ આપવામાં આવે, તો પણ તેના દુઃખનું–અહિતનું જ કારણ બને છે; કારણકે દેવ–ગુરુની આશાતના કે તેવા કારણો દ્વારા તે પાપ જ બાંધે છે. એટલે, તેને ધર્મ અપાતો નથી.**
  શાસ્ત્રમાં તેના માટે દૃષ્ટાંત છે – કાચા ઘડામાં પાણી નાખો, તો ઘડો ય ફૂટે, પાણી પણ ઢોળાય. તે રીતે, અપાત્ર જીવને ધર્મ આપો, તો પણ તેને નુકસાન જ થાય.
* પ્રભુ સુખનો સાચો માર્ગ બતાવીને સહુને સુખી કરે છે.
  **જે જીવો પાત્ર છે, પણ પ્રભુને ઓળખતા નથી, પ્રભુએ બતાવેલ માર્ગ જ સાચો સુખનો માર્ગ છે – એવું જાણતા નથી, અને તેથી ઉન્માર્ગે ચડીને દુઃખી થઈ રહ્યા છે, તેમને સુખી કરવા શી રીતે ? તેમને સાચો માર્ગ બતાવવો શી રીતે ?** પ્રભુ તેમને સુખી કરવા તો માંગે જ છે. તો શી રીતે કરવા ? તમે જ ઉપાય બતાવો.
* સીધી–સાદી વાત છે – **પહેલા કોઈપણ ઉપાયથી તે જીવોને પ્રભુની પાસે લાવવા પડે, પ્રભુની ઓળખ કરાવવી પડે, પ્રભુ પ્રત્યે બહુમાન ઊભું કરાવવું પડે, પ્રભુના વચનોની ઓળખાણ તેને કરાવવી પડે.**
  તે શી રીતે થાય ?
  તો તે વાત પણ સ્પષ્ટ છે – તેને જે વસ્તુ ગમે છે, જે વસ્તુનું આકર્ષણ છે, તે માધ્યમનો ઉપયોગ કરીને તેને પ્રભુ પાસે લઈ આવવો.

નાના બાળકને પિપરમિન્ટ ભાવતી હોય, તો પિપરમિન્ટની લાલચ આપીને પાઠશાળા મોકલો છો ને ? તેના જેવી જ આ વાત છે.

- તે માધ્યમો કયા હોઈ શકે ? મોટે ભાગે ઈન્દ્રિયના વિષયો જ હોય છે. બાળક માટે પિપરમિન્ટ, એ રસનાનો વિષય જ છે ને ? કોઈના માટે મધુર સંગીત હોય... કોઈના માટે આકર્ષક રચનાઓ હોય... એ કર્ણ–ચક્ષુના વિષય જ છે. એ સિવાય કુતૂહલ– અવનવું જાણવાની ઈચ્છા, પ્રતિષ્ઠિત–મોભાદાર–પ્રસિદ્ધ વ્યક્તિઓનું આકર્ષણ, આવા બધા માધ્યમો દ્વારા પણ તે જીવોને આકર્ષી શકાય.
- અહીં એક વાત કરી દઉં. **જે જીવને, જે માધ્યમથી આકર્ષી શકાય, તે માધ્યમથી આકર્ષવાની અને ધર્મ સાથે જોડી દેવાની વાત પ્રભુના શાસનમાં છે.**

  **'આ જ માધ્યમ વપરાય, આ માધ્યમ ન જ વપરાય' – તેવો એકાંતવાદ જિનશાસનમાં નથી, હોઈ શકે પણ નહીં, કારણકે સ્યાદ્વાદ તો જિનશાસનનો મૂળભૂત સિદ્ધાંત છે.**

  અલબત્ત, જાહેરમાં કાર્ય કરવાનું હોય, ત્યારે કયું માધ્યમ દ્રવ્ય–ક્ષેત્રાદિને ઉચિત છે? કયું અનુચિત છે ?

  તેનો નિર્ણય કરવાનો અધિકાર જ્ઞાની–ગીતાર્થ ગુરુ ભગવંતોને છે.
- તમારી પાત્રતા બદલાતાં અમારે પ્રવચનની શૈલી બદલવી જ પડી છે.

  ૫૦–૧૦૦ વર્ષ પૂર્વેના મહાપુરુષોના સ્મૃતિગ્રંથો વાંચીએ, ત્યારે આવું વર્ણન મળે – 'ફલાણા ગામના ચોમાસામાં ભગવતી સૂત્ર પર વ્યાખ્યાન કર્યું.' ભગવતી સૂત્ર પર વ્યાખ્યાન શું કરતા હશે ? તે પ્રશ્ન થાય, કારણકે તેમાં તો દ્રવ્યાનુયોગ જ ભરેલો છે. તો ઉપદેશ શો આપવાનો ? છતાં એ કાળના શ્રાવકોને તેવા શ્રવણની રુચિ હશે એટલે તેવા વ્યાખ્યાન થતા હશે.

  આજે એવા વ્યાખ્યાન કરીએ, તો કદાચ કાગડા ઊડે, તેવી હાલત થાય.

  એટલે, અમારે પ્રવચન શૈલી બદલવી જ પડી છે.
- સાર એ છે કે જે માધ્યમથી જીવો આકર્ષાય, તે માધ્યમનો ઉપયોગ કરવો પડે. જીવોની ભૂમિકા બદલાય, અને અમુક માધ્યમ પકડી રખાય, તો સર્વથા નિષ્ફળતા મળે, કોઈ જીવ આકર્ષાય નહીં. તેવો એકાંતવાદ જિનશાસનને માન્ય નથી.
- આપણી વાત એ હતી કે લોકોને જેનું આકર્ષણ હોય, તે ઊભું કરો, તો લોકો ખેંચાય. દિલ્હી કે ગાંધીનગરનું અક્ષરધામ, તેના જ્વલંત દૃષ્ટાંત છે. લાખો લોકો તેને જોવા જાય છે. તમે ય કદાચ જોઈ આવ્યા હશો. રાણકપુર કે દેલવાડાનાં જિનાલયો જોવા (દર્શન કરવા નહીં) માટે પણ હજારો કે લાખો લોકો આવે જ છે ને ?

  *સભા : તે બધા થોડા કંઈ પામવાના છે ?*

  જુઓ, જેની પાત્રતા જ નથી, તે તો નથી જ પામવાના.

પણ બધા જ જીવો અપાત્ર હોય, તેવું માની લેવાની જરૂર નથી. જે પાત્ર છે, જેની ભવિતવ્યતા ઉજળી છે, જેનો કાળ પાક્યો છે, જેને શાસ્ત્રકાર આસન્ન-સિદ્ધિક કહે છે, અર્થાત્ જેનો મોક્ષ હવે નજીકના ગાળામાં થવાનો છે, તે જીવ આવા નિમિત્તને પામીને ધર્મ પામે છે.

અલબત્ત, પાત્ર જીવ, આકર્ષણોથી આકર્ષાયા પછી, ધર્મ પામે, તેની પાત્રતા પ્રગટ થાય, તેવી વ્યવસ્થા – તેવું આયોજન હોવું જોઈએ. તો જ આડંબરનું પ્રયોજન સફળ થાય. ઘણીવાર આ સમજ ન હોવાના કારણે, તેવું આયોજન ન હોવાના કારણે... આપણે જે આકર્ષણો ઊભા કરીએ છીએ, તેનાથી બહુ ઓછા લોકો ધર્મ પામે છે, ક્યારેક તો કોઈ જ પામતું નથી; તે વાત આગળ કરીશ.

અત્યારે વાત એટલી જ છે કે **બાહ્ય આડંબરથી આકર્ષાયેલો જીવ પાત્ર હોય, યોગ્ય આયોજન હોય, તો ધર્મ પામે છે, આરાધે છે, સુખી થાય છે.** આમ **આડંબર દ્વારા, જીવોને સુખી કરવાની પ્રભુની ભાવના સફળ થાય છે. એટલે જ પ્રભુના શાસનમાં આડંબર સ્વીકાર્ય છે.**

- ધર્મ પામ્યો ક્યારે કહેવાય ?

શાસ્ત્રકાર કહે છે – **'જૈન ધર્મ સારો છે... તેમના ભગવાન સરસ છે... તેમના સાધુઓ સારા છે...' એટલો ભાવ પણ જો તેના હૃદયમાં પેદા થઈ જાય, તો તે ધર્મનું બીજ છે. તેમાંથી આજે નહીં તો કાલે, આ ભવે નહીં તો આવતા ભવે, ક્યારેક અંકુરા ફૂટશે, ધર્મ આરાધશે. આગળ જતાં વિરાટ વટવૃક્ષ ઊભું થશે અને મોક્ષરૂપી ફળ પણ પામશે.**

એટલે આપણે તેના હૃદયમાં આટલો નાનકડો બહુમાનભાવ ઊભો કરી દઈએ, તો પણ આપણું કાર્ય સફળ છે.

અને ઘણીવાર આટલું પરિણામ તો મળે જ છે, તેવો અનુભવ તો કદાચ તમને પણ થયો હશે.

- પાત્ર જીવો સદા ઓછા જ હોય છે.

એમાંય હાલ તો કલિકાળ ચાલે છે. બહુ ઓછા જીવોમાં પાત્રતા જોવા મળે. એટલે ક્યારેક પરિણામ બહુ ઓછું મળે.

પણ એક જીવ પણ ધર્મ પામે, તો બધી મહેનત સફળ છે.

ઉપદેશમાળામાં શાસ્ત્રકાર કહે છે – **જે એક જીવને પણ જિનવચન પ્રત્યે રુચિ પેદા કરાવી દે, તેણે ૧૪ રાજલોકમાં અમારિ-પડહ વગડાવ્યો છે ! અર્થાત્ જગતના સર્વ જીવોને અભયદાન આપવાનો લાભ તેને મળે છે.** કારણ એ જ કે ધર્મ પામેલ જીવ, આગળ જતાં સંયમ લેશે, મોક્ષમાં જશે; ત્યારે સર્વ જીવોને અભયદાન આપવાનો જ છે.

નથી લાગતું કે ૧ જીવ પામે, તો પણ બધું જ વસૂલ છે ?

કદાચ આડંબરમાં વિરાધના હોય, તો પણ તેના કરતાં પરંપરાએ જીવરક્ષા ઘણી મોટી છે. એટલે લાભ જ છે.

- મેં પૂર્વે જણાવ્યું અને ફરી જણાવું – દેવ-ગુરુ-ધર્મની મહત્તા વધારવા માટે જ આડંબર માન્ય છે, પોતાની મહત્તા વધારવા માટે નહીં. અલબત્ત, આપણે બધા છદ્મસ્થ છીએ, વીતરાગ તો નથી જ. એટલે આડંબરથી આપણો માન-કષાય થોડા ઘણા અંશમાં પુષ્ટ થાય, તેની સંભાવના છે જ.

  શાસન-પ્રભાવના માટે તપસ્વીનું સામૈયું કરાય, તો થોડો ઘણો માન-કષાય તેમનો પોષાય, તે સંભવ છે જ. શાસ્ત્રકારો પણ તે જાણે જ છે. છતાં, તેના કરતાં શાસનનો જે અનુરાગ છે, જીવોને ધર્મ પમાડવાની ભાવના છે, તેનાથી લાભ વધુ છે, દોષોનો ઘટાડો જ થાય છે. એટલે જ, આડંબરની વાત શાસ્ત્રકારે કરી છે.

  હા, કોઈનો માન-કષાય અત્યંત પ્રબળ બની જતાં નુકસાનકારક બનતો હોય, તો તેના માટે ગુરુ નિષેધ પણ કરે. તે વ્યક્તિગત ભૂમિકા છે.

- ઘોર જીવહિંસા કરનારો, મુસલમાન અકબર બાદશાહ પ્રતિબોધ પામ્યો, અમારિ-પ્રવર્તન કરાવનારો બન્યો; તેમાં મૂળ કારણ શું બન્યું છે ? ચંપા શ્રાવિકાના ૬ મહિનાના ઉપવાસના પારણાંની શોભાયાત્રા જ.

  **જો 'આડંબર ન કરાય' એવા વાદે ચડીને ચંપા શ્રાવિકાએ ખાનગીમાં પારણું કરી લીધું હોત, તો કેટલા બધા લાભ ગુમાવ્યા હોત ? ભારતવર્ષમાં અમારિ પ્રવર્તન, શિખરજી વગેરે તીર્થોની જમીન સંઘને ભેટ મળવી... વગેરે અનેક અકલ્પનીય લાભો, જે અકબર બાદશાહ દ્વારા મળ્યા, તે બધા ગુમાવ્યા હોત !**

  પ્રસંગ જાણીતો છે, છતાં ટૂંકમાં કહું – ચંપા શ્રાવિકાએ ૬ મહિનાના ઉપવાસ કર્યા. પારણાંની શોભાયાત્રા બાદશાહના મહેલ પાસેથી નીકળી. બાદશાહે પૂછ્યું – આ બધું શું છે ?' સેવકોએ કહ્યું – 'આ બાઈએ છ મહિનાના રોજા કર્યા છે. તે પણ એવા, કે જેમાં દિવસે કે રાત્રે કશું ખાવાનું નહીં.' બાદશાહને આશ્ચર્ય થયું – 'હું એક મહિનાના રોજા રાખું છું. તેમાં પણ રાત્રે ખાઉં છું. તો પણ અઘરું લાગે છે. તો ૬ મહિના સુધી ખાધા વગર કેમ રહેવાય ?' ચંપાને બોલાવીને પૂછ્યું – 'તારામાં આ તાકાત ક્યાંથી આવી ?' ચંપાએ કહ્યું – 'દેવ-ગુરુ પસાય.' અકબરે પૂછ્યું – 'તારા ગુરુ કોણ ?' ચંપાએ સમયસૂચકતા વાપરીને હીરસૂરિ મ. નું નામ આપ્યું. અકબરે તેમને ગુજરાતથી બોલાવ્યા. તેમનો ઉપદેશ સાંભળ્યો. તેમનાથી પ્રતિબોધ પામ્યા. અમારિ-પ્રવર્તન કર્યું. શિખરજી તીર્થનો પહાડ, અનેક જ્ઞાનભંડારો ભેટ કર્યા. બધાનું મૂળ તો પારણાંનો આડંબર જ હતો.

- શોભાયાત્રાની જરૂર શું ? એવો પ્રશ્ન કરનાર માટે આ એક ઘટના જ સબળ પ્રત્યુત્તર

છે.

*સભા : કો'ક દિવસ હોય, તો બરાબર છે. રોજ-રોજ નીકળે, તો લોકોને અરુચિ જ થાય ને ?*

એક સંઘમાં શોભાયાત્રા વર્ષે ૧-૨ વાર જ નીકળતી હોય છે. રોજ-રોજ ક્યાં નીકળે છે ?

જે ક્ષેત્રમાં નજીક-નજીકમાં સંઘો હોવાથી, એક જ રૂટ પરથી શોભાયાત્રા નીકળતી હોય, તેમણે ભેગા થઈને સામૂહિક શોભાયાત્રાનું આયોજન કરવું જોઈએ.

મુંબઈના ઘણાં પરાઓમાં થાય છે. બોરીવલીમાં ૨૭, ગોરેગામમાં ૧૧, ડોંબિવલીમાં ૭, મુલુંડમાં ૫, મલાડ(ઈસ્ટ)માં ૪, દાદરમાં ૩ સંઘોની ભેગી રથયાત્રા-શોભાયાત્રા નીકળે છે, તે મને ખબર છે. બીજે પણ થતી હશે.

તેનાથી શાસન-પ્રભાવના પણ સુંદર થાય છે, સંઘો વચ્ચે સંપ-પરસ્પર સ્નેહ-સુમેળ વધે છે, વારંવારની શોભાયાત્રાથી લોકોને થતી હાલાકીના કારણે ઊભા થતાં પ્રશ્નોનો ઉકેલ આવી જાય છે.

- **શાસન-પ્રભાવનાના અનુષ્ઠાનો, વિવેક પૂર્વક કરાય, તો જ શાસનપ્રભાવના થાય. વિવેક ચૂકીને કરાય, તો શાસન-હીલના પણ થાય.**

રાજમાર્ગ પર શોભાયાત્રા કાઢો અને ૧ કલાક ટ્રાફિક બંધ કરો, તો હેરાન થયેલા લોકોને દુર્ભાવ થવાનો સંભવ છે જ.

શોભાયાત્રામાં રહેલા ઊંટ-ઘોડા વગેરે રસ્તા પર ગંદકી કરે, તો દુકાનવાળાઓને દુર્ભાવ થવાનો સંભવ છે જ.

મોડી રાત્રે કે વહેલી સવારે જોરશોરથી અવાજ થાય, તો અડોશ-પડોશના લોકોને દુર્ભાવ થવાનો સંભવ છે જ.

મધુર સંગીતના બદલે માત્ર ઘોંઘાટ કહેવાય તેવા ઢોલ-નગારાં જ હોય, તો લોકોને અરુચિ થવાનો સભવ છે જ.

રોજે રોજ જોરથી માઈક વગાડવામાં આવે, તો નજીક રહેનારાને દુર્ભાવ થવાનો સંભવ છે જ.

આવા બધા દુર્ભાવો ન થાય, તેવા વિવેકપૂર્વક જ અનુષ્ઠાનો થવા જોઈએ.

- તપના પારણાંની શોભાયાત્રાથી કેવો લાભ થાય ? તેનું દૃષ્ટાંત આપ્યું. પદવીના મહોત્સવથી કેવો લાભ થઈ શકે ? તેનું દૃષ્ટાંત જણાવું.

વિ. સં. ૨૦૬૭ માં મેં દાદર-આરાધના ભવન સંઘમાં ચાતુર્માસ કર્યું. વિ. સં. ૨૦૬૮ માં ત્યાં મૂળનાયક ચંદ્રપ્રભ સ્વામી ભ. ની ચલ-પ્રતિષ્ઠા થઈ. તેનો લાભ સંઘના પ્રમુખ કિરીટભાઈએ મોટી રકમમાં લીધો. તેઓ સંઘમાં સદા માટે ઉદારતાથી લાભ લેતા હતા. જન્મે સ્થાનકવાસી. મેં તેમને પૂછ્યું – તમે આ તરફ શી રીતે

આવ્યા ?

તેમનો જવાબ – વિ. સં. ૨૦૫૩માં (મારા ગુરુદેવ) પૂ. આ. શ્રી રત્નસુંદરસૂ. મ. ની આચાર્ય પદવી સાંતાક્રુઝ–મુંબઈમાં થઈ. તે વખતે તેઓના જેટલા પુસ્તકો પ્રકાશિત થયેલા, તે બધાનું એક રંગોળી પ્રદર્શન હતું. તેના ચારે બાજુથી વખાણ સાંભળવાથી તે જોવા માટે ત્યાં ગયેલો. તેમાંથી તેઓના સંપર્કમાં આવ્યો. તેમાંથી ધર્મ પામ્યો, સંઘમાં જોડાયો. આગળ જતાં ટ્રસ્ટી–પ્રમુખ બન્યો.

એક પ્રદર્શન, એક વ્યક્તિમાં કેવા પરિવર્તનનું નિમિત્ત બની શકે ? તેનું આ દૃષ્ટાંત છે. સમગ્ર આચાર્ય પદવીમાં જેટલો ખર્ચ થયો હશે, તેના કરતાં કંઈક ગણું દાન તો કિરીટભાઈએ કર્યું જ છે, તેની મને ખબર છે.

જો મારા ગુરુદેવની આચાર્ય પદવી ખાનગીમાં થઈ હોત તો ? સંઘને આવા દાનવીર ન મળ્યા હોત !

- કેટલાકને પ્રભાવનાઓનો વિરોધ હોય છે.

  પ્રભાવનાથી ધર્મ પામેલા જીવનું દૃષ્ટાંત આપું.

  અમારા સમુદાયના સર્જક પૂ. ભુવનભાનુસૂ. મ. ના પટ્ટધર, પૂ. ગુણાનંદસૂરિ મ. હતા. પૂ. ભુવનભાનુસૂ. મ. ની હાજરીમાં જ તેમનો સ્વર્ગવાસ થઈ જવાથી પછી પટ્ટધર પૂ. જયઘોષસૂ. મ. બન્યા.

  આ ગુણાનંદસૂ. મ. અંગેની વાત અમને અમારા ગુરુદેવે કરેલી. તેઓ જન્મે જૈન નહોતા. કર્ણાટકની લિંગાયત જાતિના બ્રાહ્મણ હતા. જૈન ધર્મ કેમ પામ્યા ?

  વ્યાખ્યાન પછી પ્રભાવના હતી. આ પ્રભાવના લેવા માટે જ જૈનેતર છોકરો વ્યાખ્યાનમાં આવેલો. પ્રભાવના લઈને, પાછલા બારણેથી ફરી અંદર આવ્યો, બીજીવાર પ્રભાવના લેવા માટે. પ્રભાવના કરી રહેલા કાર્યકર, તેને ઓળખી ગયા, અને બીજી વાર પ્રભાવના આપવાની ના પાડી. પાટ પર બેઠેલા આચાર્ય ભગવંતે આ જોયું, અને કહ્યું – 'બીજી વાર પ્રભાવના આપી દે.' પેલા છોકરાને થયું – 'આ મહારાજ સારા છે.' રોજ આવતો થયો. ધર્મ પામ્યો, દીક્ષા લીધી, આચાર્ય બન્યા !

  અમારા ગુરુદેવ કહેતા હતા કે તેઓ સંસ્કૃતના એવા પ્રકાંડ વિદ્વાન્ હતા, કે ૨૦૦૦ ધાતુના ૧૦ કાળના રૂપોનો ઊંઘમાં સ્વપ્નમાં સ્વાધ્યાય કરતા હતા.

  અમારા સમુદાયના ૩ ધુરંધર પ્રભાવક પ્રવચનકારો – પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિ. મ.સા., મારા ગુરુદેવ પૂ. આ. શ્રી રત્નસુંદરસૂ. મ.સા. અને પૂ. આ. શ્રી હેમરત્નસૂ. મ.સા.... ત્રણેને ભણાવનાર તેઓ હતા !

  એક પ્રભાવનામાંથી કેવા મહાપુરુષનું સર્જન થયું !

- **છેલ્લા ૫૦ વર્ષમાં થયેલા ગચ્છાધિપતિઓમાંથી કેટલાય જન્મે જૈન નહોતા.**

  સાગર સમુદાયના હાલના ગચ્છાધિપતિ દોલતસાગરસૂ. મ. સા., બુદ્ધિસાગરસૂ.

મ., કેસરસૂરિ સમુદાયના હમણાં જ સ્વર્ગવાસ થયેલ ગચ્છાધિપતિ હેમપ્રભસૂ. મ.સા., શાસનસમ્રાટ સમુદાયના ગચ્છાધિપતિ થયેલા મેરુપ્રભસૂ. મ.સા. ... વગેરે અનેક છે. આચાર્ય ભગવંતોની સંખ્યા તો કદાચ ૨૫–૫૦ હશે.

તે બધા જૈન ધર્મ શી રીતે પામ્યા ? તેનો ઈતિહાસ તપાસશો, તો જણાશે કે **પ્રાયઃ કોઈ પ્રભાવક અનુષ્ઠાનના માધ્યમે જ તેઓને જૈન ધર્મ કે ગુરુ ભગવંતનો પરિચય થયો હશે.**

**આવા આચાર્ય ભગવંતોને પ્રતિબોધ પમાડવામાં જે નિમિત્ત બને, તે આડંબરને ઉપાદેય કેમ ન મનાય ?**

- અહીં એક વાત કરી દઉં. ઘણીવાર આપણી વ્યવસ્થાઓ એવી હોય છે કે જીવો ધર્મ પામે જ નહીં.

  વ્યાખ્યાનમાં મોટી પ્રભાવના હોય, તો તમે જૈનેતરોને વ્યાખ્યાનમાં આવવા જ ન દો. તેઓ પ્રભાવનાના લોભે આવીને જિનવાણી સાંભળશે, તો પામશે. તેના માટે જ તો પ્રભાવના છે. પ્રભાવના રાખ્યા પછી તેને આવવા ન દો, તો તેનો અર્થ શું ? હા, તેઓના કારણે બીજી કોઈ સમસ્યા સર્જાતી હોય, તેના કારણે આવવા ન દેવાય, તે જુદી વાત છે. પણ તેમને પ્રભાવના ન આપવી હોય, તેના માટે જ આવવાની ના પાડવી, તેનું ઔચિત્ય વિચારણીય છે.

- આડંબર જિનશાસનમાં સ્વીકાર્ય છે, તેના શાસ્ત્રાધાર જણાવ્યા. તેની પાછળનું તાર્કિક કારણ જણાવ્યું. તેનાથી જીવો પામે છે, તેવા અનુભવ થયાના દૃષ્ટાંત હું જણાવી રહ્યો છું.

  મારા ગુરુદેવે વિ. સં. ૨૦૪૨ માં મુલુંડ–ઝવેર રોડ સંઘમાં ચાતુર્માસ કર્યું, ત્યારે મહાપૂજા થયેલી. જિનાલયનો સુંદર શણગાર હતો. ચારે બાજુ જાહેરાતો કરેલી. તમે માનશો ? ૧ લાખ માણસ દર્શન કરવા આવેલું, તેવો અંદાજ છે. તે વખતે મુલુંડમાં જૈનોની વસતિ ૧૫ હજારથી વધુ નહીં હોય. કદાચ બીજા પરાઓમાંથી દર્શનાર્થે આવેલા જૈનોની ગણતરી કરીને, ૫૦ હજાર જૈનો માનો, તો પણ ૫૦ હજાર જૈનેતરો દર્શનાર્થે આવેલા.

  તેમાંથી ૫૦ પણ હળુકર્મી જીવો, આ નિમિત્તને પામીને ધર્મ પામી જાય, તો આ આડંબર સફળ જ છે ને ?

- થોડા વર્ષો પૂર્વે પૂ. ગુણરત્નસૂ. મ. ની નિશ્રામાં ચેન્નઈના મુથા પરિવારે પાલિતાણામાં ચાતુર્માસ કરાવ્યું. ૫૦ કરોડથી પણ વધુ ખર્ચ કર્યો, તેવું સાંભળ્યું છે. જે આવે, તેને જમવાનું. રસોડું ચાલુ જ હોય. જૈનેતરો પણ તેનો લાભ (!) લેતા. હજારો જૈનેતરો આવ્યા હશે. તેમાંથી કેટલાક તો એવા હળુકર્મી જીવો હશે જ, કે જેમને 'આ જૈન ધર્મ સારો છે.' એવું બીજ હૃદયમાં પડી ગયું હશે. એ જ શાસન–

પ્રભાવના છે.

- અલબત્ત, આડંબરથી આકર્ષાયેલા જીવોના હૃદયમાં આવું બીજ પડે, તેવી વ્યવસ્થા હોવી જોઇએ.

  **મહાપૂજામાં શણગાર તો હોય જ... ઉપરાંત ચારે બાજુ પ્રભુ કેવા ? પ્રભુના વચનો કેવા ? તે વિષયના એવા સુવાક્યો હોવા જોઇએ, જેને વાંચતા પ્રભુ પ્રત્યે સહજ જ બહુમાન ઊભું થઇ જાય.**

  **પ્રભુની રથયાત્રા માં પણ એવા આયોજનો જોઇએ. હજારો-લાખો રૂપિયાના ખર્ચે બેંડ, મંડળ વગેરે બોલાવાય... તેના આકર્ષણે લોકો જોવા આવે... પણ જોવા આવેલાને પ્રભુ પ્રત્યે બહુમાન ઊભું થાય, એવું કોઇ આયોજન ન હોય, તો આડંબર સફળ ન થાય.**

  **તપસ્વીની શોભાયાત્રામાં પણ પ્રભુશાસનનો તપ કેવો હોય છે ? તેને જણાવતા સુવાક્યો હોવા જોઇએ, જેને વાંચતા જ તપસ્વીઓ પર બહુમાન થાય. માત્ર તપસ્વીના નામ અને તપ લખવાથી જૈનેતરોને શી રીતે બહુમાન થાય ?**

  **દીક્ષાર્થીની શોભાયાત્રામાં દીક્ષા શું છે ? તે વિષયના સુવાક્યો હોવા જોઇએ.**

  **ગુરુ ભગવંતના સામૈયામાં જૈન સાધુ કેવા ? એ વિષયના સુવાક્યો હોવા જોઇએ.**

  આપણી ખામી એ છે કે ખર્ચ કરીને આડંબર કરી દઇએ, પણ તેને સફળ બનાવવાના આયોજન ન કરીએ !

- આનુષંગિક એક વાત કરી દઉં.

  **જિનશાસન ગુપ્તદાન કરવાનું કહે છે, પણ અનુકંપા ગુપ્ત રીતે કરવાની નથી. 'જૈનો, જૈન સંઘ, જૈન સંસ્થા આ કાર્ય કરી રહી છે' – એવી જાહેરાત પૂર્વક જ કરવી જોઇએ. તો જ લેનારાને જૈન ધર્મ પર બહુમાન થાય, ધર્મનું બીજ પડે, શાસન-પ્રભાવના થાય. તેવી અનુકંપા જ સાચો ધર્મ બને.**

  જેમાં શાસન-પ્રભાવના નથી, તેવી અનુકંપા ધર્મ નથી, એવું નથી; પણ તે બહુ ઉચ્ચ કોટિનો ધર્મ નથી. શાસન-પ્રભાવના થાય, તે રીતે કરાતી અનુકંપા, વિશિષ્ટ કોટિનો ધર્મ બને.

- શાસન-પ્રભાવનાના અનુષ્ઠાનો વિવેક વિના કરાય, તો ક્યારેક શાસન-હીલના પણ થઇ જાય. મેં તેવા કારણો જણાવેલા. એક પ્રસંગ જણાવું.

  એક સંઘમાં બપોરના સમયે કેટલીક યુવતીઓ ભેગી થઇને મને મળવા આવી.

  તમે જાણો છો – બહેનોને હું સામાન્યથી મળતો નથી. વોચમેન મને કહેવા આવ્યો – 'તેમને અગત્યનું કામ છે. બે-ત્રણ તો સંઘના ટ્રસ્ટીઓની દીકરીઓ છે.' સંઘનું ખાસ કામ હશે, તેવું વિચારીને મેં તેમને આવવા દીધા.

  તેમની વાત આ હતી → ત્રણ દિવસ પૂર્વે સંઘનું સ્વામિવાત્સલ્ય હતું. જમવામાં

રસમલાઈ હતી. એક પીપ ભરીને રસમલાઈ વધી હતી. બધી જ ગટરમાં નાખી દીધી. અમારા મકાનમાંથી અમારી જૈનેતર બહેનપણીઓએ આ જોયું, અને અમને કહ્યું – 'તમારો ધર્મ આવો છે ? ખાવાનું ફેંકી દેવાનું ?' તમને ખબર જ હશે કે જૈનેતરો અન્નને દેવતા માને છે.

મેં વ્યવસ્થાપકને બોલાવ્યા. તેમણે કહ્યું – વાત સાચી છે. ૨૦૦ માણસની રસમલાઈ વધેલી. મેં ૪–૫ યુવાનોને ફોન કર્યો, પણ કોઈ વ્યવસ્થા કરવા તૈયાર ન થયું. ડેકોરેટરને વાસણો પરત કરવાના હતા. હું શું કરું ? ગટરમાં નાખી દીધી ! યોગ્ય વ્યવસ્થા ન કરાય, તો આવું વિપરીત પરિણામ પણ આવી શકે !

- શ્રદ્ધા રૂપી સમ્યક્ત્વને દૂષિત કરનારી વિપરીત માન્યતાઓ વિશે આપણી વિચારણા ચાલે છે.

  આડંબર એ ધર્મ નથી, એવી વિપરીત માન્યતા વિશે આપણે વિચાર કર્યો.

  તેને સંલગ્ન એવી એક બીજી માન્યતા-પ્રરૂપણા વિશે કેટલીક સ્પષ્ટતા જરૂરી છે. એટલે તેનો વિચાર સાથે કરી લઇએ.

- કેટલાક લોકો સાધર્મિક-ભક્તિમાં જ સંપત્તિ ખર્ચવી જોઇએ, તેવું માને છે. જિનાલય, ઉપધાન વગેરે અનુષ્ઠાનોમાં ખર્ચાતી સંપત્તિને નિરર્થક માને છે. કદાચ તેને અધર્મ કહેવા રૂપ મિથ્યાત્વ તેમનામાં નથી; પણ એ બધામાં ખર્ચાતી સંપત્તિનો કોઇ અર્થ નથી, તેવું માને છે – કહે છે. સહુએ એ બધા ક્ષેત્રોમાં રકમ ખર્ચવાની બંધ કરીને સાધર્મિક-ભક્તિમાં જ સંપત્તિ ખર્ચવી જોઇએ, એમ માને છે – કહે છે.

  એ વિશે કેટલીક વિચારણા કરવી છે.

- શરૂઆતમાં જ એક વાત સ્પષ્ટ કરી દઉં કે કોઇને સાધર્મિક-ભક્તિ રૂપ ધર્મ વિશેષ ગમતો હોય, તેને ૧૦૦ રૂપિયા ખર્ચવા હોય તો ૧૦૦ એ ૧૦૦ કે ૧૦૦ માંથી ૯૯/૯૦ રૂપિયા સાધર્મિક-ભક્તિમાં ખર્ચે, તેનો મને કે કોઇને વિરોધ હોઇ શકે નહીં. તેની સંપત્તિ, તેને જે ક્ષેત્રમાં ઉચિત લાગે ત્યાં ખર્ચે.

  પણ, તે એવું કહે કે બીજા બધા ક્ષેત્રોમાં રકમ ખર્ચવી જ ન જોઇએ; કે એ બધા ક્ષેત્રોમાં ખર્ચાતી રકમ નિરર્થક છે; સહુએ સાધર્મિક-ભક્તિમાં જ રકમ ખર્ચવી જોઇએ... તો તે વાત બરાબર નથી, એ જ મારો કહેવાનો આશય છે.

- *સભા : સાધર્મિક-ભક્તિ ઉત્તમ ધર્મ કહ્યો છે ને ?*

  એ શાસ્ત્રવચનના તાત્પર્યનો વિચાર આપણે કરીશું.

  પહેલા મને એ કહો કે 'ઉત્તમ ધર્મ' એટલે શું ?

  *સભા : જેનું ફળ સૌથી વધારે હોય, તે.*

  બરાબર. હવે એ કહો કે પોતાને ફળ વધારે મળે, તે ધર્મ ઉત્તમ કહેવાય ? કે બીજાને ફળ વધારે મળે, તે ધર્મ ઉત્તમ કહેવાય ?

  *સભા : બીજાને.*

  તમારી એ માન્યતા ભૂલભરેલી છે.

  **બીજાને મળતા ફળના આધારે ધર્મની ઉત્તમતાનો નિર્ણય તો ન થઇ શકે, ધર્મ કે અધર્મનો નિર્ણય પણ ન થઇ શકે.**

  અપરિણત સાધુ કે અગીતાર્થ સાધુ, જેને ગીતાર્થ ગુરુએ વ્યાખ્યાન કરવાની રજા આપી નથી, તે સ્વચ્છંદપણે વ્યાખ્યાન કરે, તેનાથી સેંકડો લોકો કદાચ ધર્મ પામી

શકે... બીજાને ફળ તો ઘણું મળે છે. છતાં, તેના પોતાના માટે તો તે ધર્મ પણ નથી બનતો, ઉત્તમ ધર્મ બનવાનો તો પ્રશ્ન જ નથી.

- જે ધર્મ, જે વ્યક્તિને સૌથી વધુ ફળ આપે, તે તેના માટે ઉત્તમ ધર્મ બને. બીજાને કશું ફળ મળે કે નહીં, તેની વિચારણા તેમાં કરવાની હોતી નથી.
  અને તે ફળ, રાગ-દ્વેષની મંદતા રૂપ સમજવાનું છે, પરિણામોની વિશુદ્ધિ રૂપ સમજવાનું છે.
  એટલે નિશ્ચિત એ થયું કે જે **જીવના રાગ-દ્વેષ જે અનુષ્ઠાનથી વધારે મંદ થાય, પરિણામો વધારે વિશુદ્ધ થાય; તે તેના માટે ઉત્તમ ધર્મ બને.**
- **દરેક જીવની રુચિ, કક્ષા, પાત્રતા એકસરખી હોતી નથી.**
  **જેને જે આરાધનાની રુચિ હોય, તેમાં વિશેષ ઉલ્લાસ જાગે, તેનાથી તેના પરિણામો વધારે વિશુદ્ધ થાય. તેના માટે તે ધર્મ ઉત્તમ બને.**
  બધાને એક લાકડીએ હાંકી ન શકાય. **સહુને માટે એક જ ધર્મ ઉત્તમ ન હોય.**
  *સભા : શાસ્ત્રમાં કહ્યું છે ને કે ત્રાજવાના એક પલ્લામાં બીજા બધા ધર્મ મૂકો, અને બીજા પલ્લામાં સાધર્મિક-ભક્તિ મૂકો, તો તે પલ્લું નમી જાય...*
  મને ખબર છે. એ વચનનું તાત્પર્ય હું જણાવીશ, ઉતાવળા ન થાઓ.
- સાધુને માટે ઉત્તમ ધર્મ કયો ? સ્વાધ્યાય ? વૈયાવચ્ચ ? તપ ?
  *સભા : ગુરુ જેની આજ્ઞા કરે, તે.*
  સાચી વાત. પણ હવે એ કહો કે ગુરુ તેને શું કરવાની આજ્ઞા કરે ? જે ઉત્તમ હોય, તેની જ કરે. તો ગુરુ શી રીતે નિર્ણય કરે કે તેના માટે ઉત્તમ ધર્મ કયો ?
  આમ તો શાસ્ત્રવચન છે – सज्झायसमो तवो नत्थि । સ્વાધ્યાય એ શ્રેષ્ઠ આરાધના છે.
  પણ એનો અર્થ એ નથી કે બધાને સ્વાધ્યાયની જ પ્રેરણા કરવાની.
  ગુરુનો એક અત્યંત મહત્ત્વનો ગુણ શાસ્ત્રકારે બતાવ્યો છે – **ગુરુ અનુવર્તક હોય. અનુવર્તકનો અર્થ એ છે કે જે શિષ્યને જે આરાધનાની રુચિ હોય, તેને ઓળખીને તેમાં તેને જોડે અને આગળ વધારે.**
  **જે ગુરુ અનુવર્તક ન બની શકે, તે શિષ્યોનું આત્મકલ્યાણ ન કરી શકે.** એટલે હકીકતમાં ગુરુ બનવાની યોગ્યતાની જ ખામી ગણાય.
  જેને સ્વાધ્યાયની વિશેષ રુચિ હોય, તેને તપ વધારે કરાવે, તો તપ પણ પરાણે કરે, સ્વાધ્યાય પણ ઘટે... બંનેથી ભ્રષ્ટ થાય. ન ઘરનો, ન ઘાટનો... તેના જેવી હાલત થાય.
  *સભા : સ્વાધ્યાય માટે બિલકુલ તપ ન કરે, તે ચાલે ?*

જુઓ, ગુરુ દરેક આરાધનાની સામાન્ય રુચિ અવશ્ય ઊભી કરાવે. તપ પ્રત્યે અણગમો તો ન જ ચાલે. પણ વિશેષ રુચિ, જીવના સંસ્કારો પર અવલંબે છે. તેની આરાધના વિશેષ કરાવે, બીજી બધી સામાન્ય કરાવે.

- એટલે દરેક જીવ માટે ઉત્તમ ધર્મ સાધર્મિક–ભક્તિ જ છે, તેવું ન કહી શકાય. દરેકની રુચિ અનુસાર જુદા જુદા ધર્મ તેને વિશિષ્ટ ફળદાયક બની શકે.
  અલબત્ત, **કોઈપણ ધર્મ ઔચિત્યપૂર્વક, વિવેકપૂર્વક, બીજા યોગોને સાપેક્ષ રહીને આરાધાય, તો જ વિશિષ્ટ ફળ આપે.**
- બીજી પણ એક વાત કરું.
  શરીરમાં સૌથી મહત્ત્વનું અંગ કયું ?
  હૃદય ? કિડની ? લિવર ? મગજ ? હોજરી ?
  *સભા : બધા જ.*
  સાચી વાત છે. આ બધામાંથી એક પણ અંગ કામ કરતું બંધ થાય, તો બધા જ બંધ થઈ જાય. દરેક અંગને જરૂરી પોષણ મળવું જરૂરી છે.
  એ રીતે **દેરાસર, ઉપાશ્રય, પાઠશાળા, તીર્થ, જ્ઞાનભંડાર, આરાધના, સાધુ ભગવંતો... બધા જ શાસનના અંગો છે. બધા એકબીજાને સાપેક્ષ છે. એક પણ તૂટી પડે, તો આખું શાસન તૂટી પડે. એટલે દરેકમાં જરૂરી ભોગ આપવો જ પડે, પોષણ આપવું જ પડે.**
  સહુની જુદી જુદી રુચિ હોય... સહુ પોતપોતાની રુચિ પ્રમાણેના ક્ષેત્રમાં દાન કરતા હોય... તેથી શાસન ચાલે છે.
  કોઈ ક્ષેત્રની વધુ પડતી ઉપેક્ષા હોય, કોઈ ક્ષેત્રમાં આકસ્મિક આવશ્યકતા ઊભી થઈ હોય, તો તેની પ્રધાનતા બતાવી શકાય... તે ક્ષેત્રમાં સંપત્તિનો વિશેષ સદુપયોગ કરવાની પ્રેરણા કરી શકાય. પણ 'એ જ ક્ષેત્રમાં ખર્ચવા જોઈએ, બીજે નહીં... ત્યાં ખર્ચેલા પૈસા જ સાર્થક છે, બીજા ક્ષેત્રમાં કરેલો ખર્ચ નિરર્થક છે...' એવું ન કહી શકાય.
  અને એ વાત પણ સમજી રાખો કે પ્રધાનતા–આવશ્યકતા વગેરે પણ આપેક્ષિક છે. કોઈને વર્તમાન કાળમાં સાધર્મિક–ભક્તિની વિશેષ આવશ્યકતા દેખાય છે, કારણકે સરકારી નીતિઓ વગેરે કારણે ઘણાં સાધર્મિકો સીદાય છે.. તો કોઈને પાઠશાળા, સંસ્કાર–શિબિરો વગેરેની આવશ્યકતા વિશેષ દેખાય છે, કારણકે નાસ્તિકતા વધી રહી છે, સદાચારોનું ધોવાણ થઈ રહ્યું છે... કોઈને તીર્થરક્ષાની વિશેષ આવશ્યકતા દેખાય છે, કારણકે તીર્થો પરની આપત્તિઓ પણ મોટી છે.
  સર્વ કાર્યો, કોઈને કોઈ અપેક્ષાએ પ્રધાન બની શકે છે.
- ત્રીજી અત્યંત મહત્ત્વની વાત કરું.

સાધર્મિક-ભક્તિ અનેક પ્રકારે થઇ શકે.

સાધર્મિકને જમાડો, તેને અનાજ-કપડાં આપો, તેને ઘર લઇ આપો, તેને બિમારીમાં દવા વગેરે આપો, તેને આવકનું સાધન ઊભું કરી આપો...

બધામાં શ્રેષ્ઠ કઇ ?

*સભા : આવકનું સાધન ઊભું કરી આપવું, તે.*

શા માટે ? તે કહો.

*સભા : કારણકે જીવનભરનું દુઃખ ટળે.*

બરાબર છે. ખાવાનું આપો તો એકાદ-બે ટંકનું દુઃખ ટળે. અનાજ-કપડાંથી ૧-૨ વર્ષનું ટળી શકે. પણ આવકનું સાધન થઇ જાય તો જીવનભર બધા દુઃખ ટળી જાય...

હવે મને એ કહો, કે તેના **આ ભવના દુઃખ ટાળવા, એ શ્રેષ્ઠ ભક્તિ ? કે ભવોભવના દુઃખ ટાળવા, તે ?**

*સભા : ભવોભવના દુઃખ ટાળવા, તે.*

તે શેનાથી થાય ?

**તેને ધર્મમાં-આરાધનામાં જોડવાથી, તેની પ્રેરણા કરવાથી, તેને આરાધના માટેની સગવડો આપવાથી, તેનાં આલંબનો આપવાથી, તેનું વાતાવરણ આપવાથી.** બરાબર ?

દેરાસર, ઉપાશ્રય, તીર્થ, પાઠશાળા, ઉપધાન... આ બધું શું છે ? આરાધના માટેના સ્થાન છે, સામગ્રી છે, વાતાવરણ છે, આલંબન છે...

તો, તે બધા સુકૃતો પણ, અપેક્ષાએ સાધર્મિક-ભક્તિ રૂપ કેમ ન મનાય ? તેમાં પણ સાધર્મિક-ભક્તિનો લાભ કેમ ન મળે ?

તેને પણ ઉત્તમ ધર્મ કેમ ન કહેવાય ?

તમે જ કહ્યું ને, કે એક ભવના દુઃખ ટાળવા કરતાં, ભવોભવના દુઃખ ટાળવા, એ વધુ સારી ભક્તિ છે.

• *સભા : પણ આ ભવમાં દુઃખી હોય, તે ધર્મ કરે શી રીતે ?*

જુઓ, મેં આ ભવના દુઃખ દૂર ન કરવા, એવું કહ્યું જ નથી. તે પણ સાધર્મિક-ભક્તિ છે જ. પણ, **ભવોભવના દુઃખ દૂર કરવા, તે તેના કરતાં ઊંચી સાધર્મિક-ભક્તિ છે,** એમ જ મેં કહ્યું છે.

કેટલાક લોકો એવા હોય છે, કે સાધર્મિકને ઘર ખરીદવું હોય, તો વગર વ્યાજની લોન વગેરે રૂપે ભક્તિ કરે; અનાજ વગેરે માટે પૈસા ન આપે. તેમની રુચિ તેવી છે. તેમ કોઇની રુચિ, ભવોભવના દુઃખો દૂર કરતી આરાધનાઓ માટે જ પૈસા ખર્ચવાની હોય, તો તે પણ અપેક્ષાએ સાધર્મિક-ભક્તિ બને જ. એ મારો આશય છે.

• હું તમને એક પ્રશ્ન કરું → કોઈ સાધર્મિકના આ ભવના દુઃખ તમે દૂર કર્યા. મને એ કહો કે તે આ ભવમાં દુઃખી કેમ થયો ?

*સભા : પૂર્વનાં પાપકર્મોના ઉદયથી.*

તો હવે જો આ ભવમાં ધર્મ–આરાધના નહીં કરે, તો આવતા ભવમાં પાછો દુઃખી જ થવાનો ને ? તો આ ભવના દુઃખ દૂર કર્યાથી વિશેષ શું લાભ ?

તમે મને પૂછ્યું – આ ભવમાં દુઃખી હશે, તો ધર્મ શી રીતે કરશે ? હું કહીશ કે તે હજી શક્ય છે – શીલપાલન વગેરે રૂપ ધર્મ કોઈ પણ કરી શકે. પણ જો આરાધનામાં નહીં જોડાય, તો આવતા ભવમાં સુખી થાય, તે કોઈ રીતે શક્ય નથી.

જુઓ, ફરી કહું છું – આ ભવના દુઃખ દૂર કરવા રૂપ ભક્તિ કરવાની ના છે જ નહીં. પણ તેને આરાધનામાં જોડીને, ભવોભવના દુઃખ દૂર કરવા, તે વધારે સારી ભક્તિ છે, તે જ મારું કહેવું છે.

• હું તમને આ વાત વધુ વિસ્તારથી સમજાવીશ.

અમારો–સાધુનો ધર્મ વધુ સારો હોય ? કે તમારો–શ્રાવકોનો ?

*સભા : આપનો જ.*

તો હવે **અમે તો શ્રાવકની આ ભવના દુઃખોને દૂર કરવા રૂપ ભક્તિ કરતા જ નથી. અમારા સંયમની મર્યાદાની એ બહાર છે.** હા, શ્રાવકોને એ વિશે પ્રેરણા કરીએ, તેનું કર્તવ્ય બતાવીએ; તે જુદી વાત છે. બાકી અમારે સ્વયં તો કરવાની હોતી નથી.

**અમે શ્રાવકો પર શું ઉપકાર કરીએ છીએ ? દેશના આપવા દ્વારા, ધર્મમાં જોડવા દ્વારા, માર્ગ બતાવવા દ્વારા... ભવોભવના દુઃખ દૂર કરવા રૂપ ઉપકાર જ કરીએ છીએ.**

અને તમે જ કહ્યું કે તમારા કરતાં અમારો ધર્મ સારો જ હોય. તો એ નિશ્ચિત થયું કે આ ભવના દુઃખોને દૂર કરવા કરતાં ભવોભવના દુઃખો દૂર કરવા, એ વધુ સારો ધર્મ છે.

શાસ્ત્રમાં પણ આ વાત છે. ધર્મબિંદુમાં કહ્યું છે →

नोपकारो जगत्यस्मिन्, तादृशो विद्यते क्वचित् ।

यादृशी दुःखविच्छेदा, देहिनां धर्मदेशना ।।

**ધર્મની દેશના કરવાથી વધુ મોટો જગતમાં કોઈ ઉપકાર નથી.**

• હજી અન્ય રીતે તમને આ વાત સમજાવીશ.

શાસ્ત્રકારે સાધર્મિક–ભક્તિને જ ઉત્તમ ધર્મ કેમ કહ્યો ? માનવ–ભક્તિ (કે માનવ–સેવા) કેમ નહીં ? તે કહો.

જો આ ભવના દુઃખ દૂર કરવા તે જ ઉત્તમ ધર્મ હોય, તો માનવ–સેવાથી પણ તે તો

થાય છે જ.

તો બીજા બધાને છોડીને સાધર્મિક જ કેમ બતાવ્યા ?

તમે કદાચ આનો જવાબ નહીં આપી શકો, હું જ જણાવું.

કારણ એ છે કે **સાધર્મિકની મુશ્કેલીઓ દૂર થશે, તો તે ધર્મની આરાધના વધુ સારી કરશે, ધર્મમાં આગળ વધશે, યાવત્ ચારિત્ર લઇને મોક્ષે જશે**. સામાન્ય માણસમાં તેવું બનવાનું નથી.

એટલે, હકીકત એ છે કે **સાધર્મિક-ભક્તિ કરવા પાછળ, 'આના ધર્મના વિઘ્નો દૂર કરીને એના ધર્મમાં સહાયક બનું, જેથી એ પ્રભુના માર્ગે ચાલીને સાચા સુખને પામે.' એવો આશય હોવાથી જ (અને એવો આશય હોય, તો જ) તે ઉત્તમ ધર્મ છે**. તેવો આશય ન હોય, માત્ર આ ભવના દુઃખ દૂર કરવાનો આશય હોય, તો સાધર્મિક-ભક્તિ અને માનવ-સેવામાં તફાવત શું રહે ? વ્યક્તિ બદલાય, પણ તમારા ભાવમાં કોઈ વિશેષ ફરક ન રહે. તો તમારું ફળ પણ વિશેષ વધી ન શકે. તે ઉત્તમ ધર્મ શી રીતે બને ?

- **સાધર્મિક-ભક્તિને ઉત્તમ ધર્મ કહેવા પાછળ, એક આશય એ પણ છે કે સાધર્મિક સંપન્ન બને, તો સાતે ક્ષેત્રને મજબૂત કરે. એટલે, પરંપરાએ સાતે ક્ષેત્રનો લાભ હોવાથી, તે ઉત્તમ ધર્મ છે**. તો ત્યાં પણ છેવટે તો દેરાસર, ઉપાશ્રય વગેરે સ્થાનો મજબૂત થતા હોવાથી જ તેને ઉત્તમ ધર્મ કહેવાયો, તેવું નક્કી થયું. તો સાક્ષાત્ તે સ્થાનોમાં દાન કરવું, તેને ઉત્તમ ધર્મ કેમ ન કહેવાય ?
- *સભા : શાસ્ત્રમાં તો સાધર્મિક-ભક્તિ માટે જ તેવું કહ્યું છે.*

તેવું નથી. અપેક્ષાએ, દરેક ધર્મ માટે તેવી વાત શાસ્ત્રોમાં છે જ.

અમને સ્વાધ્યાયની પ્રેરણા કરવા કહ્યું છે – સ્વાધ્યાય જેવો તપ નથી.

વૈયાવચ્ચની પ્રેરણા કરવા કહ્યું છે – બધા ગુણો પ્રતિપાતી છે, વૈયાવચ્ચ અપ્રતિપાતી છે.

વિનયની મહત્તા બતાવતા કહ્યું છે – વિનય તો ધર્મનું મૂળ છે.

ક્ષમાની પ્રધાનતા બતાવતા કહ્યું છે – જે ખમાવે નહીં, તે સંઘની બહાર છે.

બોલો, શું માનશો ?

દરેક ગુણ-આરાધનાનું પોતાનું મહત્ત્વ હોય છે.

જ્યારે જેની મહાનતા બતાવવી હોય, ત્યારે તેની મહાનતા બતાવાય. તમારે ત્યાં કહેવત છે ને – જેના લગન હોય, તેના ગીત ગવાય.

તમારા માટે પણ સામાયિકનો લાભ, કરોડો રૂપિયાના ખર્ચે જિનમંદિરો બનાવવા કરતાં વધારે પણ બતાવ્યો છે.

બીજી બાજુ અંગૂઠા જેટલી જિનપ્રતિમા ભરાવવાના અપાર લાભ પણ બતાવ્યા છે.

આ બધા આપેક્ષિક વિધાનો છે. તે–તે ધર્મનું ફળ બતાવે છે. તેનો અર્થ એ નથી કે બીજા ધર્મોનું ફળ તેવું નથી.

જિનશાસનના દરેક યોગમાં અનંતા આત્માઓ કેવળજ્ઞાન પામ્યા છે, આવું શાસ્ત્રવચન છે. એટલે દરેક યોગ, અપેક્ષાએ ઉત્તમ ધર્મ બની જ શકે છે.

- *સભા : અમને એમ બતાવાય કે 'આ ધર્મ ઉત્તમ છે.' ત્યારે અમે તો એવો જ અર્થ કરી લઈએ કે બીજા બધા ઉત્તમ નથી.*

  તે તમારી ગેરસમજ દૂર કરવા માટે જ આ પ્રવચન કર્યું છે.

  ઉત્તમતા દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ–વ્યક્તિની કક્ષા–રુચિ બધાને સાપેક્ષ હોય છે, નિરપેક્ષ નહીં.

  ઉપદેશકની ફરજ બને કે શ્રોતાઓને ભ્રમ ન થાય, તે રીતે જ દેશના આપવી.

  એટલે જ, સાધર્મિક–ભક્તિને ઉત્તમ ધર્મ કહેતા શાસ્ત્રવચનનું તાત્પર્ય મેં સમજાવ્યું.

- ઓઘનિર્યુક્તિ ગ્રંથમાં એક સરસ વાત આવે છે.

  ત્યાં પડિલેહણનો વિધિ બતાવ્યા પછી, તેનો મહિમા બતાવતા જણાવ્યું છે – આ પ્રમાણે પડિલેહણ કરવાથી, અનેક ભવોમાં બાંધેલા અનંતા કર્મો ખપે છે.

  પછી ત્યાં પ્રશ્ન કર્યો છે – તો પછી જિંદગીભર, આખો દિવસ પડિલેહણ જ કર્યા કરવાનું. તેનાથી જ મોક્ષ થઈ જશે. તપ, સ્વાધ્યાય, વૈયાવચ્ચ વગેરે અઘરી–કષ્ટદાયક આરાધના શા માટે કરવાની ?

  તેનો શાસ્ત્રકારે જવાબ આપ્યો છે – **જે સાધુ, યથોચિત તપ, સ્વાધ્યાય, વૈયાવચ્ચ, વિનય વગેરે કરતો હોય; તેને જ પડિલેહણ કરવાથી અનંતા કર્મો ખપે. જે સાધુ બીજી બધી આરાધનાની ઉપેક્ષા કરીને માત્ર પડિલેહણ કર્યા કરે, તેને તેવું ફળ તો ન જ મળે, કદાચ કશું ફળ ન મળે !**

  ત્યાં જણાવ્યું છે કે **જિનશાસનનો દરેક યોગ, બીજા બધાને સાપેક્ષ રહીને આરાધાય, તો જ 'યોગ' બને છે, અન્યથા નહીં.**

  **તો સાધર્મિક–ભક્તિ પણ ઉત્તમ ધર્મ ત્યારે જ બને, જ્યારે બીજા બધા યોગોને સાપેક્ષ રહીને કરાય. બીજા બધાની સર્વથા ઉપેક્ષા કરીને કરાય, તો તે ઉત્તમ ધર્મ ના બની શકે.**

- શાસ્ત્રવચનોના તાત્પર્યો બહુ ગહન હોય છે. અનેક શાસ્ત્રવચનોના અનુસંધાનપૂર્વક જ તે સમજી શકાય છે. એકાદ વચન પકડી લેવામાં આવે, તો ગોટાળો સર્જાઈ શકે.

  જે લોકો અન્ય ક્ષેત્રોમાં વાપરવાનો નિષેધ કરીને માત્ર સાધર્મિક–ભક્તિમાં સંપત્તિ વાપરવાનું કહે છે – તેમણે ઉપર જણાવ્યા તે શાસ્ત્રવચનોના અનુસંધાનપૂર્વક, તાત્પર્ય સમજવું જરૂરી છે.

- તાત્પર્ય સમજ્યા વગર શાસ્ત્રવચનો પકડી લેવામાં આવે, તો બહુ મોટા ગોટાળા સર્જાઈ શકે.

  હું તમને એક વાત કરું → તમે સાંભળેલી વાત હશે. શાસ્ત્રમાં કહ્યું છે → બીજા કોઈ ક્ષેત્રમાં આરાધના કરવા કરતાં, શત્રુંજયમાં આરાધના કરાય, તો અનેક ગણું ફળ મળે. સાંભળ્યું છે ને ? કારતક પૂનમના શત્રુંજયના ૨૧ ખમાસમણ આપતી વખતે બોલાતા દુહામાં આ વાત આવે છે.

  હવે આનો અર્થ આવો થશે →

  અમારે બધાએ દીક્ષા લઈને આખી જિંદગી શત્રુંજયમાં જ રહેવાનું, કારણકે બીજે સંયમ પાળવા કરતાં ત્યાં સંયમની આરાધનાનું ફળ અનેકગણું છે.

  તો પછી બધા સંઘોનું શું થશે ? શાસન કેમ ચાલશે ?

  તમારે પણ જેટલા પૈસા ખર્ચવા હોય, તે બધા ત્યાં જ ખર્ચવાના. કારણકે તેનું ફળ અનેક ગણું છે.

  પછી વિશ્વમાં શત્રુંજય સિવાય ક્યાંય જિનમંદિર નહીં હોય, તીર્થ નહીં હોય, ઉપાશ્રય નહીં હોય, કોઈ આરાધના નહીં હોય. સમસ્ત જિનશાસન શત્રુંજયમાં સમાઈ જશે.

  બોલો, આવું તાત્પર્ય કોઈ શાસ્ત્રવચનનું હોઈ શકે ખરું ? નહીં જ. અસંભવ છે.

- *સભા : તો પછી તેનું તાત્પર્ય શું ?*

  **કોઈપણ આરાધનાના ફળનો આધાર, વ્યક્તિના પોતાના પરિણામની વિશુદ્ધિ પર જ હોય છે.**

  **દ્રવ્ય-ક્ષેત્ર-કાળ વગેરે, પરિણામને વધુ વિશુદ્ધ કરવા દ્વારા જ ફળને વધારી શકે; સાક્ષાત્ નહીં.**

  શત્રુંજયમાં વ્યક્તિને વિશેષ ઉલ્લાસ થવાની સંભાવના છે, કારણકે ત્યાંનું વાતાવરણ ધર્મમય છે. અને એટલે ત્યાં વિશેષ ફળ મળવાની સંભાવના છે.

  આટલું એ વચનનું તાત્પર્ય છે.

  બાકી તેવો નિયમ નથી કે શત્રુંજયમાં વધુ ફળ મળે.

  શત્રુંજય સિવાયના ક્ષેત્રોમાંથી પણ અનંતા આત્માઓ મોક્ષે ગયેલા જ છે.

- શાસ્ત્રોમાં નવકાર ગણવો પણ ઉત્તમ ધર્મ કહ્યો છે. સામાયિકને શ્રેષ્ઠ ધર્મ કહ્યો છે. સાધર્મિક-ભક્તિ માટે પણ તેવી વાત છે.

  પણ, તે બધા પણ પરિણામને વિશુદ્ધ કરવા દ્વારા જ વિશિષ્ટ ફળ આપી શકે; સાક્ષાત્ નહીં.

  **કોઈપણ જીવને મળતું ફળ, તેના અધ્યવસાયને આધીન છે, બાહ્ય કોઈ પદાર્થને નહીં. આ શાસ્ત્રનો અબાધિત સિદ્ધાંત છે.**

- *સભા : આપે કહ્યું કે સાધર્મિક-ભક્તિ, તેને ધર્મમાં જોડવા માટે જ છે. હવે, અમે*

*ભક્તિ કરીએ, છતાં તે ધર્મ કરે જ નહીં, તો ?*

જુઓ, આપણે શુભ ભાવનાથી પુરુષાર્થ કરવાનો હોય છે. સામેવાળામાં પરિણામની ખાતરી આપણે કરી શકતા નથી. હું વ્યાખ્યાન આપું છું. તે, તમે પામશો તેવી સંભાવનાથી, શુભ આશયથી આપું છું. બની શકે કે મારું વ્યાખ્યાન કોઇને અસર ન કરે. તો પણ મેં શુભ ભાવથી પુરુષાર્થ કર્યો, તેનું ફળ મળે જ.

તે રીતે, તમે શુભ ભાવથી સાધર્મિક-ભક્તિ કરો, પછી તે ધર્મમાં ન જોડાય, તો પણ તમને શુભ ભાવથી યુક્ત પુરુષાર્થનું ફળ મળે જ.

- હા, 'સર્વથા અપાત્ર જ છે... ખાલી નામનો જૈન છે, પૈસા લેવા માટે જૈન હોવાની વાત કરે છે... બાકી કશું જ જૈનત્વ નથી...' તેવી ખબર પડે, તો તે સાધર્મિક રહેતો જ ન હોવાથી, તેની ભક્તિ કરવાની રહેતી નથી.

શાસ્ત્રમાં **અનુકંપા ધર્મરૂપ બતાવી હોવા છતાં, દુરાચારીઓને પોષવાનો નિષેધ કર્યો છે. અસતીપોષણ નામનો અતિચાર ગણાયો છે. તે ભૂખે મરતો હોય, તો ખાવાનું આપવા રૂપ અનુકંપાનો નિષેધ નથી, પણ તેનું વધુ પોષણ કરવાનું નથી.**

- *સભા : અવસર હોય, તે મુજબ કાર્યની પ્રાયોરિટી બતાવાય ? જેમ કે લોક-ડાઉનમાં સાધર્મિક-ભક્તિ...*

મેં આ વાત કરી છે જ. જેની વિશેષ આવશ્યકતા હોય, તે બતાવી શકાય છે. પણ બીજા બધા ક્ષેત્રોમાં ખર્ચવા જ ન જોઇએ, તે રીતે નહીં.

લોક-ડાઉનમાં સાધર્મિકો નબળાં પડ્યા છે. તે હકીકત છે; તેમ બધા જ તીર્થોની આવકને બહુ મોટો ફટકો પડ્યો છે, તે પણ હકીકત છે. ઓછા-વત્તા અંશમાં આવશ્યકતા બધા ક્ષેત્રમાં હોય છે, છે જ. એટલે બધો જ દાનનો પ્રવાહ એક જ માર્ગે વાળી દેવાની વાત ન કરાય.

- *સભા : બીજા કાર્યો થોડો સમય વિલંબમાં મૂકી શકાય ને ?*

તે દરેક વખતે પ્રેક્ટિકલ નથી હોતું. દૂર બેઠાં બોલવું સહેલું છે; વહીવટ કરો, તો ખબર પડે.

શું પાંજરાપોળોને તાળા મારીને ઢોરોને છૂટા મૂકી દેવાના ?

કોર્ટમાં તીર્થોના કેસ ચાલતા હોય, તે છોડી દેવાના ?

કોઈ બાંધકામ શરૂ કરેલું હોય, તેને અટકાવાય, તો કેટલો ખર્ચ વધી જાય, તે ગણિત ખબર છે ?

એટલે કોઈ કાર્યને અટકાવી ન શકાય.

અને શા માટે બીજા ક્ષેત્રમાં થઇ રહેલા દાનને ખેંચવાની વાત કરવાની ? લોકોને પોતાના મોજશોખ ઘટાડીને, સાધર્મિકોની ભક્તિ કરવાની પ્રેરણા કરી જ શકાય છે. શ્રીમંતો પાસે તેવી અઢળક સંપત્તિ છે જ.

મોટે ભાગે તો અંદરખાને અન્ય ક્ષેત્રો પ્રત્યેની અરુચિ જ, દાનના પ્રવાહને બીજે વાળવાની પ્રેરણા પાછળ કામ કરતી હોય, તેવું દેખાય છે.

- *સભા : જ્યાં વસતિ ન હોય, ત્યાં દેરાસર બનાવવાનો શો અર્થ ?*

  રાણકપુરમાં દેરાસર બન્યું, ત્યારે ત્યાં વસતિ હતી ? જંગલ જ હતું અને છે.

  દેલવાડામાં વિમલશાહે દેરાસરો બંધાવ્યા, ત્યારે વસતિ હતી ? ડુંગર પર રહી શકાય તેવું ત્યારે સંભવિત જ ક્યાં હતું ?

  તારંગા પર દેરાસર બન્યું, ત્યારે વસતિ હતી ?

  પૂર્વકાળમાં બનેલા આ દેરાસરોના આપણે વખાણ કરીએ, તે બંધાવનારાની અનુમોદના કરીએ... અને આજે કોઇ તેવું કાર્ય કરે, તો તેની ટીકા-ટિપ્પણ કરીએ... આની પાછળ કોઇ તર્ક છે ?

  કોઇને દેરાસર બંધાવવાની જ રુચિ હોય, તેનો જ ઉલ્લાસ હોય, તેનાથી જ તેના અધ્યવસાયો વિશુદ્ધ થતા હોય; તો તેને શી રીતે અટકાવી શકાય ?

  હા, ઉચિત રીતે થવું જોઇએ. ઉચિત સારસંભાળની વ્યવસ્થા થવી જોઇએ.

- અનુષ્ઠાનોના લાભ કેવા થતા હોય છે ? તેના દૃષ્ટાંતો મેં આપેલા. હજુ એક દૃષ્ટાંત છ રી પલિત સંઘનું આપી દઉં.

  વર્ષો પૂર્વે સુરતના કે.પી.સંઘવી પરિવારે, માલવાડાથી રાણકપુરનો સંઘ કાઢેલો. પાંચ હજારથી વધુ યાત્રિકો હતા. ગામે ગામ તેમણે શાસન-પ્રભાવનાના અનેક કાર્યો કર્યા. ગામમાં ઘરદીઠ મીઠાઇઓ આપી. ગામને જેની જરૂર હોય, તેમાં દાન આપ્યું.

  તેનું પરિણામ ખબર છે ? તે ક્ષેત્રમાં જઇને આવેલા મહાત્માએ મને કહેલું – જે ગામોમાંથી સંઘ પસાર થયો, તે ગામના લોકોમાંથી અનુપ મંડળનો પ્રભાવ નામશેષ થઇ ગયો. જે ઝેરી પ્રચાર દ્વારા લોકોના મનમાં જૈનો પ્રત્યે દ્વેષ ઊભો કરવામાં આવેલો, તે પ્રચારની પોકળતા ઉઘાડી પડી ગઇ. જૈનો લોકોનું કલ્યાણ ઇચ્છે છે – તેવી છાપ ઊભી થઇ ગઇ.

  વિવેકપૂર્વક કરાયેલું અનુષ્ઠાન, કેટલું મોટું કામ કરી શકે ? તે આ ઘટનામાં જોવા મળે છે.

- પુનઃ એક વાત સ્પષ્ટ કરી દઉં → સાધર્મિક-ભક્તિ પણ ઉત્કૃષ્ટ ધર્મ છે જ. તે કરવાનો નિષેધ મેં કર્યો નથી.

  પણ, તે એક જ ધર્મ કરવો જોઇએ, બીજા બધામાં સંપત્તિ ન ખર્ચવી જોઇએ – એ દુરાગ્રહનો પ્રત્યુત્તર જ મેં આપ્યો છે.

- બુદ્ધિજીવીઓનો પ્રચાર એવો ચાલે છે કે, માનવસેવા એ જ ખરો ધર્મ છે. મંદિરોમાં પૈસા ખરચવા નિરર્થક છે. તેઓ તો ધર્મને ઝઘડા કરાવનારો માને છે. સંન્યાસીઓને સમાજ પર ભારરૂપ માને છે. પત્રકારો મોટે ભાગે આ વાદમાં ફસાયેલા છે. એટલે છાપાં-મેગેઝીન-ટી.વી.-ફિલ્મ વગેરેમાં આ વાતોનો જોરશોરથી પ્રચાર થાય છે. અને તેમના રંગે રંગાયેલા તમારા બુદ્ધિજીવી સંતાનો પણ તેવું માનવા લાગે છે... ઘણાં જૈન યુવાનો આવું માનતાં-બોલતાં-લખતાં જોયા છે. જૈન પત્રકારો પણ બેધડક લખે છે – સાધુ-સાધ્વીઓ સમાજનું મફતમાં ખાય છે.
  આજે આ બધા પર વિચાર કરવો છે.
- બધાનો વિસ્તૃત જવાબ આપવા તો આખું પુસ્તક જોઈએ. પણ ટૂંકમાં મુખ્ય મુદ્દાઓની વાત કરીએ.
- પહેલી વાત માનવ-સેવાની.
  માનવ-સેવાની જરૂર શા માટે ઊભી થાય છે ?
  ઘણાં મનુષ્યો ગરીબ છે, દુઃખી છે, આપત્તિમાં ફસાયેલા છે... તેથી.
  પ્રશ્ન એ થાય કે અમુક માણસો જગતમાં દુઃખી છે, અમુક માણસો સુખી છે; તેનું કારણ શું ?
  કેટલાકને દિવસમાં એક ટંક ખાવાનું મળતું નથી.
  કેટલાકની સંપત્તિ હજારો કરોડની છે. આખા ને આખા દેશને ૧ દિવસ જમાડી શકે, તેટલી છે !
  કોઈ રોગી છે, કોઈ નિરોગી છે... કોઈ બુદ્ધિશાળી છે, કોઈ મંદબુદ્ધિ છે... કોઈ અપંગ છે, કોઈ સશક્ત છે...
  આવા બધા ભેદ પડવાનું કારણ શું ?
- એક વાત પહેલાં જાણી લો, કે **કારણ વિના કોઈ કાર્ય ન થાય, એ જગતનો સનાતન નિયમ છે. જો કારણ વિના કાર્ય થતું હોય, તો રેતીમાંથી તેલ નીકળવું જોઈએ, બાવળમાં આંબો ઊગવો જોઈએ, હવામાં સોનું પેદા થવું જોઈએ. પણ તેવું થતું નથી.**
  જ્યાં તે-તે પદાર્થના કારણો હોય છે, ત્યાં જ તે-તે પદાર્થ ઉત્પન્ન થાય છે.
  કોઈક સુખી, કોઈક દુઃખી... કોઈક ગરીબ, કોઈક તવંગર...
  કોઈક રાજા, કોઈક રંક... કોઈક અપંગ, કોઈક બળવાન્...
  આવા ભેદ પડવા માટે, કોઈ ને કોઈ કારણ હોવું જ જોઈએ.
- હજારો ફાંફા મારવા છતાં, વિજ્ઞાન આ બધાનું કારણ શોધી શક્યું નથી, શોધી

શકવાનું પણ નથી. તેનું કારણ એ છે કે આવું બધું થવાનું કારણ, આત્મામાં પડ્યું છે, જે આત્માને વિજ્ઞાન માનતું જ નથી.

**તે-તે જીવે પૂર્વમાં કરેલા કાર્યો, અને તેના કારણે તેણે બાંધેલા પુણ્ય-પાપ રૂપી કર્મના ઉદયથી જ જીવ સુખી કે દુઃખી થાય છે,** એ માન્યા વિના બીજો કોઈ ઉપાય, બુદ્ધિજીવીઓ પાસે પણ નથી.

અનંત જ્ઞાન ધરાવનારા પરમાત્માએ એ કહેલું છે. સર્વ આર્ય દર્શનો એ વાત સ્વીકારે છે.

પુનર્જન્મ અને તેના દ્વારા આત્માની સિદ્ધિના ઢગલાબંધ દષ્ટાંતો વર્તમાનમાં પણ નોંધાયેલા છે.

- જુઓ, જે નાસ્તિક છે, ભારેકર્મી હોવાથી નાસ્તિક જ રહેવાનો છે, તે આ વાત સ્વીકારવાનો નથી. તેને ઉપદેશ આપવાનો, તેની સાથે ચર્ચા કરવાનો પણ કોઈ અર્થ નથી; કારણકે તે તો સર્વથા અપાત્ર જ છે, ઉપેક્ષાને યોગ્ય જ છે.

  જે મૂળભૂત રીતે શ્રદ્ધાસંપન્ન છે, હળુકર્મી છે, પણ બીજાના પ્રચારથી ભ્રમિત થયો છે કે મૂંઝાઈ ગયો છે; તેને સમજાવવા માટે જ આ પુરુષાર્થ છે.

- *સભા : નાસ્તિકોને જવાબ ન આપીએ, તો બીજાને તેની વાત સાચી લાગે, તેવું ન બને ?*

  તે બીજા લોકો પણ નાસ્તિક-ભારેકર્મી જ હોય, તો તેઓ પણ આપણી વાત માનવાના નથી જ.

  હા, તે લોકો હળુકર્મી હોય, તો તેમને સમજાવવાના આશયથી, ભ્રમિત થતાં રોકવાના આશયથી નાસ્તિકને જવાબ અપાય, આપવો જોઈએ અને એ જ કાર્ય હું કરી રહ્યો છું.

- એક વાર એ સ્વીકારી લેવામાં આવે કે **જીવ પોતે પૂર્વમાં કરેલા પાપકર્મોના કારણે જ દુઃખી છે; તો પછી તેને દુઃખોથી મુક્ત કરવાનો સાચો ઉપાય શું ?**

  **તેને પૈસા-ખાવાનું-કપડાં આપવા, તે ? કે દુઃખ લાવનારા પાપકર્મો છોડાવીને સુખ લાવનારા ધર્મમાં તેને જોડવો, તે ?**

- **ગરીબને ખાવા-પીવાનું, કપડાં, ઘર, દવા વગેરે આપશો, તો થોડા કાળ માટે દુઃખ દૂર થશે. પણ જો તેના દુઃખના કારણભૂત પાપકર્મો ઊભા જ હશે, તો તે ટૂંકા ગાળામાં નવા દુઃખને લાવ્યા વિના નહીં રહે, એ નક્કી છે.**

  પાપકર્મો કંઈ દવાથી નાશ પામતાં નથી. તેમનો નાશ, કાં તો પાપના ફળરૂપ દુઃખ ભોગવીને થઈ શકે અથવા સાધના દ્વારા કર્મ ખપાવીને થઈ શકે.

- પિત્તના કારણે માથું દુઃખતું હોય, તેને માથે બામ લગાડવાથી કે દુઃખાવાની ગોળી લેવાથી થોડા સમય સુધી દુઃખાવો બંધ થઈ શકે. (ગોળી લેવાથી દુઃખાવો બંધ

થતો નથી, દુઃખાવાની વેદનાને મગજ સુધી પહોંચાડતા જ્ઞાનતંતુઓ કામ કરતાં બંધ થઈ જાય છે, તેથી દુઃખાવો મટી ગયો, તેવું લાગે છે.)

પણ જો અંદર પિત્ત ઊભું હશે, તો કલાક-બે કલાક કે ચાર-છ કલાકમાં ફરી દુઃખાવો ઊભો થશે જ.

જ્યાં સુધી પિત્તને શાંત કરવામાં ન આવે, ત્યાં સુધી આ ચક્ર ચાલ્યા જ કરશે.

એટલે; માથાના દુઃખાવાને મટાડવાનો ઉપાય, દુઃખાવાની ગોળી નથી, પિત્તનું શમન છે.

- તમે જાણો જ છો કે એલોપથી, રોગના બાહ્ય લક્ષણોને તત્કાળ શાંત કરવાના ઉપાય કરે છે, એટલે તેનાથી તત્કાળ ફાયદો થાય છે; પણ રોગ મૂળમાંથી જતો ન હોવાથી, વારે-વારે તકલીફ થયા જ કરે છે.

  આયુર્વેદ, રોગના મૂળ કારણને પકડે છે, તેને દૂર કરવાનો પ્રયાસ કરે છે. મૂળ કારણ જાય, એટલે તેના બાહ્ય લક્ષણો તો સ્વયં ચાલ્યા જવાના છે. પણ તેમાં સમય લાગી શકે છે, કારણકે વાત-પિત્ત-કફ રૂપ મૂળ કારણોને દૂર કરવા ધીરજપૂર્વકનો પુરુષાર્થ જોઈએ.

- **જે લોકો માનવ-સેવા કરે છે, તે દુઃખ રૂપી રોગના મૂળ કારણને પકડ્યા વિના, માત્ર બાહ્ય લક્ષણનો ઉપચાર કરે છે. તેનાથી કદાચ દુઃખ દૂર થશે, તો પણ તે ક્ષણિક છે. મૂળ કારણ રૂપી પાપકર્મ ઊભું રહેશે, તો ફરી દુઃખ આવશે જ.**

- **પરમાત્મા અનંત જ્ઞાની હતા. તેમણે પોતાના જ્ઞાનમાં આ જોયું કે દુઃખનું મૂળ કારણ પાપ કર્મ છે. એટલે સહુ જીવોને સુખી થવા માટે, પાપના ત્યાગનો ઉપદેશ આપ્યો, ધર્મ કરવાનો ઉપદેશ આપ્યો.**

  **એટલે હકીકતમાં તો ધર્મ કરાવવા દ્વારા, પાપો છોડાવવા દ્વારા જ જીવોને સુખી કરી શકાય છે. તેમને તેવી સમજણ આપવી, તેવી પ્રેરણા કરવી, તેવું માર્ગદર્શન આપવું, તેના માટે પ્રોત્સાહિત કરવા, તેમાં સહાયતા કરવી, તેની અનુકૂળતા કરી આપવી... તે જ તેમને સુખી કરવાનો સાચો ઉપાય છે, સાચી માનવ-સેવા છે.**

  હું કહી ચૂક્યો છું કે લાખ પ્રયત્ને પણ ભારેકર્મી જીવ આ વાત સમજવાનો નથી, સ્વીકારવાનો નથી. તેને સમજાવવાનો પુરુષાર્થ વ્યર્થ જ જવાનો છે.

  મારો પ્રયાસ, મૂળભૂત રીતે શ્રદ્ધાસંપન્ન હોવા છતાં, આક્રમક પ્રચારથી ભ્રમિત થયેલા જીવોને સમજાવવાનો છે. મને વિશ્વાસ છે કે તેમને આ વાત સમજાશે.

- *સભા : જૈનોને પણ ધર્મમાં જોડવા અઘરા છે, તો જૈનેતરોને શી રીતે જોડી શકાય?*

  અઘરું છે, તે વાત સાચી છે. અનંત કાળથી ઊંધી સમજ હોવાના કારણે જ અનંત કાળથી બધા દુઃખી છે. પણ, અઘરું હોવાથી પુરુષાર્થ છોડી ન દેવાય.

  દારૂના વ્યસનીને દારૂ છોડાવવો અઘરો તો છે જ. પણ તેનો અર્થ એ નથી, કે તેને

સુખી કરવા દારૂની બોટલ આપી દેવી. તેનાથી અત્યારે ભલે સુખી થવાનો, લાંબા ગાળે દુઃખી જ થવાનો છે.

- *સભા : જેને ખાવા-પીવાના ઠેકાણાં નથી, તે ધર્મ શી રીતે કરી શકે ?*

જેને ખાવા-પીવાના ઠેકાણાં નથી, તે દાનધર્મ ન કરી શકે; પણ શીલપાલન, ત્યાગ વગેરે રૂપ ધર્મ કરી જ શકે છે. એકથી વધુ વિગઇ-અનાજ-શાકના ત્યાગનો નિયમ ભિખારીએ લીધો અને આગળ જતાં તે ધર્મના પ્રભાવે શ્રેષ્ઠિ બન્યો, તે દષ્ટાંત તમે સાંભળ્યું જ હશે.

અને, આપણે ખાવા-પીવાનું આપવા રૂપ અનુકંપાનો નિષેધ તો કરતાં જ નથી. તે ધર્મ નથી, એવું તો મેં કહ્યું જ નથી.

પણ, તેના દુઃખના મૂળ કારણરૂપ પાપોના ત્યાગનો ઉપદેશ, ધર્મકરણીનો ઉપદેશ, તે જ તેને સુખી કરવાનો સાચો ઉપાય છે, તેમ જ કહ્યું છે. માનવ-સેવાવાદીઓ, ધર્મનો વિરોધ કરે છે, તે ખોટો છે; હકીકતમાં ધર્મ જ માનવોને સુખી કરનાર છે, તે વાત હું કરી રહ્યો છું.

- *સભા : અત્યારે મોટાભાગના સંઘોમાં દેવદ્રવ્ય સરપ્લસ છે. તો તેમાં જ દાન કરીએ, તે તો બેંકમાં પડ્યું રહેવાનું. ઉપયોગ તો થવાનો નથી. તેના કરતાં સાધર્મિક-ભક્તિ કે માનવ-સેવા વગેરેમાં પૈસા ખર્ચવા સારા નહીં ?*

તમારા પ્રશ્નનો વિષય જુદો બને છે. છતાં તેનો વિસ્તૃત જવાબ આપું છું.

**દેવદ્રવ્યમાં જે સંપત્તિ આવી ગઇ છે, તેનો ઉપયોગ પ્રભુભક્તિ સિવાય અન્યત્ર ન થાય, તે આપણી સુંદર શાસ્ત્રીય મર્યાદા છે.**

તેના કારણે જ આપણાં સેંકડો કે હજારો વર્ષ જૂના જિનાલયો સુરક્ષિત છે, દેદીપ્યમાન છે.

આપણાં કરતાં ૨૫-૫૦ ગણી વસતિ ધરાવનાર ધર્મના ધર્મસ્થાનોની હાલત જોશો, તો આ સત્ય સમજાઇ જશે.

તેમના એવાં પ્રાચીન ધર્મસ્થાનો જૂજ હશે, કે જે સુરક્ષિત રહ્યા હોય.

કચ્છમાં ભૂકંપ આવ્યો, ત્યારે કેટલાય જિનાલયો ધ્વસ્ત થયા. પણ ૫-૭ વર્ષમાં જ તે આપણે ઊભા કરી શક્યા, તેનું કારણ દેવદ્રવ્યની વ્યવસ્થા છે.

આપણી દેવદ્રવ્યની વ્યવસ્થાના કારણે જ દર ૧૦૦-૨૦૦ વર્ષે આ જિનાલયોની મરામત, આમૂલચૂલ જીર્ણોદ્ધાર થયા કરે છે.

આવી દીર્ઘદષ્ટિ પૂર્વકની વ્યવસ્થા, ટૂંકી દષ્ટિથી તોડવામાં તો શાસનને નુકસાન જ છે.

એટલે દેવદ્રવ્યની સંપત્તિ અન્ય ક્ષેત્રોમાં તો વાપરી ન જ શકાય.

- સંપત્તિ બેંકોમાં પડી રહે છે, તેનું કારણ માત્ર એ નથી કે તેનો ઉપયોગ જ નથી.

ઘણાં પ્રાચીન જિનાલયો, જીર્ણોદ્ધાર કરવા જેવી પરિસ્થિતિમાં છે. નવા વિકસિત થતા વિસ્તારોમાં પણ જગ્યા લઈને જિનાલયો બનાવવામાં કરોડો રૂપિયાનો ઉપયોગ થઈ શકે છે.

બનેલા જિનાલયોની આસપાસની જગ્યાઓ ખરીદીને, જિનાલયને સુંદર બનાવવા આસપાસ ઉદ્યાન વગેરે બનાવી શકાય છે. તેમાં પણ દેવદ્રવ્યનો ઉપયોગ થઈ શકે છે.

આવા બીજા પણ અનેક ઉપયોગો વિચારી શકાય.

ઉપયોગ નથી થતો, તેમાં વહીવટદારો પાસે દીર્ઘદષ્ટિનો અભાવ, કાર્યશક્તિનો અભાવ કે ક્યારેક સંકુચિત વૃત્તિઓ પણ કારણભૂત છે.

ક્યારેક અજ્ઞાન પણ કારણભૂત બને છે. દેવદ્રવ્યને પ્રભુભક્તિમાં વાપરી શકાય, તેવા સ્પષ્ટ શાસ્ત્રવિધાનો મળવા છતાં, દેવદ્રવ્ય ન વાપરવાના આગ્રહના કારણે સુખડના સ્થાને સાવ હલકાં દ્રવ્યોથી પૂજા થાય છે.

એટલે ઉપયોગ જ નથી, એવું સાવ નથી.

- છતાં માની લઈએ કે સંપત્તિ પડી જ રહે છે, તો મારો એવો આગ્રહ નથી કે જેમાં સંપત્તિ પડી રહે, તેમાં જ દાન કરવું.

  આરાધનાનાં ક્ષેત્રો ઘણાં છે, માત્ર દેરાસર નથી. બીજા બધા આરાધનાનાં ક્ષેત્રોમાં પણ સંપત્તિની જરૂરિયાત છે જ.

  અનેક સ્થાનોમાં ઉપાશ્રયો નથી, નાના છે, રિપેરિંગ માંગે છે.

  પાઠશાળામાં મોટી રકમો ખર્ચાય, તો શું પરિણામ મળી શકે ? તે સમકિત ગ્રુપના આયોજને સિદ્ધ કરી આપ્યું છે.

  આવાં બીજાં પણ ક્ષેત્રો છે જ.

  તે બધાં ક્ષેત્રો દ્વારા, માનવજાતનું સાચું કલ્યાણ થવાનું છે. માત્ર ખાવા-પીવાનું આપવા વગેરે રૂપ માનવ-સેવાથી નહીં, એ મારો મૂળ મુદ્દો છે.

- બુદ્ધિજીવીઓને ધર્મ, ઝઘડા કરાવનારો લાગે છે.

  તેઓ સર્વે કરે, તો ખબર પડશે કે હકીકતમાં **જેટલા લોકો કાયદાકીય સજાના ભયથી ગુના નથી કરતાં, તેના કરતાં અનેક ગણાં લોકો ધાર્મિક શ્રદ્ધાથી, પાપના ડરથી ગુના નથી કરતાં..**

  જ્યાં ધાર્મિક શ્રદ્ધાનું પ્રમાણ ઓછું-નહીંવત્ છે, ત્યાંની પ્રજામાં રહેલી સ્વાર્થવૃત્તિ અને સ્વાર્થને પોષવા માટે ગમે તે કરવાની તૈયારી જોવાથી આ વાત સ્પષ્ટ સમજાઈ જાય તેવી છે. તે પ્રજામાં ગુનાખોરીનું પ્રમાણ ઘણું ઊંચું છે. દુરાચાર-વ્યભિચાર-વ્યસનો તો હદ વટાવી ગયેલા છે.

  જો ધર્મ ન હોય, તો સરકારને પોલીસ અને કોર્ટો પાછળ કરવો પડતો ખર્ચ કેટલા

ગણો વધી જાય ? તે એક સર્વેક્ષણ કરવા જેવો વિષય છે. અને તે ખર્ચ માટે પાછા કેટલા ટેક્ષ ઊભા કરવા પડે ? તે વિચારવા જેવી ચીજ છે.

જે ધર્મ, ગુનાઓને ઘટાડે, સરકારી ખર્ચ ઘટાડે, ટેક્ષ ઘટાડે... તે વ્યવહારિક દૃષ્ટિએ પણ અત્યંત ઉપયોગી છે જ..

- ધર્મ છેવટે તો મંદિરો અને સાધુ–સંતોથી જ ટકે છે, તેમના દ્વારા જ પ્રચાર પામે છે. એટલે મંદિરો અને સાધુ–સંતો સમાજ પર કેટલો બધો ઉપકાર કરે છે, તે વિચારવા બેસશો, તો પાર નહીં આવે. તેમને સમાજ પર ભારરૂપ માનનારા બુદ્ધિજીવીઓની બુદ્ધિ ખરેખર બહેર જ મારી ગઈ છે !

  અને સર્વેક્ષણ કરવામાં આવે, તો એ પણ નિશ્ચિત જણાઈ આવશે કે **મંદિરો–સાધુસંતો દ્વારા ધર્મને પામેલા લોકો જ ગરીબો કે આપત્તિગ્રસ્તો પાછળ કરોડો રૂપિયા ખર્ચતા હોય છે.**

  **માનવ–સેવાવાદીઓ ખાલી બોલતા હોય છે, ગાંઠનો એકે રૂપિયો ખરચતા નથી હોતા !**

- માનવ–સેવામાં ભૂખ્યાને અન્ન આપવા રૂપ અનુકંપાનો જિનશાસનમાં ક્યાંય નિષેધ નથી.

  પણ તેમને શિક્ષણ આપવા માટે સ્કૂલો–કોલેજો ઊભી કરવી... તે હકીકતમાં ધર્મ છે કે નહીં ? તે બહુ મોટો વિચારવા જેવો પ્રશ્ન છે.

- **ભારતમાં આધુનિક શિક્ષણ પ્રથા દાખલ કરનાર મેકોલેએ, આ શિક્ષણપ્રથા દાખલ કરવા પાછળનું પોતાનું પ્રયોજન જે સ્પષ્ટ કર્યું છે – તે ક્યાંકથી મેળવીને વાંચી લેવા જેવું છે.**

  **તેણે સ્પષ્ટ જણાવ્યું છે કે ભારતની સાંસ્કૃતિક–ધાર્મિક વ્યવસ્થાને જડમૂળથી ઉખેડી નાખવા માટે જ આ શિક્ષણ–પ્રથા તેણે દાખલ કરી છે.**

  **જે શિક્ષણ, સુખના મૂળ કારણભૂત ધર્મને ઉખેડી નાખનાર હોય, તેને ઉત્તેજન આપવું, તે ધર્મ શી રીતે બને ?**

- **વર્તમાન શિક્ષણપ્રથાના અનિષ્ટ પરિણામો તમે સહુ જાણો છો જ.**

  **આજથી ૧૦૦ વર્ષ પૂર્વે લોકોમાં જે નીતિમત્તા–પ્રામાણિકતા હતી, તે આજે રહી નથી – એવું બધા જ કહે છે.**

  **તેનું મૂળ કારણ, આધુનિક શિક્ષણ પદ્ધતિ છે, જે માણસને સ્વાર્થી–સ્વાર્થકેન્દ્રિત બનાવે છે. પોતાનો સ્વાર્થ સાધવાનો, બીજાનું જે થવું હોય, તે થાય... એ જ શિક્ષણમાં 'પ્રોફેશનલિઝમ' ના નામે શીખવાડાય છે.**

  **'માણસ' ને પણ એક 'વસ્તુ' તરીકે જોવાય છે. માણસ રૂપે નહીં.**

  **આપણી સંસ્કૃતિ તો ધરતી, નદી, વૃક્ષ (તુલસી) અને ગાયને પણ માતા રૂપે**

જોવાની હતી.

આ સ્વાર્થવૃત્તિએ જ કુદરતી સ્રોતોનું સત્યાનાશ કરીને ગ્લોબલ વોર્મિંગ ઊભું કર્યું છે. સમગ્ર માનવજાતના અસ્તિત્વ સામે જોખમ ઊભું કર્યું છે.

આ સ્વાર્થવૃત્તિ જ ઘરડા થયેલા મા-બાપ ને 'નકામા' માનીને ઘરડા-ઘરમાં મોકલવાનું શીખવે છે.

આપણી સંસ્કૃતિ તો નકામાં થયેલા ઢોરને પણ જીવનભર સાચવવાની હતી...

- સહુ સ્વીકારશે કે આજથી બે પેઢી પૂર્વે, મોટાંઓનો જે વિનય હતો, તે આજે નથી. સંતાનો ઉદ્ધત બન્યા છે. 'તમને ખબર ન પડે' એવું મા-બાપને રોકડું પરખાવે છે. એનું કારણ, આધુનિક શિક્ષણ જ છે, જેમાં મા-બાપનો વિનય કરવાનું શીખવાડાતું નથી.

  આપણી સંસ્કૃતિ તો 'માતૃદેવો ભવ' ની હતી.

  આપણી સંસ્કૃતિમાં છાસ વેચાતી નહોતી. મહિને એક દિવસ એવો હોય કે દૂધ પણ વેચાય નહીં, મફત આપી દેવાનું હતું – તેવું અમારા દાદીમા કહેતા હતા.

  આજનું શિક્ષણ તો દરેક વસ્તુમાંથી પૈસા પેદા કરવાનું જ શીખવે છે.

- આજથી ૫૦ વર્ષ પૂર્વે હોસ્પિટલો, ટ્રસ્ટોથી જ ચાલતી હતી. આજે તે બધું જ પ્રોફેશનલ છે. તગડી કમાણીના સ્રોત છે. એ બધું શિક્ષણે જ ઊભું કર્યું છે ને ?

- ભારતના રાજાઓ કેવા હતા ? વડોદરાના સયાજીરાવ, ભાવનગરના કૃષ્ણસિંહજી, ગોંડલના ભગવતસિંહજી, જામનગરના રણજીતસિંહજી.. આજના ભ્રષ્ટાચારી, દુરાચારી પ્રધાનો કરતાં લાખ દરજ્જે સારા હતા.

  આધુનિક શિક્ષણમાં ક્યાંય તેમના ગુણગાન નથી. ૨-૫% રાજાઓના દુરાચારોને ઊઘાડા પાડીને રાજાશાહીને વગોવી છે. આજે લોકશાહીમાં તો ૨-૫% સારા માણસો શોધ્યે જડતા નથી, છતાં તેના ગુણગાન ગવાયા છે.

  આવા તદ્દન જૂઠા શિક્ષણને ઉત્તેજન આપવું, તે ધર્મ કેમ કહેવાય ?

- *સભા : શિક્ષણ લેશે, તો કમાશે ને સુખી થશે ને ?*

  એ પણ બુદ્ધિજીવીઓએ ઊભો કરેલો ભ્રમ જ છે.

  આજે B. Com. થયો હોય, તેને કેટલો પગાર મળે છે ?

  *સભા : તેની કિંમત જ નથી. નોકરી જ નથી મળતી.*

  મળે, તો ય ૮-૧૦ હજાર કે વધુમાં વધુ ૧૫ હજાર મળતા હશે.

  અને તમે તપાસ કરો – સારો સુથાર કે કડિયો, રોજના ૧૦૦૦ રૂપિયા કમાઈ લે છે. એટલા પૈસા આપતા પણ કામ કરનારા મળતા નથી.

  ૧૦૦ માંથી ૧-૨ ડૉક્ટર-એન્જીનીયર-ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થઈને કમાતા હશે, તેના વાદે બાકીના બધાને ભ્રમિત કરાય છે.

ગ્રેજ્યુએટો પણ રિક્ષા–ટેક્સી ફેરવે છે, શાકભાજીના ધંધા કરે છે.
ખેડૂતો કરોડપતિ હોવાના દૃષ્ટાંત ઢગલાબંધ મળશે.
ઢોસાની લારીવાળો ય કરોડપતિ છે, તેવા સમાચાર વાંચેલા.
હવે તો સરકારની નજર પણ એ તરફ વળી છે. શિક્ષણ સાથે Skill Devlopment – Self Employment નું મહત્ત્વ વધ્યું છે.

**હકીકતમાં પ્રાચીન કાળમાં ભારતના લોકો સુખી–સમૃદ્ધ હતા, તેનું કારણ કળા–કારીગરી જ હતી, આધુનિક શિક્ષણ નહીં.**

પણ બુદ્ધિજીવીઓએ પ્રચાર દ્વારા બહુ મોટા ભ્રમ ઊભા કર્યા છે.

- **એટલે, શિક્ષણ ઇહલૌકિક સુખને લાવનાર બને, તેવી ય ખાતરી નથી. અને સ્વાર્થવૃત્તિ વગેરે દ્વારા અનેક પાપોને ઘૂસાડનાર હોવાથી, પરલોકમાં તો દુઃખી કરનાર જ છે. તેને ઉત્તેજન આપવું, તે ધર્મ શી રીતે કહેવાય ?**
- જુઓ, એક વાત કરી દઉં.

**જૈનોના સંતાનો કોન્વેન્ટમાં જઈને નાસ્તિક/ક્રિશ્ચિયન ન બને, અન્ય ધર્મીઓના સંગમાં રહીને વિધર્મી ન બને, તે ઉદ્દેશથી તેમના માટે જૈન સ્કૂલો ઊભી કરવી; તે આખી જુદી વસ્તુ છે. તેમાં ઉદ્દેશ શિક્ષણનો નથી, સંસ્કરણનો છે. સારા વાતાવરણમાં, સંસ્કારી બાળકો વચ્ચે સંતાનો રહે, તો ધર્મના સંસ્કાર બચે, તે છે. તેના સરસ મજાના પરિણામ પણ જોવા મળે છે જ.**

**જૈન મેનેજમેન્ટ હોય, તો પર્યુષણાદિ પર્વોમાં રજા રાખી શકાય, ધાર્મિક અને સદાચારનું શિક્ષણ આપી શકાય, શિક્ષકો પણ જૈન–સંસ્કારી રાખી શકાય, મોટી ઉંમરની છોકરીઓને છોકરાઓથી અલગ રાખી શકાય... વગેરે અગણિત ફાયદા છે. તે ઉદ્દેશથી જૈન સ્કૂલો બનાવવી–ચલાવવી, તે જુદી વાત છે. પણ તેવા કોઈ ઉદ્દેશ વિના જ, આધુનિક શિક્ષણને ઉત્તેજન આપવું, તે ધર્મ નથી – એ જ મારી વાત છે.**

- અનેક મા–બાપોની હૈયાવરાળ છે – નાની ઉંમરમાં બધા સંસ્કાર આપ્યા હોય, બધું કરતા હોય... પણ ખબર નહીં, આઠમા–નવમા ધોરણમાં સંતાનો આવે, એટલે બધું જ બાષ્પીભવન થઈ જાય છે. ધર્મ કરવો પણ ગમતો નથી. દેરાસરે પરાણે મોકલવા પડે છે. જાય તો બે મિનિટમાં પાછા આવે છે.

આ બધો આધુનિક શિક્ષણનો પ્રભાવ છે. બાકી હોય, તે ટી.વી.–મોબાઈલ પૂરું કરે છે.

- બીજી વાત એ પણ કરી દઉં કે જે ગામડામાં જૈનોની વસતિ નથી રહી... આપણાં ધર્મસ્થાનો – જિનાલય, ભગવાન, ઉપાશ્રય, સાધુ–સાધ્વી... બધાની સુરક્ષા જૈનેતરોના હાથમાં જ છે.. ત્યાં, તેમનામાં લોકપ્રિયતા ઊભી કરવા માટે, તેમને જે લોકકલ્યાણનું કાર્ય લાગે છે, તે સ્કૂલ વગેરેમાં દાન આપવું તે આપવાદિક કૃત્ય છે.

ત્યાં પણ આશય શિક્ષણને ઉત્તેજન આપવાનો નથી; ધર્મસ્થાનોની રક્ષાનો છે, શાસનની પ્રભાવનાનો છે...

- માનવ-સેવામાં બીજી વાત હોસ્પિટલોની કરાય છે.
  સ્કૂલો-હોસ્પિટલોને આધુનિક તીર્થો-મંદિરો કહેવાય છે.
  ભૂખ્યાને અન્ન આપવું તે અનુકંપા છે,
  તે રીતે બિમારીથી પીડાતાંને દવા આપવી, તે કદાચિત્ આપેક્ષિક અનુકંપા બની શકે.
  પણ હોસ્પિટલો ઊભી કરવી, તે ખૂબ જ વિચારણીય છે.
- એલોપથીનો પાયો હિંસક તો છે જ, પણ મોટે ભાગે તેની દવા બનાવનારી કંપનીઓ નફાખોર છે. જે દવાની ૧૦ ગોળીની MRP ૧૦૦ રૂપિયા હોય, તે હકીકતમાં ૧૦૦ રૂપિયામાં ૧૦૦૦ ગોળી બનતી હોય છે.
  'વૈદ-ગાંધીનું સહિયારું' કહેવત આજના ડૉક્ટરોને બરાબર લાગુ પડે છે. સર્વત્ર ષડ્યંત્રો ચાલે છે, કમિશનો ચાલે છે.
  એ બધાનો પર્દાફાશ કરતાં પુસ્તકો તો પશ્ચિમી દેશોના લેખકોએ પણ લખ્યા છે. હું તેનો વિસ્તાર કરતો નથી.
  પણ આવી પદ્ધતિને ઉત્તેજન આપનાર હોસ્પિટલો, તે ખરેખર માનવને સુખી કરનાર છે કે નહીં ? તે પ્રશ્ન છે..
- આપણી સંસ્કૃતિ આયુર્વેદની હતી. ઘરે-ઘરે રહેલી વસ્તુઓ અને સીમમાં ઊગતી વનસ્પતિઓ જ તેના ઔષધ હતા.
  આજે પણ એલોપથીથી અસાધ્ય ગણાયેલા રોગો, આયુર્વેદથી મટે છે.
  જો કે અમારો વિષય નથી, આયુર્વેદનો પ્રચાર કરવાનો. પણ **સસ્તામાં નીરોગી કરતી આયુર્વેદ પદ્ધતિનો સમૂળગો નાશ કરીને રોગીને લાખોના ખર્ચના ખાડામાં ઉતારનાર એલોપથી પદ્ધતિને ઉત્તેજન આપવું, તે વાસ્તવમાં સુખનો માર્ગ છે ? કે દુઃખનો ? તે વિચારવા જેવું તો છે જ.**
- ફરી જણાવું – તીર્થરક્ષાદિના આશયથી, લોકોનું દિલ જીતવા તીર્થસ્થાનોમાં સસ્તા દરના દવાખાના ચલાવવા... એ આખી જુદી વસ્તુ છે. ત્યાં આશય શાસનરક્ષાનો છે.

- આપણે સાચા ભગવાન, સાચા ગુરુ, સાચા ધર્મ પર શ્રદ્ધા રાખવાની છે.
  કેટલાક એવું માને છે કે આપણે બધાને માનવાના... બધાને નમવાનું... બધા સમાન છે... ભેદભાવ નહીં રાખવાનો...
  આ એક મોટી અણસમજ છે. તેની વાત વિસ્તારથી કરું.
- ધર્મ કોને કહેવાય ? જે આપણાં રાગ-દ્વેષ રૂપી દોષોને ઘટાડે, અને તેથી આપણને સુખી કરે, તેને ધર્મ કહેવાય.
  જે હકીકતમાં રાગ-દ્વેષને ઘટાડે નહીં, ઊલ્ટું વધારે, અને તેથી જીવને સુખી કરવાને બદલે દુઃખી જ કરે, તેને ધર્મ શી રીતે કહેવાય ? તેને અધર્મ જ કહેવાય.
  તેને કોઈ અજ્ઞાની વ્યક્તિ 'ધર્મ' નું લેબલ લગાડી દે, તેટલા માત્રથી, તે ધર્મ ન બની જાય, આપણને સુખી ન કરી શકે.
- જુઓ, પ્રભુની વાત ખૂબ જ સરસ છે. **આપણને નામ સાથે નિસબત નથી. જૈન ધર્મ જ સાચો, બીજા ધર્મ ખોટા – એવું આપણે કહેતા નથી.**
  **આપણી વાત એ જ છે કે – જે જીવના દોષો ઘટાડવા દ્વારા સુખી કરે, તે ધર્મ છે.**
  'જૈન' નામ નીચે પણ કાર્ય એવું થતું હોય કે જે દોષોને વધારે, તો તે ધર્મ નથી. કલિકાળમાં આવું ઘણું થાય છે.
  અને નામથી જૈન ન હોવા છતાં કાર્ય એવું હોય કે દોષોને ઘટાડે, તો તે ધર્મ છે, એવું માનવા જિનશાસન તૈયાર છે.
- એટલે, જે દોષોને ઘટાડે, તે જ ધર્મ છે; બીજા નહીં.
  કોઈ એવું કહે કે આપણે એ નહીં જોવાનું... કોઈએ જેને ધર્મનું લેબલ લગાડી દીધું, તેને ધર્મ માની લેવાનો... તો તેને શું કહીશું ?
  જે રોગ મટાડે, તે દવા કહેવાય. તેના બદલે કોઈ એમ કહે કે જેના પર 'દવા' એમ લખ્યું હોય, તેને દવા માની લેવાની... આંખ મીંચીને લઈ લેવાની... તેને શું કહીશું? મૂર્ખાઈ, કે બીજું કાંઈ ? તેનું પરિણામ શું આવે ? મોત કે બીજું કાંઈ ?
  **'દવા' નું લેબલ હોવાથી દવા માની ન લેવાય, ખરેખર દવા હોવી જોઈએ – રોગ મટાડતી હોવી જોઈએ.**
  તે રીતે, **ધર્મનું લેબલ હોવા માત્રથી ધર્મ માની ન લેવાય.. ખરેખર ધર્મ હોવો જોઈએ, દોષ ઘટાડતો હોવો જોઈએ...**
  આવો ભેદ કરવો એ વિવેક છે. તેને ભેદભાવ ન કહેવાય...
  બધાને સમાન માનવાની વાત તો અમૃત અને ઝેરને સમાન માનવા જેવી છે... દવા અને અપથ્યને સમાન માનવા જેવી છે..

- હવે, એ વિચારો કે અન્ય ધર્મો ખરેખર રાગ-દ્વેષ ઘટાડનારા છે ખરા ?
  મોટા ભાગે એવું જોવા મળશે કે તેઓ જે કાર્યને 'ધર્મ' કહે છે, તે રાગ-દ્વેષ ઘટાડનાર તો નથી, કદાચ વધારનાર છે !
  તમને ખબર હશે જ કે અન્યોમાં અનાજ ત્યાગીને ફળ-દૂધ-મેવા વાપરવા, તે 'ધર્મ' ગણાય છે.
  મને એ કહો કે રોટલી છોડીને પેંડા ખાવાથી રાગ-દ્વેષ ઘટે કે વધે ?
  તમને ખબર હશે જ કે અન્યોમાં ખાઈ-પીને તહેવારની ઉજવણી કરવી, તે ધર્મ મનાય છે... છોકરા-છોકરીઓ સાથે નાચે, તે ધર્મ ગણાય છે.
  આ બધા રાગ-દ્વેષ ઘટાડનારા કૃત્યો છે ?
  આવી સામાન્ય પરીક્ષાથી જ, ખરેખર રાગ-દ્વેષ ઘટાડનારો ધર્મ કયો છે ? તે જણાઈ આવશે. તેને જ સાચો ધર્મ મનાય.
- જે ધર્મ, આત્મા કે પરલોકને માનતા જ નથી, તેમને તો ધર્મ કહેવાનો પ્રશ્ન જ નથી આવતો. કારણકે આત્મા જ ન હોય, તો તેના દોષો ક્યાંથી રહેવાના કે ઘટવાના ? તેનો માર્ગ જ શી રીતે બતાવવાના ?
- ક્યારેક અજ્ઞાનથી બધા ધર્મોને માનવાની વાત કરાય છે.
  ક્યારેક અન્ય ધર્મોના તહેવારોમાં ખાવા-પીવાની, જલસા કરવાની છૂટ છે, તે લેવી છે; તેથી બધા ધર્મોને માનવાની વાત કરાય છે.
  **ખાવું-પીવું-જલસા કરવા, એ પાપ તો છે જ; તેને ધર્મનું લેબલ આપવું, તે મહાપાપ છે.**
  પણ પોતાને પાપી કહેવડાવવું કોઈને ગમતું નથી, તેથી જલસાને ધર્મનું લેબલ આપી દે છે. તેથી તેની છૂટ પણ મળી જાય છે, બેરોકટોક બધું જ કરી શકાય છે, અને છતાં 'પોતે ધર્મ કર્યો' એવું કહી શકાય છે !
- જેવી વાત ધર્મની છે, તેવી ભગવાનની છે.
  જિનશાસનને નામ સાથે નિસબત નથી. માત્ર ઋષભદેવ કે મહાવીર સ્વામી કે સીમંધર સ્વામી કે ચોવીસ જ ભગવાન... એવું જિનશાસન માનતું નથી.
  જિનશાસન કહે છે – **જેણે રાગ-દ્વેષનો સંપૂર્ણ નાશ કર્યો, વીતરાગ બન્યા, તે ભગવાન છે.. ચાહે નામ કોઈપણ હોય..**
  **જે વીતરાગ નથી, દોષોથી યુક્ત છે, તેને કોઇ 'ભગવાન' કહી દે, તેથી આપણે તેને ભગવાન ન માની લેવાય.**
  બધાને સમાન માનવા, તે મૂર્ખાઈ છે. વાસ્તવિક વીતરાગને જ ભગવાન માનવા, તે વિવેક છે.
- જિનશાસને જેને ભગવાન માન્યા છે, તે ખરેખર વીતરાગ છે, તે તેમના જીવનમાંથી

સ્પષ્ટ જણાઈ આવે છે.

**બીજા ધર્મોના ભગવાન માટે કહેવાય – તેઓ ભક્તોને તારે, શત્રુને મારે.** તે ભક્તો પર રાગ જ છે ને ?

**આપણા ભગવાનની ભાવના તો 'સવિ જીવ કરું શાસનરસી' ની છે. પ્રભુ કોઈને પોતાનો શત્રુ માનતા નથી. પ્રભુની કરુણા સર્વ જીવો પર સમાન રીતે વરસે છે. પ્રભુએ પોતાની સામે શત્રુ બનીને આવેલા અનેકને તાર્યા છે.**

પ્રભુ વીરે સૌ પ્રથમ જેમને તાર્યા, તે ઈન્દ્રભૂતિ ગૌતમ પણ શત્રુ બનીને જ આવ્યા હતા !

**બીજા ધર્મોના ભગવાન માટે કહેવાય – પોતે સ્થાપેલા ધર્મની રક્ષા માટે પુનઃ જન્મ લે.** એ પોતાના ધર્મ પર રાગ જ છે ને ?

**આપણા ભગવાનને પોતે સ્થાપેલા શાસન પર પણ રાગ નથી !** પોતાના શાસનના બેહાલ, ભવિતવ્યતાને વશ થવાના જ છે, એ જાણે છે – કહે પણ છે, પણ કશું કરતા નથી. પોતે પણ ભવિતવ્યતા બદલવા અસમર્થ છે, એની સ્પષ્ટ કબૂલાત કરે છે. આયુષ્ય વધારવાની ઈન્દ્રની વિનંતીનો જવાબ પણ એ જ આપ્યો છે !

- પરમાત્માની વીતરાગતા પ્રભુના વચનમાં પણ પ્રગટ થાય છે. **પ્રભુ એવું નથી કહેતા કે મારા ભક્તો જ મોક્ષે જશે.** આપણે ત્યાં અન્યલિંગસિદ્ધ નામનો પ્રકાર છે. અન્ય ધર્મના સંન્યાસીના વેશમાં રહેલાને પણ કેવળજ્ઞાન થઈ શકે, જો તે વીતરાગતાની જ સાધના કરતા હોય, વીતરાગને જ ભગવાન માનતા હોય !

  **બીજા બધા ધર્મોમાં ભગવાન થવાની/હોવાની મોનોપોલી ૧-૨ વ્યક્તિની જ માનેલી છે. બીજું કોઈ ભગવાન ન હોઈ/થઈ શકે !**

- જે પોતે વીતરાગ બન્યા નથી, તે વીતરાગ થવાનો સાચો માર્ગ બતાવી શકે નહી. એટલે જ અન્ય ધર્મો, રાગ-દ્વેષ ઘટાડનારા નથી હોતા, તેવું અનુભવાય છે. તો તે ધર્મના સ્થાપકોને ભગવાન કેમ મનાય ? ભગવાન માનીને તેમની ભક્તિ-નમસ્કાર શી રીતે થાય ?

- **જે વીતરાગે બતાવેલા માર્ગને અનુસરીને વીતરાગ બનવાની સાધના કરી રહ્યા છે, જેમણે પોતાના રાગ-દ્વેષ મંદ કર્યા છે, અને બીજાને વીતરાગતાનો રાહ બતાવે છે, તે જ સાચા ગુરુ છે.**

  તેમની જ ગુરુ માનીને ભક્તિ થાય, તેમની પાસેથી જ વીતરાગ બનવાનો માર્ગ મળે, લેવાય.

  સંસારી ગૃહસ્થોને પણ ગુરુ ન મનાય, રાગ-દ્વેષ વધારનાર ધર્મને બતાવનારને પણ ગુરુ ન મનાય.

- **જે રોગ મટાડનારી દવા આપે, તે જ ખરો વૈદ છે; તેની પાસે જ દવા લેવાય; ઊંટવૈદ**

**પાસે નહીં.**

**તે રીતે, દોષો ઘટાડનારો માર્ગ બતાવે, તે જ ખરા ગુરુ છે.**

- આ રીતે સુદેવ–સુગુરુ–સુધર્મને માનવા, તે જ સાચી શ્રદ્ધા છે. જે હકીકતમાં દેવ–ગુરુ–ધર્મ નથી, તેને દેવ–ગુરુ–ધર્મ માનવા, તે તો મિથ્યાત્વ છે.
- અહીં સાથે, એ વાત પણ કરવી જરૂરી છે કે કેટલાક લોકો, શાસ્ત્રની આ વાતનો ઉપયોગ કરીને કોઈ એકાદ માન્યતા ધરાવતા હોય, એકાદ ગ્રુપ–સમુદાય–ગચ્છના હોય, તે જ સાચા સુગુરુ છે; બીજા બધા કુગુરુ છે – તેવું કહેતા હોય છે. તે બધાને વંદન કરવામાં, તેમની ભક્તિ કરવામાં મિથ્યાત્વ માનતા હોય છે, કહેતા હોય છે. પોતાનાથી જુદી કોઈ પણ માન્યતા–આચારને મિથ્યાત્વ કહી દેતા હોય છે.
  આવું માનવું–કહેવું; તે પણ ખોટું છે. તે પોતે હકીકતમાં મિથ્યાત્વ બની જાય છે !
- ઉપદેશ કલ્પવલ્લી ગ્રંથમાં કહ્યું છે – **કોઈ એક ચોક્કસ ગ્રુપ–સમુદાયના સાધુને જ ગુરુ માનવા, બીજા બધાને ગુરુ ન માનવા; તે લોકોત્તર મિથ્યાત્વ છે !**
- જેમ **જે ગુરુ નથી, તેને ગુરુ માનવા, તે મિથ્યાત્વ છે;**
  તેમ, **જે ગુરુ છે, તેને ગુરુ ન માનવા, તે પણ મિથ્યાત્વ જ છે.**
- માત્ર કેટલાક આચાર જુદા હોવાથી કોઈ કુગુરુ થઈ જતાં નથી. નાના–મોટા આચારના ભેદો તો સદા–સર્વકાળે રહેવાના જ છે, હોય જ છે.
  હું તમને કેટલાક દૃષ્ટાંતો દ્વારા આ વાત સમજાવીશ.
- તમે જાણો છો કે કેટલાક સમુદાયના મહાત્માઓ, ટમેટાંને અભક્ષ્ય માને છે કેટલાક સમુદાયના મહાત્માઓ ટમેટાંને અભક્ષ્ય નથી માનતાં. તમે શાક–દાળમાં ટમેટાં નાખ્યા હોય, તો વહોરે છે. વાપરવાનો નિષેધ નથી કરતા.
  આવા નાના માન્યતા કે આચારના ભેદથી કોઈનામાં મિથ્યાત્વ આવી જતું નથી.
- *સભા : પણ એક જ પરમાત્માના શાસનમાં આવી જુદી જુદી માન્યતા કેમ છે ?*
  તેનું કારણ તમને સમજાવું.
  હમણાં કેટલાક સમયથી ડ્રેગન ફળ નામનું એક ફળ આવતું થયું છે. કદાચ ૫–૭ વર્ષ થયા હશે. તે પૂર્વે આવું ફળ આપણે જોયું પણ નહોતું.
  હવે આ ફળ, અભક્ષ્ય કે ભક્ષ્ય ? એનો શાસ્ત્રમાં ઉલ્લેખ મળે ? નહીં, કારણકે શાસ્ત્રોની રચના કાળે તે ફળ હતું જ નહીં.
  અત્યાર સુધી તમે કે ઘણાં મહાત્માઓએ વાપર્યું પણ હશે.
  હમણાં જ અમારા સમુદાયના એક મહાત્માએ સંશોધન કરીને જણાવ્યું કે ડ્રેગન ફળ થોરની જાતના વૃક્ષનું ફળ છે. શાસ્ત્રમાં થોરને અનંતકાય કહ્યા છે, એટલે એ પણ અનંતકાય હોવાની સંભાવના છે.
  અમે તો કદાચ ક્યારેય વહોર્યું–વાપર્યું નહોતું; પણ જેમણે વાપર્યું હશે, તેમણે પણ

હવે બંધ કર્યું. અમારા સમુદાયમાં આ માન્યતા પ્રસરી ગઈ હશે.

હજુ બીજા સમુદાયના મહાત્માઓને, ઘણાં ખરા શ્રાવકોને આ વાતની ખબર નથી. તેથી તેને ભક્ષ્ય માનીને વાપરતા હોય, તે સંભવી શકે છે.

એ રીતે માન્યતાનો ભેદ ઊભો થાય.

- *સભા : ખબર પડે, ત્યારે છોડી દે ને ?*

જુઓ, કેટલાક સંશોધનો એવા હોય છે કે ચોક્કસ નિર્ણય પર નથી અવાતું. બંને શક્યતા હોય છે. કેટલાકનો અભિપ્રાય જુદો હોય, બીજાનો અભિપ્રાય જુદો હોય. ત્યારે જુદી જુદી માન્યતા ઊભી પણ રહે.

- *સભા : બધા ભેગાં મળીને નિર્ણય ન કરે ?*

આવી સેંકડો વાતો હોય છે. ભેગાં મળે, ત્યારે શાસનના પ્રશ્નોનો વિચાર કરે, કે આવી નાની-નાની બાબતોનો ?

વિચારણા કર્યા પછી પણ બધાનો એક મત ન થાય, તે બની શકે. સહુને પોતાના ગુરુની માન્યતાનો આગ્રહ હોય, તેથી એક નિર્ણય પર આવવું મુશ્કેલ બને.

અને આજના કાળે સંદેશવ્યવહાર વગેરેના માધ્યમો છે. પૂર્વના કાળે એવું બધું નહોતું, ત્યારે તો પરસ્પર વિચારણા કરવી પણ સંભવ નહોતી. બે જુદા ક્ષેત્રમાં વિચરનારા સમુદાયો, સેંકડો વર્ષો સુધી ભેગા જ ન થાય, તેવું પણ બને. તો વિચારણા શી રીતે થાય ? અને એટલા વર્ષોમાં માન્યતાઓ એટલી રૂઢ થઈ ગઈ હોય, કે બદલાવવી અસંભવ થઈ જાય.

- *સભા : તો શ્રાવકોએ શું કરવાનું ?*

**વ્યક્તિગત આરાધનામાં, પોતે જેને ગુરુ માન્યા હોય, તેમનું માર્ગદર્શન લેવાનું. સામૂહિક આરાધનામાં, જેમની નિશ્રા હોય, તે કહે તેમ કરવાનું.**

- *સભા : એક ચોમાસામાં મહાત્મા કહે કે આમ કરો. બીજા ચોમાસામાં કહે કે તેમ કરો. તો અમે શું કરીએ ?*

જુઓ, જ્યાં અમને ખબર જ છે કે સંઘમાં જુદી જુદી માન્યતા છે, ત્યાં અમે અમારી આરાધના, અમારી માન્યતા મુજબ કરીએ; અમારી નિશ્રામાં સામૂહિક આરાધના હોય, તો અમારી માન્યતા મુજબ કરાવીએ, પણ સહુએ હંમેશા એ રીતે જ કરવું જોઈએ – એવો આગ્રહ ન રાખીએ. કોઈ મહાત્મા એવો આગ્રહ રાખે, તો તે વાસ્તવિક ગીતાર્થ નથી, એમ માનવું પડે. જિનશાસનમાં સ્યાદ્વાદ છે. આચારના ભેદ માન્ય જ છે.

એટલે તમે કહ્યું, તેવું ક્યારેક જ બને.

હા, સામૂહિક આરાધનામાં તેવું થઈ શકે. પણ તેમાં તો જેમની નિશ્રા હોય, તે કહે તેમ કરવું; તે જ ઉપાય છે.

અમારી માન્યતા ટમેટાંને અભક્ષ્ય માનવાની નથી. કોઇ સંઘમાં ટમેટાં ન જ વપરાતા હોય, તો અમે કંઇ એવો આગ્રહ ન રાખીએ કે ટમેટાં વાપરવા જ જોઇએ.

સંઘમાં તેવો કાયદો ન હોય, અને અમને પૂછવા આવે, તો અમે એટલું કહીએ – અમે અભક્ષ્ય નથી માનતાં. શું બનાવવું ? શું નહીં ? તે નિર્ણય તેમણે કરવાનો હોય.

- *સભા : પણ શ્રાવકોને આવું જુદું જુદું જોઇને દુર્ભાવ થાય છે.*

તે ન થાય, તે માટે તો કારણસહિત પદાર્થ સમજાવ્યો. તે સમજવાનો પ્રયાસ જ ન કરે, અને પોતાની વાત પકડી રાખે કે 'બધાએ એક થઇ જવું જોઇએ' અને ન થાય તો દુર્ભાવ કરે, તેને ભારેકર્મી માનવો પડે.

તમારા સંસારમાં બે ભાઇઓના, બે બહેનોના, બાપ-દીકરાના, સાસુ-વહુના, બે ભાગીદારના મત એક થતા નથી હોતા.

જિનશાસનમાં ૨૦૦૦ સાધુઓના મત એક થઇ જાય, તેવી અપેક્ષા વધુ પડતી છે. કોઇ વિશિષ્ટ પુણ્યશાળી યુગપ્રધાન હોય, તેની નિશ્રામાં બધા એક થાય, તે જુદી વાત છે. જગદ્ગુરુ હીરસૂરિ મ. પછી પ્રાયઃ તેવા પુણ્યશાળી કોઇ થયા નથી.

- પ્રભુ વીરના કાળે, પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના સાધુઓ હતા. બંનેના આચારોમાં ભેદ હતો.

પ્રભુના ૧૧ ગણધરોના ૯ ગણના આચારોમાં પણ ભેદ હતો.

સેંકડો વર્ષોથી જુદા જુદા ગચ્છોના આચારોમાં ભેદ છે.

પણ તેનો અર્થ એ નથી કે ઝઘડા છે. બધા પોત-પોતાના આચાર પાળે છે, પરસ્પર સમન્વયથી રહે છે.

- પૌષધ કર્યા હશે, તેને ખબર હશે – પોરિસી ભણાવવાની હોય છે. તે ક્યારે ભણાવવાની ? તે વિશે બે મત ચાલે છે.

અમે સૂર્યોદય પછી પોણા પ્રહરે ભણાવીએ છીએ.

ઘણાં સમુદાયના સાધુઓ સૂર્યોદય પછી છ ઘડીએ ભણાવે છે. પણ તેવા સાધુઓ સાથે અમે ભેગાં રહીએ છીએ. પરસ્પર ગોચરી-વંદન વ્યવહાર છે. એકબીજાને ભણાવીએ છીએ... એમાં ઝઘડા ક્યાં આવ્યા ?

- મારી આ વાત એ હતી કે, આવા નાના ભેદથી કુગુરુ કે મિથ્યાત્વ ન માની લેવાય. **૪૦૦ વર્ષ પૂર્વે થઇ ગયેલા જગદ્ગુરુ હીરસૂરીશ્વરજી મ.સા. એ ખરતરગચ્છ, અંચળગચ્છ, પાર્શ્વચંદ્રગચ્છ... કોઇને પણ મિથ્યાત્વી કહેવાનો નિષેધ કર્યો છે.**

તેમની માન્યતા-આચારો કેટલા જુદા છે ?

અંચળગચ્છમાં તો પ્રતિક્રમણનો વિધિ જ જુદો છે.

તમે સામાયિક લેવામાં પહેલા ઇરિયાવહી કરો, પછી કરેમિ ભંતે આવે.

ખરતરગચ્છમાં પહેલા કરેમિ ભંતે ઉચ્ચરીને પછી સામાયિક લે.

આટલા મોટા ભેદ છતાં તેને મિથ્યાત્વી નથી માન્યા, તો નાનકડા ભેદથી મિથ્યાત્વ શી રીતે કહેવાય ?

- હકીકતમાં, પોતાના ભક્તવર્ગને બીજાની પાસે જતાં રોકવા માટે ઊભું કરાયેલું આ તૂત છે, એવું જ લાગે.
- જુઓ, એનો અર્થ એવો પણ નથી જ કે બધા વેશધારી સુગુરુ જ છે. જેનામાં મૂળભૂત આચાર જ નથી, તે ગુરુ કહેવાને યોગ્ય જ નથી. **જે પ્રભુના વચનને વફાદાર નથી, જેમણે પ્રભુના આગમોનો લોપ કર્યો છે, ૨૦૦૦ વર્ષમાં થયેલા પૂર્વાચાર્યોના શાસ્ત્રોનો લોપ કર્યો છે, તેમને પણ ગુરુ મનાય નહીં, ભલે આચાર સારા હોય.**
- શાસ્ત્રોમાં કહ્યું છે – માર્ગ બે પ્રકારનો છે.

  ૧. શાસ્ત્રવચન ૨. પૂર્વાચાર્યોની આચરણા.

  **જે પૂર્વાચાર્યોની આચરણાને નથી માનતો, તે શાસ્ત્રવચન પણ માનતો નથી; એમ ધર્મરત્ન પ્રકરણમાં કહ્યું છે.**
- **અનેક સ્થાનો છે, જેમાં શાસ્ત્રવચન કરતાં પૂર્વાચાર્યોની આચરણા બળવાન્ છે.**

  શાસ્ત્રમાં તો સંવત્સરી ભાદરવા સુદ પાંચમની જ લખેલી છે. ચોથના થાય છે, તે આચરણાથી જ છે.

  શાસ્ત્રમાં તો ચોમાસી પ્રતિક્રમણ પૂનમનાં જ કહેલું છે. સંવત્સરી ચોથની થઈ, ત્યારથી ચૌદશનું થયું. તેના કારણે પકખી પ્રતિક્રમણ જે વર્ષના ૨૪ હતા, તે ૨૧ થઈ ગયા.
- શાસ્ત્રમાં દેવસિ પ્રતિક્રમણ 'નમોસ્તુ વર્ધમાનાય...' ની ૩ ગાથા સુધીનું જ છે. પછીનું બધું આચરણાથી જ આવ્યું છે. અત્યારે આચરણા મુજબ જ બધા કરે છે. કોઈ શાસ્ત્રના નામે એમ કહે કે – હું તો નમોસ્તુ સુધી જ કરીશ, તો શું કરવાનું ? તેને સંઘ બહાર મૂકવો પડે.

  જે આચરણાને ન માને, તે પ્રભુની આજ્ઞાને માનતો જ નથી.
- આચરણાઓ, જુદા જુદા ક્ષેત્રમાં વિચરતાં સમુદાયોની જુદી જુદી થાય, તે સ્વાભાવિક ઘટના છે, તે મેં સવિસ્તર જણાવ્યું.

  બીજાની આચરણાને ખોટી કહીને મિથ્યાત્વ કહેવું, તે પોતે જ લોકોત્તર મિથ્યાત્વ બની જાય !

  પરસ્પર એકબીજાની આચરણા પ્રત્યે સદ્ભાવ રાખીને સહુ પોતાની આચરણા પાળે, તે જિનશાસનનો સ્યાદ્વાદ છે, તેમાં જ સમ્યગ્દર્શન છે.

# પરિશિષ્ટ

આ પુસ્તકમાં, સમ્યગ્દર્શન શ્રદ્ધા રૂપ બતાવ્યું છે.

કેટલાકની માન્યતા એવી છે કે →

શ્રદ્ધા તો વ્યવહાર સમ્યગ્દર્શન છે... અર્થાત્ ઉપચાર માત્ર છે... તેનાથી ચોથું ગુણસ્થાન આવતું નથી.

તેનાથી સમ્યગ્દર્શનના બતાવેલ લાભો →

૧. દુર્ગતિનો અબંધ

૨. અશુભ અનુબંધ ન પડવા

૩. સ્થિતિસત્તાનો નિરંતર હ્રાસ

૪. સંસાર સીમિત થવો...

મળતા નથી.

અહીં એવા શાસ્ત્રસંદર્ભોનું સંકલન કર્યું છે, જે જણાવે છે કે →

1. દર્શન મોહના ઉપશમ-ક્ષયોપશમ-ક્ષયથી તત્ત્વાર્થશ્રદ્ધા જ ઉત્પન્ન થાય છે. (પાઠ નં. ૧ થી ૧૯)
2. શુદ્ધ ક્ષાયિક સમ્યક્ત્વ, તત્ત્વાર્થશ્રદ્ધા રૂપ જ છે. (પાઠ નં. ૧ થી ૧૯)
3. જે શુભ આત્મ-પરિણામ સમ્યક્ત્વ રૂપ છે, તે આત્મ-પરિણામ પણ તત્ત્વરુચિ રૂપ જ છે. (પાઠ નં.૧, ૮ થી ૧૫, ૧૭, ૧૯, ૨૨, ૩૦ થી ૩૫, ૩૭, ૪૫, ૪૭)
4. અપર્યાપ્ત દશામાં રહેલ જીવો કે સિદ્ધ ભગવંતોમાં રહેલ સમ્યક્ત્વ પણ તત્ત્વાર્થશ્રદ્ધા રૂપ જ છે. (પાઠ નં. ૯)
5. ગ્રંથિભેદથી તત્ત્વાર્થશ્રદ્ધા જ ઉત્પન્ન થાય છે. (પાઠ નં. ૨૧ થી ૨૯)[1]
6. તત્ત્વાર્થશ્રદ્ધા એ જ ભાવ સમ્યક્ત્વ – નિશ્ચય સમ્યક્ત્વ – મુખ્ય સમ્યક્ત્વ – પારમાર્થિક સમ્યક્ત્વ છે. (પાઠ નં. ૩૫ થી ૪૬)[2]
7. ચોથા ગુણસ્થાને ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન, તત્ત્વાર્થશ્રદ્ધા રૂપ જ છે. (પાઠ નં. ૨૦)
8. અભવ્ય-દૂરભવ્યને આરાધનાનું ફળ ન મળવાનું કારણ, તત્ત્વરુચિનો અભાવ જ છે. (પાઠ નં. ૪૯)

1. દર્શન મોહનીયના ક્ષયોપશમથી પ્રાપ્ત થતું સમ્યક્ત્વ, ગ્રંથિભેદથી પ્રાપ્ત થતું સમ્યક્ત્વ, કે શુભ આત્મ પરિણામ રૂપ સમ્યક્ત્વ ચોથા ગુણસ્થાનકની પ્રાપ્તિ કરાવનારું નૈશ્ચયિક સમ્યક્ત્વ જ હોય, ઔપચારિક નહીં.

2. વિદ્વાનો જાણે છે કે ભાવનિક્ષેપ, અર્થક્રિયાકારી હોય છે, સર્વ નયોને માન્ય હોય છે. એટલે ભાવ-સમ્યક્ત્વ, નિશ્ચય નયને માન્ય સમ્યક્ત્વ જ છે, અને સમ્યક્ત્વના સર્વ લાભોને અપાવનાર જ છે.

9. તત્ત્વાર્થશ્રદ્ધાથી જ જ્ઞાન સમ્યગ્ બને છે, ચારિત્ર-તપ સફળ થાય છે. (પાઠ નં. ૨૮, ૪૮ થી ૫૩)
10. તત્ત્વરુચિમાં પ્રતિબંધક એવા રસના નાશથી જ મિથ્યાત્વ મોહનીય, સમ્યક્ત્વ મોહનીયમાં પરિવર્તિત થાય છે. (પાઠ નં. ૭, ૧૬)
11. વિપરીત શ્રદ્ધારૂપ મિથ્યાત્વના ત્યાગથી જ નિસર્ગ અને અધિગમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. (પાઠ નં. ૫૪, ૫૫)

નૈશ્ચયિક/ભાવ સમ્યક્ત્વને રુચિ રૂપ જણાવતાં શાસ્ત્રપાઠોનું જ અહીં સંકલન કર્યું છે. નૈશ્ચયિક/વ્યવહારિક એવા ભેદ વિના, સમ્યગ્દર્શનનું લક્ષણ રુચિ હોવાના પાઠો તો ઘણાં જ વધુ છે, પ્રાયઃ સમ્યગ્દર્શનનું નિરૂપણ કરતાં સર્વ ગ્રંથોમાં છે.

1. **निव्वलियमयणकोद्दवरूवं मिच्छत्तमेव तस्स खीणं,**
**न उ जो भावो सद्दहणालक्खणो तस्स ॥**
**सो तस्स विसुद्धयरो जायइ सम्मत्त-पोग्गलखयओ ।**

વિશે. ભાષ્ય – ૧૩૧૯-૨૦ (જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ)

2. **अनन्तानुबन्ध्यादिक्षयाद्युत्था रुचिः सम्यग्दर्शनम् ।**

તત્ત્વાર્થ સૂત્ર ૧-૧ ટીકા (મહો. યશોવિ.)

3. **तत्त्वार्थश्रद्धानं = रुचिरूपं सम्यग्दर्शनं मिथ्यात्वमोहनीयादिक्षयादिनिमित्तं ।**

તત્ત્વાર્થ સૂત્ર ૧-૨ ટીકા (હરિભદ્રસૂ.)

4. **अर्हदभिहिताशेषद्रव्यपर्यायप्रपञ्चविषया तदुपघातिमिथ्यादर्शनाद्यनन्तानुबन्धिकषायक्षयादिप्रादुर्भूता रुचिः जीवस्यैव सम्यग्दर्शनम् ।**

તત્ત્વાર્થ સૂત્ર ૧-૧ ટીકા (સિદ્ધસેન ગણિ)

5. **तेसिं चिअ तत्ताणं सद्दहणं सम्मद्दंसणं नाणस्स हेउ ।**
**तं च कस्सइ कम्मोवसमाईहिं... निसग्गेणं उप्पज्जइ ।**

સમયસાર અધ્યાય – ૮ (પુસ્તક-પ્રકરણ રત્નાવલી)

6. **जीय-अजीय-पुण्ण-पावा ऽऽसव-संवर-बंध-मुख-निज्जरणा ।**
**जेणं सद्दहइ तयं, सम्मं खइगाइबहुभेयं ॥**

કર્મગ્રંથ-૧, ગા. ૧૫ (દેવેન્દ્રસૂ.), પ્રાચીન કર્મગ્રંથ-૧ (ગર્ગમહર્ષિ)

7. **जीवोऽप्यध्यवसायविशेषतो जिनवचनरुचिप्रतिबन्धकदुष्टरसोच्छेदकरणेन मिथ्यात्वं शोधयति ।**

પુષ્પમાલા ગા. ૧૬-૧૭-૧૮ ટીકા (મલધારી હેમચંદ્રસૂ.મ.)
પ્રવચન સારોદ્ધાર ટીકા (સિદ્ધસેન સૂરિ)

8. **दृष्टिर्वा दर्शनं – दर्शनमोहनीयक्षयाद्याविर्भूतः तत्त्वश्रद्धानरूप आत्मपरिणामः ।**

ઠાણાંગ સૂ. ૪૩ ટીકા (અભયદેવસૂ. મ.)

9. सम्यक्त्वं तु मिथ्यात्वक्षयोपशमादिजन्यो रुचिरूप आत्मपरिणामः । अत एव अमनस्कानां सिद्धादीनां तदिष्यते ।

પંચાશક ૧/૩ ટીકા (અભયદેવસૂ. મ.)

10. सम्यक्त्वं दर्शनमोहनीयक्षयक्षयोपशमोपशमाविर्भूतो जिनोक्ततत्त्वश्रद्धानरूप आत्मपरिणामः ।

પાક્ષિક સૂત્ર – सम्मत्तं एगमेव नाणं तु ની ટીકા (યશોદેવસૂરિ મ.)

11. सम्यक्त्वं सम्यक्त्वमोहनीयक्षयादिसमुत्थात्मपरिणामरूपं तदिति जीवादिभावश्रद्धानम्।

ઉત્તરા. ૨૮/૧૫ ટીકા (ભાવવિ.ઉપાધ્યાય)

12. सम्यक्त्वं सम्यक्त्वमोहनीयकर्माणुक्षयोपशमोपशमसमुत्थात्मपरिणामरूपं तदिति भावरूपं श्रद्धानम्।

ઉત્તરા. ૨૮/૧૫ ટીકા (નેમિચંદ્રસૂ.)

13. भावेन = मनसा, श्रद्दधतः = 'तथेति' प्रतिपद्यमानस्य, सम्यग् भावः सम्यक्त्वं दर्शनमित्यर्थः, तदिति भावश्रद्धानं मोहनीयकर्माणुक्षयक्षयोपशम–समुत्थात्मपरिणामरूपम्।

ઉત્તરા. ૨૮/૧૫ ટીકા (કમલસંયમ ઉપાધ્યાય)

14. यो रागद्वेषमोहादिरहितः अनन्तज्ञानदर्शनवीर्यानन्दात्मकः समस्तजगदनुग्रह–प्रवणः सकलनिष्कलरूपः परमात्मा, स एव परमार्थतो देव इति बुद्ध्या तस्योपरि यद् भक्तिकरणं,

तथा तेनैव भाषिता ये जीवाजीवपुण्यपापाश्रवसंवरनिर्जराबन्धमोक्षाख्या नव पदार्थाः, ते एव अवितथा एवेति या प्रतिपत्तिः,

तथा तदुपदिष्टे ज्ञानदर्शनचारित्रात्मके मोक्षमार्गे ये प्रवर्त्तन्ते साधवः, ते एव गुरवो वन्दनीया इति या बुद्धिः,

तत् सम्यग्दर्शनम् । .............

तदेष सकलकल्याणावहो दर्शनमोहनीयकर्मक्षयोपशमादिना आविर्भूतः खल्वात्मपरिणाम एव विशुद्धसम्यग्दर्शनं अभिधीयते ।

ઉપમિતિ – પીઠિકા (સિદ્ધર્ષિ ગણિ)

15. श्रद्दधात्यनेन जीवादितत्त्वमिति श्रद्धानं – सम्यक्त्वमोहनीयकर्माणु–क्षयक्षयोपशमोपशमसमुत्थात्मपरिणामरूपम् ।

ઉત્તરા. ૨૮/૧૪ ટીકા (શાંતિસૂરિ)

16. शोधिता हि मिथ्यात्वपुद्गला अतिस्वच्छवस्त्रमिव दृष्टेः यथावस्थित–तत्त्वरुच्यध्यवसायरूपस्य सम्यक्त्वस्यावारका न भवन्ति ।

પ્રવચન સારોદ્ધાર ૯૪૪ ટીકા (સિદ્ધસેન સૂરિ)

17. स च तस्य तत्त्वश्रद्धानभावः औपचारिकसम्यक्त्वरूपसम्यक्त्वपुद्गलपुञ्जे क्षपिते प्रत्युत विशुद्धतरो जायते ।

વિશે. ભાષ્ય ૧૩૧૯-૨૦-૨૧ ટીકા (મલધારી હેમચંદ્રસૂ. મ.)

18. तत्तत्थसद्दहणं सम्मत्तं, असग्गहो ण एयंमि ।
मिच्छत्तखओवसमा, सुस्सुसाई उ होंति दढं ।।

પંચાશક ૧/૩ (હરિભદ્રસૂ. મ.)

19. दर्शनमोहनीयकर्मोपशमादिसमुत्थोऽर्हदुक्ततत्त्वश्रद्धानरुपः शुभ आत्मपरिणामः सम्यक्त्वम् ।

શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર-૬ – વંદારુ વૃત્તિ (દેવેન્દ્રસૂરિ)

20. अथ चतुर्थमविरतसम्यग्दृष्टिगुणस्थानम् । तत्र प्रथमं सम्यक्त्वप्राप्तिस्वरूपमाह→
यथोक्तेषु च तत्त्वेषु, रुचिर्जीवस्य जायते ।
निसर्गादुपदेशाद्वा, सम्यक्त्वं हि तदुच्यते ।।

ગુણસ્થાન-ક્રમારોહ-૧૮ (રત્નશેખરસૂરિ)

21. जियरागदोसमोहेहिं, भासियं जमिह जिणवरिंदेहिं ।
तं चेव होइ तत्तं, इय बुद्धी होइ सम्मत्तं ।।१२।।
काऊण गंठिभेयं, सहसम्मुइयाए पाणिणो केइ ।
परवागरणा अन्ने, लहंति सम्मत्तवररयणं ।।१४।।

નવપદ પ્રકરણ (દેવગુપ્તસૂરિ)

22. मिच्छत्तमोहंधयारमूढाणं इत्थ जीवाणं ।
कम्मऽट्ठगंठिभेया जायइ सम्मत्तपरिणामो ।।४।।
जियरागदोसमोहेहिं भासियं जमिह जिणवरिंदेहिं ।
तं चेव होइ तत्तं, इय बुद्धी होइ सम्मत्तं ।।५।।

સમ્યક્ત્વ રહસ્ય (સિદ્ધસેન સૂરિ)

23. कश्चिद् भव्यसत्त्वः तं (ग्रन्थिं) भित्त्वाऽपूर्वकरणबलेन प्राप्तानिवृत्तिकरणः तत्त्वार्थश्रद्धानलक्षणं सम्यग्दर्शनं आसादयति ।

તત્ત્વાર્થ સૂત્ર ૧/૨-૩ ટીકા (મહો. યશોવિ.)

24. तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं । तन्निसर्गादधिगमाद् वा ।
अनादिमिथ्यादृष्टेरपि सतः परिणामविशेषाद् अपूर्वकरणं तादृग् भवति, येनास्यानुपदेशात् सम्यग्दर्शनं उत्पद्यते ।

તત્ત્વાર્થ ભાષ્ય ૧/૨-૩ (ઉમાસ્વાતિજી)

25. ग्रन्थिभेदेन तत्त्वे तीव्रभावात् ।

પંચાશક ૩/૫ ટીકા (અભયદેવ સૂ.મ.), યોગશતક – ૧૪ ટીકા(હરિભદ્રસૂ.)

26. अथानिवृत्तिकरणादन्तरकरणे कृते । मिथ्यात्वं विरलीकुर्युर्वेदनीयं यदग्रतः । आन्तर्मुहूर्तिकं सम्यग्दर्शनं प्राप्नुवन्ति यत् । निसर्गहेतुकमिदं सम्यक् श्रद्धानमुच्यते ।।

યોગશાસ્ત્ર ૧/૧૭ ટીકા (કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂ. મ.)

27. ग्रन्थौ विभिन्ने, प्रतिबन्धतोऽपि = तथाविधज्ञानावरणोदयकृतविघातसंभवेऽपि, ज्ञानं प्रतिपूर्णं = अविकलमेव । 'तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइअं' इत्यादिश्रद्धानरूपया गीतार्थप्रज्ञापनीयत्वादिरूपया वा योग्यतया तुच्छस्यापि तज्ज्ञानस्य पूर्णत्वाद् ।

ઉપદેશ રહસ્ય – ૬૦ ટીકા (મહો. યશોવિ. મ.)

28. सम्यग्दर्शनस्य = तत्त्वार्थश्रद्धानस्य योगात् ज्ञानं भवति ।
तत् = सम्यग्दर्शनं, परमं = प्रधानं, ग्रन्थिभेदतो भवति ।

ષોડશક ૧૧/૧૫ ટીકા (મહો. યશોવિ.)

29. अत्थि एगे जीवे, जे तं (गंठीं) भिंदइ ।...
तिविहं पि सम्मत्तं जीवस्स होइ त्ति ।...
तंमि पत्ते समाणे से जीवे... जिणवयणरुइ यावि भवइ ।

હિતાચરણ – ૩૯ ટીકામાં ઉદ્ધૃત

30. सम्मं च मोक्खबीअं, तं पुण भूअत्थसद्दहणरूवं ।
पसमाइलिंगगम्मं, सुहायपरिणामरूवं तु ।

પંચવસ્તુક – ૧૦૨૮ (હરિભદ્રસૂ.)

31. मिच्छत्तमहामोहंधयारमूढाणं इत्थ जीवाणं ।
पुन्नेहिं कह वि जायइ दुल्लहो सम्मत्तपरिणामो ।।४।।
देवो धम्मो मग्गो साहू तत्ताणि चेव सम्मत्तं ।
तव्विवरीयं मिच्छत्त–दंसणं देसियं समए ।।५।।

દર્શન શુદ્ધિ પ્રકરણ (દેવભદ્ર સૂરિ)

32. इन्द्रियानिन्द्रियार्थानां प्राप्तिः – उपलब्धिः, स्वतः परतो वा, तदर्थप्रकाशनोत्तरकालभाविनी रुचिः अध्यवसायरुपा दर्शनं ।

તત્ત્વાર્થસૂત્ર ૧–૧ ટીકા હરિભદ્રસૂરિ. મ.

33. कः सम्यग्दर्शनज्ञानयोः प्रतिविशेषः ? उच्यते–
तह तत्तरुई सम्मं, रोइज्जइ जेण तं नाणं ।।
यः तत्त्वानामवगमः, स ज्ञानं ।
या त्वगतेषु तत्त्वेषु रुचि = परमा श्रद्धा आत्मनः परिणामविशेषरुपा, सा सम्यग्दर्शनं;
येन तद् ज्ञानं रोच्यते = रुच्यात्मकं क्रियते ।

બૃહત્કલ્પસૂત્ર – ૧૩૩ (શ્રુતકેવલિ ભદ્રબાહુ સ્વામી, ટીકા – મલયગિરિસૂ.)

34. सम्यक्त्वं तु श्रद्धानरूपं दर्शनापरपर्यायं देवगुरुधर्मपरिज्ञानसमुद्भूतशुभाध्यवसायरूपं ।

હિતાચરણ – ૩૯ ટીકા (સકલચંદ્ર ઉપા.)

35. भावसम्यक्त्वलाभप्रकारमाह.... सम्यक्त्वं चासौ परिणामश्च सम्यक्त्वपरिणामः तत्त्वश्रद्धानाध्यवसायः ।

દર્શન શુદ્ધિ પ્રકરણ – ૪ ટીકા (ચન્દ્રપ્રભસૂ.)

36. श्रद्धा परिशुद्धं – स्वकार्यकारितया भावसम्यक्त्वं नैश्चयिकम् ।

પંચવસ્તુક – ૧૦૬૩ ટીકા (હરિભદ્રસૂ.મ.)

37. भावतस्तु तदुपष्टम्भोपजनितो जीवस्य जिनोक्ततत्त्वरुचिपरिणामः ।

પ્રવચન સારોદ્ધાર ૯૪૨ થી ૯૬૨ ટીકા (સિદ્ધસેન ગણિ)

38. परमार्थपरिज्ञानेन च यदोत्तरोत्तरोत्कर्षमासादयतां स्वविषयश्रद्धायां भावसम्यक्त्वव्यपदेशः क्रियते, तदाऽधस्तनपरिज्ञानजनितश्रद्धायां द्रव्यसम्यक्त्वव्यपदेशो भवति ।

પ્રતિમા શતક – ૧૫ ટીકા – (મહો. યશો. વિ. મ.)

39. स्याद्वादपरिज्ञानं विना नास्ति सम्यक्त्वं, तथाभूतार्थज्ञानरुचिरूपत्वात् तस्य ।... यत्पुनराज्ञारुचेः ..... सम्यक्त्वं, तन्निपुणाः.... द्रव्येण ब्रुवते ।

ઉપદેશ રહસ્ય ૧૦૦ ટીકા (મહો. યશોવિ.)

40. ... विशिष्टप्रवचनरुचिस्वभावभावसम्यक्त्व.....

સ્યાદ્વાદ કલ્પલતા ૭/૩૦ (મહો. યશોવિ.)

41. **દ્રવ્ય-ગુણ-પર્યાય પરમાર્થ વિચારીનઈં, વિસ્તારરુચિ સમક્તિ આદરો... એ વિચાર ભાવથી સદ્દહિઈં.... તેહની પણ યોગ્યતાઈં દ્રવ્યથી સમક્તિ હોઈ...**

દ્રવ્ય ગુણપર્યાયનો રાસ ટબો.... ૧૦/૨ (મહો. યશોવિ.)

42. एतादृशानि च द्रव्यसम्यक्त्वानि शुभात्मपरिणामविशेषानुगतानि भावसम्यक्त्वमपि न व्यभिचरन्ति, अर्पितानर्पितसिद्धेः उभयरूपाविरोधात्, अत एव रुचिभेदा अपि द्रव्यसम्यक्त्वरूपेण आभासमाना अपि क्षायोपशमिकादिभेदेष्वेवान्तर्भाविता वाचकचक्रवर्तिना प्रज्ञप्तौ ।

પ્રતિમા શતક – ૧૫ ટીકા (મહો. યશો. વિ. મ.)

43. नयनिक्षेपप्रमाणपरिष्कृतविस्ताररुचेश्च भावसम्यक्त्वरूपताया...

ધર્મસંગ્રહ – ૨૨ ટીકા.

44. विस्ताररुचेः भावसम्यक्त्वस्य अधिकृतस्य....

ધર્મસંગ્રહ – ૨૨ ટીકા.

45. यः सम्यक्पदार्थश्रद्धानलक्षणो जीवस्य भावः = परिणामः, स एव तावद् मुख्य-सम्यक्त्वमुच्यते । पारमार्थिकं रुचिरूपं सम्यग्दर्शनमपि सुतरां निर्मलं भवति ।

વિશે. ભાષ્ય ૧૩૧૯-૨૦ ટીકા (મલધારી હેમચંદ્રસૂ. મ.)

*અહીં નોંધનીય છે કે ત્રણ મુદ્રિત ગ્રંથોમાં **पारमार्थिकरुचिरूपं सम्यग्दर्शनं** એવો પાઠ છે. મને દઢ વિશ્વાસ હતો કે **पारमार्थिकं रुचिरूपं सम्यग्दर्शनं** એવો જ પાઠ હોવો જોઈએ.*

*પૂ. પં. શ્રી કૃપારત્નવિ. મ. ને વિનંતી કરી કે જિનશાસન આરાધના ટ્રસ્ટના સંગ્રહમાંથી વિશે. ભાષ્યની ૧૩૧૯-૨૦-૨૧મી ગાથાની મલધારી ટીકાની હસ્તલિખિત પ્રતનું પાનું મોકલાવો.*

*તેમણે પાકાહેમ-૧૪૮૪૩ પ્રતનું પાનું નં. ૧૮૭A મોકલ્યું, તેમાં સ્પષ્ટપણે **पारमार्थिकं रुचिरूपं सम्यग्दर्शनं** એવો જ પાઠ છે.*

46. **ભાવ-સમ્યક્ત્વ : આશ્રવને આત્મસ્વરૂપના રોધક-નાશક જાણે અને એનાથી**

ગભરાય, છોડે કે અરુચિવાળો થાય... અને સંવરતત્ત્વને સહાયક સમજી આચરે, ગમે...

આગમ દરિયો, રત્ને ભરીયો – પાનું ૧૪૬ (જયઘોષસૂરિ મ.સા.)

47. સમ્યગ્દર્શન એ જીવનો જે સમ્યગ્ રુચિ કે તત્ત્વશ્રદ્ધાત્મક સ્વભાવ છે, તે પર્યાયરૂપ છે.

સમાધાન–યાત્રા – પ્રશ્ન ૬૦ (જયઘોષસૂરિ મ.સા.)

48. असारं चारित्रं, स्याद्वादरुचिरूपसम्यग्दर्शनशुद्धिशून्यत्वात् ।

ઉપદેશ રહસ્ય – ૧૦૧ ટીકા (મહો. યશોવિ.)

49. न हि ज्ञानमित्येव रूचिं विना फलसिद्धिः । अभव्यस्य दूरभव्यस्य वा जिनोक्ततत्त्वेषु रुचिरहितस्य न विवक्षितं फलमुपश्रूयते ।

યોગશાસ્ત્ર ૧/૧૭ ટીકા (કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂ. મ.)

50. यस्तु मिथ्यात्वदोषतः = तत्त्वार्थाश्रद्धानदोषात्, वचनात् = आगमात्,... बोधः... स.... विपर्ययः = मिथ्याप्रत्ययः ।

ષોડશક ૧૧/૧૨ ટીકા (મહો. યશોવિ.)

51. निरुपाधेः दर्शनवतः तपोज्ञानचरणानि सफलानीति स्थितम् ।
अतो दर्शने यतितव्यम् । दर्शनं च तत्त्वार्थश्रद्धानम् ।

આચારાંગ સૂત્ર ૧/૧/૪/૧ – સૂ. ૧૩૧ ટીકા (શીલાંકાચાર્ય)

52. सद्दहण जाणणा खलु विरती मीसा य लक्खणं कहए ।

આવશ્યક નિર્યુક્તિ – ૭૫૩ (ભદ્રબાહુસ્વામી)

'सद्दहणं' ति श्रद्धानं, लक्षणमिति योगः, सम्यक्त्व–सामायिकस्य । जाणण त्ति ज्ञानं ज्ञा–संवित्तिरित्यर्थः, स च श्रुतसामायिकस्य । खलुशब्दो निश्चयतः परस्परतः सापेक्षत्वविशेषणार्थः ।

ટીકા – હરિભદ્રસૂરિ મ., મલયગિરિસૂ. મ.

53. सम्यग्दर्शनादिगुणस्थानाप्रवृत्तौ... प्राणातिपातादिभ्यो निवृत्तोऽपि... अनिवृत्त एव, हेतुतः स्वरूपतः फलतश्च हिंसादिस्वरूपज्ञानं तन्निवृत्तिरुचिरूपं दर्शनं च विना... तत्त्वतः तदनिवृत्तेः ।

ઉપદેશ રહસ્ય – ૮૧ ટીકા (મહો. યશોવિ. મ.)

54. निसर्गाधिगमयोः उभयोरप्येकमन्तरङ्गं कारणमाह – मिथ्यात्वपरिहाण्या एव – मिथ्यात्वं = जिनप्रणीततत्त्वविपरीतश्रद्धानलक्षणं, तस्य परिहाण्या एव = सर्वथा त्यागेन, त्रिविधं त्रिविधेन प्रत्याख्यानेनेति यावत् ।

ધર્મસંગ્રહ–૨૨ ટીકા (માનવિ. મ.)

55. मिथ्यात्वम् = अदेवादिषु देवत्वादिप्रतिपत्तिरूपम्... प्रतिक्रामति = प्रतीपं गच्छति, द्रव्यतः बाह्यवृत्त्या तत्कृत्यपरित्यागेन, भावतः अन्तःकरणवृत्त्या तत्प्रतिपत्तिपरिहारेण।

મૂલશુદ્ધિ પ્રકરણ – ૪ ટીકા (દેવચંદ્ર સૂરિ)

56. संखेवाविक्खाए, रुइरूवे दंसणे य दव्वत्तं ।

**भन्नइ जेणुवगिज्झइ, अयाणमाणे वि सम्मत्तं ।।**

યતિલક્ષણ સમુચ્ચય – ૨૭ (મહો. યશોવિ.)

અહીં, રુચિરૂપ સમ્યગ્દર્શનમાં જો દ્રવ્યત્વ કહ્યું હોય, તો તે સંક્ષેપ અપેક્ષાએ જ છે, તેમ કહ્યું છે. અર્થાત્ ગુણસ્થાન–પ્રાપ્તિ અપેક્ષાએ તો તે ભાવ–સમ્યક્ત્વ જ છે.

57. **जं सम्मं ति मोणं..** ની વ્યાખ્યા કરતાં

**एतच्च स्याद्वादप्रतिपत्तिरुचिरूपस्य सम्यक्त्वपदार्थत्वे...**

ઉપદેશ રહસ્ય – ૧૦૩ ટીકા (મહો. યશોવિ.)

*जं सम्मं ति मोणं... એ આચારાંગનું સૂત્ર છે. નિશ્ચયનયથી જ કહેવાયેલું છે.*

58. **सव्वगयं सम्मत्तं ।**

આવશ્યક નિર્યુક્તિ – ૮૩૦ (ભદ્રબાહુ સ્વામી)
વિશેષાવશ્યક ભાષ્ય – ૨૭૫૧ (જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણ)

**सर्वगतं सम्यक्त्वं, सर्वद्रव्यपर्यायिरुचिलक्षणत्वात् ।** ટીકા (હરિભદ્રસૂ.)

**सर्वद्रव्यपर्यायगतं सम्यक्त्वं, सर्वद्रव्यपर्यायश्रद्धानरूपत्वात् तस्य ।** ટીકા (મલધારી હેમચંદ્રસૂ.)

*આ પાઠો, સમ્યક્ત્વને સર્વવિષયક બતાવે છે, અને તે સમ્યક્ત્વને રુચિરૂપ જ કહે છે.*
*આ વાત નિશ્ચય–સમ્યગ્દર્શનની જ છે, કારણકે*
*a. સમ્યક્ત્વ–સામાયિકની વાત છે.*
*b. આગળ, સર્વવિરતિ–સામાયિકના વિષયમાં, પાંચમા મહાવ્રતનો વિષય, સર્વ દ્રવ્યો બતાવ્યા છે, તે મૂર્છા રૂપ નૈશ્ચયિક પરિગ્રહ માટે જ સંભવે છે. વ્યવહારથી તો માત્ર પુદ્ગલનો જ પરિગ્રહ થઈ શકે છે.*

59. **चतुर्वर्गेऽग्रणीर्मोक्षो योगस्तस्य च कारणं ।**

**ज्ञान–श्रद्धान–चारित्ररूपं रत्नत्रयं च सः ।।**

યોગશાસ્ત્ર ૧/૧૫ (કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મ.સા.)

*આ શ્લોકમાં તો દર્શનના સ્થાને જ શ્રદ્ધા શબ્દ વાપર્યો છે. તે જ રત્નત્રયીનું અંગ બતાવ્યું છે. તે પાઠ જ વ્યવહાર કે નિશ્ચય, બંને સમ્યગ્દર્શન શ્રદ્ધારૂપ હોવાનું જણાવે છે.*

**रुचिर्जिनोक्ततत्त्वेषु सम्यक् श्रद्धानमुच्यते ।**

**जायते तन्निसर्गेण, गुरोरधिगमेन वा ।।** (૧/૧૭)

ટીકા – **जिनोक्तेषु तत्त्वेषु = जीवादिषूक्तस्वरूपेषु या रुचिः, तत् श्रद्धानम् । – निसर्गः = स्वभावो गुरूपदेशादिनिरपेक्षः, स सम्यक्श्रद्धानकारणम् ।**

**गुरूपदेशमालम्ब्य सर्वेषामपि देहिनाम्,**

**यत्तु सम्यक्श्रद्धानं तत् स्यादधिगमजं परम् ।।**

60. **स एव च परमार्थत आत्मा, श्रद्धानज्ञानसावद्यनिवृत्तिस्वस्वभावावस्थितत्वात् ।**

આવશ્યક નિર્યુક્તિ ૭૯૦ ટીકા (હરિભદ્રસૂરિ મ.)
વિશેષાવશ્યક ભાષ્ય ૨૬૩૪ ટીકા (મલધારી હેમચંદ્રસૂરિ મ.)

અહીં શ્રદ્ધાને આત્માનો સ્વભાવ કહ્યો છે.

આ પાઠો દ્વારા

- ભદ્રબાહુ સ્વામી
- જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણ
- હરિભદ્રસૂરિ મ.
- મલધારી હેમચંદ્રસૂરિ મ.
- સિદ્ધસેન ગણિ
- દેવગુપ્તસૂરિ મ.
- મહો. યશોવિજયજી મ.
- માનવિ. ઉપાધ્યાય
- નેમિચંદ્રસૂરિ મ.
- વાદિવેતાલ શાંતિસૂરિ મ.
- મલયગિરિસૂરિ મ.
- દેવભદ્રસૂરિ મ.
- ચંદ્રપ્રભસૂરિ મ.
- કમલસંયમ ઉપાધ્યાય
- ઉમાસ્વાતિજી
- ગર્ગ મહર્ષિ
- અભયદેવસૂરિ મ.
- દેવેન્દ્રસૂરિ મ.
- સિદ્ધસેનસૂરિ મ.
- રત્નશેખરસૂરિ મ.
- કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મ.
- સિદ્ધર્ષિ ગણિ
- યશોદેવસૂરિ મ.
- શીલાંકાચાર્ય
- દેવગુપ્તસૂરિ મ.
- દેવચંદ્રસૂરિ મ.
- ભાવવિ. ઉપાધ્યાય
- જયઘોષસૂરિ મ.

આ બધા મહાપુરુષો, જેમનો સમયગાળો ૨૫૦૦ વર્ષમાં ફેલાય છે, તેઓ તત્ત્વરુચિને જ ભાવ/નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે.

## સમ્યગ્દર્શનની વિવિધ વ્યાખ્યાઓનો સમન્વય

- તત્ત્વરુચિ અને તત્ત્વશ્રદ્ધા, એમ બે શબ્દ મળે છે.
  મને એવું સમજાય છે કે જે તત્ત્વનું જ્ઞાન હોય, ત્યાં શ્રદ્ધા હોય.
  જે તત્ત્વનું જ્ઞાન ન હોય, ત્યાં રુચિ હોય; એટલે જ્યારે જ્ઞાન થાય, ત્યારે તત્ત્વ પર જ શ્રદ્ધા થાય, અતત્ત્વ પર નહીં.
- તત્ત્વ કહો, સ્યાદ્વાદ કહો કે દ્રવ્ય-પર્યાય કહો; તેમાં શબ્દભેદ છે, અર્થભેદ નથી.
  किं तत्तं ? ના ઉત્તર રૂપે ભગવાન, દ્રવ્ય-પર્યાયનો સ્યાદ્વાદ જ કહે છે.
- તત્ત્વ બે પ્રકારનું હોય છે.
  દ્રવ્યાનુયોગની દૃષ્ટિએ → સ્યાદ્વાદરૂપ.
  ચરણકરણાનુયોગની દૃષ્ટિએ → હેયોપાદેયત્વ રૂપ, અને તેમાં ઉત્સર્ગ-અપવાદ રૂપ.
- આ બે પ્રકારની તત્ત્વરુચિમાં
  સ્યાદ્વાદરુચિ, દર્શન-૩ (મિથ્યાત્વ મોહનીય) ના ક્ષયોપશમથી

હેયોપાદેયત્વરુચિ, અનંતાનુબંધી કષાયના ક્ષયોપશમથી થાય છે, તેવું મને સમજાય છે.

બંનેના ક્ષયોપશમ સમનિયત હોવાથી બંને સાથે જ થાય છે.

- આત્માના મૂળભૂત શત્રુઓ રાગ–દ્વેષ છે. તેમાં પણ મુખ્ય રાગ છે. તેના 3 પ્રકાર – કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ છે. તેમાં મુખ્ય શત્રુઓ કામરાગ અને દૃષ્ટિરાગ જ છે.

  દૃષ્ટિરાગ મંદ પડવાથી સ્યાદ્વાદરુચિ આવે.

  કામરાગ મંદ પડવાથી હેયોપાદેયત્વરુચિ આવે.

  આ રીતે સમ્યક્ત્વ, એ રાગની મંદતારૂપ છે. સિદ્ધ સ્વરૂપનો–વીતરાગતાનો અંશ છે, વીતરાગતાની અભિમુખતા છે, મોક્ષને અનુકૂળ શુભ પરિણામ છે.

  દીક્ષાની જઘન્ય યોગ્યતા રૂપ બે ગુણો વૈરાગ્ય અને સમર્પણ, અનુક્રમે કામરાગ અને દૃષ્ટિરાગની મંદતારૂપ જ છે.
- ઉપદેશ–રહસ્યમાં દોષનિવૃત્તિરુચિ ને પણ સમ્યગ્દર્શન કહ્યું છે. તત્ત્વમાં, હેય પદાર્થનું હેયત્વ પણ સમાવિષ્ટ છે. એ હેયત્વની રુચિ જ, દોષનિવૃત્તિની રુચિ છે.
- નવ તત્ત્વની શ્રદ્ધા/રુચિ પણ સમ્યગ્દર્શન કહી છે.

  તેમાં જીવ–અજીવની રુચિ, દ્રવ્ય–પર્યાય રૂપ તત્ત્વમાં આવશે.

  બાકીના તત્ત્વોની રુચિ હેયોપાદેયત્વરૂપ તત્ત્વમાં આવશે. એવું સમજાય છે.
- જિનોક્ત તત્ત્વની રુચિ પણ સમ્યગ્દર્શન કહી છે.

  મને એવું સમજાય છે કે તેમાં જિનોક્તત્વ, ઉપલક્ષણ છે, વિશેષણ નહીં.

  જેને તત્ત્વનું જ્ઞાન છે, તેને જિનોક્તત્વની જરૂર નથી. જેને તત્ત્વનું જ્ઞાન નથી, તેને તત્ત્વમાં જિનોક્તત્વ, ઉપલક્ષક–ઓળખાવનાર બને છે, જિનોક્તત્વેન તેની રુચિ થાય છે.

  એટલે અસંગ–અનુષ્ઠાન અને તેની ઉપરની ભૂમિકાઓમાં જિનવચનનો રાગ ન હોવા છતાં તત્ત્વરુચિ હોય છે.
- દેવ–ગુરુ–ધર્મ પરની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે.

  તેમાં ધર્મ, એ હેયોપાદેયત્વ રૂપ તત્ત્વમાં આવે છે.

  તેથી ધર્મમાં ધર્મબુદ્ધિ, તે પણ તત્ત્વરુચિ છે.

  દેવ નો અર્થ ધર્મપ્રવર્તક છે. એટલે દેવમાં દેવબુદ્ધિ પણ ધર્મમાં ધર્મબુદ્ધિ રૂપે ફલિત થાય, કારણકે વાસ્તવિક ધર્મના પ્રવર્તકને જ દેવ કહેવાય.

  ગુરુનો અર્થ ધર્મોપદેશક છે. એટલે ગુરુમાં ગુરુબુદ્ધિ પણ ધર્મમાં ધર્મબુદ્ધિ રૂપે ફલિત થાય છે, કારણકે વાસ્તવિક ધર્મના ઉપદેશકને જ ગુરુ કહેવાય.
- વેદ્યસંવેદ્યપદને પણ સમ્યગ્દર્શન કહ્યું છે.

**वेद्यं संवेद्यते यस्मिन्** એ તેનો અર્થ છે.

જે પદાર્થ જેવો છે – દ્રવ્ય–પર્યાય રૂપ કે હેયોપાદેય રૂપ; તેવો સંવેદાય, તે વેદ્યસંવેદ્યપદ.

આમ એ પણ તત્ત્વરુચિ છે.

આ રીતે સમ્યગ્દર્શનની બધી જ વ્યાખ્યાઓ

- તત્ત્વાર્થશ્રદ્ધા
- જિનવચનરુચિ
- વેદ્યસંવેદ્યપદ
- નવ તત્ત્વની શ્રદ્ધા
- સ્યાદ્વાદરુચિ
- દેવ–ગુરુ–ધર્મ પરની શ્રદ્ધા
- દોષનિવૃત્તિ રુચિ

નો સમાવેશ તત્ત્વરુચિમાં જ થાય છે.

આવું મને સમજાય છે.

◦ પ્રશ્ન : જેને તત્ત્વનું જ્ઞાન જ નથી, તેને તત્ત્વરુચિ શી રીતે હોઈ શકે ?

ઉત્તર : નવતત્ત્વ પ્રકરણ વગેરે અનેક ગ્રંથોના પાઠોમાં જ્ઞાન વિના રુચિનો સંભવ બતાવ્યો છે જ. પંચાશક પ્રકરણની ટીકામાં અપર્યાપ્ત જીવ, જેને તત્ત્વનું જ્ઞાન સંભવ નથી, તેને પણ તત્ત્વરુચિ બતાવી છે.

શાસ્ત્રકારો જેને નિઃસંદેહપણે જણાવે છે. તેમાં અશ્રદ્ધા કેમ થાય ?

અને ઉપર જણાવ્યું છે કે જ્યારે તત્ત્વ–અતત્ત્વનું જ્ઞાન થાય, ત્યારે તત્ત્વ પર જ શ્રદ્ધા થાય, તેવી જે આંતરિક પરિણતિ કેળવાઈ હોય, તે તત્ત્વરુચિ છે, જે જ્ઞાન વિના હોવી સંભવ છે જ.

◦ પ્રશ્ન : તિર્યંચોને તત્ત્વજ્ઞાન જ નથી, તો તત્ત્વરુચિ શી રીતે હોય ?

ઉત્તર : એ ન ભૂલાય કે ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા તિર્યંચો દેશવિરતિધર હોય છે, જેનો તત્ત્વજ્ઞાન વિના સંભવ જ નથી. તેમને જાતિસ્મરણાદિથી તત્ત્વજ્ઞાન થઈ જ શકે છે. અને તત્ત્વજ્ઞાન વિના તત્ત્વરુચિનો સંભવ સિદ્ધ કરી ચૂકાયો છે.

◦ પ્રશ્ન : સિદ્ધ ભગવંતોને રુચિ શી રીતે હોય ?

ઉત્તર : પંચાશક ૧/૩ ની ટીકામાં અભયદેવસૂ. મ. એ સ્પષ્ટપણે સિદ્ધોને રુચિ રૂપ સમ્યક્ત્વ બતાવ્યું છે.

સિદ્ધોને જે ક્ષાયિક સમ્યક્ત્વ હોય છે, તે રુચિરૂપ છે, તેવું વિશે. ભાષ્યમાં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજીએ કહ્યું છે. અન્ય અનેક ગ્રંથોમાં છે.

આવશ્યક નિર્યુક્તિની ટીકામાં હરિભદ્રસૂ. મ. એ અને વિશે. ભાષ્યની ટીકામાં મલધારી હેમચંદ્રસૂ. મ. એ શ્રદ્ધાને જીવનો સ્વભાવ જણાવ્યો છે.

ગીતાર્થ મૂર્ધન્ય સ્વ. ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂ. મ. એ પણ તત્ત્વશ્રદ્ધા ને જીવનો

સ્વભાવ જણાવ્યો છે.

સ્વભાવનો નાશ તો થાય નહીં. સિદ્ધ ભગવંતોને તો સ્વભાવ પૂર્ણપણે પ્રગટ થયો હોય છે.

એટલે, સિદ્ધ ભગવંતોને તત્ત્વરુચિ હોવી, તે શાસ્ત્રસિદ્ધ તો છે જ.

તર્કથી વિચારીએ તો,

તત્ત્વનો તત્ત્વરૂપે સ્વીકાર, એ રુચિ છે.

(यथा हि सत्यपि दर्शने कश्चित् शङ्के श्वेतिमानं प्रतिपद्यते, अन्यस्त्वन्यथाभावम् ।

ઉત્તરા. ૨૮/૧૪ ટીકા (શાંતિસૂરિ))

જે હેય (અહિતકર) છે, તેને હેય રૂપે સ્વીકારવું...

જે ઉપાદેય (હિતકર) છે, તેને ઉપાદેય રૂપે સ્વીકારવું...

જે વીતરાગ છે, એટલે જ દેવ છે, તેને જ દેવ રૂપે સ્વીકારવા...

આ તત્ત્વરુચિ છે. તે રાગરૂપ નથી, કે સિદ્ધોને તેનો અસંભવ હોય.

જે કપડું 'લાલ' છે, તેનો 'લાલ' રૂપે સ્વીકાર; અને લાલ રંગ ગમતો હોવાથી લાલ કપડાનું આકર્ષણ – એ બે જુદી વસ્તુ છે, તે સ્પષ્ટ છે.

સ્વીકારમાં રાગ નથી, આકર્ષણમાં રાગ છે.

સિદ્ધ ભગવંતો, પોતાના જ્ઞાનમાં જે હિતકર દેખાય છે, તેને હિતકર રૂપે સ્વીકારે છે. જે અહિતકર દેખાય છે, તેને અહિતકર રૂપે સ્વીકારે છે. તેવી તત્ત્વરુચિ માનવામાં કોઈ આપત્તિ નથી.

જેમ, તેઓ લાલ કપડાંને લાલરૂપે જ સ્વીકારે છે, તેમ.

આ સ્વીકાર માનસ વિકલ્પરૂપ નહીં, પરિણતિરૂપ છે.

◦ પ્રશ્ન : અન્યલિંગમાં સિદ્ધ થનારને તત્ત્વરુચિ શી રીતે હોય ?

ઉત્તર : તેમને ભલે અરિહંત એ દેવ... વગેરે રૂપ જ્ઞાન કેવળજ્ઞાન પૂર્વે ન થયું હોય... છતાં, જે વીતરાગ હોય, તે દેવ છે...

જે રાગ-દ્વેષ-નાશક હોય, તે હિતકર છે, ઉપાદેય છે...

જે રાગ-દ્વેષ-વર્ધક હોય, તે અહિતકર છે, હેય છે...

વગેરે રૂપ સ્વીકાર તો હોય જ. તે વિના તેમનો ગુણસ્થાનક-વિકાસ સંભવિત જ નથી. એટલે તેમને પણ આવા સ્વરૂપની તત્ત્વરુચિ માનવામાં કોઈ વાંધો નથી. શાસ્ત્રકારે પંચાશક ૧/૩ ની ટીકામાં અપર્યાપ્ત (અસંજ્ઞી) જીવને પણ તત્ત્વરુચિ સ્વીકારી છે, તો અન્યલિંગીને તે માનવામાં કોઈ આપત્તિ નથી.

રુચિ સિવાયનો કોઈ પણ પદાર્થ (ખાસ તો જ્ઞાન), સમ્યગ્દર્શન નથી, તેવું જણાવતાં પણ શાસ્ત્રપાઠો છે.

- **भावेण सद्दहंतो, अयाणमाणे वि सम्मत्तं ।।**

નવતત્ત્વ પ્રકરણ

આ પાઠ, તત્ત્વના જ્ઞાન વિના પણ શ્રદ્ધાથી સમ્યક્ત્વ માને છે. અને તે નિશ્ચય સમ્યક્ત્વ જ છે, કારણકે એના પછીની ગાથામાં એ સમ્યક્ત્વથી સંસાર દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત સીમિત થવાનું જણાવેલું છે.

- **इन्द्रियानिन्द्रियार्थानां प्राप्तिः – उपलब्धिः, स्वतः परतो वा, तदर्थप्रकाशनोत्तरकालभाविनी रुचिः अध्यवसायरुपा दर्शनम् ।**

તત્ત્વાર્થસૂત્ર ૧–૧ ટીકા હરિભદ્રસૂરિ. મ.

- પૂર્વપક્ષ : **मतिज्ञानस्यैव रुचिरुपो योऽपायांशः, तत्सम्यग्दर्शनम् ।**

ઉત્તરપક્ષ : **न ह्यपायमात्रे रुचित्वं वक्तुं शक्यं, घटाद्यपाये तदननुभवात्, किन्तु जीवाजीवादिसमूहालम्बनज्ञानविशेषे एव ।**

તત્ત્વાર્થ સૂત્ર ૧–૧ ટીકા મહો. યશોવિ.

- **कः सम्यग्दर्शनज्ञानयोः प्रतिविशेषः ? उच्यते–**

**तह तत्तरुई सम्मं, रोइज्जइ जेण तं नाणं ।।**

**यः तत्त्वानामवगमः, स ज्ञानं ।**

**या त्ववगतेषु तत्त्वेषु रुचिः = परमा श्रद्धा आत्मनः परिणामविशेषरुपा, सा सम्यग्दर्शनं; येन तद् ज्ञानं रोच्यते = रुच्यात्मकं क्रियते ।**

બૃહત્કલ્પસૂત્ર – ૧૩૩ (શ્રુતકેવલિ ભદ્રબાહુ સ્વામી, ટીકા – મલયગિરિસૂ.)

- **सण्णाणं वत्थुगओ बोहो, सद्दंसणं तु तत्थ रुई ।**

યોગશતક – ૩ (હરિભદ્રસૂ.મ.)

ટીકા – **सद्दर्शनं तु = सम्यग्दर्शनं पुनः, तत्र = वस्तुनि, रुचिः = श्रद्धा; तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् इति वचनात् ।**

**अन्यथा चेयं ज्ञानात्, आवरणभेदेन क्वचित् तद्भावेऽपि अभावादिति ।**

- **अवश्यं हि कश्चिदात्मनः परिणामोऽस्ति, येन सत्यपि जीवादिस्वरुपावबोधे कस्यचिदेव सम्यक् प्रतिपत्तिः भवति, न पुनः सर्वस्य ।**

ઉત્તરા. ૨૮/૧૪ ટીકા (શાંતિસૂરિ)

- **न हि ज्ञानमित्येव रूचिं विना फलसिद्धिः । अभव्यस्य दूरभव्यस्य वा जिनोक्ततत्त्वेषु रुचिरहितस्य न विवक्षितं फलमुपश्रूयते ।**

યોગશાસ્ત્ર ૧/૧૭ ટીકા (કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂ. મ.)

- **यत्तु... सम्यग्दर्शनमपायो मतिज्ञानतृतीयांश इत्यादि, तत्कारणे कार्योपचारं कृत्वाऽऽयुर्घृतमित्यादिवत् ।**

ઉત્તરા. ૨૮/૧૪ ટીકા (શાંતિસૂરિ)

આ પાઠમાં જણાવ્યું છે કે જે કોઈ સ્થાને જ્ઞાનને સમ્યગ્દર્શન રૂપ કહ્યું છે, તે કારણમાં કાર્યના ઉપચારથી છે. અર્થાત્ જ્ઞાન એ રુચિ રૂપ સમ્યગ્દર્શનનું કારણ હોવાથી તેને સમ્યગ્દર્શન કહ્યું છે. વાસ્તવિક સમ્યગ્દર્શન તો રુચિરૂપ જ છે.

જ્ઞાન હોવા છતાં સમ્યક્ત્વનો અભાવ હોવો, જ્ઞાન વિના પણ સમ્યક્ત્વ હોવું – બંને વાત ઉપરના શાસ્ત્રપાઠોથી સિદ્ધ છે. એટલે સમ્યક્ત્વ કોઈ પણ પદાર્થના જ્ઞાનરૂપ તો નથી જ.

# પૂ.પં. શ્રી ભવ્યસુંદરવિજયજી મ.સા.
## લિખિત/સંપાદિત સાહિત્ય

**૧.સમકિતનું મૂળ જાણીએ જી**

સમ્યકત્વ પરના પ્રવચનના પદાર્થોનો સંગ્રહ
(ગુજરાતી અને હિંદીમાં ઉપલબ્ધ)

**૨.જૈન ફૂડ રેડી રેકનર**

ભક્ષ્યાભક્ષ્યની સંક્ષિપ્ત જાણકારી
(ગુજરાતી અને હિંદીમાં ઉપલબ્ધ)

**૩.સુપાત્રદાન**

ગોચરી વહોરાવવા સંબંધી વિધિ-વિવેક
(ગુજરાતી અને હિંદીમાં ઉપલબ્ધ)

**૪.પાઠશાળા-સંચાલન**

પાઠશાળાના સંચાલન માટે સુંદર માર્ગદર્શન

**૫.પાઠશાળા**

વિધિ-સ્તવન-સ્તુતિ-પદાર્થ વગેરેનો સંગ્રહ

**૬.પંચ પ્રતિક્રમણ-નવસ્મરણ કિંમત રૂા. ૫૦/-**

રોમન (અંગ્રેજી) અને દેવનાગરી (હિંદી) લિપિમાં

**૭.અહો! જિનશાસનમ્**

જિનશાસનની અજોડ વિશેષતાઓ

**૮.પચ્ચક્ખાણ**

પચ્ચક્ખાણ સંબંધી સરળ વિસ્તૃત સમજણ

પુસ્તકો online purchase કરવા માટે
અને download કરવા માટે
https://www.shramanopasak.in/books

# સમ્યક્ત્વ

પ્રભુવચન પરની ઝળહળતી શ્રદ્ધા
રૂપી સમ્યક્ત્વ,
એ બધી આરાધનાઓ રૂપી મીંડાઓ
પહેલાંનો એકડો છે.
એ શ્રદ્ધાની પ્રાપ્તિ, દૃઢતા, સ્થિરતા,
નિર્મળતા, સુરક્ષાના અનેકવિધ ઉપાયો...

એટલે જ પ્રસ્તુત પુસ્તક

SPARI0022